સૂરિપુરંદર પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ. હરિભદ્ર સૂ.મ. વિરચિત
સ્વોપજ્ઞવૃત્તિ સમલંકૃત

# યોગશતક - એક પરિશીલન


**-: પરિશીલન :-**

પૂ. પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી.વિ. રામચન્દ્ર સૂ.મહારાજાના
પટ્ટાલંકાર પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્ર સૂ.મ.સા.ના
શિષ્યરત્ન પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ. અમરગુપ્ત સૂ.મ.સા.ના શિષ્ય

**પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.**



**-: પ્રકાશન :-**

**શ્રી અનેકાંત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ**

**-: આર્થિક સહકાર :-**

**વોહેરા ચુનીલાલ ખેમચંદ**

થરાદવાલા (હાલ મુંબઇ)

❋ **યોગશતક - એક પરિશીલન**

❋ દ્વિતીય આવૃત્તિ

❋ નકલ : ૧૦૦૦

❋ વિ.સં. ૨૦૬૬

❋ **પ્રાપ્તિસ્થાન :**

✧ **મુકુંદભાઈ આર. શાહ**
૫, નવરત્ન ફ્લેટ્સ, નવા વિકાસગૃહ માર્ગ,
પાલડી, **અમદાવાદ**-૩૮૦ ૦૦૭.

✧ **પ્રમોદભાઈ છોટાલાલ શાહ**
૧૦૨, વોરા આશિષ, પં. સોલીસીટર રોડ,
મલાડ (ઈસ્ટ), **મુંબઈ**-૪૦૦ ૦૯૭.

✧ **જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયા શેરી,
મહીધરપુરા, **સુરત**-૩૯૫ ૦૦૩.

✧ **વિજયકર કાંતિલાલ ઝવેરી**
પ્રેમવર્ધક ફ્લેટ્સ, નવા વિકાસગૃહ માર્ગ,
પાલડી, **અમદાવાદ**-૩૮૦ ૦૦૭.

❋ **આર્થિક સહકાર :**

**વોહેરા ચુનીલાલ ખેમચંદ**
થરાદવાલા (હાલ મુંબઈ)

❋ **મુદ્રક :**

***Tejas Printers***
F/5, Parijat Complex, Swaminarayan Mandir Road, Kalupur,
**AHMEDABAD**-380 001. ● **(M) 98253 47620** ● **PH. (O) (079) 22172271**

॥ णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥
॥ अनन्तलब्धिनिधानाय श्रीगौतमस्वामिने नमः ॥
॥ पू. आ. भ. श्री. वि. रामचन्द्रसूरीश्वरेभ्यो नमः ॥

અનંતોપકારી શ્રીવીતરાગપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા સુરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગ-શતક ગ્રંથની રચના કરી છે. સો ગાથાપ્રમાણ આ ગ્રંથ ઉપર તેઓશ્રીએ ટીકાની પણ રચના કરી છે. એ ટીકાના આધારે અહીં યોગશતક ગ્રંથની વિચારણા કરવી છે. યોગના વિષયમાં આ પૂર્વે યોગવિંશિકા અને યોગદૃષ્ટિ - એ બેના પરિશીલન વખતે થોડી વિચારણા કરી છે, એટલે આ 'યોગશતક'ની વિચારણા કરતી વખતે સંક્ષેપથી જ વિચારવાની ભાવના છે. ગ્રંથની પંક્તિઓના પરમાર્થ સુધી પહોંચવાની અભ્યાસાર્થીઓને સરળતા થાય - એ અંગે શક્ય પ્રયત્ન કરવાનું ખ્યાલમાં છે જ; તેથી સંક્ષેપનો અર્થ બિનજરૂરી વિસ્તારથી દૂર રહેવાનો છે.

ગ્રંથકારપરમર્ષિ ટીકાના પ્રારંભે જણાવે છે કે - 'મારા વડે યોગ-શતકની વ્યાખ્યા એટલે કે ટીકા શરૂ કરાય છે.' યોગશતક ગ્રંથની રચનાના પ્રારંભે ગ્રંથકાર આચાર્યભગવાન; શિષ્ટજનોની મર્યાદાનું પાલન કરવા માટે; વિઘ્નોની ઉપશાંતિ માટે અને ગ્રંથરચનાનું પ્રયોજન વગેરે જણાવવા માટે **णमिऊण...** ઇત્યાદિ ગાથાત્મક સૂત્રની રચના કરે છે.

**णमिऊण जोगिणाहं सुजोगसंदंसगं महावीरं ।**
**वोच्छामि जोगलेसं जोगज्झयणाणुसारेणं ॥१॥**

"યોગીજનોના નાથ અને સુંદર કોટિના યોગને સારી રીતે બતાવનારા શ્રી મહાવીરપરમાત્માને નમસ્કાર કરીને યોગાધ્યયનના અનુસારે યોગલેશને હું કહીશ." આ પ્રમાણે ગાથાર્થ છે.

ઉપર જણાવ્યા મુજબ આ ગાથા શિષ્ટજનોની મર્યાદાનું પાલન કરવા માટે રચી છે. શિષ્ટજનોની એ મર્યાદા છે કે કોઇ પણ ઇષ્ટ વસ્તુના વિષયમાં પ્રવૃત્તિ કરતી વખતે તેઓ ઇષ્ટદેવતાને નમસ્કાર કરવા પૂર્વક

પ્રવૃત્તિ કરતા હોય છે. તેથી શિષ્ટજનોને ઉચિત ઈષ્ટદેવતાને નમસ્કાર કરવાની મર્યાદાનું પાલન આ ગાથાના પૂર્વાર્ધથી થયું છે. યદ્યપિ ઉપર જણાવેલી શિષ્ટજનોની મર્યાદાનું પાલન શિષ્ટ પુરુષોએ કરવું જોઈએ, અશિષ્ટ પુરુષોએ એનું પાલન કરવાની જરૂર નથી; પરંતુ આચાર્યભગવંત અશિષ્ટ તો નથી જ, તેથી અશિષ્ટભિન્ન એવા તેઓશ્રીએ જે શિષ્ટ સમયનું પાલન કર્યું છે - તે ઉચિત જ છે. ગ્રંથકારશ્રીએ અહીં પોતાની જાતને શિષ્ટરૂપે નહિ વર્ણવતાં અશિષ્ટભિન્નરૂપે વર્ણવીને પોતાની લઘુતાને જણાવી છે - એ જ તેઓશ્રીની શિષ્ટતમતા છે.

આવી જ રીતે ગાથાના પૂર્વાર્ધથી વિઘ્નોની ઉપશાંતિ માટે ઈષ્ટ-દેવતાનમસ્કારસ્વરૂપ મંગલ કરાયું છે. સામાન્ય રીતે કોઈ પણ શ્રેયઃ-કલ્યાણભૂત કાર્યમાં ઘણાં વિઘ્નો હોય છે. કહેવાય પણ છે કે ''મહાત્માઓને પણ શ્રેયોભૂત અનુષ્ઠાનો ઘણાં વિઘ્નવાળાં હોય છે; જ્યારે અકલ્યાણકારી કાર્યમાં પ્રવૃત્ત થયેલાને વિઘ્નો આવતાં નથી, ક્યાંય જતાં રહે છે.'' યોગશતક નામનો ગ્રંથ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનું કારણ હોવાથી શ્રેયઃ સ્વરૂપ છે. એની રચના કરવા સ્વરૂપ શ્રેયઃ-કાર્યમાં કોઈ વિઘ્ન આવે નહિ - એ આશયથી જ વિઘ્નોના સમુદાયની ઉપશાંતિ માટે ગાથાના પૂર્વાર્ધથી 'ઈષ્ટદેવતાસ્તવ' સ્વરૂપ મંગલને કર્યું છે.

બુદ્ધિમાનો પ્રયોજનાદિશૂન્ય વસ્તુમાં પ્રવૃત્તિ કરતા નથી. તેથી પોતે રચેલા ગ્રંથના શ્રવણ કે વાંચનમાં તેમની પ્રવૃત્તિ થાય એ માટે પ્રયોજન વગેરે જણાવવા ગાથાનો '**वोच्छामि...**' આ ઉત્તરાર્ધ છે. આશય એ છે કે ગ્રંથકાર ગ્રંથની રચના મુખ્યપણે બીજા લોકો ગ્રંથના જ્ઞાનને પામે - એ માટે કરતા હોય છે; જે, તેમના ગ્રંથના શ્રવણ કે વાંચનથી જ શક્ય છે. આ ગ્રંથનો વિષય કયો છે, આ ગ્રંથની રચના શા માટે કરી છે, આ ગ્રંથના શ્રવણાદિનો મને અધિકાર છે કે નહિ, અને ગ્રંથ તથા તેમાં જણાવેલા પદાર્થોને કયો સંબંધ છે - એ જાણ્યા વિના બુદ્ધિમાન લોકો ગ્રંથના શ્રવણાદિમાં પ્રવૃત્ત થતા નથી. તેથી ગ્રંથની શરૂઆતમાં બુદ્ધિમાનોની તેવી પ્રવૃત્તિ માટે વિષય, પ્રયોજન, અધિકારી અને સંબંધ -



આ ચારનું પ્રતિપાદન કરાય છે. શાસ્ત્રીય પરિભાષામાં તેને અનુબંધચતુષ્ટય કહેવાય છે. એ અનુબંધચતુષ્ટયનું કથન '**वोच्छामि जोगलेसं...**' ઈત્યાદિ ઉત્તરાર્ધથી કરાયું છે. આ પ્રમાણે પહેલી ગાથાનો સામાન્ય અર્થ છે.

ગાથામાં **नत्वा** આ પદનો (**णमिऊण** આ પદનો) અર્થ; માત્ર 'નીચા વળીને' એવો નથી, પરંતુ 'પ્રણામ કરીને' એવો છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રના આત્માની સાથેના સંબંધને બીજી ગાથામાં **योग** તરીકે વર્ણવાશે. નિશ્ચય અને વ્યવહાર વગેરેના ભેદથી જુદો જુદો યોગ જેમને પ્રાપ્ત થયો છે, તે મુનિભગવંતોને યોગી કહેવાય છે. તે યોગીજનોના નાથ શ્રી મહાવીરપરમાત્મા છે. કારણ કે શ્રીવીતરાગપરમાત્માદિથી માંડીને અપુનર્બન્ધકદશાને પામેલા જીવો સુધીના જીવો ઉપર શ્રી મહાવીરપરમાત્મા યથાસંભવ ઉપકાર કરે છે અને તે જીવોના ગુણોની રક્ષા દ્વારા તેમનું પાલન કરે છે. આ રીતે યોગીજનોના યોગ-ક્ષેમને કરનારા શ્રી મહાવીરપરમાત્મા યોગીનાથ છે - એ સમજી શકાય છે. ગાથામાં શ્રી મહાવીરપરમાત્માને આ રીતે યોગીનાથ તરીકે વર્ણવ્યા છે. જે જીવો મિથ્યાત્વમોહનીયકર્મની ઉત્કૃષ્ટ (૭૦ કોટાકોટિ સાગરોપમ) સ્થિતિ અથવા તો રસ ભવિષ્યમાં ક્યારે પણ બાંધવાના નથી એવા જીવોને અપુનર્બન્ધક જીવો કહેવાય છે. શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલા પરમતારક વચનને થોડા પણ અંશમાં સ્વીકાર કરી પોતાના આત્માનું કલ્યાણ કરવાની યોગ્યતા અપુનર્બન્ધકાદિ જીવોમાં જ હોય છે, તેથી અપુનર્બન્ધકાદિ જીવોને તેમના ગુણોની પ્રાપ્તિ કરાવવા દ્વારા અને રક્ષા કરાવવા દ્વારા શ્રી મહાવીર પરમાત્મા યોગીજનોના નાથ છે. ટીકામાં 'અપુનર્બન્ધક સુધીના જીવો ઉપર...' આ પ્રમાણે લખ્યું છે, તે પશ્ચાનુપૂર્વીના ક્રમે (ઊંધા ક્રમે) લખ્યું છે. પરમતારકતીર્થની સ્થાપના કરીને શ્રી તીર્થંકરપરમાત્માએ અપુનર્બન્ધક જીવોથી માંડીને શ્રી વીતરાગપરમાત્મા સુધીના તે તે જીવો ઉપર ઉપકાર કર્યો છે - એ સમજી શકાય છે.

યોગીઓના નાથ એવા શ્રી મહાવીરપરમાત્માને **सुयोगसन्दर्शक** તરીકે પણ ગાથામાં વર્ણવ્યા છે. તે તે ગુણસ્થાનકને ઉચિત પ્રવૃત્તિ અને

શક્તિને નહિ છુપાવવા સ્વરૂપ શક્તિનું અનિગૂહન જેમાં છે એવા ગુરુવિનય, શુશ્રૂષા વગેરે સ્વરૂપ યોગો એકાંતે ઉત્તરોત્તર વિશિષ્ટ ફળના કારણ બને છે. એવા જુદા જુદા સ્વરૂપવાળા ગુરુવિનયાદિ સ્વરૂપ શુભ યોગોને સારી રીતે સેવીને ઉપદેશ આપનારા હોવાથી શ્રી મહાવીરપરમાત્મા સુયોગસંદર્શક છે. શ્રી મહાવીરપરમાત્મા ચરમશરીરી હોવાથી તેઓશ્રીને કર્મ વશ હોવા છતાં તેવા પ્રકારના યોગ્ય શિષ્યો ઉપર અનુગ્રહ થાય એ માટે જુદા જુદા અભિગ્રહોને ધારણ કરતા હતા. આશય એ છે કે શ્રી મહાવીરપરમાત્મા પોતાને ચરમશરીરી તરીકે સારી રીતે જાણતા હતા. તેમ જ કર્મો તેઓશ્રીને વશ હતાં. તેઓશ્રી કર્મપરવશ ન હતા. કોઇ પણ જાતની પ્રવૃત્તિ દ્વારા તેઓશ્રી શુભાશુભ કર્મની નિર્જરા કરવા માટે સમર્થ હોવા છતાં તેઓશ્રીએ છદ્મસ્થ (કેવલજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વેની) અવસ્થામાં અનેક જાતના વિશિષ્ટ અભિગ્રહો ધારણ કર્યા અને ત્યાર બાદ કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી ઉપદેશ દ્વારા ગુરુવિનયાદિ સ્વરૂપ શુભયોગોનું નિરૂપણ કર્યું. આ રીતે તેઓશ્રી શુભયોગોના આસેવનપૂર્વક દર્શક હોવાથી સુયોગ-સંદર્શક છે. અન્ય લોકોની જેમ માત્ર આસેવન કરનારા કે નિરૂપણ કરનારા નથી. તેમ જ જેમાં ઔચિત્યાદિનું આસેવન નથી એવા પોતાની ઇચ્છા મુજબના કુયોગ(યોગાભાસ)ના સંદર્શક નથી - એ સ્પષ્ટ છે.

યોગીઓના નાથ અને શુભયોગોના આસેવનપૂર્વક દર્શક શ્રી મહાવીરપરમાત્મામાં **મહાવીર** પદનો અર્થ સંગત છે - એ જણાવતાં ટીકામાં ફરમાવ્યું છે કે **શૂર** અને **વીર** ધાતુ વિક્રાંતિ એટલે કે પરાક્રમ અર્થમાં વપરાય છે. તેમાં પરાક્રમ કરનાર - આ અર્થમાં **વીર** ધાતુ (ક્રિયાપદ) ઉપરથી બનેલ **વીર** શબ્દનો અર્થ પરાક્રમી છે. ભગવાને કષાયાદિ આભ્યંતર શત્રુઓને જીતી લીધા હોવાથી તેઓશ્રી મહાવીર છે. બાહ્યશત્રુઓને જીતનારા છ ખંડના અધિપતિ ચક્રવર્તીઓ અને ઇન્દ્રાદિદેવતાઓ પણ કષાય અને મિથ્યાત્વાદિ આંતરશત્રુઓને સર્વથા જીતવા સમર્થ બનતા નથી. આથી આંતરશત્રુઓના વિજય માટે ખરેખર જ મહાવીરત્વ અપેક્ષિત છે. અથવા ગતિ અને પ્રેરણા અર્થમાં વપરાતા



**ઈર્** ધાતુ ઉપરથી, વિશેષે (ફરીથી ન આવે તે રીતે) કર્મને જવાની જે પ્રેરણા કરે છે - આ અર્થમાં તેમ જ વિશેષે કરી જે મોક્ષમાં જાય છે - આ અર્થમાં **વિ** ઉપસર્ગના યોગમાં; પણ **વીર** શબ્દ બને છે. તેવા વીર પુરુષોમાં શ્રી તીર્થંકરપરમાત્મા મહાન હોવાથી તેઓશ્રી મહાવીર છે, જેઓ વર્તમાનતીર્થના સ્વામી છે, તેઓશ્રીને પ્રણામ કરીને યોગના લેશ(અંશ)ને ગ્રંથકારશ્રી જણાવવાના છે.

અહીં યાદ રાખવું જોઇએ કે ગ્રંથકારપરમર્ષિ અહીં જે યોગનું દર્શન કરાવવાના છે, તે યોગ સામાન્યથી સકલશાસ્ત્રમાં સમાવિષ્ટ છે. એવું કોઇ જગતમાં શાસ્ત્ર નથી કે જેમાં અહીં દર્શાવેલ યોગનું સ્વરૂપ સામાન્યથી પણ ન હોય. આથી એક અપેક્ષાએ વિચારીએ તો સર્વશાસ્ત્રમાં જણાવેલ યોગનું સ્વરૂપ જ અહીં વર્ણવ્યું છે. તેથી 'યોગના લેશને હું કહીશ', એમ કહેવાના બદલે 'સમગ્ર યોગને કહીશ' - એમ કહેવું જોઇએ. પરંતુ શબ્દ ખૂબ જ અલ્પ હોવાથી તે અપેક્ષાએ 'યોગના લેશને હું કહીશ' એમ જણાવ્યું છે. પાણીના ભાજનમાં થોડું કપૂર નાંખવાથી સંપૂર્ણ પાણી સુવાસિત બનતું હોવા છતાં, સુવાસથી પરિપૂર્ણ પણ પાણીમાં કપૂર દ્રવ્યની અલ્પતા જ હોય છે તેમ અહીં યોગતત્ત્વની પરિપૂર્ણતાનું દર્શન હોવા છતાં શબ્દોની અલ્પતા હોવાથી 'યોગલેશને હું કહીશ' - એમ કહેવામાં કશું જ અનુચિત નથી.

'યોગલેશને પ્રવચનસિદ્ધ યોગાધ્યયનની પ્રણાલિકા મુજબ હું કહીશ' આ પ્રમાણે જણાવીને ગ્રંથકારશ્રીએ એ સૂચવ્યું છે કે, 'હું પોતાની બુદ્ધિથી કહીશ નહિ, પરંતુ યોગના જ્ઞાતા પૂર્વાચાર્યોની પ્રણાલિકાને અનુસરીને કહીશ.' આથી ગ્રંથકારશ્રીએ પોતાના ગ્રંથની બુદ્ધિમાનો ઉપેક્ષા ન કરે - એ માટે પ્રયાસ કર્યો છે. કારણ કે જેમાં પૂર્વાચાર્યોની વચનપદ્ધતિનો આદર ન હોય એવા, માત્ર સ્વકીય કલ્પનાથી બનાવેલા કોઇ પણ ગ્રંથનો આદર બુદ્ધિમાનો કરતા નથી.

આ રીતે અહીં ગ્રંથકારને સાક્ષાત્ પ્રયોજન યોગલેશનું અભિધાન છે. યોગલેશ ગ્રંથનો વિષય છે. યોગલેશને ગ્રંથની સાથે 'સાધ્ય-

સાધનભાવ' સ્વરૂપ સંબંધ છે. શ્રોતાઓને આશ્રયીને સાક્ષાત્ પ્રયોજન 'યોગલેશનું જ્ઞાન' છે. ગ્રંથકાર અને શ્રોતાઓ બંનેને આશ્રયીને પરંપરાએ પ્રયોજન મુક્તિ જ છે. કારણ કે તત્ત્વજ્ઞાન દ્વારા યોગનું ફળ વસ્તુતઃ મોક્ષ જ છે. મોક્ષની પ્રાપ્તિ તત્ત્વજ્ઞાનથી જ થાય છે અને યોગ વિના તત્ત્વજ્ઞાનનો કોઇ જ ઉપાય નથી. આ વાતને સ્પષ્ટ કરતાં સ્વયં ગ્રંથકારશ્રીએ 'યોગબિંદુ'માં ફરમાવ્યું છે કે - "તે તે શાસ્ત્રપ્રસિદ્ધ રીતિથી વાદ [પૂર્વપક્ષસ્વરૂપ] અને પ્રતિવાદ [બીજા દ્વારા કહેલા પક્ષના વિરુદ્ધ વચન સ્વરૂપ]ને કોઇ પણ જાતના દોષો ન આવે એ રીતે નિશ્ચિતપણે બોલનારા બધા જ મુમુક્ષુઓ દર્શનશાસ્ત્રના અભ્યાસીઓ; તલ પીલવાની ઘાણીમાં જોડેલા બળદ કે પાડા વગેરેની ગતિ હોવા છતાં [એટલે કે સમગ્ર દિવસ ચાલ ચાલ કરવા છતાં] તે જ્યાં છે ત્યાં જ રહે છે, તેમ તત્ત્વના સારને પામતા નથી. તેવા પ્રકારના અભ્યાસીઓ જ્યાં છે ત્યાં જ રહે છે. મુમુક્ષુ હોવા છતાં તેઓ મુક્ત બની શકતા નથી." "વિશિષ્ટ નગરમાં પહોંચવા માટે અપ્રમાદી મનુષ્યને [પ્રમાદ વિના જનારાને] નગરના વાસ્તવિક માર્ગે જવા સિવાય બીજો કોઇ જેમ ઉપાય નથી, સન્માર્ગગમન જ ઉપાય છે તેમ તત્ત્વજ્ઞાન માટે મુમુક્ષુઓને આગળ જેનું વર્ણન કરાશે તે અધ્યાત્મ શ્રેષ્ઠ ઉપાય છે." "આથી વાદ-પ્રતિવાદને છોડીને મુમુક્ષુઓએ અધ્યાત્મનું જ વારંવાર ચિંતન કરવું જોઇએ. કારણ કે મિથ્યાત્વ [રાગદ્વેષની તીવ્ર પરિણતિ] અને અભિનિવેશ [અસદાગ્રહ] સ્વરૂપ અંધકારના સમુદાયને અધ્યાત્મસ્વરૂપ દીપક વડે દૂર ન કરાય તો, આત્માદિસ્વરૂપ જાણવાયોગ્ય પદાર્થોમાં જ્ઞાન પ્રવર્ત્તતું નથી." "પોતપોતાની કક્ષા મુજબ ઉચિત પ્રવૃત્તિથી અણુવ્રતાદિથી યુક્ત મુમુક્ષુઓ; મૈત્રી [સર્વ જીવોના હિતની ચિંતા]; પ્રમોદ [ગુણસંપન્નના દર્શનાદિથી આનંદ]; કરુણા [દુઃખિતોનાં દુઃખ દૂર કરવાની ઇચ્છા] અને માધ્યસ્થ્ય [અવિનયી જનોની ઉપેક્ષા]થી અત્યંત સુંદર એવું શ્રી જિનેશ્વરદેવોના પરમતારક વચન મુજબ જીવાજીવાદિ તત્ત્વોનું જે ચિંતન કરે છે તે ચિંતનને અધ્યાત્મના જાણકારો '**अध्यात्म**' કહે છે." "આ અધ્યાત્મના કારણે જ્ઞાનાવરણીય વગેરે ક્લિષ્ટ



કર્મોનો ક્ષય થાય છે. વીર્ય[આત્મોલ્લાસ]નો ઉત્કર્ષ થાય છે; અને અપ્રતિપાતિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેમ જ આ અધ્યાત્મ જ સ્વસંવેદનથી પ્રત્યક્ષ થયેલું સ્પષ્ટપણે અમૃત છે. કારણ કે તે અધ્યાત્મ અત્યંત ભયંકર એવા મોહવિષના વિકારને દૂર કરે છે." - આ રીતે અધ્યાત્મસ્વરૂપ યોગથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને તેથી મોક્ષ પ્રાપ્ત થાય છે - એ સમજી શકાય છે. મુમુક્ષુજનો આ ગ્રંથના અધિકારી છે. જેઓ મુમુક્ષુ નથી તેઓ આ ગ્રંથના અધ્યયન માટે યોગ્ય નથી. ॥૧॥

* * *

સામાન્ય રીતે નિશ્ચય અને વ્યવહારને આશ્રયીને યોગ બે પ્રકારનો છે. તેનું લક્ષણ જણાવવા–

**निच्छयओ इह जोगो सण्णाणाईण तिण्ह संबंधो ।**
**मोक्खेण जोयणाओ णिद्दिट्ठो जोगिनाहेहिं ॥२॥**

આ બીજી ગાથા છે. "નિશ્ચયનયને આશ્રયીને આ પ્રવચનમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર આ ત્રણના જ સંબંધને (અર્થાદ્ એક આત્મામાં રહેવા સ્વરૂપ અવસ્થાને); તે મોક્ષની સાથે આત્માને જોડી આપતો હોવાથી યોગીઓના નાથ એવા શ્રી તીર્થંકર પરમાત્માઓએ 'યોગ' તરીકે વર્ણવ્યો છે." - આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે.

કહેવાનો આશય એ છે કે સામાન્ય રીતે આત્માને જે મોક્ષની સાથે જોડી આપે છે; તેને યોગ કહેવાય છે. મોક્ષની પ્રાપ્તિ કરાવનાર આત્માના કોઇ પણ વ્યાપારને યોગ કહેવાય છે. આવા મોક્ષસાધક આત્મવ્યાપારના અસંખ્ય પ્રકાર છે. એ બધાને આમ તો યોગ કહેવાય છે, પરંતુ નિશ્ચયનયની અપેક્ષાએ એટલે કે વિના વિલંબે ફળની પ્રાપ્તિ કરાવનારા ભાવની અપેક્ષાએ; સદ્જ્ઞાન, સદ્દર્શન અને સચ્ચારિત્ર - આ ત્રણના જ સંબંધને યોગ કહેવાય છે. અનાદિકાળથી મિથ્યાજ્ઞાન, મિથ્યાત્વ અને અવિરતિની સાથે આત્માનો ગાઢ સંબંધ છે. આવા સ્થાને સમ્યગ્જ્ઞાન,

સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર આ ત્રણનું આત્મામાં સહાવસ્થાન થાય છે; ત્યારે તે સહાવસ્થાનને જ યોગ કહેવાય છે. તેનાથી જ વિના વિલંબે મોક્ષની પ્રાપ્તિ થાય છે. મૂળમાં જ્ઞાનાદિની સાથે જે **सत्** પદનો પ્રયોગ છે, તે મિથ્યાજ્ઞાનાદિની નિવૃત્તિ માટે છે. **सत्** પદનો પ્રયોગ ન હોય તો મિથ્યાજ્ઞાનાદિ (મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન અને મિથ્યાચારિત્ર) પણ જ્ઞાનાદિસ્વરૂપ હોવાથી તેને યોગ તરીકે ગણાવવાનો પ્રસંગ આવત, પરંતુ **सत्** પદના પ્રયોગના કારણે એ પ્રસંગ નથી આવતો. કારણ કે મિથ્યાજ્ઞાનાદિ સદ્જ્ઞાનાદિસ્વરૂપ નથી. ફરી પાછા ન બંધાય એ રીતે સકલકર્મનો ક્ષય - એ મોક્ષ છે. ફરીથી કોઇ પણ કર્મને બાંધ્યા વિના આત્માનું આત્મામાં અવસ્થાન એટલે કે સ્વરૂપમાં સર્વદા રમણ કરવું કહો કે મોક્ષ કહો બંને એક જ છે - આવા મોક્ષની સાથે જોડી આપતો હોવાથી સદ્જ્ઞાનાદિના સંબંધને યોગ કહેવાય છે. આ વાત ગ્રંથકારશ્રીએ પોતાની મતિકલ્પનાથી નથી કરી; પરંતુ મુનિભગવંતો સ્વરૂપ યોગીઓના નાથ એવા અનંતા વીતરાગપરમાત્માઓએ જણાવી છે.

મૂળમાં **जोगिनाहेहिं** આ પ્રમાણે બહુવચનનો પાઠ કરીને; 'મુક્તાત્મા ઘણા છે' એ સૂચવ્યું છે. મુક્ત આત્માને એક જ માનવામાં આવે તો યોગની નિરર્થકતાનો પ્રસંગ આવશે. આશય એ છે કે - આત્માને કે મુક્ત-આત્માને એક જ માનવામાં આવે તો દરેક શરીરમાં પ્રસિદ્ધ પૃથગ્ પૃથગ્ આત્માનું અસ્તિત્વ જ નહિ હોવાથી તેની મુક્તિ માટે યોગનું કોઇ જ પ્રયોજન ન હોવાથી યોગને નિરર્થક માનવો પડશે. "આત્મા ઘણા હોવા છતાં મુક્તાત્મા તો એક જ છે; તેથી સંસારી આત્માની મુક્તિ માટે યોગ ઉપયોગી હોવાથી યોગ નિરર્થક (બિનજરૂરી) નહિ બને." - આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. કારણ કે આત્મા ઘણા હોય તોપણ મુક્તાત્મા તો એક જ હોવાથી કોઇ પણ આત્માની મુક્તિ શક્ય ન હોવાથી યોગની કોઇ જ આવશ્યકતા નથી. કારણ કે સંસારીને મુક્ત બનાવવા માટે તો યોગનો ઉપદેશ કરાયો છે પરંતુ સંસારી આત્મા એ રીતે મુક્ત બને તો મુક્તાત્મા એક નહિ રહે અનંતા થશે. આથી 'મુક્તાત્મા એક જ છે' -



આવી વાત કરનારાને સંસારીની મુક્તિ માનવાનું ઉચિત નથી અને તેથી જો સંસારીને મુક્ત થવાનું જ ન હોય તો એ આશયથી ઉપદેશેલા યોગનું કોઇ જ પ્રયોજન નહિ રહે.

"સંસારી આત્મા યોગના આરાધનથી એક મુક્તાત્માના સ્વરૂપને પ્રાપ્ત કરે છે તેથી યોગ સાર્થક રહે છે અને 'મુક્તાત્મા એક જ છે' - એ વાત પણ કરી શકાય છે" - આ પ્રમાણે કહેવાનું યુક્તિસંગત નથી. કારણ કે આ રીતે સંસારી તે તે આત્મા એક મુક્તાત્માસ્વરૂપ બની શકશે નહિ. જે સત્ છે તે તેનાથી ભિન્ન એવા સત્ સ્વરૂપ ન થઇ શકે. ઘડો બીજા ઘડાસ્વરૂપ કે પટાદિસ્વરૂપ થઇ શકતો નથી. તેમ સંસારી આત્મા એક મુક્તાત્માસ્વરૂપ નહિ થાય. સંસારી, સકલ કર્મના ક્ષયથી મુક્ત થઇ શકે છે પરંતુ એ રીતે માનવાથી મુક્તાત્માને એક જ માનનારાને અનંતા મુક્તાત્મા માનવા પડશે. આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે મુક્તાત્માને એક માનવાથી યોગની નિરર્થકતા છે. મુક્તાત્મા અનેક માનવાથી જ યોગની સાર્થકતા છે.

યદ્યપિ સંસારી આત્માઓ મુક્ત બની એક મુક્તાત્મામાં લય પામે છે. તેથી મુક્તાત્માને એક માન્યા પછી પણ યોગની નિરર્થકતાનો પ્રસંગ નહિ આવે, પરંતુ મુક્તાત્મામાં જ તાદૃશ મુક્તાત્માનો લય સંભવિત નથી. કારણ કે સ્વમાં સ્વનો લય શક્ય છે. સ્વમાં પરનો લય શક્ય નથી. પાણીના પરપોટા પાણીસ્વરૂપ હોવાથી પાણીમાં લય પામે, પરંતુ મુક્તાત્માથી ભિન્ન સંસારી આત્માઓ; મુક્તાત્માના અવયવ સ્વરૂપ ન હોવાથી ત્યાં તેનો લય સંભવતો નથી. ॥૨॥

* * *

નિશ્ચયનયની અપેક્ષાએ જે સદ્જ્ઞાનાદિના સંબંધને યોગ કહેવાય છે, તે સદ્જ્ઞાનાદિના લક્ષણ-સ્વરૂપને ત્રીજી ગાથાથી જણાવે છે—

**सण्णाणं वत्थुगओ बोहो सद्दंसणं तु तत्थ रुइ ।**
**सच्चरणमणुट्ठाणं विहि-पडिसेहाणुगं तत्थ ॥३॥**

**सज्ज्ञान** એટલે સમ્યગ્જ્ઞાન, જે; વસ્તુનું આલંબન લઈને ઉત્પન્ન થનાર બોધ-પરિચ્છેદ સ્વરૂપ છે. વસ્તુને આલંબન બનાવ્યા વિના જ્ઞાનની ઉત્પત્તિ થતી નથી. જ્ઞાન વિષયગત હોય છે. કોઈ વાર ઝાંઝવાના પાણીનો બોધ પાણીસ્વરૂપ વસ્તુ વિના પણ થતો હોય છે. પરંતુ એ જ્ઞાન સમ્યગ્ હોતું નથી. અહીં સમ્યગ્જ્ઞાન જ વિવક્ષિત હોવાથી વસ્તુના અભાવમાં બોધનો સંભવ નથી. અન્યથા વસ્તુના અભાવમાં પણ બોધ, **सत्** સ્વરૂપ માની લેવાય તો ઝાંઝવાના નીરમાં થનારા બોધને **असत्** માની શકાશે નહિ, તેને પણ **सत्** સ્વરૂપ માનવો પડશે. આશય એ છે કે - જે વસ્તુ જેવી છે તે મુજબ તે વસ્તુમાં થનારા બોધને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. વિષયની સાથે સંવાદી એવું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. વિષયની સાથે ઈષ્ટ કે અનિષ્ટાદિના સંસ્કારથી થનારા તે તે જ્ઞાનને **सज्ज्ञान** કહેવાતું નથી.

**सद्दर्शन** એટલે સમ્યગ્દર્શન; જ્ઞાનથી જાણેલી વસ્તુમાં રુચિ-શ્રદ્ધા સ્વરૂપ સમ્યગ્દર્શન છે. જીવાદિ નવતત્ત્વ [જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ] સ્વરૂપ પદાર્થ ઉપરની શ્રદ્ધા સ્વરૂપ સમ્યગ્દર્શન જ્ઞાનથી ભિન્ન છે. કારણ કે જ્ઞાનનું આવરણ અને શ્રદ્ધાનું આવરણ બંને જુદા છે. તેથી કોઈ વાર જ્ઞાન હોવા છતાં પણ શ્રદ્ધાનો અભાવ હોય છે. અભવ્યાદિ જીવોને નવપૂર્વ સુધીનું જ્ઞાન પ્રાપ્ત હોવા છતાં શ્રદ્ધાની પ્રાપ્તિ થતી નથી.

**सच्चरण** એટલે સમ્યક્ચારિત્ર, જે; વિધિ અને નિષેધના વિષયમાં અનુક્રમે પ્રવૃત્તિ અને નિવૃત્તિ સ્વરૂપ ક્રિયાત્મક આગમાનુસારી અનુષ્ઠાન સ્વરૂપ છે. આ ચારિત્ર પણ; જ્ઞાનથી જાણીને પ્રાપ્ત કરેલી શ્રદ્ધાના વિષયભૂત તે તે વસ્તુસંબંધી જ હોય છે. કારણ કે સમ્યક્ચારિત્ર પાંચ મહાવ્રતસ્વરૂપ છે; અને મહાવ્રતો બાહ્ય વિષયના સંબંધમાં હોય છે. સર્વથા પ્રાણાતિપાતથી [હિંસાથી] વિરામ પામવા સ્વરૂપ પ્રથમ મહાવ્રત સર્વ જીવોના વિષયમાં છે. અર્થાત્ પ્રથમ મહાવ્રત સર્વ જીવોની હિંસાથી સર્વથા વિરામ પામવા સ્વરૂપ છે. સર્વથા મૃષાવાદથી વિરામ પામવા સ્વરૂપ બીજું મહાવ્રત અને સર્વથા પરિગ્રહથી વિરામ પામવા સ્વરૂપ પાંચમું મહાવ્રત



સર્વ દ્રવ્યોના વિષયમાં છે. એટલે કે સર્વ દ્રવ્યોના વિષયમાં સર્વથા વિરામ પામવાનું બીજા મહાવ્રતમાં છે અને સર્વ દ્રવ્યોના પરિગ્રહથી વિરામ પામવાનું પાંચમા મહાવ્રતમાં છે. જ્યારે ત્રીજા અને ચોથા મહાવ્રતમાં અમુક દ્રવ્યો વિષય બને છે - એ સ્પષ્ટ છે. સંયમની સાધના માટે ગ્રહણ કરીને રાખવા પડતાં દ્રવ્યો કોઈ ન આપે તો તેવા દ્રવ્યને સર્વથા ગ્રહણ નહિ કરવાનું ત્રીજા મહાવ્રતમાં છે અને નિર્જીવ પ્રતિમાદિમાં આસક્તિનું વર્જન અને સજીવ સ્ત્રીપુરુષાદિના શરીરમાં મૈથુનથી સર્વથા વિરામ પામવાનું ચોથા મહાવ્રતમાં છે. આથી સ્પષ્ટ છે કે મહાવ્રતો પણ ઉપર જણાવ્યા મુજબના વિષયના આલંબને છે. અન્યથા વિષયનું આલંબન ન હોય તો તાદૃશ નિવૃત્તિસ્વરૂપ મહાવ્રતોનો કોઈ જ સંભવ નથી.

**सण्णाणं...** આ ગાથામાં **ज्ञान, दर्शन** અને **चारित्र** આવો ક્રમ રાખવાનું કારણ એ છે કે નિશ્ચયથી [ચોક્કસપણે] પ્રથમ જ્ઞાન પછી દર્શન અને પછી ચારિત્ર ઉત્પન્ન થતું હોય છે. તેથી તેવા પ્રકારની ઉત્પત્તિના ક્રમ મુજબ ઉપર એવો જ ક્રમ રાખ્યો છે. કારણ કે અજ્ઞાત પદાર્થમાં શ્રદ્ધા થતી નથી. જે શ્રદ્ધાનો વિષય ન બન્યો હોય તેમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ સ્વરૂપ અનુષ્ઠાન થતું નથી. આથી સ્પષ્ટ છે કે - જે જાણે છે તે શ્રદ્ધા કરે છે; અને આ રીતે તે તે વિષયમાં રુચિ ઉત્પન્ન થવાથી વિહિતની પ્રવૃત્તિ અને નિષિદ્ધની નિવૃત્તિ તે કરે છે. અર્થાદ્ વિહિતની અપ્રવૃત્તિ તથા નિષિદ્ધની પ્રવૃત્તિ સ્વરૂપ દોષથી તે નિવૃત્ત થાય છે. શ્રી તત્ત્વાર્થસૂત્રાદિમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર આવો ક્રમ છે તે; વ્યવહારનયની અપેક્ષાએ કર્મપરિણતિની વિચિત્રતાના કારણે જીવવિશેષને પ્રથમ દર્શન પછી જ્ઞાન અને ત્યાર બાદ ચારિત્ર પ્રાપ્ત થતું હોવાથી છે. એમાં કોઈ વિરોધ નથી. કારણ કે આ ગ્રંથમાં અને અન્યત્ર (તત્ત્વાર્થાદિમાં) આશય ભિન્ન ભિન્ન છે. આથી સમજી શકાય છે કે "વસ્તુગત (વાસ્તવિક વિષયવાળો) જે બોધ છે તે સજ્જ્ઞાન છે; વસ્તુગત રુચિ (શ્રદ્ધા) સદ્દર્શન છે અને તે તે વસ્તુમાં જ વિધિ તથા પ્રતિષેધને અનુસરનારું આગમાનુસારી અનુષ્ઠાન સચ્ચરણ છે." - આ ત્રણના

સહાવસ્થાનને (આત્મામાં એકરૂપ થઇને રહેવા સ્વરૂપ અવસ્થાને) નિશ્ચયથી (અવિલંબે ફળની પ્રાપ્તિની અપેક્ષાએ) યોગ કહેવાય છે. ॥૩॥

* * *

આ રીતે 'યોગ' નિશ્ચયપ્રધાન હોવાથી પહેલાં નિશ્ચયનયની માન્યતા મુજબ યોગનું લક્ષણ-સ્વરૂપ જણાવીને હવે વ્યવહારનયની માન્યતા મુજબ તે (યોગનું લક્ષણ) જણાવવા માટે ચોથી ગાથા છે.

**ववहारओ उ एसो विन्नेओ एयकारणाणं पि ।**
**जो संबंधो सो वि य कारणकज्जोवयाराओ ॥४॥**

વ્યવહારનયથી તો; કારણમાં કાર્યનો ઉપચાર થતો હોવાથી સમ્યગ્જ્ઞાનાદિના કારણભૂત ગુરુવિનયાદિનો જે સંબંધ છે તે પણ યોગ તરીકે જાણવો જોઇએ. આ પ્રમાણે ગાથાનો અર્થ છે. આશય એ છે કે વ્યવહારથી એટલે કે સામાન્યપણે ફલપ્રાપ્તિ માટેની યોગ્યતાને આશ્રયીને સમ્યગ્જ્ઞાનાદિના કારણ સ્વરૂપ ગુરુવિનય, વૈયાવચ્ચ અને સ્વાધ્યાય વગેરેનો આત્માની સાથે જે સંબંધ છે; તે પણ યોગ છે. ગુરુવિનયાદિના કારણે સમ્યગ્જ્ઞાનાદિની પ્રાપ્તિ થાય છે અને તેથી જીવને મોક્ષની પ્રાપ્તિ થાય છે. જે વખતે ગુરુવિનય વગેરે આપણે કરતા હોઇએ ત્યારે સામાન્યથી આપણામાં યોગસ્વરૂપ ફળપ્રાપ્તિની યોગ્યતા હોય છે. પરંતુ યોગસ્વરૂપ ફળની પ્રાપ્તિ થયેલી હોતી નથી. ગુરુવિનયાદિ પ્રવૃત્તિથી કાલાંતરે પ્રાપ્ત થનારા સમ્યગ્જ્ઞાનાદિનો આત્મામાં સંબંધ નથી; પરંતુ તેની યોગ્યતા વર્તમાનમાં હોવાથી એ અપેક્ષાએ આત્મામાં યોગ મનાય છે. યોગના સંબંધ વિના પણ યોગના કારણભૂત ગુરુવિનયાદિના સંબંધને; આ રીતે યોગની યોગ્યતાને લઇને વ્યવહારથી યોગ કહેવાય છે. સકલ નયોને જે જે રીતે સમ્યગ્જ્ઞાનાદિના સંબંધને યોગરૂપે માનવાનું ઇષ્ટ છે, તે સર્વસંબંધોને યોગસ્વરૂપે વર્ણવવાના આશયથી મૂળગાથામાં **सो वि य** - આ પ્રમાણે **(सोऽपि च) अपि** પદનો પ્રયોગ કર્યો છે. નૈગમ,



સંગ્રહ... વગેરે નયોનું સ્વરૂપ તેના જાણકારો પાસેથી જિજ્ઞાસુઓએ સમજી લેવું જોઇએ.

નિશ્ચયથી સમ્યગ્જ્ઞાનાદિના સંબંધને યોગસ્વરૂપે બીજી ગાથામાં વર્ણવ્યો છે, તેને તેમ જ સમ્યગ્જ્ઞાનાદિના કારણભૂત ગુરુવિનયાદિના સંબંધને વ્યવહારથી યોગ કહેવાય છે. કારણ કે વ્યવહારનય કારણને પણ કોઇ વાર કાર્ય સ્વરૂપે વર્ણવે છે. આથી યોગના સાક્ષાત્ કે પરંપરાએ જે ગુરુવિનયાદિ કારણ છે તેને યોગ માનીને તેના સંબંધને પણ અહીં યોગસ્વરૂપે વર્ણવ્યો છે. ચાલુ વ્યવહારમાં પણ કોઇ વાર કારણને કાર્ય માનીને ઔપચારિક પ્રયોગ કરાય છે. દા.ત. આયુષ્ય ઘી છે; વરસાદ ચોખાને વરસાવે છે; અહીં આયુર્વેદાનુસાર ઘી ખાવાથી આયુષ્ય વધે છે; એટલે કે આયુષ્યનું કારણ ઘી છે, તેથી આયુષ્યના કારણભૂત ઘીને અહીં આયુષ્યરૂપે વર્ણવ્યું છે તેમ જ વરસાદના પાણીથી ચોખાનો પાક સારો આવે છે તેથી પાણી ચોખાનું કારણ હોવાથી ચોખાસ્વરૂપે જ અહીં પાણીને વર્ણવી ચોખાને વરસાવે છે એવો પ્રયોગ છે.

અહીં યાદ રાખવું જોઇએ કે સમ્યગ્જ્ઞાનાદિના કારણભૂત જ ગુરુવિનયાદિના સંબંધને યોગસ્વરૂપે વર્ણવાય છે. જે ગુરુવિનયાદિ સમ્યગ્જ્ઞાનાદિનાં કારણ બનતાં નથી તે ગુરુવિનયાદિને વ્યવહારથી પણ યોગસ્વરૂપ માનવાનું ઇષ્ટ નથી. સમ્યગ્જ્ઞાનાદિની પ્રાપ્તિ થાય - એ આશયથી જો ગુરુવિનયાદિ કરાય તો તે ગુરુવિનયાદિ સમ્યગ્જ્ઞાનાદિના કારણ બની પરંપરાએ આત્માને મોક્ષની સાથે જોડી આપે છે. પરંતુ તેવો આશય ન હોય અને માત્ર ઔચિત્યથી જ ગુરુવિનયાદિ કરાય તો તે સાક્ષાત્ કે પરંપરાથી પણ મોક્ષસાધક બનતાં ન હોવાથી તેના સંબંધને યોગસ્વરૂપે વર્ણવવાનું ઉચિત નથી. ઉપચારનો અર્થ એ નથી કે ગમે તે વસ્તુને ગમે તે સ્વરૂપે વર્ણવવી. મોક્ષસાધક ભાવ અથવા તો મોક્ષસાધક ભાવનો ભાવ એ બેને જ અહીં યોગસ્વરૂપે મનાય છે. ગુરુવિનયાદિસ્વરૂપ યોગકારણો; સામાન્યથી અલ્પકાળમાં જ યોગની પ્રાપ્તિ કરાવનારાં બને, તો જ તેના સંબંધને વ્યવહારથી યોગ કહેવાય છે. પરંતુ ઘણા લાંબા

કાળે જો તે યોગની પ્રાપ્તિ કરાવનારાં બનવાનાં હોય તો તેના સંબંધને યોગરૂપે માનવાનું યોગ્ય નથી. ॥૪॥

❋ ❋ ❋

વ્યવહારનયથી યોગસ્વરૂપે વર્ણવેલાં યોગનાં કારણોને સ્વરૂપથી વર્ણવતાં ગ્રંથકારશ્રી ફરમાવે છે કે—

**गुरुविणओ सुस्सूसाइया य विहिणा उ धम्मसत्थेसु ।**
**तह चेवाणुट्ठाणं विहि-पडिसेहेसु जहसत्तिं ॥५॥**

ઉપર જણાવેલી ગાથાનો અર્થ "ગુરુવિનય; વિધિપૂર્વક ધર્મશાસ્ત્રોના વિષયમાં શુશ્રૂષા વગેરે તેમ જ ધર્મશાસ્ત્રે જણાવેલા વિધિ-નિષેધમાં પ્રવૃત્તિ-નિવૃત્તિસ્વરૂપ, શક્તિ અનુસાર અનુષ્ઠાન (ક્રિયા)"; વ્યવહારનયથી યોગ છે - આ પ્રમાણે છે. મુમુક્ષુ આત્માઓએ મોક્ષની ઇચ્છાને સફળ બનાવવા સૌથી પહેલાં, ભવનિસ્તારક પૂ. ગુરુદેવશ્રીનો વિનય કરવો જોઇએ. સમ્યગ્જ્ઞાનાદિની પ્રાપ્તિ માટે ગુરુ-વિનય વિના બીજું કોઇ અદ્ભુત સાધન નથી. યોગનો પ્રારંભ જ વસ્તુતઃ ગુરુવિનયથી થાય છે. 'વિનય વિના વિદ્યા નહિ' - આ વાત ખૂબ જ પ્રસિદ્ધ છે. સામાન્યથી પૂ. ગુરુભગવંતના પગ ધોવા; ત્યાર બાદ તેઓશ્રીને યોગ્ય આસન ઉપર બિરાજમાન કરવા; પીવા માટે પાણી આપવું... વગેરે સ્વરૂપ 'ગુરુવિનય' અનેક પ્રકારનો છે. પૂર્વકાળમાં ગુરુવિનય ઉપર ખૂબ જ ચીવટથી ધ્યાન અપાતું. રાજકુળમાં પણ જન્મેલા અને ઊછરેલા પણ ગુરુકુળમાં જઇને સર્વ પ્રકારના ગુરુવિનય કરવા દ્વારા સર્વ કલાઓનું ગ્રહણ કરતા. દુનિયાના સર્વ ક્ષેત્રમાં વિનયનું મૂલ્ય સમજી શકનારાઓને યોગમાર્ગમાં તે સમજાવવાની આવશ્યકતા નથી. ગમે તે કારણ હોય પરંતુ આ વિષયમાં આજે ખૂબ જ ઉપેક્ષા સેવાય છે. મુમુક્ષુ આત્માઓ માટે એ ખૂબ જ અહિતને કરનારી છે.

**सुस्सूसाइया** અહીં '**आदि**' પદથી શ્રવણ, ગ્રહણ, વિજ્ઞાન, ધારણા, ઊહ, અપોહ અને તત્ત્વાભિનિવેશનું ગ્રહણ કરવાનું છે. શુશ્રૂષા, શ્રવણ...



વગેરે બુદ્ધિના આઠ ગુણો છે. યોગમાર્ગની જિજ્ઞાસા બાદ મોક્ષસાધક યોગાદિના વિષયમાં શુશ્રૂષા વગેરેનો ઉદય થાય છે. જિજ્ઞાસા બનાવટી ન હોય તો તેની ઉત્તર-ક્ષણમાં શુશ્રૂષા વગેરેનો પ્રાદુર્ભાવ ચોક્કસ જ થતો હોય છે. સાંભળવાની ઇચ્છા સ્વરૂપ શુશ્રૂષા છે. સાંભળવાની પ્રવૃત્તિને શ્રવણ કહેવાય છે. પૂ. ગુરુભગવંતના શ્રીમુખે સૂત્ર-અર્થના ગ્રહણને ગ્રહણ કહેવાય છે. તે સૂત્ર-અર્થના બોધને વિજ્ઞાન કહેવાય છે. સૂત્ર-અર્થનું વિસ્મરણ ન થાય એ માટે કરાતી સ્વાધ્યાયાદિની પ્રવૃત્તિને ધારણા કહેવાય છે. સમજેલા અર્થની યુક્તાયુક્તતાની વિચારણાને ઊહ કહેવાય છે. વિચારણા દરમ્યાન જણાતી અયુક્તતાને દૂર કરવાની પ્રવૃત્તિને અપોહ કહેવાય છે; અને આ રીતે તત્ત્વસ્વરૂપનો નિર્ણય કર્યા પછી 'આ આ પ્રમાણે જ છે' - આવી જાતના નિર્ણયને તત્ત્વાભિનિવેશ કહેવાય છે. યોગની જિજ્ઞાસા આ રીતે તત્ત્વાભિનિવેશમાં પરિણમવી જોઇએ. અન્યથા યોગની જિજ્ઞાસા, શુશ્રૂષા... વગેરે યોગનાં કારણ નહિ બને. અપ્રશસ્ત અવિરતિજન્ય પ્રવૃત્તિ વખતે; જિજ્ઞાસાથી આરંભી અભિનિવેશ સુધી જે ક્રમ છે - તે સ્પષ્ટપણે લગભગ બધાને પ્રતીત થાય છે, પરંતુ યોગસંબંધી એ ક્રમ લગભગ પ્રતીત થતો નથી. અભિનિવેશ ખરાબ નથી. અતત્ત્વનો અભિનિવેશ ખરાબ છે. તત્ત્વનો અભિનિવેશ તો બુદ્ધિનો ગુણ છે. અનભિનિવેશ ખરાબ નથી, અતત્ત્વનો અનભિનિવેશ તો સારો છે. તત્ત્વને સમજ્યા પછી તત્ત્વનો અનભિનિવેશ ખૂબ જ ખરાબ મનાય છે. મધ્યસ્થતાના નામે યોગમાર્ગના અભિનિવેશથી દૂર રહેવાની પ્રવૃત્તિ સાધનામાં શિથિલ બનાવનારી છે.

**શુશ્રૂષા** વગેરે વિધિપૂર્વક જ હોવા જોઇએ. અવિધિપૂર્વકના શુશ્રૂષાદિ ગુણો કરતાં તો શુશ્રૂષાદિ ગુણો ન હોય તો સારા - એમ માન્યા વિના ચાલે એવું નથી. રોગની ચિકિત્સા અસદ્-અયોગ્ય રીતે કરવા કરતાં ન કરીએ તે સારું - આ વાતને જેઓ સમજી શકે છે, તેઓ એ પણ સમજી શકશે કે અવિધિથી કરવા કરતાં; નહિ કરવું સારું છે. શુશ્રૂષાદિ માટે સ્થાનશુદ્ધિ વગેરે વિધિ છે. જે સ્થાનમાં અથવા તો તેની આસપાસની

સો હાથની જગ્યામાં લોહી, માંસ, હાડકાં વગેરે પડ્યાં હોય એવા સ્થાનમાં શુશ્રૂષાદિની પ્રવૃત્તિ ન થાય. શુદ્ધ સ્થાનમાં પણ તેની પ્રમાર્જનાદિ કરવી જોઇએ. વિનય-બહુમાનાદિપૂર્વક શુશ્રૂષાદિ વિહિત છે. અનાદિકાળથી અર્થ-કામાદિ શાસ્ત્રોમાં શુશ્રૂષાદિ ગુણો આપણને આત્મસાત્ થયેલા છે. શુશ્રૂષાદિ ગુણો નવા નથી. માત્ર એનો વિષય બદલવાનો છે. આચારાંગ વગેરે ધર્મશાસ્ત્રો શુશ્રૂષાદિના વિષય હોય તો જ શુશ્રૂષાદિ ગુણો યોગના અંગ બને છે. અર્થકામાદિના વિષયમાં શુશ્રૂષાદિ હોય તો તે યોગનાં અંગ બનતાં નથી, પરંતુ યોગના બાધક બને છે.

શુશ્રૂષાદિના પ્રભાવે ધર્મશાસ્ત્રપ્રતિપાદિત [જણાવેલ] તત્ત્વનો અભિનિવેશ પ્રાપ્ત થયા પછી વિવેકપૂર્વક આચારાંગાદિ ઉત્તમશ્રુત-શાસ્ત્રમાં જણાવેલ વિધિ અને નિષેધના વિષયમાં શક્તિનું ઉલ્લંઘન કર્યા વિના અનુક્રમે કરવા અને નહિ કરવાનું જે ક્રિયાસ્વરૂપ અનુષ્ઠાન છે, તે યોગનું અંગ છે. તત્ત્વનો તેમ જ અતત્ત્વનો ચોક્કસ નિર્ણય થયા પછી હેય અને ઉપાદેયનો નિર્મળ વિવેક પ્રગટે છે. આવા વિવેકને લઇને તે તે મુમુક્ષુ આત્માઓ શક્તિ મુજબ આચારાંગાદિ ઉત્તમ શ્રુતગ્રંથોમાં ફરમાવ્યા મુજબ વિહિતમાં પ્રવૃત્ત બને છે અને નિષેધના વિષયથી નિવૃત્ત બને છે. ગ્રંથકાર પરમર્ષિએ યથાશક્તિ પદનો અર્થ ‘શક્તિનું ઉલ્લંઘન કર્યા વિના’ - આવો કર્યો છે. યોગના અર્થીએ એ સર્વથા યાદ રાખવા જેવો છે. વર્તમાનમાં લગભગ યથાશક્તિનો અર્થ ‘શક્તિ મુજબ’ કરાય છે. પરંતુ આવો અર્થ કરવાથી સમગ્ર શક્તિનો ઉપયોગ કરવાનું સમજાતું નથી. પરમપદની પ્રાપ્તિ માટે મળેલી સમગ્ર શક્તિને કામે લગાડ્યા વિના ચાલે એવું નથી. શક્તિ ઉપરાંત કાર્ય ન કરીએ - એ બરાબર છે, શક્તિ છુપાવીને કાર્ય કરવાનું કોઇ પણ રીતે ઉચિત નથી. ‘શક્તિ મુજબ’ - આ પ્રમાણે અર્થ કરતી વખતે સમગ્ર શક્તિનો ઉપયોગ કરવાનો ભાવ વર્તાતો નથી. એ ભાવ; ‘શક્તિના અનુલ્લંઘનથી’ - આ પ્રમાણે અર્થ કરવાથી ખૂબ જ સ્પષ્ટપણે પ્રતીત થાય છે. મળેલી સમગ્ર શક્તિનો ઉપયોગ ન કરીએ તો વીર્યાચારનું પાલન ન થાય; અને તેથી વીર્યાંતરાયકર્મનો બંધ થાય.



એ બંધથી દૂર રહેવા સમગ્ર શક્તિનો ઉપયોગ કરવાનું ખૂબ જ આવશ્યક છે. યથાશક્તિ પદનો ગ્રંથકારશ્રીએ જણાવેલો અર્થ યોગના અર્થીઓએ કોઇ પણ રીતે ભૂલવો નહિ જોઇએ. ખાવા-પીવાદિની દરેક પ્રવૃત્તિમાં આપણે જે રીતે શક્તિનો ઉપયોગ કરીએ છીએ તે રીતે જ આચારાંગાદિ ઉત્તમશ્રુતના ગ્રંથોમાં જણાવેલા વિહિત કે અવિહિત અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરવી જોઇએ. અર્થાદ્ સમગ્ર શક્તિથી એ પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરવી જોઇએ. આ પાંચમી ગાથાનો પરમાર્થ છે. ॥૫॥

* * *

ગુરુવિનય અને શુશ્રૂષા વગેરે નિશ્ચયનયપ્રસિદ્ધ યોગનાં કારણ હોવાથી યોગ છે - એ જણાવીને છઠ્ઠી ગાથાથી ગુરુવિનયાદિસ્વરૂપ વ્યવહારનયપ્રસિદ્ધ યોગ; નિશ્ચયનયપ્રસિદ્ધ યોગનાં અંગ-કારણ કઇ રીતે બને છે - આ શંકાનું સમાધાન કરાય છે—

**एत्तो च्चिय कालेणं णियमा सिद्धी पगिट्ठरूवाणं ।**
**सण्णाणाईण तहा जायइ अणुबंधभावेण ॥६॥**

આ ગુરુવિનયાદિથી કાળે કરી ચોક્કસ જ પ્રકૃષ્ટસ્વરૂપવાળા સજ્જ્ઞાન, સદ્દર્શન અને સત્ચારિત્રની અનુબંધયુક્ત સિદ્ધિ થાય છે - આ પ્રમાણે છઠ્ઠી ગાથાનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે ગુરુભગવંતનો વિનય અને શુશ્રૂષા, શ્રવણ વગેરેથી જેમ જેમ કાળ જતો જાય તેમ તેમ ક્ષાયિકભાવનાં સજ્જ્ઞાનાદિ સ્વરૂપ પ્રકૃષ્ટ યોગની સિદ્ધિ નિશ્ચિત જ થાય છે. કારણ કે ગુરુવિનયાદિ તેવા પ્રકારની યોગની સિદ્ધિનાં અવંધ્ય (ચોક્કસ ફળને આપનાર) કારણ છે, પ્રયોજક નથી. પ્રયોજક હોય તો તે કાર્ય કરે જ - એવું ન બને. પરંતુ અવંધ્ય કારણ તો કાર્યને કર્યા વિના ન રહે. ક્ષયોપશમભાવના આત્મગુણો અંતે ક્ષાયિકભાવમાં પરિણમે છે. ધર્મની પ્રારંભ અવસ્થામાં ક્ષયોપશમ મંદ હોવા છતાં તેનો

ઉપયોગ કરતાં આવડે તો સર્વત્ર ઔચિત્યપૂર્વક પ્રવૃત્તિ થતી હોય છે, જેથી સુંદરકોટિની આજ્ઞાનું આરાધન સ્વાભાવિક જ અંશતઃ થાય છે અને આવી આજ્ઞાની આરાધનાથી સજ્જ્ઞાનાદિની વૃદ્ધિ થાય છે. આત્માના ગુણોના આવિર્ભાવ માટે સદાજ્ઞાની આરાધના સિવાય બીજો કોઇ જ ઉપાય નથી. આ રીતે વૃદ્ધિને પામેલાં સજ્જ્ઞાનાદિ ઉત્તરોત્તર વૃદ્ધિનાં કારણ બને છે. કારણ કે આજ્ઞાની આરાધના શુભ અનુબંધ પાડે છે. શરીરના રોગને દૂર કરનાર ઔષધ શરૂઆતમાં ખાસ ફાયદાકારક બનતું નથી. પરંતુ વૈદ્યાદિના કહેવા મુજબ અપથ્યાદિનું સેવન કર્યા વિના માત્રાદિની ઉચિતતા જાળવી જેમ જેમ તેનું સેવન કરવામાં આવે તો તે જ ઔષધ ક્રમે કરી શરીરને ધાર્યા કરતાં વધારે લાભદાયી બને છે. ત્યાં જેમ પૂર્વ પૂર્વ આરોગ્ય જ ઉત્તરોત્તર આરોગ્યનું પ્રદાન કરે છે, તેવી જ રીતે આ યોગમાર્ગમાં પણ ક્રમે કરી પૂર્વગુણો જ ઉત્તરોત્તર ગુણને ખેંચી લાવે છે. શ્રીવીતરાગપરમાત્માએ ઉપદેશેલાં અનુષ્ઠાનો ઉત્તરોત્તર અનુષ્ઠાનનાં કારણ ન બને તો તે અનુષ્ઠાનો મોક્ષનાં કારણ નહિ બનવાથી નિષ્ફળ બનશે. આથી સિદ્ધિ ન મળે ત્યાં સુધી સાધનનો વિચ્છેદ ન થાય - એ માટે ખૂબ જ અપ્રમત્ત રહેવું જોઇએ. માર્ગાનુસારી આજ્ઞાવિશુદ્ધ (આજ્ઞાના કારણે શુદ્ધ) અનુષ્ઠાન જ સદ્-અનુબંધ-(ઉત્તરોત્તર વિશુદ્ધ અનુષ્ઠાનનાં કારણ)વાળા હોય છે - આ પ્રમાણે છઠ્ઠી ગાથાનું તાત્પર્ય છે. ॥૬॥

* * *

ઉપર જણાવ્યા મુજબ ગુરુવિનયાદિ સદ્જ્ઞાનાદિનાં કારણ હોવાથી યોગ છે, તેથી ગુરુવિનયાદિ યોગના સ્વામીને યોગી તરીકે માનવાનું ઉચિત જ છે. એ વાતનું સમર્થન કરવા સાતમી ગાથા છે–

**मग्गेण गच्छंतो सम्मं सत्तीए इट्ठपुरपहिओ ।**
**जह तह गुरुविणयाइसु पयट्टओ एत्थ जोगित्ति ॥७॥**



તાત્ત્વિક રીતે ઇષ્ટ સ્થાનને પ્રાપ્ત કરાવનારા માર્ગે સારી રીતે શકુનાદિને અનુસરી પોતાની જવાની શક્તિના ઉપયોગ દ્વારા જનારાને ચોક્કસ રીતે ઇષ્ટ નગરાદિની પ્રાપ્તિ થતી હોવાથી જેમ ઇષ્ટનગરના પથિક તરીકે વર્ણવાય છે - તેમ પૂર્વે જણાવેલા ગુરુવિનયાદિમાં વિધિપૂર્વક પ્રવર્ત્તનારને ચોક્કસપણે ઇષ્ટ એવા સજ્જ્ઞાનાદિ યોગની પ્રાપ્તિ થતી હોવાથી અહીં યોગનિરૂપણમાં યોગી તરીકે વર્ણવાય છે. અહીં યાદ રાખવું જોઇએ કે - આ ગાથામાં **सम्मं** આ પ્રમાણે પદનું અને પાંચમી ગાથામાં **विहिणा उ** આ પ્રમાણે પદનું ઉપાદાન હોવાથી **सम्यग्** અને **विधि** ના ગ્રહણથી ગુરુવિનયાદિમાં 'શક્ત્યનુસાર જ પ્રવૃત્તિ'નું જ્ઞાન થઇ જાય છે; તેથી **सत्तीए** આ પદનું ઉપાદાન કરવાની જોકે જરૂર નથી, પરંતુ આ રીતે સમ્યગ્ અને વિધિના ગ્રહણમાં જેનો અર્થ સમજાય છે તે અર્થને જણાવવા સાથે **सत्तीए** - આ પ્રમાણે પદનું પૃથગ્ ગ્રહણ; શક્તિનું પ્રાધાન્ય જણાવવા માટે કર્યું છે. આવી શૈલી લોકમાં પ્રસિદ્ધ છે. જેમ કે - **ब्राह्मणा आयाता वशिष्ठोऽप्यायातः** અહીં બ્રાહ્મણો આવ્યા એમ કહેવાથી જ વશિષ્ઠ બ્રાહ્મણનું આગમન જણાય તો છે જ, પરંતુ બ્રાહ્મણોમાં વશિષ્ઠ પ્રધાન છે - એ જણાવવા તેના આગમનને **वशिष्ठोऽप्यायातः** - આ પ્રમાણે પૃથક્ જણાવ્યું છે, તેમ શક્તિની પ્રધાનતા જણાવવા **सम्मं सत्तीए** આ પ્રમાણે શક્તિનું પૃથગ્ ઉપાદાન કર્યું છે. યથાશક્તિ-શક્તિને ગોપવ્યા વિના; પ્રાપ્ત થયેલી સમગ્ર શક્તિથી કરાયેલ કોઇ પણ અનુષ્ઠાન; ઉત્તરોત્તર શ્રેષ્ઠ અનુષ્ઠાનનું કારણ બનતું હોવાથી સાનુબંધ બને છે. જેથી આ રીતે અનુબંધસાધકરૂપે દરેક અનુષ્ઠાનમાં શક્તિની પ્રધાનતા છે. એ મુજબ કોઇ સ્થાને કહ્યું છે કે **शक्तिः सफलैव सम्यक्प्रयोगात्** - અર્થાત્ સમ્યગ્વિધિપૂર્વકના પ્રયોગથી શક્તિ સફળ જ છે... આ પ્રમાણે સાતમી ગાથાનો પરમાર્થ છે. ॥૭॥

* * *

આ રીતે યોગની પીઠિકા(સામાન્ય ભૂમિકા)ને કહીને હવે યોગના અધિકારી વગેરે જણાવવા માટે આઠમી ગાથાથી ફરમાવ્યું છે કે–

**अहिगारिणो उवाएण होइ सिद्धी समत्थवत्थुम्मि ।**
**फलपगरिसभावाओ विसेसओ जोगमग्गम्मि ॥८॥**

કહેવાનો આશય એ છે કે - સેવા(નોકરી) વગેરે સમગ્ર વસ્તુના વિષયમાં તેના ઉપાય-સાધનવિશેષથી પ્રકૃષ્ટ ફળની પ્રાપ્તિ થવાથી અધિકારી-યોગ્યને સિદ્ધિ એટલે કે કાર્યની પ્રાપ્તિ થાય છે, મુક્તિનું સાધન હોવાથી વિશેષે કરીને આ યોગમાર્ગમાં અધિકારીને યોગની સિદ્ધિ થાય છે - આ પ્રમાણે ગાથાર્થ છે. આશય સ્પષ્ટ છે કે લોકમાં નોકરી વગેરે કાર્ય કરનારા યોગ્ય જીવોને તે તે કાર્યના ઉપાયોના સેવનથી ઉત્તરોત્તર ફળની વૃદ્ધિ થવાથી અભિલષિત કાર્યની સિદ્ધિ થતી હોય છે. અનધિકારી-અયોગ્યને તેવી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. લોકોત્તર યોગમાર્ગમાં પણ વિશેષે કરી અધિકારીને જ યોગની સિદ્ધિ થાય છે, અનધિકારીને કોઇ પણ સ્થાને સિદ્ધિ થતી નથી. આથી કોઇ પણ વિષયમાં સિદ્ધિના અર્થીએ અધિકારિતાને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ. અનધિકાર ચેષ્ટા જેવી કોઇ જ ખરાબ પ્રવૃત્તિ નથી. અનધિકાર ચેષ્ટાથી સિદ્ધિના બદલે માત્ર વિડંબના જ પ્રાપ્ત થાય છે. ॥૮॥

* * *

ઉપર જણાવ્યા મુજબ લોકમાં કે લોકોત્તરમાં અધિકારીને જ સિદ્ધિ મળે છે; તેથી યોગમાર્ગમાં અધિકારીને જણાવવા માટે નવમી ગાથામાં જણાવ્યું છે કે–

**अहिगारी पुण एत्थं विण्णेओ अपुणबंधगाइ त्ति ।**
**तह तह णियत्तपगईअहिगारो णेगभेओ त्ति ॥९॥**

તે તે પ્રકારે પોતાના કર્મગ્રહણ સંબંધી યોગ્યતાનો અધિકાર જેનો ચાલ્યો ગયો છે એવા અનેક ભેદવાળા અપુનર્બંધકાદિ જીવો અહીં



યોગમાર્ગમાં અધિકારી તરીકે જાણવા. આ પ્રમાણે નવમી ગાથાનો અક્ષરાર્થ છે. આશય એ છે કે આત્માના તે તે પરિણામ અને આત્માની તે તે પ્રવૃત્તિ વગેરેની વિશેષતાના કારણે; કર્મની ઉત્કૃષ્ટ સિત્તેર-કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિના બંધને અનુકૂળ ક્રિયાવાળો હોવા છતાં જે જીવ તે તે કર્મપુદ્ગલોને, ઉત્કૃષ્ટસ્થિતિ ફરીથી ક્યારે પણ ન બંધાય તે રીતે બાંધે છે, તે જીવને **अपुनर्बन्धक** કહેવાય છે. સામાન્ય રીતે કર્મની (મિથ્યાત્વની) ઉત્કૃષ્ટ સિત્તેરકોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. અપુનર્બંધકદશાને પામતાં પૂર્વે જે પ્રવૃત્તિના કારણે જીવ તેવી ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરતો હતો, તેવી પ્રવૃત્તિ હોવા છતાં પરિણામાદિની વિશેષતાને લઇને તે કર્મની જે જીવ ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરતો નથી, તેને **अपुनर्बन्धक** કહેવાય છે. ચરમાવર્ત્તમાં આવ્યા પછી આવી અપુનર્બંધક અવસ્થા જીવને સ્વભાવથી જ પ્રાપ્ત થતી હોય છે. આવી અવસ્થાના પ્રભાવે જીવ ક્યારે પણ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરતો નથી. બહારથી તીવ્ર સંક્લિષ્ટ પ્રવૃત્તિ દેખાતી હોવા છતાં સ્વભાવથી જ તેવા પરિણામના અભાવે જીવને કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ થતો નથી. કોઇ વાર કર્મની સ્થિતિ ઉત્કૃષ્ટ બંધાય તોપણ રસ તો કોઇ પણ રીતે તીવ્ર બંધાતો નથી - એ નિર્વિવાદ છે. આવા **अपुनर्बन्धक** વગેરે જીવો જ યોગમાર્ગના અધિકારી છે.

મૂળમાં **अपुणबंधगाइ** અહીં **आदि** પદથી સમ્યગ્દષ્ટિ અને ચારિત્રી આત્માઓને યોગમાર્ગના અધિકારી તરીકે જાણવા. આ યોગમાર્ગના અધિકારી જીવોના વિષયમાં સકૃદ્બંધક કે દ્વિર્બંધક વગેરે જીવોને અધિકારી તરીકે ગણાવ્યા નથી. જે જીવો કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ભવિષ્યમાં એકવાર કે બેવાર બાંધવાના છે - તે જીવોને અનુક્રમે સકૃદ્બંધક અને દ્વિર્બંધક કહેવાય છે. સકૃદ્બંધકાદિ જીવોને અહીં અધિકારીરૂપે ગણાવ્યા ન હોવાથી જ યોગમાર્ગના અધિકારી તરીકે નિવૃત્તપ્રકૃત્યધિકારવાળા જીવોને ગણાવ્યા છે. જીવનો મિથ્યાત્વ, અવિરતિ વગેરેની સહાયથી કર્મને ગ્રહણ કરવાનો સ્વભાવ છે. આવા પ્રકારની કર્મગ્રહણ કરવાની જીવની યોગ્યતાનો ક્રમશઃ

ક્ષય થવાથી ભિન્નભિન્ન-વિચિત્ર સુખદુઃખાદિ ફળને સિદ્ધ કરવા સ્વરૂપ કર્મવર્ગણાધિકાર નિવૃત્ત થાય છે એટલે કે જીવની તાદશ યોગ્યતાના હ્રાસથી તે જીવને તાદશકર્મવર્ગણા વિચિત્રફળની સાધિકા બનતી નથી. આવા જીવોને શાસ્ત્રીય પરિભાષામાં 'નિવૃત્તપ્રકૃત્યધિકાર' તરીકે વર્ણવાય છે. એ નિવૃત્તપ્રકૃત્યધિકાર આત્માઓ અનેક પ્રકારના છે, જે; મુખ્યપણે અપુનર્બંધક, સમ્યગ્દષ્ટિ અને ચારિત્રી સ્વરૂપ છે - તેઓ યોગમાર્ગના અધિકારી છે. ॥૯॥

* * *

ઉપર જણાવ્યા મુજબ; જે આત્માઓને યોગમાર્ગના અધિકારી તરીકે વર્ણવ્યા છે તેનું મુખ્ય કારણ એ છે કે - તે આત્માઓને આશ્રયીને કર્મગ્રહણના સંબંધની યોગ્યતાનો હ્રાસ થયો છે. આવા નિવૃત્તપ્રકૃત્યધિકાર આત્માઓ જ યોગમાર્ગના અધિકારી છે - એ સમજી શકાય છે. જીવની તાદશપરિણતિના કારણે તે તે જીવો માટે કર્મમાં ગ્રહણયોગ્યતા રહેતી નથી. આથી આવા જ નિવૃત્તપ્રકૃત્યધિકાર જીવો યોગમાર્ગના અધિકારી છે. બીજા **अनिवृत्तप्रकृत्यधिकार** એવા કર્મપરવશ જીવો યોગમાર્ગના અધિકારી નથી - એ જણાવતાં દશમી ગાથામાં ફરમાવ્યું છે કે—

**अणियत्ते पुण तीए एगंतेणेव हंदि अहिगारे ।**
**तप्परतंतो भवरागओ दढं अणहिगारी त्ति ॥१०॥**

તે કર્મપ્રકૃતિનો વિચિત્રફળને ઉત્પન્ન કરવા સ્વરૂપ અધિકાર સર્વથા નિવૃત્ત ન થાય તો તે કર્મપ્રકૃતિને પરવશ આત્મા સંસારના રાગના કારણે યોગમાર્ગમાં કોઇ પણ રીતે અધિકારી નથી - આ ગાથાર્થ છે. આશય એ છે કે કર્મપ્રકૃતિનો અધિકાર સર્વથા નિવૃત્ત ન થાય તો કર્મપરવશતાના કારણે જીવ ભવનો રાગી બને છે. અને તેથી ભવના રાગી એવા જીવને યોગના કોઇ પણ ભેદની પ્રાપ્તિ થાય - એવી યોગ્યતા રહેતી નથી. અન્ય યોગશાસ્ત્રકારોએ પણ આ વિષયમાં જણાવ્યું છે કે—



**अनिवृत्ताधिकारायां प्रकृतौ सर्वथैव हि ।**
**न पुंसस्तत्त्वमार्गेऽस्मिञ्जिज्ञासाऽपि प्रवर्त्तते ॥यो.बि. १०१॥**

આત્મતત્ત્વના સ્વરૂપનો અભિભવ (આચ્છાદન) કરવાનો (સાંખ્યદર્શનપ્રસિદ્ધ) પ્રકૃતિનો અધિકાર બધી રીતે નિવૃત્ત થયો ન હોય તો પુરુષને (આત્માને) આ યોગના વિષયમાં યોગમાર્ગને જાણવાની ઈચ્છા પણ થતી નથી. અર્થાત્ અપુનર્બંધક અવસ્થાને પામ્યા પછી જ યોગમાર્ગની જિજ્ઞાસાનો ઉદ્ભવ છે.

**क्षेत्ररोगाभिभूतस्य यथात्यन्तं विपर्ययः ।**
**तद्वदेवास्य विज्ञेयस्तदावर्त्तनियोगतः ॥यो.बि. १०२॥**

બીજા રોગના કારણભૂત એવા કોઢ વગેરે રોગથી અભિભૂત (વ્યાપ્ત) પુરુષને જેમ અત્યંત બુદ્ધિભ્રમ થાય છે; તેમ અનિવૃત્ત-પ્રકૃત્યધિકારવાળા પુરુષને યોગમાર્ગની પ્રતિપત્તિ (જ્ઞાન)ના અભાવ સ્વરૂપ વિપર્યય; (બુદ્ધિભ્રમ) અનિવૃત્તપ્રકૃત્યધિકારવાળા કાળમાં થનારી પ્રકૃતિની પ્રવૃત્તિના કારણે થાય છે.

**जिज्ञासायामपि ह्यत्रकश्चित् सर्गो निवर्तते ।**
**नाऽक्षीणपाप एकान्तादाप्नोति कुशलां धियम् ॥यो.बि. १०३॥**

યોગમાર્ગને જાણવાની ઈચ્છા થવાથી પણ (યોગમાર્ગના અભ્યાસ વગેરેથી તો સવિશેષ) પ્રકૃતિના, પુરુષનો અભિભવ (જુઓ **यो.बि. १०१**) કરવા સ્વરૂપ સર્ગ (પ્રકૃતિ)ની અલ્પાંશે પણ નિવૃત્તિ થાય છે. કારણ કે સર્વથા જેનાં પાપ ક્ષીણ થયાં નથી એવા આત્માને મોક્ષમાર્ગને અનુસરનારી બુદ્ધિ પ્રાપ્ત થતી નથી. અંશતઃ પણ પાપનો ક્ષય થયા પછી જ મોક્ષમાર્ગને અનુસરનારી બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

**ततस्तदात्वे कल्याणमायत्यां तु विशेषतः ।**
**मन्त्राद्यपि सदा चारु सर्वावस्थाहितं मतम् ॥यो.बि. १०४॥**

ઉપર જણાવ્યા મુજબ કુશલબુદ્ધિ પ્રાપ્ત થવાથી તેની વિદ્યમાનતાના કાળમાં કલ્યાણની પ્રાપ્તિ થાય છે અને ભવિષ્યમાં એ કુશલબુદ્ધિના કારણે પ્રાપ્ત થયેલા પુણ્યપરિપાકથી વિશેષે કરી કલ્યાણ પ્રાપ્ત થાય છે. કારણ કે મણિમંત્રાદિ તેના પ્રયોગકાળમાં કે પ્રયોગના અભાવમાં કાળમાં પણ - બધી જ અવસ્થામાં હિતકારી મનાય છે.

**उभयोस्तत्स्वभावत्वात् तदावर्त्तनियोगतः ।**
**युज्यते सर्वमेवैतन्नान्यथेति मनीषिणः ।।यो.बि. १०५।।**

પુરુષ અને પ્રકૃતિ (જીવ અને કર્મ)નો તે સ્વભાવ (ગ્રાહકગ્રાહ્યસ્વરૂપ વ્યાવર્ત્ય - અધિકારસ્વભાવ) હોવાથી ચરમાવર્ત્તના સામર્થ્યથી એટલે કે જીવને એક પુદ્‌ગલપરાવર્ત્ત કાળથી અધિક કાળ સંસારમાં ભમવાનું ન હોવાથી કુશલબુદ્ધિની પ્રાપ્તિ, યોગની સેવા વગેરે સંગત થાય છે. અન્યથા તાદૃશ પુરુષ અને પ્રકૃતિનો તેવો સ્વભાવ ન હોય તો કુશલબુદ્ધિની પ્રાપ્તિ વગેરે સંગત થતું નથી... એમ વિદ્વાનો જણાવે છે.

ઉપર જણાવેલા 'યોગબિંદુ'ના પાંચ શ્લોકો મુદ્રિત યોગબિંદુના આધારે અહીં જણાવ્યા છે. 'યોગશતક'ની ટીકામાં ઉદ્ધૃત શ્લોકોમાં થોડો શાબ્દિક ભેદ છે, પરંતુ અર્થની દૃષ્ટિએ ખાસ ભેદ નથી. કહેવાનો સાર એટલો જ છે કે પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત ન થાય ત્યાં સુધી જીવને યોગમાર્ગની જિજ્ઞાસાદિની પ્રાપ્તિ થતી નથી. સાંખ્યદર્શન પ્રસિદ્ધ પ્રકૃતિ અને કર્મપ્રકૃતિ - એ બેમાં નામના ભેદને છોડીને બીજો કોઇ ભેદ નથી. ।।૧૦।।

* * *

ઉપર જણાવેલી વિગત સ્પષ્ટ રીતે સમજાવવા અગિયારમી ગાથા છે—

**तप्पोग्गलाण तग्गहणसहावावगमओ य एयं ति ।**
**इय दट्ठव्वं इहरा तहबंधाई न जुज्जंति ।।११।।**



કર્મપ્રકૃતિપરમાણુસ્વરૂપ પુદ્‌ગલોનો જીવ દ્વારા ગ્રહણ થવાના સ્વભાવનો અપગમ-વિરહ થવાથી અને જીવનો કર્મપુદ્‌ગલોને ગ્રહણ કરવાના સ્વભાવનો અપગમ થવાથી પૂર્વે જણાવ્યા મુજબ (જુઓ ગાથા નંબર-૯) નિવૃતપ્રકૃત્યધિકારતા અને એને લઈને જીવની યોગમાર્ગની અધિકારિતા-યોગ્યતા જાણવી જોઈએ. અન્યથા તાદૃશ ઉભય(કર્મપુદ્‌ગલ અને જીવ)સ્વભાવનો અપગમ ન માનીએ તો; ભિન્ન અનંત કાર્મણ-વર્ગણાનાં પુદ્‌ગલોને ગ્રહણ કરવા રૂપે બંધ તેમ જ ફરીથી ક્યારે પણ ગ્રહણ કરવાની પ્રવૃત્તિને નહિ ગ્રહણ કરવા સ્વરૂપ મોક્ષ અને ક્રમશઃ તેના કારણે પ્રાપ્ત થનારા દોષ તથા ગુણ સ્વરૂપ વિકારો જીવમાં સંગત થતા નથી - આ પ્રમાણે અગિયારમી ગાથાનો અર્થ છે.

આશય એ છે કે - અનાદિકાળથી જીવનો કર્મ ગ્રહણ કરવાનો સ્વભાવ છે અને કર્મનો જીવ દ્વારા ગ્રહણ થવાનો સ્વભાવ છે. આકાશનો કર્મગ્રાહક સ્વભાવ ન હોવાથી આકાશને કર્મબંધ થતો નથી. તેમ જ સિદ્ધપરમાત્માઓ માટે પણ કર્મ ગ્રાહ્ય નથી બનતાં. આવી જ રીતે આત્મા અનાદિકાળથી કર્મપુદ્‌ગલોને ગ્રહણ કરે છે, અગ્રાહ્ય એવી કોઇ પણ પુદ્‌ગલવર્ગણાને ગ્રહણ કરતો નથી. આથી સમજી શકાશે કે જીવનો તેવા પ્રકારનો ગ્રાહક સ્વભાવ અને કર્મનો તેવા પ્રકારનો ગ્રાહ્ય સ્વભાવ માનવાથી જ જીવને કર્મની સાથે જે સંબંધ છે તે સંગત બને છે. બંનેમાંથી કોઇ એકનો પણ એવો સ્વભાવ ન માનીએ તો કોઇ પણ રીતે જીવનો કર્મની સાથેનો તે સંબંધ સંગત નહિ થાય. કારણ કે જીવનો કર્મને ગ્રહણ કરવાનો સ્વભાવ જ ન હોય તો આકાશાદિની જેમ; કર્મનો ગ્રાહ્ય સ્વભાવ હોય તોપણ જીવને કર્મનો સંબંધ નહિ જ થાય. તેમ જ જીવનો કર્મગ્રાહક સ્વભાવ હોય તોપણ અગ્રાહ્યવર્ગણા (જે પુદ્‌ગલો ક્યારે પણ ગ્રાહ્ય બનતાં નથી તેવાં પુદ્‌ગલોનો સમુદાય) જેમ જીવને ગ્રાહ્ય બનતી નથી તેમ ગ્રાહ્યસ્વભાવવાળા પણ કર્મ જીવને ગ્રાહ્ય નહિ જ બને. કારણ કે જેનો જે સ્વભાવ જ નથી તે તેવા સ્વભાવે નહિ પરિણમે - એ સમજી શકાય છે. માટીનો વસ્ત્ર બનાવવાનો સ્વભાવ ન હોવાથી કોઇ પણ રીતે ક્યારે

પણ માટીથી વસ્ત્ર નહિ જ થાય. જો તેવા સ્વભાવથી રહિત પણ, તેવા સ્વભાવે પરિણામ પામશે તો માટીથી પણ વસ્ત્રની ઉત્પત્તિ માનવી પડશે - એ સ્પષ્ટ છે.

ઉપર જણાવેલા જીવ અને પુદ્ગલના અનુક્રમે ગ્રાહક અને ગ્રાહ્ય સ્વભાવનો અપગમ-વિરહ થવાના કારણે જ નિવૃત્તપ્રકૃત્યધિકારત્વના યોગે યોગમાર્ગની યોગ્યતા આત્મામાં સંગત બને છે, અન્યથા તેવા પ્રકારનો સ્વભાવ અને તેનો અપગમ વગેરે ન માનીએ તો બંધમોક્ષાદિની પારમાર્થિકતા નહિ રહે - આ વાતને સ્પષ્ટ કરતાં અગિયારમી ગાથાની ટીકામાં **तदयमत्र भावार्थः...** ઇત્યાદિ ગ્રંથ છે. એનો આશય ઉપર જણાવ્યો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે તે કર્મપરમાણુઓ અનાદિકાળથી જ તે તે રૂપે તે તે આત્માઓ દ્વારા ગ્રહણ થવા યોગ્ય સ્વભાવવાળા છે અને તે તે જીવો પણ તે તે કર્મપરમાણુઓને અનાદિકાળથી ગ્રહણ કરવાના સ્વભાવવાળા છે. તેથી બંનેના તાદૃશસ્વભાવના કારણે તે તે પ્રકારના કર્મબંધ અને મોક્ષ વગેરે સંગત થાય છે. અન્યથા બંનેનો તાદૃશ સ્વભાવ ન હોય અને તેનો અપગમ પણ ન હોય, તો સંસારી જીવને જેમ સ્વભાવ વિના કર્મબંધ થાય તેમ મુક્ત જીવોને પણ કર્મબંધનો પ્રસંગ આવશે. કારણ કે બંનેના જીવત્વમાં કોઇ જ ફરક નથી. આથી સમજી શકાશે કે જીવ અને કર્મપુદ્ગલ બંનેનો પણ તે તે સ્વભાવ હોય તો જ બંધ અને મોક્ષ વગેરે સંગત છે... ઇત્યાદિ વિચારવું જોઇએ. અહીં ઉપર્યુક્ત વાતથી ‘એક સ્વભાવ જ બંધાદિનો નિયામક છે’ - એમ માની લેવું બરાબર નથી. સ્વભાવની સાથે કાળ, ભવિતવ્યતા, નિમિત્ત વગેરે પણ બંધાદિમાં ઉપયોગી છે. કાલાદિ જ તાદૃશ સ્વભાવને કાર્યાન્વિત બનાવે છે. આનો અર્થ એ પણ નથી કે સ્વભાવ જ મુખ્ય છે અને કાલાદિ ગૌણ છે. કારણ કે પરસ્પર એક બીજાને અપેક્ષા-સહકાર આવશ્યક હોવાથી સામગ્રીજન્ય કાર્યની પ્રત્યે કોઇની મુખ્ય ઉપયોગિતા અને કોઇની ગૌણ ઉપયોગિતા - આવી વાત કરી શકાય નહિ. આમ છતાં તે તે કારણની મુખ્યતા કે ગૌણતા વગેરે



વ્યવહાર જે રીતે થાય છે તે અપેક્ષાદિનું વર્ણન અન્ય ધર્મસારાદિ ગ્રંથોમાં કર્યું છે. જિજ્ઞાસુઓએ તે તે ગ્રંથોનું પરિશીલન કરવું જોઇએ. ॥૧૧॥

* * *

નિવૃત્તપ્રકૃત્યધિકારત્વના કારણે પ્રાપ્ત થનારી યોગમાર્ગની અધિકારિતાનું જ્ઞાન શક્ય નથી, કારણ કે તે અતીન્દ્રિય છે - આવી શંકાનું સમાધાન કરતાં જણાવ્યું છે કે—

**एयं पुण णिच्छयओ अइसयणाणी वियाणए णवरं ।**
**इयरो वि य लिंगेहिं उवउत्तो तेण भणिएहिं ॥१२॥**

યોગમાર્ગની અધિકારિતાને નિશ્ચયથી માત્ર અતિશયવંત જ્ઞાની જાણે છે અને એવા અતિશયજ્ઞાનીને છોડીને બીજાઓ પણ; ઉપયોગવંત બની, અતિશયજ્ઞાનીએ જણાવેલાં યોગમાર્ગના અધિકારીનાં લિંગો-ચિહ્નો વડે જાણે છે. આ પ્રમાણે બારમી ગાથાનો અર્થ છે.

ગાથાર્થ સ્પષ્ટ છે કે - પૂર્વગાથામાં જણાવેલા પ્રકારે પ્રાપ્ત થનારું યોગમાર્ગનું અધિકારિત્વ ચોક્કસપણે માત્ર અતિશયજ્ઞાની એવા કેવલી ભગવંતો કે વિશિષ્ટ શ્રુતધરો વગેરે જાણે છે. ‘આવી અધિકારિતાને જો અતિશયજ્ઞાની જ જાણવાના હોય અને અતિશયરહિત એવા છદ્મસ્થ જો જાણવાના ન હોય તો તે યોગમાર્ગની અધિકારિતાનું વર્ણન અર્થહીન છે’ - એ કહેવું યોગ્ય નથી. કારણ કે અતિશયજ્ઞાનીઓએ યોગમાર્ગની અધિકારીતાને જાણીને એનાં જે લિંગો જણાવ્યાં છે, તે ચિહ્નો(લિંગો)થી અતિશયરહિત એવા છદ્મસ્થો પણ ઉપયોગ રાખે તો જાણી શકે છે. ઉપયોગ ન રાખે તો ન જાણે. માટે અતિશયરહિત પણ ઉપયોગવાળા છદ્મસ્થ જીવો યોગમાર્ગની અધિકારિતાને જાણી શકે એમ હોવાથી તેનું વર્ણન અર્થહીન નથી. ॥૧૨॥

* * *

યોગમાર્ગની અધિકારિતાને જણાવનારાં લિંગો કયાં છે - એ શંકાનું સમાધાન કરવા તેરમી ગાથાથી તે લિંગોને જણાવે છે–

**पावं न तिव्वभावा कुणइ ण बहुमण्णई भवं घोरं ।**
**उचियट्ठिइं च सेवइ सव्वत्थ वि अपुणबंधो त्ति ॥१३॥**

જે તીવ્રભાવે પાપ કરતો નથી; ભયંકર એવા સંસારને બહુ માનતો નથી; અને ધર્મ વગેરે બધે જ ઉચિત વ્યવસ્થાને સેવે છે; તેને અપુનર્બંધક કહેવાય છે - આ પ્રમાણે તેરમી ગાથાનો શબ્દાર્થ છે. આશય એ છે કે નવમી ગાથામાં યોગમાર્ગના અધિકારી તરીકે અપુનર્બંધકાદિ જીવોને વર્ણવ્યા છે. તે અધિકારી આત્માઓનું સ્વરૂપ હવે વર્ણવાય છે. મિથ્યાત્વ-મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોટાકોટિ સાગરોપમની છે. તેવી સ્થિતિને (અથવા તો મિથ્યાત્વના ઉત્કૃષ્ટ રસને) કોઇ પણ સંયોગોમાં જે જીવો બાંધવાના નથી તે જીવોને **अपुनर्बन्धक** જીવો કહેવાય છે. તેરમી ગાથામાં તેમનાં મુખ્ય ત્રણ લિંગો વર્ણવ્યાં છે. તેઓ તીવ્રભાવે પાપ કરતા નથી. અસદ્ અનુષ્ઠાનને (પ્રવૃત્તિને) પાપ કહેવાય છે. જેનો પરિચય કરાવવાની ખરેખર જ આવશ્યકતા નથી. હિંસા, અસત્ય, ચોરી વગેરે પાપો પ્રસિદ્ધ છે. અનાદિકાળથી એ પાપોની પ્રવૃત્તિ થોડાઘણા અંશે પ્રાણીમાત્રની ચાલતી જ આવી છે. અપુનર્બંધકદશાને પામેલા જીવો એ પાપો તીવ્રભાવે કરતા નથી. ભૂતકાળના તીવ્ર પ્રકારના કર્મદોષના કારણે તેઓ પાપની પ્રવૃત્તિ કરે છે. યોગી મહાત્માઓના પવિત્ર સાંનિધ્યના પ્રભાવે પાપની ભયંકરતા સમજાયા પછી ભૂતકાળના તેવા પ્રકારના કર્મદોષના કારણે પાપની પ્રવૃત્તિ દૂર થતી નથી, પરંતુ પૂર્વકાળમાં પાપની પ્રવૃત્તિ વખતે જે તીવ્ર ભાવ હતો તે નથી હોતો. યોગમાર્ગની સાધનાના પ્રારંભે યોગમાર્ગની અધિકારિતાનું આ પ્રથમ લિંગ છે. પાપ ગમે છે માટે અહીં થતું નથી. કર્મના દોષથી અહીં પાપની પ્રવૃત્તિ હોવા છતાં પાપની ભયંકરતાના વાસ્તવિક ખ્યાલથી પાપ પ્રત્યેનો તીવ્રભાવ નાશ પામે છે. યોગમાર્ગના અર્થી આત્માઓમાં આ લક્ષણ ન હોય તો તેઓ નિઃસંદેહ



યોગમાર્ગના અધિકારી નથી. અનધિકારી જીવોને યોગમાર્ગનું પ્રદાન હિતાવહ નથી. યોગની સાધનાના મંગલ પ્રારંભે આ લક્ષણ ખૂબ જ ઉપયોગપૂર્વક ચીવટથી જોવું જોઇએ. વર્તમાનની યોગમાર્ગની વિટંબણાનું જો કોઇ કારણ હોય તો તે આ લક્ષણનો અભાવ છે - એ વાત કોઇ માને કે ન માને પરંતુ યોગના અર્થીએ તો એ ભૂલવી ન જોઇએ. યોગ્યતા વિનાની સાધના થકવી નાંખે છે. યોગ્યતાવાળી સાધના ખૂબ જ સરળતાથી સિદ્ધિનું પ્રદાન કરનારી બને છે. પચાસ ટકા સિદ્ધિ, યોગ્યતાના સંપાદનથી જ થતી હોય છે. પરંતુ ગમે તે કારણે આજે સાધક ગણાતો વર્ગ - એ તરફ ઉદાસીનતા સેવે છે. જે મુમુક્ષુ આત્માઓ માટે કોઇ પણ રીતે ઉચિત નથી. અપુનર્બંધકદશામાં તીવ્રભાવે પાપાકરણતા પ્રાપ્ત થવાથી જ ભવની પ્રત્યે બહુમાન હોતું નથી. અપુનર્બંધક જીવોનું એ બીજું લિંગ છે.

જેમાં કર્મપરિણામને આધીન થયેલા પ્રાણીઓ હોય છે તેને ભવ એટલે કે સંસાર કહેવાય છે. જે ચારગતિમય છે. રૌદ્ર સ્વરૂપવાળો છે. તેની દુઃખમયતા, દુઃખફલકતા અને દુઃખાનુબંધિતાને યોગીજનોના મુખથી સાંભળીને તેની પ્રત્યે બહુમાન રહેતું નથી. કર્મપરવશ સંસારની સ્થિતિ હોવા છતાં ચિત્તની પ્રીતિ એમાં રહેતી નથી. આજ સુધી સંસારમાં જે આનંદ આવતો હતો તે આનંદ અપુનર્બંધકદશામાં રહેતો નથી. યોગીજનોના પાવન પરિચયથી સંસારની રૌદ્રતાનું જ્ઞાન થવાથી તેના ઉચ્છેદનો વિચાર પ્રગટે છે અને તેથી તેની પ્રત્યે પૂર્વ જેવું બહુમાન ન રહે - એ સમજી શકાય છે. ઉચ્છેદનીય વસ્તુ બહુમાનનીય તો ન જ હોય. સંસારની અસારતાનું જ્ઞાન થવાથી આ અપુનર્બંધક અવસ્થામાં કાયાથી સંસારની પ્રવૃત્તિ હોવા છતાં મનની પ્રીતિ ન હોવાથી ભવ પ્રત્યે બહુમાનનો અભાવ હોય છે. આથી જ ભવના વિરહ માટે ધર્માદિના વિષયમાં સર્વત્ર ઉચિત વ્યવસ્થાનું આસેવન હોય છે. અપુનર્બંધકદશાનું એ ત્રીજું લિંગ છે.

સંસાર પ્રત્યે બહુમાન ન હોવાથી તેના ઉચ્છેદને બાધા ન પહોંચે એ રીતે ધર્માદિ ચાર પુરુષાર્થનું ઔચિત્યપૂર્વક અહીં આસેવન હોય છે,

જેથી માર્ગાનુસારીપણાને અભિમુખ બની અપુનર્બંધક આત્માઓ માર્ગાનુસારિતાને પ્રાપ્ત કરવા સમર્થ બને છે. મોરનાં બચ્ચાં જે રીતે મોરનું અનુસરણ કરે છે તેમ અપુનર્બંધકદશાને પામેલા જીવો પણ ધર્માદિના વિષયમાં પરસ્પર પુરુષાર્થને હાનિ ન પહોંચે એ રીતે ઉચિત પ્રવૃત્તિ કરવા દ્વારા માર્ગાનુસારિતા તરફ ગમન કરે છે. આ પ્રમાણે તીવ્રભાવે પાપ ન કરનારા સંસાર પ્રત્યે બહુમાન વિનાના અને ધર્માદિના વિષયમાં સર્વત્ર ઔચિત્યપૂર્વક પ્રવૃત્તિને કરનારા જીવોને અપુનર્બંધક કહેવાય છે. અર્થાત્ તીવ્રભાવે પાપ ન કરવા વગેરે દ્વારા અપુનર્બંધક જીવોની યોગમાર્ગની અધિકારિતાનું જ્ઞાન કરી શકાય છે. ॥૧૩॥

❋ ❋ ❋

સમ્યગ્દષ્ટિનાં લિંગ જણાવવાની ઇચ્છાથી ચૌદમી ગાથામાં ફરમાવ્યું છે કે–

**सुस्सूस धम्मराओ गुरुदेवाणं जहासमाहीए ।**
**वेयावच्चे णियमो सम्मद्दिट्ठिस्स लिंगाइं ॥१४॥**

"શુશ્રૂષા, ધર્મ પ્રત્યે રાગ અને શક્તિ વગેરેનું અતિક્રમણ કર્યા વિના ગુરુદેવની વૈયાવચ્ચમાં નિયમ - એ સમ્યગ્દષ્ટિનાં લિંગો છે." - આ પ્રમાણે ચૌદમી ગાથાનો અક્ષરાર્થ છે. પરમાર્થ એ છે કે - ધર્મશાસ્ત્રોના વિષયમાં સાંભળવાની ઇચ્છાને શુશ્રૂષા કહેવાય છે, જે; ચોથા ગુણ-સ્થાનાદિસંપન્ન સમ્યગ્દષ્ટિ આત્માઓનું પ્રથમ લિંગ છે. અર્થકામાદિશાસ્ત્રના વિષયમાં શુશ્રૂષા આપણા અનુભવની છે. શુશ્રૂષા નવી નથી, પરંતુ તેનો વિષય નવો છે. વિકથાદિની શુશ્રૂષાના કારણે જે અધઃપાત થાય છે, એ જાણ્યા પછી સમ્યગ્દષ્ટિ આત્માઓને તેમાં રસનો લેશ પણ રહેતો નથી. ધર્મશાસ્ત્રોના વિષયમાં તે આત્માઓને ખૂબ જ પ્રબળ શુશ્રૂષા હોય છે. ગીતના રાગીને કિન્નરો દ્વારા ગવાતા ગીતને સાંભળવાની જેવી ઇચ્છા હોય છે તેની અપેક્ષાએ અધિક એવી શુશ્રૂષા ધર્મશાસ્ત્રોના વિષયમાં



સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. એના કારણે ભવનિસ્તારક ગુરુદેવશ્રીના શ્રીમુખે ધર્મશાસ્ત્રના નિરંતર શ્રવણથી ધર્મની પરમતારકતાનો ખૂબ જ સુંદર રીતે અનુભવ થાય છે. એ કારણે ધર્મ પ્રત્યે અભિષ્વંગસ્વરૂપ પ્રબળ રાગ થાય છે. ધર્મની આરાધના માટે અપેક્ષિત એવી સામગ્રી ન મળવાથી ધર્મ ન કરવા છતાં; ચિત્ત તો તેમાં જ અનુબદ્ધ (જોડાયેલ) હોય છે. આવા પ્રકારના ચિત્તના અનુબંધને જ અહીં ધર્મ પ્રત્યેના રાગરૂપે વર્ણવ્યો છે. દરિદ્ર એવા બ્રાહ્મણને કોઇ વાર ઘીથી પૂર્ણ ઘેબર વગેરે ખાવા મળ્યા પછી ફરીવાર એ ખાવાની પોતાની સ્થિતિ ન હોવાથી ઘીથી પૂર્ણ ઘેબરાદિને ખાવા માટે તે સમર્થ ન હોવા છતાં તે બ્રાહ્મણનું ચિત્ત તો ઘીથી પૂર્ણ એવા ઘેબરાદિમાં જ રાગથી યુક્ત હોય છે. એના રાગ કરતાં અત્યધિક રાગ સમ્યગ્દષ્ટિને ધર્મ પ્રત્યે હોય છે. દૃષ્ટાંતમાં 'દરિદ્ર' પદના સમાવેશથી સામગ્રીની વિકલતા જણાવી છે. 'બ્રાહ્મણવિશેષ' પદથી, સ્વભાવથી જ ભોજનપ્રિયતા જણાવી છે અને 'હવિઃપૂર્ણ' (ઘીથી પૂર્ણ) પદથી, વસ્તુની ઉત્તમતા જણાવી છે. ખાવાની પ્રવૃત્તિના અભાવમાં પણ ખાવાનો રાગ જેમ ઉત્કટ હોય છે તેમ સામગ્રીના અભાવે ધર્મની પ્રવૃત્તિના અભાવમાં પણ ધર્મ પ્રત્યે સમ્યગ્દષ્ટિને ઉત્કટ રાગ હોય છે.

ધર્મ પ્રત્યેના આવા ઉત્કટરાગના કારણે જ પોતાને એવા પ્રકારના ઉત્તમોત્તમ ધર્મને સમજાવનારા અને પ્રાપ્ત કરાવનારા ગુરુ-દેવનું વૈયાવૃત્ત્ય કર્યા વિના સમ્યગ્દષ્ટિ આત્માઓ રહેતા નથી. **ગુરુ-देवाणं** આ પદનો અર્થ ટીકાકારે '**चैत्य-साधूनाम्**' આ પ્રમાણે કર્યો છે. ગુરુભગવંત પૂજ્ય હોવાથી તેઓશ્રીને દેવરૂપે વર્ણવ્યા છે. અહીં ચૈત્યનો અર્થ પરમતારક શ્રી જિનાલય છે. ત્યાં દર્શનાદિ માટે આવેલા પૂજ્ય સાધુભગવંતોને 'ચૈત્ય-સાધુ' તરીકે વર્ણવ્યા છે. તેઓશ્રીનું જે વૈયાવૃત્ત્ય કરવાનું છે, તે પોતાની શારીરિક શક્તિ, સામગ્રી અને સમયની અનુકૂળતાદિને અનુસરી કરવાનું છે. પરંતુ અસદ્ગ્રહથી (જેમ-તેમ) - આવી પડ્યું છે માટે કરી લઇએ, આપણે નહિ કરીએ તો કોણ કરશે... વગેરે સ્વરૂપે કરવાનું નથી. 'વૈયાવૃત્ત્ય' પદનો વ્યુત્પત્ત્યર્થ વ્યાવૃત્તનો ભાવ છે. સામાન્ય રીતે

ગૃહસ્થપણામાં કે સાધુપણામાં વિહિત તે તે અનુષ્ઠાન તે તે સમયમાં વિહિત છે. પરંતુ વૈયાવૃત્ત્ય તો જ્યારે તેનો અવસર આવે ત્યારે કરવાનું હોવાથી તે સદાને માટે વિહિત છે. સ્વાધ્યાયાદિથી વ્યાવૃત્ત બની વૈયાવૃત્ત્ય કરવાનું હોવાથી તે વ્યાવૃત્તભાવ(વ્યાવૃત્તત્ત્વ)સ્વરૂપ છે. આવા વૈયાવૃત્ત્યના વિષયમાં સમ્યગ્દૃષ્ટિ આત્માને નિયમ હોય છે. તેથી તે ચોક્કસપણે વૈયાવૃત્ત્ય કરે જ છે. ચિંતામણિરત્નના ગુણનો જાણકાર હોય અને તેના વિષયની જેને શ્રદ્ધા હોય તે જીવ ચિંતામણિરત્નની પૂજાદિ સ્વરૂપ સેવા જેમ આદર-બહુમાનાદિપૂર્વક કર્યા વિના રહે નહિ; તેમ સમ્યગ્દૃષ્ટિ આત્મા ચિંતામણિરત્નની સેવા કરનારાની સેવા કરતાં અત્યધિક સેવા ગુરુદેવની કર્યા વિના રહેતો નથી. શુશ્રૂષા, ધર્મરાગ અને ઉપર જણાવ્યા મુજબનો ગુરુદેવના વૈયાવચ્ચનો નિયમ - આ સમ્યગ્દૃષ્ટિનાં લિંગો-ચિહ્નો છે. કારણ કે સંસારનાં સુખ-દુઃખ પ્રત્યેના રાગ-દ્વેષ સંબંધી તીવ્ર આત્મપરિણામ સ્વરૂપ ગ્રંથિનો ભેદ નથી; શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા તત્ત્વના વિષયમાં ચોથા ગુણસ્થાનકે રહેલા સમ્યગ્દૃષ્ટિ જીવોને તીવ્રભાવ હોય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ અને તેના આવિર્ભાવનાં લોકોત્તર સાધનોને છોડીને સમગ્ર સંસારમાં બીજું કોઈ તત્ત્વ નથી - એવી શ્રદ્ધાના કારણે તત્ત્વ પ્રત્યે તીવ્રભાવ હોય - એ સ્પષ્ટપણે સમજી શકાય છે. ॥૧૪॥

* * *

હવે યોગના અધિકારી સ્વરૂપ ક્રમપ્રાપ્ત ચારિત્રીનાં લિંગો જણાવે છે–

**मग्गणुसारी सद्धो पण्णवणिज्जो कियापरो चेव ।**
**गुणरागी सक्कारंभसंगओ तह य चारित्ती ॥१५॥**

તેમ જ ચારિત્રી; માર્ગાનુસારી, શ્રદ્ધાવંત, પ્રજ્ઞાપનીય, ક્રિયામાં તત્પર તથા ગુણરાગી અને શક્યના આરંભમાં સંગત હોય છે - આ પંદરમી ગાથાનો શબ્દાર્થ છે. ભાવાર્થને સ્પષ્ટ કરતાં ગ્રંથકાર પરમર્ષિએ ટીકામાં જણાવ્યું છે કે - ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમની પ્રાપ્તિથી



ચારિત્રસંપન્ન આત્માઓ માર્ગાનુસારી હોય છે. આત્માના શુદ્ધ તત્ત્વ (અનંતજ્ઞાનાદિ)ની પ્રાપ્તિ માટે ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી જન્ય માર્ગાનુસારીપણું અવંધ્ય (ફળની પ્રાપ્તિ ચોક્કસપણે કરાવનારું) કારણ છે. ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમની પ્રાપ્તિથી તત્ત્વની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી. અરણ્યમાં રહેલા અંધપુરુષમાં વિવક્ષિતનગરની પ્રાપ્તિ માટેની સુંદર યોગ્યતા હોય તો તે જેવી રીતે અંધ હોવા છતાં વિવક્ષિત (પોતાને ઈષ્ટ) નગરે પહોંચે છે જ, તેવી રીતે ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમના કારણે માર્ગાનુસારી જીવ તત્ત્વને પ્રાપ્ત કરે છે જ.

આવા માર્ગાનુસારી જીવો શ્રાદ્ધ-શ્રદ્ધાવંત હોય છે. કારણ કે તત્ત્વશ્રદ્ધા માટે પ્રતિકૂળ એવા ક્લેશોનો હ્રાસ થયો હોવાથી માર્ગાનુસારી જીવો તત્ત્વ (વાસ્તવિક પદાર્થ) પ્રત્યે પરમ શ્રદ્ધા ધરાવતા હોય છે. સંનિધિ(નિધાન)ને પ્રાપ્ત કરવા માટે પ્રવર્ત્તમાન આત્માને; તેમ જ તેના ઉપભોગ કરનારાને; તેની (પામવાની અને ભોગવવાની) વિધિમાં જેવી શ્રદ્ધા હોય છે, તેવી શ્રદ્ધા માર્ગાનુસારી જીવોને જીવાજીવાદિ સકલ તત્ત્વ પ્રત્યે હોય છે. નિધાનને ગ્રહણ કરનાર કે વાપરનાર જીવોને તે તે સંબંધી વિધિમાં જે આદર-બહુમાન હોય છે તે આપણે જાણીએ છીએ. એવી શ્રદ્ધા; માર્ગાનુસારી સમ્યગ્દૃષ્ટિ ચારિત્રવંત આત્માઓને તત્ત્વ પ્રત્યે હોય છે. એકાંતે મોક્ષસાધક અનુષ્ઠાનો, નિધાન કરતાં અનંતાનંતગુણ પ્રભાવવંત છે - એનો જેને ખ્યાલ છે એવા આત્માઓને તે તે અનુષ્ઠાનો પ્રત્યે અને તેના વિધિ પ્રત્યે પરમ શ્રદ્ધા હોય - એ સમજી શકાય છે.

આવા શ્રદ્ધાસંપન્ન જીવોને શ્લોકમાં જણાવ્યા મુજબની ઉત્તરાવસ્થાનો યોગ થાય છે - એટલે કે તેઓ પ્રજ્ઞાપનીયતાને પ્રાપ્ત કરે છે. આશય એ છે કે માર્ગાનુસારી અને શ્રદ્ધાવંત ચારિત્રી આત્માઓને યોગના પ્રતિબંધક એવા ચારિત્ર-મોહનીયાદિ સ્વરૂપ પાપના અપગમનું (દૂર કરવાનું) કારણ એવી પ્રજ્ઞાપનીયતા પ્રાપ્ત થાય છે. તત્ત્વ પ્રત્યે ચારિત્રસંપન્ન આત્માઓને અગાધ શ્રદ્ધા હોવાથી તેઓ ખૂબ જ સરળતાથી ગુર્વાદિ દ્વારા પ્રજ્ઞાપનીય બને છે. સામાન્ય રીતે ગુર્વાદિ ગમે ત્યારે

આપણને કાંઇ પણ કહે - એ આપણો પરમ પુણ્યોદય છે. પરંતુ એવો અવસર આવે-તે આપણા માટે પાપનો ઉદય છે. કાંટો કાઢનાર કે રોગાદિના ચિકિત્સકોનો યોગ પ્રાપ્ત થવો એ આપણો પુણ્યોદય છે, પરંતુ કાંટો કઢાવવાનો કે રોગાદિની ચિકિત્સા કરાવવાનો યોગ થવો તે આપણો પાપોદય છે. આવા વખતે ચિકિત્સકાદિનો કે ગુર્વાદિકનો જે યોગ પ્રાપ્ત થાય છે - તે ગમવો અને તે મુજબ તેનો ઉપયોગ કરી લેવા જેટલી સરળતા આપણામાં હોવી જોઇએ, એ જ ખરેખર પ્રજ્ઞાપનીયતા છે. આવી પ્રજ્ઞાપનીયતાના કારણે આપણને યોગ્ય માની પૂ. ગુરુદેવશ્રી આપણને અવસરે અવસરે આપણા દોષોનું દર્શન કરાવી તેનાથી મુક્ત બનાવવા માર્ગ-ઉપાય જણાવે છે. જેથી એ મુજબ વર્તી આપણે તે તે દોષોથી મુક્ત બની શકીએ છીએ. આ રીતે મોક્ષસાધક યોગમાં અવરોધ કરનારા રાગાદિ દોષ સ્વરૂપ પાપને દૂર કરનારી અથવા તો પાપથી દૂર રાખનારી પ્રજ્ઞાપનીયતા છે - એ સ્પષ્ટ છે. આથી જ આવી પ્રજ્ઞાપનીયતાને પામેલા આત્માઓ; પૂર્વે જણાવેલાં માર્ગાનુસારિતા અને શ્રદ્ધા - એ બે કારણોને લઇને; સંનિધિ(નિધાન)ને પ્રાપ્ત કરવા પ્રવૃત્ત થયેલા અને તેનો ઉપયોગ કરનારા જીવો તેના વિષયના વિધિમાં શ્રદ્ધાવંત હોવાથી આપ્ત (માર્ગના યથાર્થજ્ઞાતા) પુરુષોથી જેમ પ્રજ્ઞાપનીય હોય છે તેમ પ્રજ્ઞાપનીય હોય છે. માર્ગાનુસારી-શ્રદ્ધાવંતને અહીં પ્રજ્ઞાપનીય તરીકે વર્ણવ્યા છે તે તેમની તત્ત્વ પ્રત્યેની સુંદર શ્રદ્ધાનું ફળ બતાવવા માટે છે. શ્રદ્ધાવંત, દુનિયાના દરેક ક્ષેત્રમાં પ્રજ્ઞાપનીય હોય છે જ. કહેનાર કોણ છે - એ શ્રદ્ધાવંત ન વિચારે; પરંતુ શું કહે છે - તે વિચારે. એના બદલે કોણ કહે છે - એવું વિચારે તો તે; તે તે વિષયમાં શ્રદ્ધાનો અભાવ સૂચવે છે. ચારિત્રસંપન્ન આત્માઓનું પ્રજ્ઞાપનીયતા એ એક અસાધારણ લક્ષણ છે.

ઉપર જણાવ્યા મુજબ ચારિત્રવંત આત્માઓ પ્રજ્ઞાપનીય હોવાથી જ ભવનિસ્તારક પૂ. ગુરુદેવાદિના જણાવ્યા મુજબ પ્રમાદાદિનો ત્યાગ કરી સંયમજીવનમાં વિહિત તે તે ક્રિયાઓમાં તત્પર હોય છે અને સંયમજીવનમાં નિષિદ્ધ તે તે સાવદ્ય ક્રિયાઓની નિવૃત્તિમાં તત્પર હોય



છે. ચારિત્રસંપન્ન આત્માઓને અહીં ક્રિયાતત્પર જણાવીને, તેમની પૂર્વે જણાવેલી માર્ગાનુસારિતાનું પોતાનું કાર્ય જણાવ્યું છે. જે જીવો માર્ગાનુસારી હોય તે જીવો માર્ગવિહિત અને નિષિદ્ધ તે તે અનુષ્ઠાનોમાં અનુક્રમે પ્રવૃત્તિ અને નિવૃત્તિને આશ્રયીને તત્પર હોય છે - તે સમજી શકાય છે. સામાન્ય રીતે છઠ્ઠા અને સાતમા (અંશતઃ પાંચમા પણ) ગુણસ્થાનકની આ ક્રિયાતત્પરતાને (જે યોગસ્વરૂપ છે) અન્ય દર્શનકારોએ પણ સમાધિસ્વરૂપ વર્ણવીને ફળની અપેક્ષાએ ઉપર્યુક્તનો અનુવાદ કર્યો છે. તેમનું કહેવું એ છે કે - સામાન્ય રીતે **सास्त्रव** અને **अनास्त्रव** ભેદથી બે પ્રકારની સમાધિ છે. જે સમાધિના કારણે એક જ ભવમાં મોક્ષ મળે છે - તેને અનાસ્રવસમાધિ કહેવાય છે. જે સમાધિ અનેક જન્મ પછી મોક્ષનું કારણ બને છે - તેને સાસ્રવસમાધિ કહેવાય છે. સાસ્રવસમાધિના કારણે જન્મના હેતુભૂત કર્મોનો બંધ થતો હોવાથી તે તે કર્મના ઉદય વખતે યોગીઓને આત્મિક પરિણતિની વિશુદ્ધિમાં વધ-ઘટ થતી હોવાથી સાસ્રવસમાધિનું ફળ ઊર્ધ્વ-અધઃ સમાધિ છે. આથી સમજી શકાશે કે - ઉપર જણાવ્યા મુજબની છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે થનારી ક્રિયાતત્પરતા પણ; અનેક ભવના અંતરે મોક્ષસાધક બનતી હોવાથી તત્સ્વરૂપ યોગથી સાસ્રવસમાધિમાં ભેદ નથી.

આ પ્રમાણે અનુષંગથી (પ્રસંગથી) યોગના પોતાના ફળના પ્રકારનું વર્ણન કરીને ચારિત્રવંત યોગીઓનાં બીજાં લિંગો ઉત્તરાર્દ્ધ **गुणरागी...** ઇત્યાદિથી જણાવે છે. આશય એ છે કે આ ગાથા પૂર્વે જણાવ્યા મુજબ ચારિત્રીનાં લિંગો વર્ણવવા માટે ઉપન્યસ્ત હતી. એમાં લિંગ તરીકે માર્ગાનુસારિતા, શ્રદ્ધા, પ્રજ્ઞાપનીયતા અને ક્રિયાપરાયણતા - આ ચાર લિંગો વર્ણવતી વખતે ઉપર જણાવ્યા મુજબ માર્ગાનુસારિતાદિના કાર્યસ્વરૂપે શ્રદ્ધાદિ લિંગો વર્ણવ્યાં છે; જે, યોગનાં પોતાનાં કાર્ય છે. ઉત્તરાર્દ્ધથી ગુણરાગિતાસ્વરૂપ લિંગ વગેરે જે લિંગો વર્ણવ્યાં છે - તે યોગના કાર્યસ્વરૂપે નથી વર્ણવ્યાં.

ઉપર જણાવ્યા મુજબના ચારિત્રસંપન્ન આત્માઓ પોતાના ચારિત્રને ખૂબ જ અપ્રમત્તપણે સુરક્ષિત રાખવા માટે પ્રયત્ન કરતા હોય છે. એ માટે તેઓ ગુણ પ્રત્યે તીવ્રરાગ જાળવી રાખે છે. ગુણસમૃદ્ધિ માટે ગુણનો અનુરાગ એ એક મુખ્ય સાધન છે. મળેલા ગુણની રક્ષા અને વૃદ્ધિ ગુણના અનુરાગથી જ થતી હોય છે. મળેલી વસ્તુ ગમે તેટલી ઉત્તમ હોય પરંતુ એના વિષયનો રાગ ન હોય તો એ ટકે કે વધે શી રીતે ? ચારિત્રસંપન્ન આત્માઓને દિન-પ્રતિદિન ચારિત્ર પ્રત્યે રાગ વધતો જતો હોય છે, તેથી વિશુદ્ધાશયના કારણે ગુણો પ્રત્યે રાગી બનેલા એવા તે સદાને માટે શક્ય અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરનારા હોય છે. કારણ કે જે અનુષ્ઠાનનું કોઈ જ ફળ નથી એવા વંધ્ય (નિરર્થક) અનુષ્ઠાનમાં તેઓ ક્યારે પણ પ્રવૃત્તિ કરતા નથી. આવી વંધ્ય પ્રવૃત્તિ કરનારા જીવો ભવાભિનંદી હોય છે. ચારિત્રસંપન્ન આત્માઓ ઉપર જણાવ્યા મુજબ માર્ગાનુસારી; શ્રદ્ધાળુ; પ્રજ્ઞાપનીય; ક્રિયામાં તત્પર; ગુણરાગી અને શક્ય આરંભમાં સંગત વગેરે લક્ષણોથી યુક્ત હોય છે - એ પંદરમી ગાથાનો પરમાર્થ છે. ॥૧૫॥

❋ ❋ ❋

ઉપર જણાવેલા ચારિત્રસંપન્ન આત્માઓ દેશથી અને સર્વથા ચારિત્રને પાળનારા અનેક પ્રકારના હોય છે - તેથી તે પ્રકારોને વર્ણવવા માટે સોળમી ગાથામાં ફરમાવ્યું છે કે–

**एसो सामाइयसुद्धिभेयओ णेगहा मुणेयव्वो ।**
**आणापरिणइभेया अन्ते जा वीयरागो त्ति ॥१६॥**

સામાયિકની શુદ્ધિવિશેષના કારણે આ ચારિત્રસંપન્ન આત્મા અનેક પ્રકારના જાણવા. આજ્ઞાની પરિણતિવિશેષને પામવાથી અંતે તે આત્મા વીતરાગ બને છે. આ પ્રમાણે સોળમી ગાથાનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે ઇત્વર-બેઘડી વગેરે કાલપ્રમાણ અને યાવજ્જીવ સુધી સામાયિકનો સ્વીકાર કરવાથી ચારિત્રી અનેક પ્રકારના છે. સામાયિક અને



પૌષધ વગેરે પ્રતિમા(અભિગ્રહવિશેષ)ને વહન કરનારા ગૃહસ્થસ્વરૂપ ચારિત્રી છે અને સામાયિક (સર્વવિરતિ સામાયિક) તેમ જ છેદોપસ્થાપનીય સામાયિક (મહાવ્રતો ગ્રહણ કરવા સ્વરૂપ વડીદીક્ષા) વગેરે ક્રમથી ચારિત્રને ધારણ કરનારા અનગાર-સાધુભગવંતો છે. આ રીતે ક્રમે કરી દેશથી અને સર્વથી ચારિત્રને ધારણ કરનારા; આજ્ઞાની પરિણતિવિશેષને પામી અંતે વીતરાગતાને પ્રાપ્ત કરે છે. કારણ કે શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચન સ્વરૂપ આજ્ઞા, પરિણત (પરિણામ પામેલ) ન બને તો કોઈ પણ રીતે (રાગાદિ મલોના વિગમથી) આત્માની શુદ્ધિ થતી નથી. આજ્ઞા-પરિણતિને છોડીને બીજો કોઈ જ ઉપાય આત્મશુદ્ધિનો નથી. સામાયિકાદિ ચારિત્રના ક્રમે આજ્ઞા પરિણત થવાથી અંતે જે વીતરાગતા પ્રાપ્ત થાય છે તે મોહનીયકર્મના ક્ષયથી થયેલી ક્ષાયિકભાવની હોય છે. મોહનીયકર્મની અઠ્ઠાવીશ પ્રકૃતિના ઉપશમ(સર્વથા અનુદય)થી પ્રાપ્ત થનારી વીતરાગતા માત્ર અંતર્મુહૂર્તની હોય છે, તે અહીં વિવક્ષાયેલી નથી. ॥૧૬॥

❋ ❋ ❋

ઉપર જણાવ્યા મુજબ સામાયિકાદિના ક્રમે કરી ચારિત્રી અનેક પ્રકારના છે. પરંતુ સામાયિકનું સ્વરૂપ એક પ્રકારનું જ હોવાથી પૂર્વે જણાવ્યા મુજબ તેમાં ક્રમિક શુદ્ધિનો સંભવ શી રીતે ઘટે ? અર્થાદ્ પ્રથમ અશુદ્ધ પછી શુદ્ધ, શુદ્ધતર... વગેરે અવસ્થા સામાયિકમાં સંભવતી નથી - આવી શંકાનું સમાધાન કરવા સત્તરમી ગાથાથી જણાવ્યું છે કે–

**पडिसिद्धेसु अदेसे विहिएसु य ईसिरागभावे वि ।**
**सामाइयं असुद्धं सुद्धं समयाए दोसुं पि ॥१७॥**

શ્રી વીતરાગપરમાત્માએ; જેનો નિષેધ કર્યો છે એવા પ્રાણાતિપાતાદિ(હંસાદિ)ના વિષયમાં દ્વેષ ન હોય અને જેનું વિધાન કર્યું છે એવા તપ વગેરેમાં થોડો રાગ હોય તોપણ સામાયિક અશુદ્ધ મનાય છે. તે સામાયિક શુદ્ધ ત્યારે જ મનાય છે કે જ્યારે શ્રી વીતરાગપરમાત્માએ

પ્રતિષેધ અને વિધાન કરેલા - બંનેમાં માધ્યસ્થ્ય (સમભાવ) હોય છે. સત્તરમી ગાથાના આ અર્થનો ભાવ એ છે કે - શ્રી વીતરાગપરમાત્માએ જેનો નિષેધ કર્યો છે એવા પ્રાણાતિપાત, મૃષાવાદ વગેરે અઢાર પાપસ્થાનકો પ્રત્યે ધર્મારંભકાળમાં સામાન્ય રીતે દ્વેષ હોય છે અને શ્રી વીતરાગપરમાત્માએ જેનું વિધાન કર્યું છે એવા તપ, જ્ઞાન, ક્રિયા વગેરે પ્રત્યે ચિકાર રાગ હોય છે. પરંતુ ત્યાર બાદ શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ ધર્માભ્યાસના સામર્થ્યથી આજ્ઞા પ્રત્યે બહુમાનાદિ વધવાથી પ્રતિષિદ્ધ પ્રત્યેનો દ્વેષ અને વિહિત પ્રત્યેનો રાગ ધીરે ધીરે અલ્પ થાય છે. આવી અલ્પ દ્વેષ (અદ્વેષ) અને અલ્પરાગવાળી અવસ્થામાં સમભાવ સ્વરૂપ સામાયિક અશુદ્ધ મનાય છે. કારણ કે પ્રાણાતિપાતાદિ સર્વ-સાવદ્ય હોવા છતાં તે વિષયમાં મત્સર-દ્વેષ નહિ હોવો જોઇએ અને તપજ્ઞાન વગેરે વિષયમાં તે સુંદર હોવા છતાં રાગ નહિ હોવો જોઇએ. અલ્પ પણ રાગ-દ્વેષની પરિણતિ આત્મતત્ત્વના આવિર્ભાવ માટે પ્રતિબંધક-પ્રતિકૂળ છે. કોઇ પણ વસ્તુની પ્રવૃત્તિ કે નિવૃત્તિ રાગના કારણે કે દ્વેષના કારણે થાય તે હિતાવહ નથી. એ આજ્ઞાના કારણે થાય તો જ વસ્તુતઃ હિતાવહ છે. હેય-પ્રતિષિદ્ધની નિવૃત્તિ અને ઉપાદેય-વિહિતની પ્રવૃત્તિ માત્ર શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા-મૂલક જ ઉચિત છે. અલ્પ પણ દ્વેષ તો ખરાબ છે - એ સમજી શકાય છે. સારામાં સારી પણ પ્રવૃત્તિ અલ્પ રાગથી થાય તો તેમાં ફળની ઉત્સુકતા હોવાથી તે આર્ત્તધ્યાનવિશેષથી જન્ય બને છે. અશુભધ્યાનજનક રાગ ખરાબ છે, એ પણ સમજી શકાય છે. ફળની ઉત્કંઠાના કારણે કાલક્ષેપ સહન થતો નથી, તેથી ક્રિયામાં ઉતાવળ કરાય છે, જે ક્રિયાનો દોષ છે. શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ ક્રિયા કરીએ તો ચોક્કસ જ ફળ મળવાનું છે - એવી શ્રદ્ધા પરિપૂર્ણ હોય તો ક્રિયામાં ત્વરા-ઉતાવળ કરવી નહિ પડે. આ રીતે અલ્પદ્વેષ કે અલ્પરાગની વિદ્યમાનતામાં અનુક્રમે થનારી નિવૃત્તિ કે પ્રવૃત્તિ; સમભાવસ્વરૂપ તાત્ત્વિક સામાયિકને મલિન બનાવે છે. ક્ષયોપશમની વિચિત્રતાથી આવા વખતે સામાયિક અશુદ્ધ બને છે. પરંતુ



જ્યારે પ્રવૃત્તિ કે નિવૃત્તિ રાગદ્વેષમૂલક નથી હોતી; ત્યારે પ્રતિષિદ્ધ અને વિહિત અનુષ્ઠાનમાં સમભાવ-મધ્યસ્થતા હોવાથી સામાયિક નિર્મળ, શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશ્યા મુજબનું શુદ્ધ હોય છે. કારણ કે ઉપર જણાવ્યા મુજબ રાગ-દ્વેષના અભાવમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ પ્રત્યે; તૃણ અને મણિમોતી, માટીનું ઢેફું અને સુવર્ણ તેમ જ શત્રુ અને મિત્ર પ્રત્યેના સમભાવ જેવો સમભાવ હોય છે. ઇષ્ટાનિષ્ટનો ભેદ વર્ત્તાય નહિ તો સર્વત્ર ઔદાસીન્યસ્વરૂપ મધ્યસ્થતા જાળવી શકાય. એ જ તાત્ત્વિકસામાયિક છે. 'આ ફાવે છે, આ ફાવતું નથી; આ ગમે છે, આ ગમતું નથી; આમાં આનંદ આવે છે, આમાં આનંદ નથી આવતો'... ઇત્યાદિ અધ્યવસાય પ્રશસ્ત વિષયના હોય તોપણ ક્ષયોપશમની વિચિત્રતાને લઇને શુદ્ધાત્મ-તત્ત્વસ્વરૂપ સમતાના પ્રતિરોધક બને છે. ॥૧૭॥

* * *

ક્ષયોપશમની વિચિત્રતાના કારણે ઉપર જણાવ્યા મુજબ સામાયિક અશુદ્ધ બને છે - તે વાત સત્તરમી ગાથાથી જણાવીને અઢારમી ગાથાથી સામાયિક જે રીતે શુદ્ધ બને છે તે જણાવવા માટે આરંભ કરે છે—

**एयं विसेसणाणा आवरणावगमभेयओ चेव ।**
**इय दट्ठव्वं पढमं भूसणठाणाइपत्तिसमं ॥१८॥**

આ શુદ્ધ સામાયિક વિશિષ્ટજ્ઞાનથી અને ચારિત્રમોહનીયકર્મસ્વરૂપ આવરણવિશેષના અપગમ(વિયોગ)વિશેષથી થાય છે, આ પ્રથમ ચારિત્ર અલંકારના ભાજનાદિના પ્રાપ્તિ જેવું શુદ્ધ જ જાણવું. આ પ્રમાણે અઢારમી ગાથાનો શબ્દશઃ અર્થ છે. ભાવાર્થ સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે - આ શુદ્ધ સામાયિક વિશેષજ્ઞાનથી (વિશિષ્ટ જ્ઞાનથી) થાય છે. હેય અને ઉપાદેય વિષયવાળું જે તાત્ત્વિક જ્ઞાન છે તે વિશેષજ્ઞાન છે. સર્પે દંશ દીધેલા અંગને સર્વથા છેદી નાખવું જોઇએ કે બાળી નાંખવું જોઇએ અને વિષહર ઔષધિનું સેવન કરવું જોઇએ... આવું જ્ઞાન જે રીતે વિષને દૂર કરવાની

પ્રવૃત્તિનું ચોક્કસ કારણ બને છે, તેમ સુખના રાગાદિ સ્વરૂપ વિષનો ત્યાગ કરવો જોઈએ અને તેના માટે તે તે ઉપાયોને અજમાવવા જ જોઈએ... આવા પ્રકારનું સંવેદન જેમાં છે તેવા વિશેષજ્ઞાનથી આ સામાયિક વિહિત છે, તેથી તે શુદ્ધ બને છે. એકાંતે અભિષ્વંગ - વિષયાસક્તિથી રહિતપણે કરાતું જે અનુષ્ઠાન છે તે જ કલ્યાણકારી છે. આ વાતનું જ સમર્થન કરતાં અન્યદાર્શનિકોએ પણ જણાવ્યું છે કે - ''આસક્તિ(રાગ)માત્ર ખરાબ છે; તત્ત્વ પ્રત્યેનો પણ રાગ ખરાબ છે. કપડાં સાફ કરવા માટે કાજળનો ઉપયોગ કરવાનું જેટલું ખરાબ છે તેટલું જ ખરાબ તત્ત્વ પ્રત્યે પણ રાગ કરવાનું છે. ધર્મના રાગના પણ કારણે મુનિઓને અમુનિ કહેવાય છે. ધર્મના દ્વેષના કારણે અને અધર્મના રાગના કારણે મુનિઓ મુનિ હોતા નથી, ધર્મના રાગના પણ કારણે મુનિઓ મુનિ નથી.'' અભિષ્વંગના કારણે ધર્મની આરાધના સર્વથા થતી નથી. વિશુદ્ધ અનુષ્ઠાનમાં રાગના કારણે વિશુદ્ધ આશય હોતો નથી. એટલા અંશે ધર્મની આરાધના બાકી રહે છે. આ વાત ગૌતમસ્વામીજીના વૃત્તાંતથી બરાબર સમજી શકાય છે. તેઓશ્રીને શ્રીમહાવીરપરમાત્માની પ્રત્યે સ્નેહરાગ હોવાથી શ્રીમહાવીરપરમાત્માના નિર્વાણ પૂર્વે કેવલજ્ઞાન થયું નહિ. અપ્રમત્તપણે નિરતિચાર ચારિત્રની આરાધના હોવા છતાં કેવલજ્ઞાનની કારણભૂત આરાધના ત્યાં સુધી ન જ થઈ. આથી સમજી શકાશે કે ઉપર જણાવેલાં વિશેષશ્રુતજ્ઞાનના કારણે થનારું સામાયિક શુદ્ધ હોય છે. ઉપર જણાવ્યા મુજબના તાત્ત્વિક જ્ઞાન વિના શુદ્ધ સામાયિકનો સંભવ નથી.

ઉપર્યુક્ત વિશિષ્ટશ્રુતજ્ઞાન મોટા ભાગે બધા ય ચૌદપૂર્વધર મહાત્માઓને હોય છે. કોઈ પ્રમાદપરવશ ચૌદપૂર્વધર મહાત્માને એવું વિશિષ્ટશ્રુતજ્ઞાન ન હોય એ બને; પણ પ્રાયઃ બધાય ચૌદ પૂર્વધરોને એવું વિશિષ્ટ શ્રુતજ્ઞાન હોવાથી તે બધાને શુદ્ધ સામાયિકની પ્રાપ્તિ માનવાનો પ્રસંગ આવશે - આ શંકાનું સમાધાન કરવા માટે ગાથામાં **આવરણા-વગમભેયઓ...** ઈત્યાદિનો ઉલ્લેખ છે. આશય એ છે કે શુદ્ધ સામાયિકની પ્રાપ્તિ માત્ર વિશિષ્ટ શ્રુતજ્ઞાનથી થતી નથી. વિશિષ્ટશ્રુતજ્ઞાનની સાથે;



ચારિત્રમોહનીયકર્મસ્વરૂપ ચારિત્રાવરણનો તેવા પ્રકારનો જે અપગમ-વિયોગ છે તે પણ શુદ્ધ સામાયિકની પ્રાપ્તિમાં કારણ છે. આવો આવરણાપગમવિશેષ બધા જ ચૌદપૂર્વધરોને ન હોવાથી વિશિષ્ટશ્રુતજ્ઞાન હોવા છતાં તે બધાને શુદ્ધ સામાયિકની પ્રાપ્તિ થતી નથી. વિશિષ્ટશ્રુતજ્ઞાન અને ચારિત્રમોહનીયકર્મનો અપગમવિશેષ એ બેના યોગથી તે તે મહાત્માઓનું સામાયિક શુદ્ધ જ જાણવું. કારણ કે જ્ઞાન અને ચારિત્રનો પરિણામ એ બંનેની વૃદ્ધિના કારણે એ સામાયિક તાત્ત્વિક હોય છે.

'આ રીતે વિશિષ્ટશ્રુતજ્ઞાન અને ચારિત્રમોહનીયકર્માપગમવિશેષ - એ બેના યોગે જો શુદ્ધસામાયિકની પ્રાપ્તિ થતી હોય તો માષતુષાદિ મહાત્માઓને વિશિષ્ટ શ્રુતજ્ઞાનના અભાવમાં શુદ્ધ સામાયિકનો લાભ કઈ રીતે થયો' આવી શંકાનું સમાધાન કરવા ગાથામાં **પઢમં...** ઈત્યાદિ પદો છે. આશય એ છે કે માષતુષાદિ મહાત્માઓને જે સામાયિક નામનું પ્રથમચારિત્ર પ્રાપ્ત થયું તે; છેદોપસ્થાપનીય(મહાવ્રતારોપણ), પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્રનાં કંડકો - અધ્યવસાયસ્થાનોની અપેક્ષાએ મંદ અધ્યવસાયસ્થાનોવાળું; રત્નના અલંકારો માટેના કરંડિયા-પેટીની પ્રાપ્તિ તુલ્ય અથવા તો ક્રમે કરી સુવર્ણ, વસ્ત્ર વગેરેની પ્રાપ્તિ તુલ્ય હતું. આવી પ્રારંભાવસ્થામાં કાંઈ પણ તે તે આંતરિક પ્રયત્ન(પરિણામવિશેષ)થી પ્રાપ્ત થતું નથી, ઓઘથી (સામાન્યથી) જ પ્રાપ્ત થાય છે. ત્યાર પછી ક્રમે કરી કાલાંતરે સ્વાધ્યાયાદિ ઉપાયવિશેષના આસેવનથી સામાયિકવિશેષની સિદ્ધિ થાય છે. આ રીતે સૌથી પ્રથમ સામાન્યપણે સામાયિકની પ્રાપ્તિ થયે છતે; વિશિષ્ટ ક્ષયોપશમભાવથી (જ્ઞાનાવરણીય અને ચારિત્રમોહનીયાદિ કર્મના વિશિષ્ટ ક્ષયોપશમભાવથી) ભવિષ્યમાં ચોક્કસ જ ફળને પ્રાપ્ત કરાવવાની યોગ્યતારૂપે યોગ્ય કાળસ્વરૂપ ઉપાયાંતરની અપેક્ષા હોવા છતાં તત્ત્વથી સામાયિકવિશેષની સિદ્ધિ થયેલી છે જ. આશય એ છે કે સામાન્યથી સામાયિકની પ્રાપ્તિ થયા પછી વિશેષસામાયિકની સિદ્ધિ વિશિષ્ટ ક્ષયોપશમભાવથી કાલાંતરે થાય છે, એ ક્ષયોપશમભાવ સિદ્ધિનું અવંધ્ય

(ચોક્કસ ફળને આપનાર) બીજ છે. પરંતુ તે ભવિષ્યમાં યોગ્ય કાળે જ સિદ્ધિનું કારણ બનતું હોવાથી તેને અન્ય સહકારીકારણની જેમ અપેક્ષા હોય છે તેમ સિદ્ધિના કારણભૂત કાલાંતરસ્વરૂપ ઉપાયની પણ અપેક્ષા હોય છે. આવી સ્થિતિમાં ખરી રીતે વિચારીએ તો સામાયિકવિશેષની સિદ્ધિ સામાયિકની સામાન્ય પ્રાપ્તિ વખતે જ (બીજરૂપે) થયેલી હોય છે. આ રીતે જો ન માનીએ અને સામાયિક શરૂઆતથી જ પરિપૂર્ણ હોય છે એમ માનીએ તો સામાયિકની સમગ્રતા (શુદ્ધતા) ઘટી નહિ શકે. કારણ કે શરૂઆતમાં જ બધી રીતે સઘળા ય ભાવોમાં સમતા પ્રાપ્ત થવાથી વીતરાગતા પ્રાપ્ત થાય તો કર્મ સર્વથા અકિંચિત્કર બનશે. વીતરાગતાને આવરી લેનારાં કર્મ વીતરાગતાને આવરી નહિ લે અને તેથી તેને દૂર કરવા કોઈ પણ જાતનું કર્મ પણ કરવું નહિ પડે. આમ છતાં બીજી કોઈ પણ રીતે એટલે કે અતિચારાદિ-આપાદક તરીકે કર્મને કાર્યરત માનવામાં આવે તો ઉપર જણાવ્યા મુજબ જ ક્રમે કરી સામાયિકની પરિપૂર્ણતા માની શકાશે અને બીજસ્વરૂપે પરિપૂર્ણતાની સિદ્ધિ પ્રથમ સામાયિક વખતે થયેલી છે જ. જેથી માષતુષાદિ મહાત્માઓને પણ શુદ્ધ સામાયિકનો લાભ માનવામાં કોઈ દોષ નથી... ઈત્યાદિ સારી રીતે વિચારવું જોઈએ. આ વાતનું સમર્થન કરતાં અન્ય દર્શનકારોએ પણ જણાવ્યું છે કે "હે ભિક્ષુઓ ! પ્રથમસદ્ધર્મસ્થાનની પ્રાપ્તિ; ભરેલા અને સારી રીતે છુપાયેલાં (અંદર હોવા છતાં જાણી શકાય નહિ) રત્નોના કરંડિયાની પ્રાપ્તિ તુલ્ય હોય છે." - એ કરંડિયો પ્રાપ્ત થવાથી આજે નહિ તો કાલે ચોક્કસ જ તેમાંથી રત્નો મળશે તેમ પ્રથમ સદ્ધર્મસ્થાનની પ્રાપ્તિ થવાથી આજે નહિ તો કાલે ચોક્કસ જ પરિશુદ્ધ-પૂર્ણ ધર્મસ્થાનની પ્રાપ્તિ થશે. ॥૧૮॥

* * *

ઉપર જણાવ્યા મુજબ જો બધી રીતે સઘળા ય ભાવો (જીવાજીવાદિ પદાર્થો)ને વિશે સમભાવસ્વરૂપ જ સામાયિક હોય તો; સામાયિકવંતને સામાયિકથી સાધ્ય એવા સમભાવની પ્રાપ્તિ થયેલી હોવાથી અન્ય કોઈ



પણ ક્રિયાની આવશ્યકતા નથી. તો પછી તે શુદ્ધસામાયિકને ધરનારા મહાત્માઓને કોઈ વાર કોઈ ક્રિયા દેખાય છે; તે શા માટે - આ શંકાનું સમાધાન કરવા ઓગણીસમી ગાથામાં ફરમાવ્યું છે કે–

**किरिया उ दंडजोगेण चक्कभमणं व होइ एयस्स ।**
**आणाजोगा पुव्वाणुवेहओ चेव णवरं ति ॥१९॥**

દંડના યોગથી જેવી રીતે ચક્રનું ભ્રમણ થાય છે તેમ આજ્ઞાયોગથી સામાયિકવંતને કોઈ કોઈ વાર ક્રિયા (ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ સ્વરૂપ) હોય છે. તેમ જ દંડના અભાવમાં પણ પૂર્વના અનુવેધથી (પૂર્વપ્રયોગથી - પૂર્વે ચક્ર ફરતું હતું તે વિષયમાં જે વેગ હતો તેથી) જેમ ચક્રનું ભ્રમણ હોય છે તેમ માત્ર પૂર્વાનુવેધથી (પૂર્વે ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ હતી તેથી) સામાયિકવંતને ક્રિયા હોય છે. આ પ્રમાણે ઓગણીસમી ગાથાનો અર્થ છે.

આશય સ્પષ્ટ છે કે - ચક્ર અચેતન-જડ હોવાથી; ફરવા વિશે કે નહિ ફરવા વિશે સર્વથા રાગ-દ્વેષથી રહિત તે સમાનવૃત્તિવાળું હોવા છતાં કોઈ તેને દંડ(લાકડી)થી ફેરવે તો તેમાં દંડયોગથી જેમ ભ્રમણ હોય છે, તેમ અહીં સામાયિકવંત આત્માઓ; તેવા પ્રકારના ક્લિષ્ટકર્મથી (રાગ-દ્વેષજનક કર્મથી) રહિત હોવાથી વિશુદ્ધભાવના કારણે રાગદ્વેષથી રહિત તેઓ; ભિક્ષાટન કે ભિક્ષાનટન(ભિક્ષા માટે ન જવું)ના વિષયમાં તુલ્યવૃત્તિ-સમભાવવાળા હોવા છતાં માત્ર આજ્ઞાયોગના કારણે ભિક્ષાટન વગેરે કરે છે.

યદ્યપિ આજ્ઞાયોગના કારણે સામાયિકવંત આત્માઓ ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ કરે તોપણ તેમની એ પ્રવૃત્તિ તેમના પોતાના પરિણામ વગરની હોવાથી તે દ્રવ્યક્રિયા છે - એમ માનવું પડશે અને તેથી તેવી દ્રવ્યક્રિયાસ્વરૂપ ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ તેમના માટે યુક્તિસંગત નથી; પરંતુ આજ્ઞાયોગ સ્વયં ભાવસ્વરૂપ હોવાથી જ સામાયિકવંત આત્માઓની ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ ભાવક્રિયા હોવાથી તેમના માટે તે યુક્તિસંગત-યોગ્ય છે. જોકે આ રીતે એક જ કાળમાં ભિક્ષાટનાદિની સામાયિકવંત આત્માઓની તે તે પ્રવૃત્તિમાં ભાવ અને દ્રવ્ય બંને સ્વરૂપ માનવાનું ઉચિત

ન હોવાથી પરિણામશૂન્ય તે ક્રિયાને દ્રવ્યસ્વરૂપે જ માનવી જોઇએ અને તેથી તેવી દ્રવ્યક્રિયાને કરવાનું સામાયિકવંત આત્માને ઉચિત નથી; પરંતુ સામાયિકવંત આત્માઓને રાગ-દ્વેષનો અભાવ હોવાથી તેવી દ્રવ્યક્રિયા તેઓને કર્મબંધનું કારણ થતી નથી. તેથી તેઓ માટે તે અનુચિત નથી.

આ રીતે સામાયિકવંત મહાત્માઓને રાગ-દ્વેષના અભાવના કારણે ભિક્ષાટનાદિની ક્રિયા યુક્તિસંગત હોય તોપણ શ્રી વીતરાગપરમાત્માને કેવલજ્ઞાનની ઉપપત્તિ(પ્રાપ્તિ)થી તેઓને આજ્ઞાયોગના કારણે ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ હોય છે - એ કહેવું ઉચિત નથી. કારણ કે શ્રી વીતરાગ પરમાત્માને; આજ્ઞાયોગ ક્ષાયોપશમિકભાવ હોવાથી તેનો (આજ્ઞાયોગનો) સંભવ નથી. આથી સમજી શકાશે કે સામાયિકવંત આત્માને ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ આજ્ઞાયોગના કારણે છે - એ કહેવું યોગ્ય નથી. તેથી તે ભિક્ષાટનાદિની પ્રવૃત્તિની સંગતિ માટે (અર્થાત્ તે અસંગત છે - એવા ભ્રમનું નિરાકરણ કરવા માટે) ઉપચય - બીજી પુષ્ટ યુક્તિ - જણાવવા ગાથામાં **पुव्वाणुवेहओ...** વગેરેનો ઉલ્લેખ છે. આશય એ છે કે - પૂર્વે જણાવ્યા મુજબ સામાયિકવંત આત્માઓને આજ્ઞાયોગના કારણે ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ હોય છે - એમ કહી શકાય તોપણ શ્રી વીતરાગપરમાત્માને ક્ષાયોપશમિકભાવનો સંભવ નથી, તેથી શ્રી વીતરાગપરમાત્માની ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ માટે આજ્ઞાયોગ કારણ છે - એ કહેવાનું શક્ય નથી. તેથી ઉભયની ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ પ્રત્યે એક કારણ બતાવવા ગાથામાં **पुव्वाणुवेहओ...** ઇત્યાદિ ઉલ્લેખ છે. આશય સ્પષ્ટ છે કે, પૂર્વે દંડના પ્રયોગથી પ્રારબ્ધ ચક્રભ્રમણ; પાછળથી દંડનો યોગ ન હોય તોપણ પૂર્વસામર્થ્યથી ચાલતું હોય છે તેમ જ અહીં પણ પૂર્વકાળમાં આજ્ઞાયોગના કારણે શરૂ થયેલી ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ આજ્ઞાયોગના અભાવમાં પણ પૂર્વાનુવેધ (પૂર્વ-આજ્ઞાયોગજન્ય સંસ્કાર)થી ચાલે છે. આથી સામાયિકવંત આત્માઓ વગેરેની ભિક્ષાટનાદિની પ્રવૃત્તિમાં કોઇ અસંગતિ નથી. ॥૧૯॥

* * *



સામાયિકવંત આત્માઓ વગેરેની ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ; ઉપર જણાવ્યા મુજબ આજ્ઞાયોગ અથવા તો પૂર્વાનુવેધથી છે, રાગ-દ્વેષમૂલક નથી. તેથી મુનિમહાત્માઓને સર્વસમભાવવાળા જણાવ્યા છે, તે વીસમી ગાથાથી જણાવ્યું છે–

**वासी-चंदणकप्पो समसुह-दुक्खो मुणी समक्खाओ ।**
**भव-मोक्खापडिबद्धो अओ य पाएण सत्थेसु ॥२०॥**

સર્વથા સર્વ સમભાવસ્વરૂપ સામાયિકની પ્રાપ્તિ થવાના કારણે પૂ. મુનિભગવંતોને બહુલપણે (મોટાભાગે) શાસ્ત્રોમાં વાસી (વૃક્ષછેદન માટે વપરાતું સાધનવિશેષ)માં સમભાવ છે જેને એવા ચંદનવૃક્ષજેવા સમાનપરિણામી; સુખ કે દુઃખમાં સમાન બુદ્ધિવાળા અને સંસાર તથા મોક્ષમાં રાગ વિનાના સ્પષ્ટ રીતે જણાવ્યા છે. આ વીસમી ગાથાનો અક્ષરાર્થ છે.

આ ગાથાનું તાત્પર્ય એ છે કે વાસીથી ચંદનવૃક્ષને કોઇ છેદે ત્યારે તે ચંદનવૃક્ષ વાસી કે તેનાથી વૃક્ષને કાપનાર પ્રત્યે જેમ ક્રોધ કરતું નથી; તેમ પૂ. મુનિભગવંતો પણ પોતાને દુઃખ આપનાર પ્રત્યે ક્રોધ વગેરે કરતા નથી (ઉપલક્ષણથી સુખ આપનાર પ્રત્યે રાગ પણ કરતા નથી); પરંતુ મધ્યસ્થપણું ધારણ કરે છે. અન્ય યોગીજનો આવી અવસ્થાને એકાંતે પ્રાણીઓના હિત સ્વરૂપે વર્ણવે છે. પોતે અપાયને સહન કરે પરંતુ બીજા કોઇ પણ પ્રાણીઓને અપાય કરે નહિ એવા મહાત્માઓ ખરેખર જ એકાંતે પ્રાણીઓના હિતને કરનારા હોય છે. મુનિભગવંતોની આ પ્રવૃત્તિ બાહ્ય દૃષ્ટિથી વર્ણવી છે. કારણ કે વાસીચંદનકલ્પતા બાહ્યદૃષ્ટિએ અન્ય અપરાધી કે ઉપકારી જીવના આલંબને છે. જ્યારે પૂ. મુનિભગવંતો સર્વત્ર રાગ-દ્વેષને જીતનારા હોવાથી અને મધ્યસ્થપણામાં ઉપયોગવાળા હોવાથી સુખ અને દુઃખમાં સામ્યવૃત્તિને ધારણ કરનારા છે. તેમની આ અવસ્થા આંતરિક છે. કારણ કે અહીં બાહ્ય પરવસ્તુનું કોઇ આલંબન નથી. માત્ર આત્મગુણ(ધર્મ)નું આંતરિક જ આલંબન છે. તેમ જ ઇચ્છાનો અભાવ (વિલય-વિયોગ) થવાથી પૂ. મુનિભગવંતો ભવમાં કે મોક્ષમાં પ્રતિબદ્ધ-

આસક્ત નથી હોતા. આ અવસ્થા પૂ. મુનિભગવંતોની કેવલીપણાને એટલે કે સ્વસ્વરૂપ જ્ઞાનાદિની રમણતાને લઇને છે - એમ અન્ય ગ્રંથકારો જણાવે છે. ઇચ્છાઓ ઉપર વિરામ મુકાય તો આત્મગુણો-જ્ઞાનાદિમાં રમવાનું શક્ય બને છે; અને તેથી ફળ પ્રત્યે સર્વથા ઉદાસીનપણું આવે છે. આ ઔદાસીન્ય ઇચ્છાઓના સર્વથા નિરોધ વિના પ્રાપ્ત થતું નથી. પૂ. મુનિભગવંતોને તે ખૂબ જ સહજતાથી પ્રાપ્ત થાય છે. મુનિભગવંતોની આવી અવસ્થા પ્રાયઃ કરીને હોય છે. કોઇ નિકાચિત કર્મ નડે અને આવી અવસ્થા ન હોય - તે બની શકે. ષષ્ટિતંત્ર, ભગવદ્ગીતા... વગેરે ગ્રંથોમાં પૂ. મુનિભગવંતોની એ અવસ્થા નીચે જણાવ્યા મુજબ જણાવી છે.

'વાસી-ચંદન જેવા પૂ. મુનિભગવંતોને ત્યાજ્ય-હેયને ગ્રહણ કરવાની પ્રવૃત્તિની હાનિ થવાથી જે ઔદાસીન્ય પ્રાપ્ત થાય છે તે તેમનો વૈરાગ્ય છે.'' અહીં યાદ રાખવું જોઇએ કે સર્વત્ર સમભાવનો કે ઔદાસીન્યનો એ અર્થ નથી કે સારી અને ખરાબ બંને પ્રવૃત્તિ કરવી અથવા ન કરવી. શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞાના કારણે જ સારી પ્રવૃત્તિ કરવી અને ત્યાજ્ય-ખરાબનો ત્યાગ કરવો એ જ વસ્તુતઃ ઔદાસીન્ય છે. સામાન્ય રીતે, રાગ પ્રવૃત્તિનું કારણ છે અને દ્વેષ નિવૃત્તિનું કારણ છે. ઇષ્ટ પ્રત્યે રાગ હોય છે અને અનિષ્ટ પ્રત્યે દ્વેષ હોય છે. ત્યાજ્યનું ઉપાદાન રાગમૂલક હોય છે. એ રાગ દૂર થાય એટલે ત્યાજ્યને ગ્રહણ કરવાની પ્રવૃત્તિ દૂર થાય છે. એ વખતે દ્વેષ નથી હોતો. શ્રીવીતરાગપરમાત્માની આજ્ઞાના કારણે એ નિવૃત્તિ શક્ય છે. આથી જ અહીં ત્યાજ્યને ગ્રહણ કરવાની પ્રવૃત્તિ દૂર થવાથી ઔદાસીન્યની પ્રાપ્તિ જણાવી છે. રાગના અભાવમાં વૈરાગ્યના અસ્તિત્વનું વર્ણન સમુચિત છે. અહીં રાગના અભાવે દ્વેષનો અભાવ હોય - એ સ્પષ્ટ જ છે.

''વાસી વગેરેથી ચંદનનું વૃક્ષ છેદાય છે ત્યારે ચંદનનું વૃક્ષ જેમ કોઇ પણ જાતની વિકૃતિ અવસ્થાને ધારણ કરતું નથી - આ દૃષ્ટાંતથી હે મુનિ ! ગમે તેવી પ્રતિકૂળ અવસ્થામાં પણ સદ્ધર્મના અતિશય-પ્રભાવના કારણે જે કલ્યાણ કરી લેવાની વૃત્તિ છે તેને વાસીચંદનકલ્પતા



કહેવાય છે.'' સામાન્ય રીતે વૃક્ષમાત્રના છેદન વખતે વૃક્ષમાત્ર સ્થિર રહે છે, વિચલિત થતું નથી. આમ છતાં અહીં જે ચંદનનું ઉપાદાન કર્યું છે; તે તેની એકાંતે નિર્વિવાદ ઉત્તમતા હોવાથી છે. પોતે સર્વથા ઉપકારી હોવા છતાં પોતાનો વિનાશ કરનારા પ્રત્યે ઉત્તમ જનો સહેજ પણ દુર્ભાવ ધારણ કરતા નથી - એ જણાવવા માટે ચંદનનું ઉપાદાન કર્યું છે. વાસીચંદનકલ્પ મુનિભગવંતોની સ્થિરતાનું કારણ જણાવતાં કહ્યું છે કે—

''દુઃખોને વિશે જેના મનમાં ઉદ્વેગ હોતો નથી અને સુખના વિષયમાં જેને સ્પૃહા હોતી નથી એવા લોભ, ભય તથા ક્રોધથી રહિત મુનિભગવંતને સ્થિરબુદ્ધિવાળા કહેવાય છે.'' સમગ્ર સંસારની સર્વથા અસારતાને સમજનારા મુનિભગવંતોની બુદ્ધિ અત્યંત સ્થિર હોય છે. સ્વાત્મગુણની રમણતાનું એકમાત્ર કારણ જ્ઞાનની સ્થિરતા છે. પરપરિણતિની નિઃસારતાનું જ્ઞાન જ આત્માને પરપરિણતિથી દૂર-સુદૂર લઇ જાય છે, તેથી આત્માને સ્વગુણોની રમણતા પ્રાપ્ત થતી હોય છે. દુઃખનો ઉદ્વેગ; સુખોની સ્પૃહા; વિષયોની કામના (લોભ-ઇચ્છા); અપયશાદિનો ભય અને અનિષ્ટાદિ પ્રત્યેનો ક્રોધ સ્વાત્મગુણની રમણતાના એકાંતે બાધક છે. સામાયિકવંત આત્માઓમાં એનો અભાવ હોવાથી તેઓ સ્વગુણમાં સ્થિર રહે છે. આથી જ તેઓ મોક્ષ પ્રત્યે કે ભવ પ્રત્યે પણ ઉદાસીન હોય છે - એ જણાવતાં ફરમાવ્યું છે કે—

''સ્વભાવથી જ શ્રીવીતરાગપરમાત્માના પરમતારક વચનના અભ્યાસથી તેવા પ્રકારની શુદ્ધિ પ્રાપ્ત થવાથી જ શુભ આશયવાળા આ મહાત્મા મોક્ષમાં કે સંસારમાં સર્વત્ર સ્પૃહા વગરના હોય છે.'' આશય એ છે કે શુદ્ધસામાયિકવંત આત્માઓ સ્વભાવથી જ; શ્રીવીતરાગપરમાત્માએ ઉપદેશેલા પરમતારક વિશુદ્ધધર્મના નિરંતર અભ્યાસથી ચંદનના ગંધની જેમ વચનયોગને આત્મસાત્ બનાવે છે. તેથી ક્રમે કરી અસંગાનુષ્ઠાનને પ્રાપ્ત કરી વિશુદ્ધ પરિણામથી જ તેઓ ઉપર જણાવ્યા મુજબ મોક્ષ કે ભવ પ્રત્યે સર્વત્ર ઉદાસીન બને છે. તેઓને શ્રી પરમપદની પ્રાપ્તિ; ઉત્કટ

ઇચ્છાના કારણે થતી નથી, પરંતુ આત્માના શુદ્ધપરિણામસ્વરૂપ સાધનના કારણે જ થાય છે. સાધન જ એવું છે કે સિદ્ધિ અપાવે જ. સામાયિકવંત એવા મહાત્માઓને સર્વત્ર સ્પૃહાનો અભાવ કેમ હોય છે અર્થાત્ સ્પૃહાનો અભાવ કયા કારણે થાય છે એ જણાવવા કહ્યું છે કે–

"મોહથી ઇચ્છા થાય છે. ઇચ્છાસ્વરૂપ જ સ્પૃહા છે. જે કારણથી મુનિભગવંત મોહથી રહિત છે; તેથી જ મુનિભગવંતને તે સ્પૃહા કોઇ પણ વિષયમાં સંગત થતી નથી. આવી નિર્મોહ અવસ્થા વચનાનુષ્ઠાનસ્વરૂપ ક્રિયાનું ફળ છે." આશય સ્પષ્ટ છે કે મોહ-અજ્ઞાનના કારણે ઇચ્છા થાય છે. "જે સ્વયં દુઃખસ્વરૂપ છે, જેનું ફળ પણ દુઃખ છે અને જે દુઃખની પરંપરાને સર્જે છે - એવું સંસારનું સુખ છે અને તેના સાધન છે." - આવું જ્ઞાન ન હોય તો જ તેની ઇચ્છા થાય. દુઃખ કે દુઃખના સાધન અંગે એવું જ્ઞાન હોવાથી દુઃખને કોઇ જ ક્યારે પણ સહેજ પણ ઇચ્છતું નથી. એવું જ્ઞાન સંસારના સુખ અથવા તો સંસારસુખના સાધન અંગે થઇ જાય તો તેની પણ ઇચ્છા ન થાય. મુનિભગવંતને આવું જ્ઞાન હોવાથી સમગ્ર સંસારની ક્યારે પણ ઇચ્છા થતી નથી. તેમ જ શ્રીવીતરાગ-પરમાત્માના પરમતારક વચન ઉપર અગાધ શ્રદ્ધા હોવાથી તેઓશ્રીએ ઉપદેશેલા મોક્ષસાધનને આત્મસાત્ કરવાના કારણે મોક્ષની કે તેના સાધનની પણ ઇચ્છા રહેતી નથી. આવી નિર્મોહ અવસ્થાના કારણે પૂ. મુનિભગવંતોને નિરીહ-ઇચ્છા વિનાની અવસ્થા પ્રાપ્ત છે. કોઇ કોઇ વાર આવા પણ મહાત્માઓ ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ કરતા હોવાથી તે તે વિષયમાં ઇચ્છાવાળા જણાતા હોય છે; પરંતુ તેમની તે ઇચ્છા ન્યાયથી યુક્ત-તાત્ત્વિક નથી હોતી, અપારમાર્થિક હોય છે. આવી અવસ્થાનું કારણ, તેઓશ્રીનું આજ્ઞાપ્રધાન અનુષ્ઠાન છે. વચનાનુષ્ઠાનનું ફળ જ અસંગાનુષ્ઠાન છે. આ વાતને નિરંતર યાદ રાખવા માટે જ જાણે જણાવ્યું ન હોય તેમ શ્રીવીરવિજયજી મહારાજાએ અઢાર ઢાળની શિયળવેલની સજ્ઝાયની સાતમી ઢાળની છેલ્લી ગાથામાં ફરમાવ્યું છે કે - નિર્લોભી-



નિર્મોહીપણાશું સુણ કોશા ! અમે રહીશું જી; યોગવશે શુભવીર જિનેશ્વર આણા મસ્તક વહીશું... રસભર રમીએજી. ॥૨૦॥

* * *

આ રીતે તેરમી ગાથાથી વીસમી ગાથાઓ સુધીની આઠ ગાથાઓથી યોગના અધિકારી એવા અપુનર્બંધકાદિ જીવોનું તેમનાં લિંગો દ્વારા વર્ણન કરી તેઓમાં યોગનું અસ્તિત્વ જણાવવા એકવીસમી ગાથામાં જણાવ્યું છે કે–

**एएसिं णियणियभूमियाए उचियं जमेत्थऽणुट्ठाणं ।**
**आणामयसंयुत्तं तं सव्वं चेव योगो त्ति ॥२१॥**

અપુનર્બંધકાદિ દશાને પામેલા જીવોથી આરંભીને શ્રીવીતરાગ-પરમાત્મા જેવા મહામુનિઓ સુધીના જે આત્માઓ છે - તે બધાની પોતપોતાની ભૂમિકાને અનુરૂપ જે અનુષ્ઠાન આજ્ઞાસ્વરૂપ અમૃતથી યુક્ત છે તે બધું જ યોગસ્વરૂપ છે. આ પ્રમાણે એકવીસમી ગાથાનો અક્ષરાર્થ છે. ટીકામાં જણાવેલી વાત સ્પષ્ટ જ છે કે - અપુનર્બંધકદશાને પામેલા જીવોથી માંડીને શ્રીવીતરાગપરમાત્મા સુધીના મહાત્માઓનું પોતપોતાની ભૂમિકાનું અર્થાત્ પોતાની તે તે અવસ્થાવિશેષનું જે અનુષ્ઠાન છે તે, તીવ્રભાવે પાપ નહિ કરવાથી માંડીને વીતરાગતુલ્ય ભિક્ષાટનાદિ સુધીનાં અનુષ્ઠાન; શ્રીવીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ હોય છે. કારણ કે તીર્થંકરપરમાત્માની આજ્ઞા મુજબ કોઇ પણ અનુષ્ઠાન કરવા માટેની મિથ્યાત્વાદિ કર્મની મંદતાદિ સ્વરૂપ પરિણતિથી તે તે આત્માઓનાં તે તે અનુષ્ઠાનો ભાવથી થતાં હોય છે. આશય એ છે કે મિથ્યાત્વાદિકર્મની મંદતાદિના કારણે અપુનર્બંધકાદિ દશાને પામેલા આત્માઓના તીવ્રભાવે પાપ નહિ કરવાદિ સ્વરૂપ તે તે અનુષ્ઠાનો ભાવાનુષ્ઠાન સ્વરૂપ થાય છે, તેથી તે આજ્ઞાસ્વરૂપ અમૃતથી યુક્ત હોય છે. આથી જ યોગના વિદ્વાનોનું કહેવું છે કે - "મિથ્યાત્વાદિની મંદતાદિ સ્વરૂપ કર્મપરિણતિ જ આજ્ઞામૃતના સંયોગ સ્વરૂપ છે. વસ્તુતઃ તે જ પરમપદની પ્રાપ્તિનું

અંતરંગ-મુખ્ય કારણ છે. અભવ્યાદિ આત્માઓમાં પણ જે બાહ્ય આજ્ઞાયોગ દેખાય છે, એનું પણ કારણ તેવા પ્રકારની કર્મપરિણતિ છે.'' આ રીતે આજ્ઞાસ્વરૂપ અમૃતથી યુક્ત તે તે અનુષ્ઠાનો બધાં જ યોગસ્વરૂપ છે. કારણ કે તે પરંપરાએ અથવા તો સાક્ષાદ્ મોક્ષનાં કારણ છે. ॥૨૧॥

* * *

અપુનર્બંધકાદિ દશાને પામેલા તે તે આત્માઓનાં તે તે અનુષ્ઠાનો જે કારણથી યોગસ્વરૂપ છે, તેને સ્પષ્ટ કરતાં બાવીશમી ગાથાથી જણાવ્યું છે કે—

**तल्लक्खणयोगाओ उ चित्तवित्तीणिरोहओ चेव ।**
**तह कुसलपवित्तीए मोक्खेण उ जोयणाओ त्ति ॥२२॥**

પૂર્વગાથામાં અપુનર્બંધકાદિ મહાત્માઓના આજ્ઞાયુક્ત તે તે અનુષ્ઠાનને યોગસ્વરૂપ વર્ણવ્યું છે તેનું કારણ એ છે કે - ''તે અનુષ્ઠાનમાં યોગના લક્ષણનો યોગ છે; ચિત્તવૃત્તિનો નિરોધ છે; અને કુશલ પ્રવૃત્તિના કારણે તે મોક્ષની સાથે આત્માને જોડી આપે છે.'' - આ પ્રમાણે બાવીશમી ગાથાનો શબ્દાર્થ છે. આશય એ છે કે - અપુનર્બંધકાદિ અવસ્થાને પામેલા તે તે મહાત્માઓનું તીવ્રભાવે પાપ ન કરવાદિ સ્વરૂપ જે અનુષ્ઠાન આજ્ઞાયુક્ત છે તે બધાં જ યોગસ્વરૂપ છે, કારણ કે તેમાં; યોગનું જે 'બધે જ ઉચિત અનુષ્ઠાન કરવું' આ લક્ષણ છે તે સંગત થાય છે. અપુનર્બંધકાદિ દશાને પામેલા મહાત્માઓનું બધું જ અનુષ્ઠાન શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ પોતપોતાની કક્ષાને ઉચિત જ હોય છે, તેથી તે યોગસ્વરૂપ છે. 'સર્વત્ર ઉચિત અનુષ્ઠાન' યોગ છે - એ યોગનું સામાન્ય લક્ષણ છે. 'ચિત્તવૃત્તિઓનો નિરોધ' - આ યોગનું મુખ્ય લક્ષણ છે. પતંજલિએ પણ ''**योगश्चित्तवृत्तिनिरोधः**'' - આ પ્રમાણે એ લક્ષણ જણાવ્યું છે. અપુનર્બંધકાદિ દશાને પામેલા મહાત્માઓને શ્રીવીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ તે તે અનુષ્ઠાન કરતી વખતે પોતપોતાની કક્ષા મુજબ ચિત્તની તે તે વૃત્તિઓનો નિરોધ પ્રાપ્ત



થતો હોવાથી **योगश्चित्तवृत्तिनिरोधः** આ યોગનું મુખ્ય લક્ષણ પણ; તે મહાત્માઓના અનુષ્ઠાનમાં સંગત થાય છે. પોતાની કક્ષા મુજબ પણ આજ્ઞા મુજબનું અનુષ્ઠાન કરવું હોય તો અંશતઃ પણ ચિત્તવૃત્તિનો નિરોધ કરવો જ પડે છે. અનાદિકાળથી આપણું ચિત્ત અનુકૂળ વિષયો તરફ ખેંચાતું આવ્યું છે અને અનિષ્ટ વિષયોથી પ્રતિનિવૃત્ત થતું જ આવ્યું છે. આવી અનંતાનંત ચિત્તવૃત્તિઓનો સહેજ પણ નિરોધ થાય નહિ તો શ્રીવીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ એક પણ અનુષ્ઠાન આરાધી નહિ શકાય. અપુનર્બંધકાદિદશાને પામેલા મહાત્માઓના તે તે અનુષ્ઠાન શ્રીવીતરાગપરમાત્માની આજ્ઞા સ્વરૂપ અમૃતથી યુક્ત હોવાથી ચિત્તવૃત્તિના નિરોધવાળા હોય છે - એ સમજી શકાય છે. '**सर्वत्रोचितानुष्ठानं योगः**' અને '**योगश्चित्तवृत्तिनिरोधः**' - આ બંને લક્ષણો **યોગ** શબ્દના અર્થને અનુસરે છે - અર્થાદ્ બંને લક્ષણોનો અર્થ; **યોગ** શબ્દની જે વ્યુત્પત્તિ છે - તેને અનુસરે છે - એ જણાવવા સાથે યોગના અધિકારીઓનું નિરૂપણ પૂર્ણ કરવા '**तह कुसल**'... ઇત્યાદિ, ગાથાનો ઉત્તરાર્દ્ધ છે. કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે - અપુનર્બંધકાદિ દશાને પામેલા મહાત્માઓ પરમતારક આજ્ઞા મુજબ જે જે અનુષ્ઠાન કરે છે તે બધાં જ કુશલ પ્રવૃત્તિ સ્વરૂપ (પોતાની કક્ષા મુજબની કુશલ પ્રવૃત્તિ સ્વરૂપ) હોવાથી પરંપરાએ અથવા તો સાક્ષાદ્ મોક્ષની સાથે આત્માને જોડી આપે છે - તેથી તે યોગ કહેવાય છે. મોક્ષની સાથે જોડી આપનારમાં **યોગ** શબ્દની પ્રવૃત્તિ(વ્યવહાર) થતી હોવાથી ઉપરનાં બંને લક્ષણો સ્થળે; પ્રવૃત્તિ-(યોગશબ્દનો વ્યવહાર) નિમિત્ત હોવાથી અપુનર્બંધકાદિ દશાને પામેલા મહાત્માઓનાં તે તે આજ્ઞાયુક્ત અનુષ્ઠાનો યોગ છે... આ રીતે અહીં યોગના અધિકારી આત્માઓનું નિરૂપણ પૂર્ણ કરાય છે. ॥૨૨॥

* * *

જોકે અપુનર્બંધકાદિદશાપન્ન આત્માઓને શ્રીતીર્થંકર પરમાત્માની પરમતારક આજ્ઞા સ્વરૂપ યોગની આંતરિક પરિણતિ કોઇ વાર બાહ્ય

અનુષ્ઠાન વિના જ પ્રાપ્ત થાય છે, તોપણ મોટાભાગે વિધિપૂર્વક બાહ્યઅનુષ્ઠાનની આરાધના કરવાથી યોગની પ્રાપ્તિ થતી હોય છે. તેથી યોગના અધિકારી અપુનર્બંધકાદિ મહાત્માઓને જ આશ્રયીને યોગની પ્રાપ્તિ માટેનો વિધિ જણાવવા માટે કહે છે—

**एएसिं पि य पायं बज्झाणायोगओ उ उचियम्मि ।**
**अणुठाणम्मि पवित्ती जायइ तहसुपरिसुद्ध त्ति ।।२३।।**

અપુનર્બંધકાદિ દશાને પામેલા તે તે મહાત્માઓને તેવા પ્રકારની કર્મપરિણતિને પામેલા હોવા છતાં પણ મોટાભાગે શ્રી જિનેશ્વરદેવોના પરમતારક વચનના ઉપદેશ સ્વરૂપ બાહ્ય આજ્ઞાયોગથી જ, તીવ્રભાવે પાપ ન કરવા વગેરે સ્વરૂપ ઉચિત અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ ભિન્ન ભિન્ન પ્રકારની થાય છે અને ક્રમે કરી અજ્ઞાનની નિવૃત્તિ થવાથી ભગવાન પ્રત્યેના બહુમાનથી દઢતાપૂર્વકની તે પ્રવૃત્તિ સુપરિશુદ્ધ બને છે. આ પ્રમાણે ત્રેવીસમી ગાથાનો પરમાર્થ છે. શબ્દશઃ અર્થ ખૂબ જ સ્પષ્ટ છે. શ્રી જિનેશ્વરદેવના પરમતારક વચનનો ઉપદેશ સાંભળવાથી અજ્ઞાન દૂર થાય છે, જેથી ભગવાન પ્રત્યે બહુમાન વધે છે. જ્ઞાનના કારણે પરમાત્માનું શુદ્ધસ્વરૂપ અને તેને પામવા માટેના ઉપાયો સ્પષ્ટપણે સમજાય છે. તેથી ભગવાન પ્રત્યે બહુમાન વધે એ સહજ છે. પરિશુદ્ધ અનુષ્ઠાનનો એ એક જ હેતુ છે. જે માર્ગે જવું છે, એ માર્ગના એકમાત્ર દર્શક પ્રત્યે બહુમાન ન હોય તો માર્ગે કઇ રીતે જવાય અને ઇષ્ટ-પરમપદને કઇ રીતે પ્રાપ્ત કરી શકાય - એ જ સમજાતું નથી. વર્તમાનમાં મુમુક્ષુઓની હાલત સારી નથી. ઓછા-વધતા પ્રમાણમાં એ વાત માન્યા વિના ચાલે એવું નથી. શ્રીવીતરાગપરમાત્મા પ્રત્યેનું બહુમાન ખરેખર જ આપણા આત્માને પરમાત્મા બનાવવા સમર્થ છે. જેની પ્રત્યે બહુમાન છે તેની આજ્ઞા માનવામાં કોઇ તકલીફ નથી. જેની આજ્ઞા મનાતી નથી; તેમની પ્રત્યે બહુમાન નથી એમ કહેવામાં કશું ખોટું નથી. ॥૨૩॥

* * *



શ્રી જિનેશ્વરદેવોના વચનના ઉપદેશથી જ જો અપુનર્બંધકાદિ મહાત્માઓને ઉચિત પ્રવૃત્તિ પ્રાપ્ત થાય છે; તો તેથી શું કરવું - એ જણાવે છે—

**गुरुणा लिंगेहिं तओ एएसिं भूमिगं मुणेऊण ।**
**उवएसो दायव्वो जहोचियं ओसहाऽऽहरणा ।।२४।।**

"તેથી લિંગો દ્વારા અપુનર્બંધકાદિ મહાત્માઓની ભૂમિકા-યોગ્યતાને જાણીને ઔષધના ઉદાહરણથી ઉચિતપણે ગુરુએ ઉપદેશ આપવો" - આ પ્રમાણે ચોવીસમી ગાથાનો શબ્દાર્થ છે. આશય એ છે કે - જે કારણથી પૂર્વગાથામાં જણાવ્યું છે કે ઉપદેશથી ઉચિત પ્રવૃત્તિ થાય છે તેથી ગુરુએ ઉપર જણાવ્યા મુજબ ઉપદેશ આપવો. શાસ્ત્રના અર્થને જે જણાવે છે તેને ગુરુ કહેવાય છે - આ પ્રમાણે '**गुरु**' પદનો અર્થ છે. એ અર્થ જેમાં સંગત છે, તેમણે જ ઉપદેશ આપવો જોઇએ. માત્ર નામથી જ ગુરુ હોય તેણે ઉપદેશ આપવો નહિ. 'તીવ્રભાવે પાપ કરવું નહિ...' ઇત્યાદિ પૂર્વે જણાવેલાં લિંગો દ્વારા અપુનર્બંધકાદિ દશાને પામેલા મહાત્માઓની તે તે ધર્મસ્થાનને પામવાની યોગ્યતાને જાણીને ભૂમિકા મુજબ ઉચિતપણે ધર્મનો ઉપદેશ આપવો જોઇએ. ઉપદેશ આપવાની પ્રવૃત્તિ ઉચિત હોવી જોઇએ એ સૂચવવા 'યથોચિત' આ ક્રિયાવિશેષણ છે. ઉપદેશની પ્રવૃત્તિ અનવસરે ન હોય અને સામા માણસને ઉપેક્ષા કરવાનું મન થાય એવી ન હોય તો તે પ્રવૃત્તિ ઉચિત છે. અનુચિત પ્રવૃત્તિ સ્વ-પરના હિતનું કારણ નહિ બને. ઉપદેશની ઉચિત પ્રવૃત્તિ ઔષધના ઉદાહરણથી સમજી શકાશે. જેમ યોગ્ય પણ આ ઔષધ રોગ, રોગી અને કાળ વગેરેની અપેક્ષાએ પ્રમાણોપેત, અમુક વાર વગેરેનો વિચાર કરી અપાય છે, અન્યથા - એવું ન કરીએ તો - એ ઔષધ પણ દોષનું કારણ બને છે; તેમ ધર્મના વિષયમાં પણ શ્રોતાની યોગ્યતા, દેશ, કાળ વગેરેની વિચારણા કરીને જ તેનો માફકસર ઉપદેશ આપવો જોઇએ. અન્યથા એ ઉપદેશની પ્રવૃત્તિ બંને માટે હિતને કરનારી નહિ થાય - એ યાદ રાખવું. ॥૨૪॥

* * *

હવે તે તે આત્માઓને જે રીતે ઉપદેશ આપવો જોઇએ તે સંક્ષેપથી જણાવાય છે—

**पढमस्स लोगधम्मे परपीडावज्जणाइ ओहेणं ।**
**गुरु-देवा-ऽतिहिपूयाइ दीणदाणाइ अहिगिच्च ॥२५॥**

‘‘યોગના અધિકારીઓમાં પ્રથમ અપુનર્બંધક આત્માઓને સામાન્યથી લોકધર્મના વિષયરૂપે પરપીડાનું વર્જન; ગુરુ, દેવતા અને અતિથિઓની પૂજા તેમ જ દીનદાનાદિને આશ્રયીને ઉપદેશ આપવો.’’ - આ પચીશમી ગાથાનો અર્થ છે. અપુનર્બંધકદશાને પામેલા જીવો લોકોત્તર ધર્મને પામેલા જ હોય એવો નિયમ નથી. તેથી તેમને લૌકિકધર્મનો ઉપદેશ આપવો. બીજાને પીડા ન પહોંચે - એ રીતે વર્ત્તવું; સાચું બોલવું; ચોરી કરવી નહિ... વગેરે જણાવવું, એ પણ સામાન્યથી જ જણાવવું. એના વિશેષ સૂક્ષ્મ પ્રકારો જણાવવા નહિ. જેથી તેના શ્રવણથી શ્રોતા વિક્ષેપ (બેધ્યાન થવું) પામે નહિ. શ્રોતાના વિક્ષેપનું કારણ બનનારી કથાને ‘વિક્ષેપિણી’ કથા કહેવાય છે. એવી કથા કરી લૌકિકધર્મ સમજાવવો નહિ. ગુરુદેવ અને અતિથિની પૂજાને આશ્રયીને અપુનર્બંધકદશાને પામેલા જીવોને જણાવવું કે - ગુરુપૂજા કરવી, દેવપૂજા કરવી અને અતિથિઓની પૂજા કરવી; તેમ જ ગુરુદેવાદિનો સત્કાર તથા સન્માન વગેરે કરવાનું પણ જણાવવું. વસ્ત્રાલંકારાદિનું પ્રદાન કરી સત્કાર કરાય છે અને પ્રીતિવચનાદિનું પ્રદાન કરી સન્માન કરાય છે. અર્પુનબંધકદશાને પામેલા જીવોને એ પણ સમજાવવું કે દીનાદિને દાન આપવું. અહીં દીનાદિથી દીન, તપસ્વી, અંધ, કૃપણ વગેરે જાણવા. ગાથામાં **दाणाइ** અહીં જે ‘**आदि**’ પદ છે તેનાથી રાત્રિભોજનનો ત્યાગ કરવો... વગેરે પણ લોકધર્મસ્વરૂપે અપુનર્બંધકદશાને પામેલા આત્માઓને સમજાવવું... આ પ્રમાણે પચીસમી ગાથાનો પરમાર્થ છે. ॥૨૫॥

❋ ❋ ❋



અપુનર્બંધક આત્માઓને ઉપર જણાવ્યા મુજબ લૌકિક ધર્મસંબંધી ઉપેદશ શા માટે આપવો - એ જણાવે છે—

**एवं चिय अवयारो जायइ मग्गम्मि हंदि एयस्स ।**
**रण्णे पहपब्भट्ठोऽवट्टाए वट्टमोयरइ ॥२६॥**

‘‘જેમ અરણ્યમાં માર્ગથી પ્રભ્રષ્ટ માણસ કેડી ન હોય એવા માર્ગે ચાલીને કેડીએ ચાલવા માંડે છે તેમ આ અપુનર્બંધક દશાને પામેલા આત્માઓ પણ પ્રથમ લૌકિક ધર્મને આરાધીને લોકોત્તરમાર્ગસ્વરૂપ મોક્ષમાર્ગે અવતરણ કરે છે.’’ - આ છવ્વીસમી ગાથાનો શબ્દાર્થ છે. કહેવાનો આશય એ છે કે - અપુનર્બંધક આત્માઓને ઉપર જણાવ્યા મુજબ પરપીડાનું વર્જન કરવું... વગેરે લૌકિક ધર્મનો સામાન્યથી ઉપદેશ આપવાથી તે મુજબ તેઓ તે તે ધર્મની આરાધનાનો પ્રારંભ કરે છે અને તેથી તેઓને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગમાં જોડી શકાય છે. કારણ કે અપુનર્બંધકદશાને પામેલા આત્માઓને વિક્ષેપ નથી હોતો. ધર્મની આરાધનામાં અંતરાય-વિઘ્નસ્વરૂપ વિક્ષેપ છે. સામાન્ય રીતે તેવા પ્રકારની કર્મપરિણતિના કારણે જ તેમને કોઇ વિઘ્ન નડતું નથી. અને ગુણમાત્ર પ્રત્યે રાગ હોવાથી લોકોત્તર ધર્મની આરાધના માટે તેઓ ખૂબ જ સરળતાથી તત્પર બને છે. અપુનર્બંધક આત્માઓ પહેલી ચારદૃષ્ટિવાળા હોવાથી તેમને વિશિષ્ટ જ્ઞાન ન હોવાથી તેઓ પોતાની મેળે લોકોત્તર મોક્ષમાર્ગમાં જોડાતા નથી. પરંતુ વિક્ષેપના અભાવે તથા ગુણમાત્ર પ્રત્યેના રાગના કારણે તેઓને સરળતાથી લોકોત્તર મોક્ષમાર્ગમાં લાવી શકાય છે. આ વાત સમજાવવા દૃષ્ટાંતને જણાવનારું ગાથાનું ઉત્તરાર્દ્ધ છે. તેનું તાત્પર્ય સ્પષ્ટ છે કે અરણ્યમાં કોઇ માર્ગથી ભ્રષ્ટ થાય તો ખેતર વગેરેમાંથી કેડી ઉપર આવે છે. ત્યાં કેડીએ આવતાં પહેલાં ખેતર વગેરેમાં જે માર્ગ હતો તે; વ્યવહારથી સામાન્ય રીતે માર્ગ ન હતો. એવી અવર્ત્તની (અમાર્ગ) ઉપર ચાલીને પણ જેમ વર્ત્તની(કેડીમાર્ગ)એ અવાય છે, તેમ અપુનર્બંધક દશાને પામેલા આત્માઓને વ્યવહારથી જે મોક્ષમાર્ગ નથી એવા લૌકિક

ધર્મના ઉપદેશાદિ દ્વારા સમ્યગ્દર્શનાદિસ્વરૂપ લોકોત્તર મોક્ષમાર્ગે અવતારી શકાય છે. અહીં ખેતર વગેરેમાંના માર્ગને અવર્ત્તની(અમાર્ગ-કુમાર્ગ)-સ્વરૂપે જે જણાવ્યો છે તે વ્યવહારથી જ સમજવું. કારણ કે નિશ્ચયનયની અપેક્ષાએ તો જે ઈષ્ટસ્થાને પહોંચાડે તે બધા જ માર્ગ હોવાથી, ઉપર જણાવ્યા મુજબ અરણ્યમાં ભૂલો પડેલો જો અવર્ત્તનીએ ચાલીને ઈષ્ટ સ્થાને પહોંચતો હોય તો તેના માટે તે અવર્તની નથી, વર્ત્તની જ છે. વ્યવહારનય તો; લોકરૂઢ અર્થને જણાવતો હોવાથી ખેતરમાંના માર્ગને માર્ગ કહેવાનું ઉચિત માનતો નથી. તેથી તેની અપેક્ષાએ જ અવર્ત્તની તરીકે એ માર્ગને જણાવ્યો છે. આથી સમજી શકાશે કે ધર્મદેશકોની ધર્મદેશના; ધર્માર્થી શ્રોતા જનોને જે રીતે મોક્ષમાર્ગના આરાધક બનાવી શકાય એ રીતે જ પ્રવર્ત્તતી હોય છે. આથી જ અન્ય ગ્રંથોમાં જણાવ્યું છે કે - "યોગીઓની ધર્મદેશના ધર્માર્થી જનોને લોકોત્તર માર્ગે સ્થાપન કરવાના અભિપ્રાયે હોય છે. કારણ કે સાધ્યનું સાધન બને તો જ સાધનની સાધનતા છે." સાધન સાધ્યસાધક બને નહિ તો સાધનને સાધન માનવાની આવશ્યકતા નથી. કોઇ વાર સામી વ્યક્તિને દેશનાથી લાભ જણાય નહિ તો યોગીજનો દેશના આપે નહિ. "તેમની દેશના નહિ આપવા સ્વરૂપ અચર્યા પણ એક જાતની ચર્યા છે. કેમ કે બોધિસત્ત્વો(યોગીન્દ્રો) લક્ષ્યવેધી(અવશ્ય ફલપ્રદ) એવી અવંધ્ય(સફળ) ચેષ્ટાને કરનારા હોય છે."...

આ પ્રમાણે અપુનર્બંધકદશાને પામેલા આત્માને લૌકિકધર્મસંબંધી ઉપદેશ આપવાનું જેમ યુક્તિયુક્ત છે તેમ તેવા પ્રકારના ઉપદેશાનુસાર તે આત્માનું લૌકિક ધર્માચરણ પણ દોષથી રહિત છે એમ યોગબિંદુમાં જણાવ્યું છે. "અપુનર્બંધકદશાને પામેલા એ આત્માઓ બધા જ દેવોને નમસ્કાર કરે છે. કોઇ એક દેવને નમસ્કાર કરતા નથી. આમ છતાં ઈન્દ્રિયોને અને ક્રોધને જેમણે જીતી લીધો છે એવા તે નરકાદિગતિમાં પડવા સ્વરૂપ ભયંકર દુર્ગો-સંકટોને ઉલ્લંઘી જાય છે."... ઈત્યાદિ વચનો વીતરાગપરમાત્માને નમસ્કાર નહિ કરનારાને ક્રમે કરી શ્રીવીતરાગ-પરમાત્માને નમસ્કાર કરાવનારાં હોવાથી ચારાને ચરનાર અને સંજીવનીને



નહિ ચરનાર એવા બળદને ચરાવવાનું જેમ દોષથી રહિત છે તેમ તે પણ દોષથી રહિત છે. ચારાને ચરનાર અને સંજીવનીને નહિ ચરનારનો વૃત્તાંત યોગબિંદુ શ્લો.નં. ૧૧૯ની ટીકામાં વિસ્તારથી વર્ણવ્યો છે. ॥૨૬॥

* * *

યોગમાર્ગના અધિકારીઓમાં બીજાને જે રીતે ઉપદેશ આપવાનો છે તે સંક્ષેપથી જણાવે છે–

**बीयस्स उ लोगुत्तरधम्मम्मि अणुव्वयाइ अहिगिच्च ।**
**परिसुद्धाणायोगा तस्स तहाभावमासज्ज ॥२७॥**

"યોગના અધિકારી તરીકે વર્ણવેલા આત્માઓમાં બીજા જે સમ્યગ્દષ્ટિ આત્માઓ છે તેમને લોકોત્તરધર્મના વિષય સ્વરૂપે પરિશુદ્ધ આજ્ઞા મુજબ અણુવ્રતાદિને આશ્રયીને શ્રોતાના મનના ભાવને જાણીને ઉપદેશ આપવો." આ અર્થ છે જેનો તે સત્તાવીસમી ગાથાનું તાત્પર્ય એ છે કે - પૂર્વે નવમી વગેરે ગાથાઓથી યોગના અધિકારી અને તેમનાં લિંગોનું વર્ણન કરતી વખતે જે ક્રમ રાખ્યો હતો તે ક્રમ મુજબ યોગના અધિકારીઓમાં બીજા સમ્યગ્દષ્ટિ આત્માઓ છે. તેમને લોકોત્તર ધર્મસ્વરૂપે પ્રાણાતિપાતાદિવિરમણ-સ્વરૂપ પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોને આશ્રયીને ઉપદેશ આપવો. એ ઉપદેશ પણ કષ, છેદ અને તાપથી પરિશુદ્ધ, શ્રીતીર્થંકરપરમાત્માના પરમતારક વચન સ્વરૂપ આજ્ઞા મુજબ આપવો. સામાન્ય રીતે જે શાસ્ત્રમાં સ્થાને સ્થાને વિધિવાક્યો અને નિષેધવાક્યો પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે - તે શાસ્ત્રને કષશુદ્ધ કહેવાય છે. જે શાસ્ત્રમાં પૂર્વોક્ત વિધિવાક્ય અન નિષેધવાક્યના અર્થના નિર્વાહ માટે ઉપાયો જણાવ્યા છે તે શાસ્ત્રને છેદશુદ્ધ શાસ્ત્ર કહેવાય છે અને જે શાસ્ત્રમાં વિધિના અનુપાલનથી તથા નિષિદ્ધની નિવૃત્તિથી પ્રાપ્ત થનારા તે તે ફળની સિદ્ધિ માટે જીવાદિ પદાર્થોને કથંચિદ્ નિત્યાનિત્યાદિ સ્વરૂપે માનવામાં આવ્યા છે, પરંતુ એકાંતે નિત્ય કે અનિત્ય વગેરે સ્વરૂપે માનવામાં આવ્યા નથી - તે

શાસ્ત્રને તાપશુદ્ધ કહેવાય છે. શ્રી વીતરાગ પરમાત્માના પરમતારક વચનને છોડીને અન્ય કોઇ પણ શાસ્ત્ર; કષ, છેદ અને તાપ સ્વરૂપ ત્રિકોટિથી પરિશુદ્ધ નથી. સમ્યગ્દષ્ટિ આત્માને ત્રિકોટીથી પરિશુદ્ધ શાસ્ત્ર મુજબ ઉપદેશ આપવો જોઇએ તેમ જ શ્રોતા - સમ્યગ્દષ્ટિ આત્માના અભિપ્રાય(રુચિ)ને જાણીને જે જે પરિણામ પામે તેનો તેનો જ ઉપદેશ આપવો. પરંતુ; 'લોકોત્તર ધર્મસ્વરૂપ છે અને શાસ્ત્રાનુસારી છે માટે; પરિણમે કે ન પરિણમે તોપણ ઉપદેશ આપવો' - એવું કરવું નહિ... એ પરમાર્થ છે. ।।૨૭।।

* * *

આ રીતે શા માટે, સુપ્રસિદ્ધ (સૌથી પહેલાં સાધુધર્મનો ઉપદેશ આપવો જોઇએ - એ રીતે સુપ્રસિદ્ધ) સાધુધર્મનું ઉલ્લંઘન કરી સમ્યગ્દષ્ટિ આત્માને શ્રાવકધર્મનો ઉપદેશ કરવાનું જણાવ્યું છે - આ શંકાનું સમાધાન કરે છે–

**तस्साऽऽसण्णत्तणओ तम्मि दढं पक्खवायजोगाओ ।**
**सिग्घं परिणामाओ सम्मं परिपालणाओ य ।।२८।।**

"સમ્યગ્દષ્ટિ આત્માને શ્રાવકધર્મ નજીક હોવાથી; તેને વિશે મજબૂત પક્ષપાત(રાગ) થવાથી, તુરત જ પરિણામ પામતો હોવાથી અને તેનું સારી રીતે પાલન થતું હોવાથી; સાધુધર્મનું ઉલ્લંઘન કરીને શ્રાવકધર્મનો ઉપદેશ અપાય છે." - આ પ્રમાણે અટ્ઠાવીસમી ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ એ છે કે સમ્યગ્દષ્ટિ આત્માને ચોથું ગુણસ્થાનક હોવાથી તેની નજીકમાં પાંચમા ગુણસ્થાનકનો શ્રાવકધર્મ ભાવથી પ્રાપ્ત કરી શકવા માટે શ્રાવકધર્મ સમ્યગ્દષ્ટિ આત્માને આસન્ન (ખૂબ જ સમીપ) છે. કારણ કે શાસ્ત્રમાં જણાવ્યું છે કે સમ્યગ્દર્શનને પામ્યા પછી બેથી નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિનો હ્રાસ થયા પછી શ્રાવકધર્મની પ્રાપ્તિ થાય છે. આથી સમજી શકાશે કે સમ્યગ્દષ્ટિ આત્માને શ્રાવકધર્મ ખૂબ જ નજીક છે; તેથી જ તેને વિશે તેઓને દઢ પક્ષપાત (કર્ત્તવ્યતાગર્ભિત સુનિશ્ચય) થાય છે. કારણ કે જે વસ્તુ અતિશય નિકટ હોય છે તેમાં ભાવથી પોતાને અનુરાગ હોવાથી



પક્ષપાત થાય છે. આથી આ પક્ષપાતના કારણે જ એ શ્રાવકધર્મ સમ્યગ્દષ્ટિ આત્માને જલદી ક્રિયા કરવાથી પરિણામ પામે છે. કારણ કે તેની પ્રત્યે પક્ષપાત હોવાથી તે ક્રિયારૂપે તુરત જ પરિણામ પામે છે. તેમ જ પરિણત થયેલો એ શ્રાવકધર્મ પરિણતિસ્વરૂપ ગુણના કારણે સમ્યગ્દષ્ટિ આત્માઓથી સૂત્ર-આજ્ઞા મુજબ પળાય છે... એ કારણે સમ્યગ્દષ્ટિ આત્માઓને; સુપ્રસિદ્ધ સાધુધર્મને છોડીને પ્રથમ શ્રાવકધર્મનો ઉપદેશ કર્યો છે.

'આ રીતે પ્રથમ શ્રાવકધર્મનો ઉપદેશ કર્યો હોવા છતાં સુપ્રસિદ્ધ સાધુધર્મનું ઉલ્લંઘન થવાથી તે તે ગ્રંથનો વિરોધ આવે છે જ' - આ કથન યુક્ત નથી. કારણ કે એ કથન અણુવ્રતાદિના પ્રદાનકાળની અપેક્ષાએ છે. આશય એ છે કે કોઇ પુણ્યાત્મા ધર્મગ્રહણ કરવાની ભાવનાવાળો થઇ ગુરુ પાસે જાય ત્યારે ગુરુદેવે તેને સૌથી પ્રથમ સાધુધર્મનું જ પ્રદાન કરવું જોઇએ, શ્રાવકધર્મનું નહિ. જ્યારે શ્રોતા સાધુધર્મ ગ્રહણ કરવાની અશક્તિ વગેરે દર્શાવે તો પછી શ્રાવકધર્મ આપવો. સાધુધર્મનું ઉલ્લંઘન નહિ કરવાની વાત ધર્મના પ્રદાનકાળની છે. પરંતુ માત્ર ધર્મનો ઉપદેશ જ આપવાનો હોય ત્યારે પ્રથમ શ્રાવકધર્મનો પણ ઉપદેશ આપી શકાય છે, આથી અન્ય તે તે ગ્રંથનો કોઇ વિરોધ નથી. જો આવું ન હોત તો અહીં ચોક્કસ જ વિરોધ આવત. ।।૨૮।।

* * *

ક્રમપ્રાપ્ત યોગના અધિકારીભૂત ત્રીજા ચારિત્રવંતને જે રીતે ઉપદેશ આપવો જોઇએ તે જણાવે છે–

**तइयस्स पुण विचित्तो तहुत्तरसुजोगसाहगो णेओ ।**
**सामाइयाइविसओ णयनिउणं भावसारो त्ति ।।२९।।**

યોગના અધિકારી તરીકે વર્ણવેલા આત્માઓમાં જે ત્રીજા ચારિત્રવંત આત્માઓ છે તે દેશવિરતિવાળા શ્રાવકોને જુદા જુદા પ્રકારનો, તે પ્રકારે ઉત્તરોત્તર સુયોગને સિદ્ધ કરી આપનારો અને સામાયિકાદિના વિષયને

આશ્રયીને સંવેગમોક્ષનો અભિલાષ મુખ્ય છે જેમાં એવો ઉપદેશ; સદ્ભાવને ખેંચી લાવવામાં નિપુણ બને તે રીતે આપવો.'' - આ પ્રમાણે ઓગણીત્રીસમી ગાથાનો અર્થ છે - કહેવાનો સારાંશ એ છે કે યોગના અધિકારી વગેરેના ઉપન્યાસક્રમમાં ત્રીજા ચારિત્રવંત આત્માઓ છે. તેમાંથી પ્રકરણના અનુરોધથી દેશચારિત્રીશ્રાવકોને અનેક પ્રકારનો ઉપદેશ આપવો, કારણ કે દેશવિરતિધરની સર્વવિરતિ સુધીની વચ્ચેની અનેક ભૂમિકાઓ છે. તે તે ભૂમિકાને ઉચિત ઉપદેશ અનેક પ્રકારનો થાય છે. એ ઉપદેશ સામાન્ય રીતે શ્રાવકની પ્રતિમાઓ (૧૧ અભિગ્રહ-વિશેષ)ના ક્રમમાં રહેલા સુયોગોને ઉત્તરોત્તર સાધી આપનારો હોય છે. તે ઉપદેશથી સાધ્યસ્વરૂપે સામાયિકચારિત્ર અને છેદોપસ્થાપનીયચારિત્ર (દીક્ષા અને વડી દીક્ષા) વગેરે પ્રાપ્ત થવાના કારણે તે ઉપદેશ સામાયિકાદિ વિષયવાળો હોય છે. પ્રાસાદ બનાવવાના ઈરાદે પાયાની ભૂમિ શુદ્ધ કરવાદિની ક્રિયા જેમ પ્રાસાદવિષયક મનાય છે તેમ શ્રાવકોને અપાતો તે તે ઉપદેશ તેમને સામાયિકાદિની પ્રાપ્તિ થાય એવા ઈરાદે અપાય છે તેથી તે ઉપદેશ સામાયિકાદિ-વિષયક છે. આ ઉપદેશ કઈ રીતે આપવો એ જણાવવા ગાથામાં 'નયનિપુણ' એ ક્રિયાવિશેષણ છે. ત્યાં સદ્ભાવને લાવવામાં કારણભૂત શ્રોતાઓને આકૃષ્ટ કરવા; તેમનામાં શુશ્રૂષા અને જિજ્ઞાસાદિ વધે વગેરે માટે જે કરવું પડે તે નય તરીકે ગૃહીત છે. એવા નયની કુશલતાએ શ્રાવકોને સંવેગથી સ્વતઃ વાસિત બની ગયેલા અંતઃકરણ વડે સંવેગ છે સાર-પ્રધાનભૂત-જેમાં એવો ઉપદેશ આપવો. કારણ કે મોટા ભાગે ભાવથી ભાવની પ્રાપ્તિ થાય છે. ॥૨૯॥

* * *

શ્રાવકોને જે ઉપદેશ આપવાનો છે તે જણાવવા માટે ફરમાવે છે કે–

**सद्धम्माणुवरोहा वित्ती दाणं च तेण सुविसुद्धं ।**
**जिणपूय-भोयणविही संझाणियमो य जोगंतो ॥३०॥**



"સદ્ધર્મનો વિનાશ ન થાય એ રીતે આજીવિકા ચલાવવી; સદ્ધર્મથી જ વિશુદ્ધ દાન આપવું; શ્રી જિનપૂજા, ભોજનવિધિ; સંધ્યા-નિયમ અને અંતે યોગ - આ બધા વિષય; શ્રાવકોને આપવા યોગ્ય ઉપદેશ સંબંધી છે'' - આ પ્રમાણે ત્રીશમી ગાથાનો અર્થ છે. એ અર્થને સહેજ વિસ્તારથી સમજાવવા ટીકામાં ફરમાવ્યું છે કે - પોતાની ભૂમિકા મુજબ (કક્ષા મુજબ) જીવનનિર્વાહ કરવો જોઈએ. દા.ત. અણુવ્રતોને ધરનારા શ્રાવકોએ પંદર પ્રકારના કર્માદાનસંબંધી વ્યાપારનો ત્યાગ કરી જીવનનિર્વાહ કરવો જોઈએ. જીવનનિર્વાહ માટે કર્માદાન નહિ સેવવાં. સદ્ધર્મના અનુરોધથી જ શક્તિ મુજબ દાન આપવું. 'ધનની મૂર્ચ્છા ઉતારવા માટે અને ભવથી નિસ્તાર પામવા માટે શ્રી વીતરાગપરમાત્માએ દાન આપવાનું ફરમાવ્યું છે - આવા પ્રકારની શ્રદ્ધાપૂર્વક દાન આપવાનું છે. પરંતુ સમાજમાં બેઠા છીએ એટલે આપવું પડે, નહિ તો ખરાબ લાગે... વગેરે ભાવથી આપવાનું નથી. જ્યારે પણ જેને દાન આપીએ ત્યારે તેને તે દાન સત્કારપૂર્વક આપવું જોઈએ. જે વ્યક્તિને દાન આપવાનું છે તેને બોલાવવા જવું; આવ્યેથી 'આવો, બેસો' કહેવું; 'આ ગ્રહણ કરો અને મને કૃતાર્થ કરો'... ઈત્યાદિ રીતે સત્કારપૂર્વક દાન આપવું. પરંતુ 'અહીં શું છે ? તમારા માટે કમાઈએ છીએ ? માંગવાની તમને ટેવ પડી છે. આવ્યા છો તો લઈ જાવ'... વગેરે રીતે તિરસ્કાર કરીને આપવું નહિ. સત્કારપૂર્વકનું દાન પણ યોગ્ય કાળે - અવસરે આપવું. આમ પણ કોઈ પણ કામ તેના અવસરે હિતાવહ હોય છે. એટલે દાન પણ તેના અવસરે જ આપવું જોઈએ. અનવસરે આપેલું દાન વિવક્ષિત ફળનું કારણ બનતું નથી. આવા પ્રકારનું પણ દાન ઉપયોગપૂર્વક-જ્ઞાનવિશેષપૂર્વક આપવું જોઈએ. ધનની મૂર્ચ્છા ઉતારવા માટે દાન છે. તે દાન પાત્રાપાત્રના ભેદને સમજીને પાત્રમાં જ આપવાનું છે. સુપાત્રદાન તેમ જ અનુકંપાદાન એ બંનેનાં પાત્ર જુદાં જુદાં છે. તે તે પાત્રને જાણીને સુપાત્રદાન કે અનુકંપાદાન કરવું જોઈએ. સુપાત્રમાં અનુકંપાદાન અને અનુકંપાપાત્રમાં સુપાત્રદાન કરવાથી અતિચાર લાગે છે. તેથી દાન આપતી વખતે મતિવિશેષનો

ઉપયોગ કરવો જોઇએ. સર્વથા સમજણનો ઉપયોગ કર્યા વિના સમ્મૂર્ચ્છિમની જેમ દાન આપવું નહિ. આ રીતે ઉપયોગપૂર્વકનું પણ દાન; આ લોક કે પરલોક સંબંધી કોઇ પણ વસ્તુની કામના વિના આપવું જોઇએ. આ લોકાદિ સંબંધી કોઇ પણ વસ્તુને પામવાના ઇરાદે અપાતું દાન, વસ્તુતઃ દાનધર્મસ્વરૂપ નથી. પરંતુ તે એક જાતનો ધંધો બને છે. નિષ્કામભાવે દાન આપ્યા પછી અભિમાન કરવું નહિ અને પશ્ચાત્તાપ વગેરે કરવો નહિ અર્થાદ્ દાનને દૂષિત બનાવનારા દોષોનું વર્જન કરવું - આ વસ્તુને જણાવવા **अकामादि** અહીં '**आदि**' પદનું ગ્રહણ છે.

શ્રદ્ધા, સત્કાર, કાળ, મતિવિશેષ, અકામાદિના વિષયવાળું જ્ઞાન મૃગલાઓની વૃત્તિ મુજબ નિરંતર કરવાનું છે. મૃગલાઓ જેમ દરરોજ ઘાસ ખાવા અને પાણી પીવા જાય છે તેમ ગૃહસ્થે પણ ઉપર જણાવ્યા મુજબ દરરોજ દાન આપવાનું છે - એ જણાવવા માટે **एणवृत्त्यनन्तरम्** આ પ્રમાણે પાઠ છે.

શ્રાવકોને આપવા યોગ્ય ઉપદેશના વિષય તરીકે શ્રી જિનપૂજાવિધિ અને ભોજનવિધિ વિવક્ષિત છે. તેમાં શ્રી જિનપૂજાવિધિ સામાન્યથી નીચે જણાવ્યા મુજબ છે. શ્રી જિનપૂજા કરનારે સ્નાનાદિ દ્વારા શરીરને શુદ્ધ કરી અને પ્રણિધાનાદિ આશયને પ્રાપ્ત કરી આત્માને શુદ્ધ કરી દ્રવ્યથી અને ભાવથી બંને રીતે પવિત્ર થવું જોઇએ. પૂજાના મધ્યાહ્નાદિ કાળે જ પૂજા કરવાનો અભિગ્રહ રાખવો જોઇએ. પૂજા માટે શુદ્ધ પુષ્પ વગેરે મેળવવાં જોઇએ. આંગી માટે પ્રયત્ન કરવો; એ વખતે ખંજવાળ કે ખાંસી વગેરે આવે તો તે સંબંધી પ્રવૃત્તિ કર્યા વિના સહન કરી લેવું. મન-વચન-કાયાની એકાગ્રતા કેળવી લેવી. ભાવસ્તવના અવસરે સુંદરસ્તોત્રથી સ્તવના કરવી. વિધિપૂર્વક વંદન કરવું; અને પ્રાર્થના (જય વીયરાય) સૂત્રાદિથી કુશલ પ્રણિધાન કરવું - આ પ્રમાણે સામાન્યથી પૂજાવિધિ છે.

ભોજનના અવસરે ઉચિત દાન આપવાનું શક્ય હોય તો ચોક્કસ જ દાન આપવું (અતિથિને વહોરાવવું વગેરે); કીડીઓ વગેરે છે કે નહિ તે જોવું; ભાણામાં કેટલું છે, વપરાશે કે નહિ તે જોવું; માતાપિતા વગેરેના



જમ્યા પછી જમવાદિ સ્વરૂપ ઔચિત્યનું પાલન કરવું; ભોજનના સ્થાને બેસવું અર્થાદ્ બેસીને વાપરવું, ઊભા ઊભા નહિ વાપરવું; દ્રવ્ય કે વિગઇ વગેરેના નિયમને યાદ કરવો; શક્ય બને તો નિયમના વિષયમાં અધિક સંક્ષેપ કરવો; વ્રણ (ઘા) ઉપર લગાડાતા લેપની જેમ આવશ્યક પ્રમાણમાં જ વાપરવું. આ પ્રમાણે સામાન્યથી ભોજનવિધિ છે. સાંજે દેરાસરે જવું; પ્રતિક્રમણ કરવું વગેરે સ્વરૂપ સંધ્યાનિયમ છે અને રાત્રે શયન પૂર્વે અનિત્યાદિ વિવિધ ભાવનાઓનું પરિભાવન સ્વરૂપ યોગ જેના અંતમાં છે - એવો ઉપદેશ શ્રાવકોને આપવો જોઇએ... આ પ્રમાણે ત્રીશમી ગાથાનો પરમાર્થ છે. ॥૩૦॥

* * *

ગૃહસ્થોને યોગનો સંભવ ન હોવાથી ઉપદેશના અંતે યોગનો ઉપદેશ શા માટે અપાય - આવી શંકાનું સમાધાન કરવા માટે એકત્રીસમી ગાથા છે–

**चिइवंदण जइविस्सामणा य सवणं च धम्मविसयं ति ।**
**गिहिणो इमो वि जोगो किं पुण जो भावणामग्गो ? ॥३१॥**

ચૈત્યવંદન, યતિવિશ્રામણા અને ધર્મનું શ્રવણ - આ પણ શ્રાવકોનો યોગ છે તો પછી જે ભાવનામાર્ગ છે, તે યોગ કેમ ન હોય ? - આ પ્રમાણે એકત્રીસમી ગાથાનો શબ્દાર્થ છે. ભાવાર્થ સ્પષ્ટ છે કે "આ ત્રણ ભુવનના ગુરુ છે; સજ્જનો માટે વંદનીય છે; આ જ વાસ્તવિક તત્ત્વ છે; એ આ ગુણજ્ઞતા છે; આ પરમકલ્યાણસ્વરૂપ છે; દુઃખસ્વરૂપ પર્વતને ભેદવા માટે વજ્રસમાન છે; સુખની પ્રાપ્તિ માટેનું કલ્પવૃક્ષ છે; સમગ્ર જીવલોકમાં સારભૂત છે અને દુર્લભ ગણાતી વસ્તુઓમાં સૌથી વધારે આ દુર્લભ એવું ચૈત્યવંદન છે." - આ પ્રમાણેના શુભ અધ્યવસાયના કારણે સારી રીતે ઉલ્લાસ પામતા અદ્વિતીય સમ્મદ(હર્ષ-ગાઢ તૃપ્તિ)ના કારણે ઉત્પન્ન આનંદવાળું જે ચૈત્યવંદન છે; તે સ્વરૂપ યોગ ગૃહસ્થને હોય છે.

યતિવિશ્રામણાસ્વરૂપ યોગ ગૃહસ્થને હોય છે. "આ સાધુ ભગવંતો ચારિત્રને ધરનારા છે; શ્રીવીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ ચારિત્રનું પાલન કરવામાં આ પ્રયત્નશીલ છે; આથી આ સિવાય બીજું કાંઇ કૃત્ય નથી; સમગ્રગુણોનો આ પ્રકર્ષ છે; આ સાધુભગવંતોની કાયા પોતાના ચોક્કસ પ્રયત્નથી રક્ષણીય છે; તેથી આ પ્રયત્ન આત્મગુણોની વૃદ્ધિ કરનારો છે; શુભ ભાવનું આ બીજ છે; આ મહાવીર્ય (ઉચિત પુરુષાર્થ) છે; આ ઉચિત વિશ્રામણા (પૂ. સાધુભગવંતના શરીરની સારસંભાળ) છે." - આ પ્રમાણે મહા(પ્રશસ્ત)વિવેકની પ્રધાનતાવાળી અને સંવેગ (મોક્ષનો તીવ્ર અભિલાષ) જેમાં સારભૂત છે - એવી યતિ-વિશ્રામણા પણ ગૃહસ્થનો યોગ છે.

આવી જ રીતે ધર્મશ્રવણ પણ ગૃહસ્થોને યોગસ્વરૂપે હોય છે. "આ શ્રુતધર્મ ઉત્તમ છે; અજ્ઞાનસ્વરૂપ અંધકારને દૂર કરવા સૂર્યસમાન છે; પાપનો વધ કરવા માટે પડહસ્વરૂપ છે; સમગ્રવિશ્વમાં શ્રવ્ય (સાંભળવા યોગ્ય) ગણાતી વસ્તુઓમાં સૌથી શ્રેષ્ઠ છે; દેવલોકમાં પહોંચાડનારો સેતુ (પુલ) છે; આ ધર્મ, મરણને દૂર કરતો હોવાથી ભાવ અમૃત છે; મોક્ષમાર્ગનો દેશક છે; શ્રીતીર્થંકરપદની પ્રાપ્તિનું બીજ છે; આ શ્રુતધર્મ શ્રી જિનેશ્વરદેવોએ દર્શાવ્યો છે; આ ધર્મને છોડીને બીજું કોઇ જ કલ્યાણકર નથી; આ પ્રમાણે વિશિષ્ટ રીતે ધર્મના માહાત્મ્યને સમજીને સાંભળવાની ઇચ્છાપૂર્વક ધર્મનું શ્રવણ કરવું - એ પણ શ્રાવકનો યોગ છે. કારણ કે 'મોક્ષની સાથે જે જોડી આપે છે તેને યોગ કહેવાય છે' - આ **યોગ** પદનો અન્વર્થ (વ્યુત્પત્ત્યર્થ) ધર્મશ્રવણાદિમાં સંગત થાય છે. જો આ રીતે ચૈત્યવંદનાદિસ્વરૂપ વિશુદ્ધ બાહ્ય પ્રવૃત્તિ યોગસ્વરૂપ હોય તો ભાવનામાર્ગ શા માટે યોગ સ્વરૂપ ન હોય ?

આ ભાવનામાર્ગ પરમોચ્ચકોટિના શુક્લધ્યાનને લાવી આપતો હોવાથી પરમધ્યાનનો બંધુ છે; તેથી તે યોગ જ છે. શ્રાવકે તેનો આદર કરવો જોઇએ. પવિત્ર જગ્યાએ રાગાદિ સંક્લેશના વિઘાત માટે પદ્માસનાદિ આસન કરવા દ્વારા ગુરુને પ્રણામ કરવા પૂર્વક - "ઇન્દ્રજાળસમાન આ



જીવલોક અસાર છે; વિષયો વિષસમાન છે; વજ્ર જેવું દુઃખ કઠોર છે; પ્રિયસંગમ (મેળાપ) અસ્થિર છે; સંપત્તિ અસ્થિર છે; મહાદુર્ગતિનું કારણ એવો પ્રમાદ દારુણ છે; અને મહાધર્મ(ચારિત્ર)નું એકમાત્ર સાધન મનુષ્યપણું દુર્લભ છે; તેથી મારે એ પ્રાપ્ત થયું હોવાથી મને બીજાનું કોઇ કામ નથી, તેના વડે સર્યું ! આ ધર્મની સાધનામાં જ હું પ્રયત્ન કરું, આ ધર્મમાં ઉપેક્ષા કરવાનું યોગ્ય નથી; મૃત્યુ સમર્થ છે; આ સંસારમાં ગુરુભગવંતનું દર્શન દુર્લભ છે; અને સદ્ગુરુભગવંતની પાસે રહેવા વગેરે સ્વરૂપ સદ્ગુરુનો યોગ દુર્લભ છે." - આ પ્રમાણેના પ્રશસ્તભાવથી અનુગત એવા તે તે પદાર્થોથી શ્રાવકે ભાવનામાર્ગનું અનુષ્ઠાન કરવું જોઇએ. આથી સમજી શકાશે કે ગૃહસ્થોને પણ તેમની અવસ્થા મુજબ યોગ હોય છે જ. આ આશયથી જ અન્યગ્રંથોમાં પણ ફરમાવ્યું છે કે—

મોક્ષની સાથે આત્માનો સંબંધ થતો હોવાથી તેના કારણભૂત તે તે સાધ્વાચારાદિ આચારને ઋષિઓમાં શ્રેષ્ઠ એવા મહાત્માઓએ યોગ કહ્યો છે. પુરુષ(આત્મા)નો પરાભવ (જ્ઞાનાદિ સ્વરૂપનો અવરોધ) કરવાનો સ્વભાવ જેનો નિવૃત્ત થયો છે એવી પ્રકૃતિ(કર્મ)ની વિદ્યમાનતા વખતે મોક્ષ-સાધનભૂત તે તે આત્મવ્યાપારસ્વરૂપ યોગ લેશથી પણ ચોક્કસ હોય છે.

મહાસમુદ્રના ક્ષોભ પામવાથી નદીમાં જે પાણીનું પૂર આવ્યું હતું તેનો ઉપસંહાર થવાથી જેમ નદીના જલની વૃદ્ધિની નિવૃત્તિ થાય છે તેમ નિવૃત્તપ્રકૃત્યધિકાર પુરુષને તે ઇન્દ્રિય અને કષાયને આધીન બનતો ન હોવાથી - પ્રતિસ્રોતગામી હોવાથી; દરરોજ વધતો વધતો યોગ હોય છે.

રાગ-દ્વેષની તીવ્ર પરિણતિ સ્વરૂપ ગ્રંથિને જેણે ભેદી નાખી છે - એવા જીવોનું પ્રાયઃ ચિત્ત મોક્ષમાં હોય છે અને શરીર સંસારમાં હોય છે. તેથી તે જીવોની અર્થકામાદિની પ્રવૃત્તિ સ્વરૂપ બધો યોગ વસ્તુતઃ સમ્યગ્દર્શનાદિસ્વરૂપ યોગ કહેવાય છે.

પોતાના પતિથી ભિન્ન એવા પુરુષમાં આસક્ત એવી સ્ત્રીને સદા તે અન્યપુરુષમાં રાગ હોવાથી પોતાના પતિની સેવા વગેરે યોગ અને

પાપબંધ જેમ હોય છે; તેમ ભિન્નગ્રંથિક જીવોને પણ મોક્ષના વિષયમાં કુટુંબચિંતાદિ વ્યાપાર અને નિર્જરાફળ સમજવું જોઇએ.

રાગદ્વેષની તીવ્રપરિણતિ સ્વરૂપ ગ્રંથિનો ભેદ થવાથી મોક્ષની ઉત્તમતાને જે જીવ જુએ છે તેને કર્મના યોગે પુત્રાદિની ચિંતામાં તે આકુળ હોવા છતાં મોક્ષમાં ચિત્ત થતું નથી એવું નથી બનતું અર્થાદ્ ચિત્ત થાય છે જ.

આથી જ પ્રતિબંધ(રાગ)વિશેષને લઇને સજ્જનોનું સ્વભાવથી થતું થોડું એવું પણ અનુષ્ઠાન ભાવને આશ્રયીને શ્રેષ્ઠ મનાય છે.

ભિન્નગ્રંથિક જીવનું પણ બધું જ એવા પ્રકારનું આ અનુષ્ઠાન દૈનિક કર્મના નિયોગથી થતું હોય છે, મનથી નહિ; તેથી તે યોગ છે - એ ચોક્કસ થાય છે... આ પ્રમાણે એકત્રીસમી ગાથાનો પરમાર્થ છે. ॥૩૧॥

* * *

શ્રાવકને આપવાના ઉપદેશના વિષયનું નિરૂપણ કરતાં જે અવાંતર વાત (શ્રાવકને યોગનો સંભવ હોય કે નહિ) આવી તેનો ઉપસંહાર કરતાં બત્રીશમી ગાથામાં ફરમાવ્યું છે કે–

**एमाइवत्थुविसओ गिहीण उवएस मो मुणेयव्वो ।**
**जइणो उण उवएसो सामायारी जहा सव्वा ॥३२॥**

પૂર્વે જણાવ્યા મુજબ શ્રાવકને કર્માદાનનો ત્યાગ કરી આજીવિકાદિ વિષયને અનુલક્ષીને ઉપદેશ જાણવો. યતિને તો કર્મના ક્ષયોપશમની યોગ્યતાનુસાર સર્વ સાધુસામાચારીને અનુલક્ષીને ઉપદેશ છે. આ પ્રમાણે બત્રીશમી ગાથાનો શબ્દાર્થ છે. આશય સ્પષ્ટ છે કે શ્રાવકના કર્માદાનનો ત્યાગ કરી આજીવિકા; દરરોજ સુપાત્રદાન અને શ્રી જિનપૂજાદિ સંબંધી ઉપદેશ આપવાનો છે. તેમ જ શ્રાવકની પ્રકૃતિનો વિચાર કરી બીજો પણ; વ્રતની પ્રાપ્તિ, રક્ષા કે પરિપૂર્ણતા સંબંધી સૂક્ષ્મ પદાર્થોનું આલંબન લઇને ઉપદેશ આપવો જોઇએ. મૂળગાથામાં **एमाइ** અહીં જે **आदि** પદ છે, તે પદથી અન્ય ઉપદેશ પણ સંગૃહીત છે. ગૃહસ્થોને-શ્રાવકોને એ ઉપદેશ



પૂર્વે જણાવ્યા મુજબ સમીપ છે, દૃઢપક્ષપાતનું કારણ બને છે અને વિલંબ વિના પરિણમે છે. એ કારણસર આપેલો તે ઉપદેશ સફળ બને છે.

સર્વચારિત્રને ધરનારા યતિઓને તો તેઓ ભાવથી પ્રવ્રજ્યાનું પાલન કરતા હોવાથી શિષ્ટ પુરુષો દ્વારા જેનું આચરણ કરાયું છે એવી સકલ ક્રિયાઓના સમુદાય સ્વરૂપ સર્વસામાચારીનો ઉપદેશ; યતિઓના ચારિત્રમોહનીયાદિ કર્મના ક્ષયોપશમની યોગ્યતાનુસાર આપવો જોઇએ. અન્યથા એવા કર્મક્ષયોપશમનો વિચાર કરવામાં ન આવે તો ઉપદેશ સફળ નહિ બને. ઉપદેશકનું કર્તવ્ય છે કે ઉપદેશ નિષ્ફળ ન જાય - તે જોવું. ઉત્તરોત્તર ચારિત્રમોહનીયાદિ કર્મોનો ક્ષયોપશમ જેમ વધે તેમ ઉપદેશકે ઉપદેશ આપવો જોઇએ. ॥૩૨॥

* * *

જે સામાચારીનો ઉપદેશ પૂ. સાધુભગવંતોને આપવાનો છે; તે સામાચારીને ઉદ્દેશીને કહે છે–

**गुरुकुलवासो गुरुतंतयाय उचियविणयस्स करणं च ।**
**वसहीपमज्जणाइसु जत्तो तह कालवेक्खाए ॥३३॥**

ગુરુપારતંત્ર્યથી ગુરુકુળમાં રહેવું..., ઉચિતજ્ઞાનદર્શનાદિનો વિનય કરવો; વસતિની પ્રમાર્જનામાં તેમ જ ઉપધિ વગેરેની પ્રમાર્જનામાં ઉચિતકાળની અપેક્ષાએ પ્રયત્ન કરવો. (એ યતિજનો માટે ઉપદેશ છે - આ પ્રમાણે પાંત્રીશમી ગાથામાં સંબંધ છે) આ તેત્રીસમી ગાથાનો અક્ષરાર્થ છે. તેને સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે - ગુરુકુળવાસ યતિઓનો મૂળગુણ છે. શ્રી આચારાંગસૂત્રમાં પ્રારંભે જ એ વાત સ્પષ્ટપણે જણાવી છે. **सुअं मे आउसंतेण...** આ સૂત્રમાં શ્રી સુધર્મસ્વામીએ જણાવ્યું છે કે 'શ્રી મહાવીરપરમાત્માની સાથે રહેતા એવા મારા વડે સંભળાયું છે...' શ્રીસુધર્મસ્વામી પાંચમા ગણધર હતા, શાસનના નાયક હતા; તોપણ પોતાના પરમતારક ગુરુભગવંત શ્રી મહાવીરપરમાત્માની સાથે રહેતા હતા

અને તેથી જ તેઓશ્રીએ શ્રીમદ્ વીતરાગપરમાત્માના શ્રીમુખે સાંભળેલું, જે ક્રમશઃ આચારાંગમાં તેઓશ્રીએ વર્ણવ્યું છે. શ્રી ગણધરભગવંત જો ગુરુકુળવાસમાં રહેતા હોય તો તેઓશ્રીની પરમતારક આજ્ઞાને પ્રમાણ બનાવનારા પૂ. સાધુ-સાધ્વીજીએ પણ ગુરુકુળવાસમાં જ રહેવું જોઇએ. પરંતુ પોતાની સાથે જેમને મેળ છે - એવા લોકોની સાથે રહેવું નહિ જોઇએ. ગુરુકુળવાસમાં રહેવું એટલે 'માત્ર ગુર્વાદિક સાથે રહેવું' એ નથી. પરંતુ ગુરુની સાથે તેઓશ્રીનું પારતંત્ર્ય કેળવીને રહેવું. 'ઉપદેશરહસ્ય'માં ગુરુકુળવાસમાં રહેવાથી જે લાભ થાય છે - તેનું વિસ્તારથી વર્ણન છે. જિજ્ઞાસુઓએ વહેલામાં વહેલી તકે એનું અધ્યયન કરી લેવું જોઇએ. વર્તમાનમાં મોટા ભાગે ગુરુકુળવાસમાં સૌ કોઇ રહે છે, પરંતુ ગુરુપારતંત્ર્ય (ગુરુને આધીન બનીને) કેળવીને ગુરુકુળવાસમાં રહેનારા ખૂબ જ અલ્પ છે. ગુરુકુળવાસથી પ્રાપ્ત થતી અનુકૂળતાના અર્થી હોવાથી ગુરુકુળવાસમાં રહેવું અને ગુર્વાદિકને અનુકૂળ બનવા, ગમે તે પ્રતિકૂળતા વેઠી ગુરુકુળવાસમાં રહેલું - એ બેમાં ઘણો જ ફરક છે. સાધુપણામાં આ ગુણ હોય તો બીજા ગુણો તો ખૂબ જ સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે અને ભૂતકાળના અનેક પ્રબળ દોષોથી ક્ષણવારમાં મુક્ત થઇ શકાય છે. કારણ ગમે તે હોય, પણ વર્તમાનમાં આ ગુણ માટે ખૂબ જ ઉપેક્ષા કરાય છે - તે મુમુક્ષુ આત્માઓના હિતનું કારણ નહિ બને. ગુરુની સાથે રહેવા માત્રથી 'ગુરુકુળવાસ' ગુણની પ્રાપ્તિ થતી નથી. પરંતુ 'ગુરુપારતંત્ર્ય'થી ગુરુની સાથે રહેવાથી જ 'ગુરુકુળવાસ' સ્વરૂપ સાધુસામાચારીનું પાલન થાય છે - એ જણાવવા ગાથામાં **गुरुतंतयाय** આ પદ છે. આશય એ છે કે પ્રવ્રજ્યાના સ્વીકાર વખતે પોતાના મન-વચન-કાયાના યોગોનું સમર્પણ પોતાના ભવનિસ્તારક પૂ. ગુરુદેવશ્રીને કરવામાં આવે છે. આ રીતે પોતાની જાતનું પ્રદાન કરવા સ્વરૂપ વ્રતપાલન કરવા દ્વારા 'ગુરુકુળવાસ'નું આચરણ કરવાનું છે. પોતાની ઇચ્છા મુજબ જીવવા માટે 'ગુરુકુળવાસ'માં રહેવાનું નથી. ગુરુકુળવાસમાં રહેવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનને પ્રાપ્ત કરવા



જ્ઞાન અને જ્ઞાની વગેરેનો વિનય કરવો જોઇએ - એ જણાવવા ગાથામાં **उचियविणयस्स करणं** આ પદો છે.

જ્ઞાનાદિનો વિનય વગેરેનું આસેવન પણ સ્વાર્થમૂલક નહિ હોવું જોઇએ, પરંતુ શ્રીવીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા છે - એમ સમજીને કરવું જોઇએ. 'મને ગમે છે અથવા તો મારા ઉપકારી છે...' ઇત્યાદિ વિચાર્યા વિના માત્ર ભગવાનની આજ્ઞા છે - એમ સમજીને વચનાનુષ્ઠાનસ્વરૂપે પરિણમે એ રીતે જ્ઞાનવિનયાદિનું આસેવન કરવું જોઇએ.

તેમ જ વસતિ(ઉપાશ્રય-સ્વાધ્યાયભૂમિ... વગેરે)ની પ્રમાર્જના, પ્રતિલેખના વગેરે સ્વરૂપ તે તે ક્રિયાવિશેષમાં તથા ઉપધિ-વસ્ત્રપાત્રાદિની પ્રતિલેખના વગેરેમાં પ્રયત્ન કરવો જોઇએ. આ પ્રયત્ન પણ તે તે ક્રિયાઓ જે જે કાળમાં વિહિત છે તે તે કાળમાં જ કરવી જોઇએ. પરંતુ પોતાની ઇચ્છા મુજબ જ્યારે અનુકૂળતા મળે ત્યારે નહિ કરવો. શ્રી વીતરાગ પરમાત્માએ ઉપદેશેલી તે તે ક્રિયાઓ તેઓશ્રીની પરમતારક આજ્ઞા મુજબ તે તે કાળમાં જ કરવાથી હિતકારિણી બને છે. અન્યથા તો અકાળે કરેલી કૃષિક્રિયાદિની જેમ અહિતકારિણી બને છે. તેથી શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલી વસતિ-પ્રમાર્જના કે ઉપધિ-પ્રત્યુપેક્ષણાદિ ક્રિયા તેના તેના કાળમાં જ કરવાનો આગ્રહ રાખવો જોઇએ. માત્ર ક્રિયાના આગ્રહથી નિસ્તાર નહિ થાય... એ સ્મરણીય છે. ॥૩૩॥

* * *

ઉપર જણાવ્યા મુજબ ગુરુકુળવાસાદિ જેમ સામાચારી છે; તેમ તદુપરાંત બીજી પણ સામાચારી છે તે ચોત્રીસમી અને પાંત્રીશમી ગાથાથી ફરમાવાય છે−

**अणिगूहणा बलम्मी सव्वत्थ पवत्तणं पसंतीए ।**
**णियलाभचिंतणं सइ अणुग्गहो मे त्ति गुरुवयणे ॥३४॥**

શરીરસંબંધી બળના વિષયમાં અનિગૂહના (છુપાવવું નહિ) કરવી. શ્રમણપણાનાં સર્વ અનુષ્ઠાનોમાં પ્રશાંતવૃત્તિએ પ્રવર્ત્તવું; ગુર્વાજ્ઞા પ્રાપ્ત થયે છતે 'મારી ઉપર અનુગ્રહ કર્યો' એમ માનવું અને સદા પોતાના લાભની ચિંતા કરવી. (એ યતિ જનો માટે ઉપદેશ છે) આ પ્રમાણે ચોત્રીસમી ગાથાનો શબ્દાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે વીર્યાંતરાયના ક્ષયોપશમવિશેષથી શરીરસંબંધી જે બળ આપણને પ્રાપ્ત થયું છે તેની શ્રીતીર્થંકરપરમાત્માની આજ્ઞા મુજબ ઉચિત પ્રવૃત્તિમાં ઉપયોગ કરવા દ્વારા અનિગૂહના - અપ્રચ્છાદના (છુપાવવું નહિ) કરવી. એ વખતે એ વિચારવું કે - આ બળ ઉચિત પ્રવૃત્તિમાં વપરાયું નહિ, તો તે અનુચિત પ્રવૃત્તિમાં વપરાશે અને તેથી તે નિષ્ફળ (વિવક્ષિતફલશૂન્ય) જ ગયેલું છે. એ કરતાં તો જેમ બને તેમ વધારે ઉચિત પ્રવૃત્તિમાં એ બળ વપરાય તો સફળ બને... ઇત્યાદિ વિચારીને પ્રાપ્ત બળને નહિ છુપાવવાનો પૂ. સાધુ-ભગવંતોને ઉપદેશ આપવો.

તેમ જ શ્રમણભગવંતોનાં, ઉપધિની પ્રતિલેખનાદિ સ્વરૂપ સર્વ અનુષ્ઠાનોમાં; પ્રશાંતવૃત્તિથી એટલે કે ક્ષમાશીલવૃત્તિના કારણે સ્થિરતાપૂર્વક પ્રવર્ત્તવાનું સાધુઓને જણાવવું. કોઇ પણ કાર્ય કરતી વખતે ગુસ્સો ન આવે તો તે કામ ખૂબ જ સ્વસ્થતાપૂર્વક દૃઢતાથી થાય છે. સાધુપણામાં આવી સ્થિરતા મનવચનકાયાની એકાગ્રતા માટે આવશ્યક છે. એ માટે ક્ષમાશીલ (સહનશીલ) બનીને જ દરેક અનુષ્ઠાનમાં પ્રવર્ત્તવાનું સાધુ-સાધ્વીને સમજાવવું. દરેક અનુષ્ઠાન કરતી વખતે તે તે અનુષ્ઠાનનું અવાંતર ફળ મળે કે ન મળે તોપણ તેનું નિર્જરા(કર્મક્ષય)સ્વરૂપ ફળ તો મને મળવાનું છે જ - એ પ્રમાણે દરરોજ વિચારવું. આથી તે તે અનુષ્ઠાન કરવા છતાં કોઇ વાર ભૂતકાળના કર્મના ઉદયે એવું ફળ ન મળે તોપણ અનુષ્ઠાનનો ત્યાગ કરવાનો પ્રસંગ નહિ આવે. અન્યથા ઇષ્ટફળના અભાવે તેના કારણભૂત અનુષ્ઠાનનો ત્યાગ કરવાનો વિચાર આવશે.

પૂ. સાધુ-સાધ્વીને જ્યારે પણ ગુરુનું વચન પ્રાપ્ત થાય એટલે કે કોઇ પણ વિષયમાં ગુરુની આજ્ઞા પ્રાપ્ત થાય ત્યારે એ વિચારવું કે મારી



ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીએ અનુગ્રહ કર્યો, જેથી મને આ પ્રમાણે તેઓશ્રીએ કહ્યું. ખરેખર જ વિચિત્ર પ્રકારના રોગોથી અભિભૂત (હારી ગયેલા) થયેલાને; સુંદર ચિકિત્સાને સમજાવનારા સદ્‌વૈદ્યો દુર્લભ હોય છે. તેમ ભવરોગથી ત્રસ્ત એવા પ્રાણીઓને; ભવરોગને દૂર કરનારા સદ્‌વૈદ્ય જેવા પૂ. ગુરુદેવશ્રીનો યોગ મહાદુર્લભ છે... ઇત્યાદિ વિચારવાનો ઉપદેશ પૂ. સાધુ-સાધ્વીને આપવો... આ ચોત્રીસમી ગાથાનો પરમાર્થ છે. ॥૩૪॥

* * *

પાંત્રીશમી ગાથાથી ઉપદેશાંતર ફરમાવે છે—

**संवरणिच्छिड्डुत्तं सुद्धुंछुज्जीवणं सुपरिसुद्धं ।**
**विहिसज्झाओ मरणादवेक्खणं जइजणुवएसो ॥३५॥**

'સંવરનિશ્છિદ્રત્વ, સુપરિશુદ્ધ, શુદ્ધોઞ્છજીવન; વિધિપૂર્વકસ્વાધ્યાય અને મરણાદિનું અપેક્ષણ' આ યતિજનોને ઉપદેશ છે. પાંત્રીશમી ગાથાને આ શબ્દાર્થ છે. કહેવાનો આશય એ છે કે - સર્વવિરતિધર્મની આરાધના કરનારા પૂ. સાધુ-સાધ્વીજનોનું મુખ્યપણે સર્વસંવર પ્રાપ્ત કરવાનું લક્ષ્ય હોય છે. વર્તમાનમાં કે ભવિષ્યમાં કોઇ પણ જાતનો કર્મબંધ થાય નહિ - એનું નિરંતર તેઓ ધ્યાન રાખતા હોય છે. આ પ્રમાણે નવા કર્મબંધથી સર્વથા દૂર રહેવાથી સંવરભાવની પ્રાપ્તિ થાય છે. આવો સંવરભાવ પ્રાપ્ત ન થાય તો પૂર્વબદ્ધ કર્મોની ગમે તેટલી નિર્જરા થાય તોપણ તેનો કશો જ અર્થ નથી. કારણ કે પૂર્વબદ્ધ કર્મની નિર્જરા થાય અને નવાં કર્મો બંધાયા કરે તો સરવાળે તો આત્મા કર્મબદ્ધ જ રહેવાનો. આથી સમજી શકાશે કે સંવરભાવ કેટલો આવશ્યક છે. આવા સંવરભાવમાં સહેજ પણ છિદ્ર પાલવે એવું નથી. તેથી સંવર નિશ્છિદ્ર હોવો જોઇએ - એ યતિજનોને સમજાવવું જોઇએ. સંવરનું છિદ્ર આશ્રવને લઇને છે. એની અપેક્ષાએ સંવરમાં છિદ્રનો અભાવ વિવક્ષિત છે; જે **આશ્રવનિશ્છિદ્રત્વ** પદના પ્રયોગથી સ્પષ્ટ કરાયું છે. સંવરની સાધનાના કાળમાં સહેજ પણ

આશ્રવનું સેવન થાય (કર્મબંધના કારણભૂત હિંસા-અસત્યાદિના પરિણામાદિ આવી જાય) તો સંવર સચ્છિદ્ર બની જાય, સંવરનું છિદ્ર સાધકને સાધનાની ચરમસીમા સ્વરૂપ ગિરિશિખરથી સાધનાની પ્રારંભ અવસ્થાથી પણ નીચી અવસ્થા સ્વરૂપ પાતાળતલમાં પાડે છે. ગ્રંથકારપરમર્ષિએ કરેલી આ માર્મિક વાત મુમુક્ષુ આત્માઓએ યાદ રાખવી જોઇએ. જે સ્થાનેથી આપણે ઉપર ચઢીએ છીએ; તે સ્થાન કરતાં નીચી કક્ષાએ આપણું પતન થાય છે. ઉપર ચઢી ગયા પછી પ્રમાદાદિના કારણે પડવાનું થાય ત્યારે આપણે જ્યાં ઊભા હોઇએ તેનાથી સહેજ નીચે જ જવાનું થતું હોય છે.

યતિજનોને શુદ્ધોઞ્છજીવનનો ઉપદેશ આપવો જોઇએ. આધાકર્મ, ઔદ્દેશિક કે ક્રીત વગેરે દોષોથી રહિત ભિક્ષાને ભગવાનની આજ્ઞા મુજબ ગ્રહણ કરવી જોઇએ. એ પ્રકારનું શુદ્ધોઞ્છ જીવન પણ શુદ્ધ એટલે કલ્પનીતિ (સાધ્વાચારના ગ્રંથમાં જણાવેલ) મુજબ જ હોવું જોઇએ. જે જે કાળે અને જે જે કારણે જે રીતે ભિક્ષાચર્યા વિહિત છે; તે તે કાળમાં તે તે કારણે તે રીતે જ ભિક્ષા માટે જવું જોઇએ; અને તે વખતે (ભિક્ષાગ્રહણ કરતી વખતે) ભિક્ષાના આધાકર્માદિદોષોનો પરિત્યાગ કરીને ભિક્ષા ગ્રહણ કરવી જોઇએ. આવું સુપરિશુદ્ધ શુદ્ધોઞ્છજીવન જીવવાનો યતિજનોને ઉપદેશ આપવો.

પૂ. ગુરુદેવશ્રીને વંદન કરી તેમ જ તેઓશ્રીનો વિનય-બહુમાન-આદર વગેરે કરી વાચના, પૃચ્છનાદિ સ્વાધ્યાય કરવાનું સાધુ-સાધ્વીને જણાવવું. સામાન્ય રીતે પંદર કલાક સ્વાધ્યાય કરવાનું પૂ. સાધુભગવંતો માટે ફરમાવ્યું છે. એ સ્વાધ્યાય વિધિપૂર્વક કરવો જોઇએ. કોઇ પણ કાર્ય તેના વિધિપૂર્વક કરવાથી તેની પ્રત્યે આદર જળવાય છે. અવિધિ અનાદરનું પ્રતીક છે. અનાદર એક જાતનો પ્રમાદ છે. પ્રમાદ ખૂબ જ મોટો દોષ છે. સિદ્ધિની સમીપ આવેલા મહાત્માઓનું પતન પ્રમાદથી જ આરંભાય છે. ધર્મમાં અનાદર જેવું એક પણ પાપ નથી. વિધિપૂર્વકનો સ્વાધ્યાય અપ્રમત્તતાનું એક અદ્ભુત સાધન છે. યતીજનો માટેના



ઉપદેશનો એ વિષય છે. તેમ જ 'મરણાદ્યપેક્ષણ' પણ યતીજનોના ઉપદેશનો વિષય છે. આશય એ છે કે પોતાની દરરોજની અપ્રમત્તપણે પ્રવર્ત્તતી રત્નત્રયીની સાધનાના કાળ દરમ્યાન કોઇવાર પ્રમાદના કારણે જે કાર્ય થાય તેનું ફલ 'મરણ' છે - એનો વિચાર કરવો, તેમ જ અન્ય પણ સ્વપ્ન વગેરે નિમિત્તોથી મરણના કાળને જાણવાનો પ્રયત્ન કરવો - તે પૂ. સાધુ-સાધ્વીને જણાવવું. આ રીતે મરણાદિનું અપેક્ષણ કરવાથી નજીકમાં જ મરણનો કાળ છે એમ જણાય તો શક્ય પ્રયત્ને રત્નત્રયીની સાધના ઉત્કટ બનાવવાની સરળતા થાય - આથી એ પ્રમાણે યતીજનોને ઉપદેશ આપવો જોઇએ... આ પાંત્રીશમી ગાથાનો ભાવાર્થ છે. ॥૩૫॥

* * *

ઉપદેશ અને અનુપદેશનું પ્રયોજન છત્રીશમી ગાથાથી જણાવાય છે—

**उवएसोऽविसयम्मी विसए वि अणीइसो अणुवएसो ।**
**बंधनिमित्तं णियमा जहोइओ पुण भवे जोगो ॥३६॥**

અવિષયમાં ઉપદેશ અને વિષયમાં પણ તેવા પ્રકારથી જુદો ઉપદેશ પરમાર્થથી તો ચોક્કસ જ અનુપદેશ છે. પરંતુ યથોચિત એટલે કે વિષયમાં તેવા પ્રકારનો ઉપદેશ યોગ બને છે. આ પ્રમાણે છત્રીશમી ગાથાનો અક્ષરાર્થ છે. આશય સ્પષ્ટ છે કે - પૂર્વે જણાવ્યા મુજબ અથવા તો સામાન્યથી જે ઉપદેશના વિષય-પાત્ર નથી, તે અપુનર્બંધકાદિ ત્રણને છોડીને અન્ય સંસારાભિનંદી જે જીવો છે; તેમને આપેલો ઉપદેશ વસ્તુતઃ ઉપદેશ નથી. કારણ કે સંસારાભિનંદી જીવો; ઉપદેશથી થનાર તત્ત્વનો અવબોધ, તત્ત્વનો સ્વીકાર કે તાત્ત્વિકપક્ષપાત વગેરે સ્વરૂપ કાર્ય-ફળને પ્રાપ્ત કરી શકતા નથી; એટલું જ નહીં, ઉપરથી સંસારપરિભ્રમણ - સ્વરૂપ વિપરીત ફળને જ પ્રાપ્ત કરે છે. અન્યત્ર આ આશયથી જ જણાવ્યું છે કે - જેની બુદ્ધિ પ્રશાંત(રાગાદિથી રહિત) નથી, એવા જીવોને શાસ્ત્રના સદ્ભાવોનું પ્રતિપાદન; ચઢતા તાવમાં અપાતા ઔષધની જેમ દોષ માટે

થાય છે. આથી સ્પષ્ટ છે કે સંસારાભિનંદી જીવોને અપાતો ઉપદેશ વસ્તુતઃ અનુપદેશ છે તેમ જ ઉપદેશના વિષય-પાત્ર એવા અપુનર્બંધક, સમ્યગ્દષ્ટિ અને વિરતિધર આત્માઓને જે ઉપદેશ આપવાનો છે તેનાથી વિપરીત રીતે અપાતો ઉપદેશ પણ તે તે જીવોને પ્રાપ્ત થયેલા ક્ષયોપશમને અનુકૂળ ન હોવાથી વસ્તુતઃ ઉપદેશ નથી. ચંચા પુરુષ જેમ પુરુષ નથી, કારણ કે તે પુરુષથી સાધ્ય એવા વિશિષ્ટ કાર્યને કરવા સમર્થ નથી તેમ પાત્રને અપાતો વિપરીત ઉપદેશ પણ વસ્તુતઃ ઉપદેશ નથી. આવો ઉપદેશ શ્રોતાને અનિષ્ટ કરનારો હોવાથી અને શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞાની વિરાધનાનું કારણ હોવાથી ચોક્કસ જ સ્વ અને પરને કર્મબંધનું નિમિત્ત બને છે, તેથી આવું કરવું ના જોઇએ. યથોદિત એટલે પાત્રને તેના ક્ષયોપશમને અનુકૂળ એવો ઉપદેશ તો; આજ્ઞાથી પરિશુદ્ધ હોવાથી સ્વ-પરને મોક્ષની સાથે જોડી આપે છે તેથી તે યોગસ્વરૂપ છે. આ છત્રીશમી ગાથાનો પરમાર્થ છે. ॥૩૬॥

* * *

આ રીતે સામાન્યથી ઉપદેશ અને અનુપદેશનું પ્રયોજન (કાર્ય) કહીને ઉપદેશસ્વરૂપ અનુપદેશના પ્રત્યપાયને દૂર કરવાની ઇચ્છાથી વિશેષથી કહેવાની ઇચ્છાથી કહે છે - આશય એ છે કે આ પૂર્વે, 'ઉપદેશના વિષય-પાત્રમાં ઉપદેશ આપવાથી તે યોગસ્વરૂપ બને છે અને એ જ ઉપદેશ જો અપાત્રમાં અપાય તો તે ઉભયને કર્મબંધનું કારણ બને છે' - એ વાત સામાન્યથી જણાવી. હવે આગળની સાડત્રીશમી ગાથાથી ઉપદેશસ્વરૂપ અનુપદેશ પ્રત્યપાયનું (અપાયનો અપાય) કારણ બને છે - એ જણાવીને પ્રત્યપાયને દૂર કરવાની ભાવના છે. એ ભાવનાનુસાર પૂર્વે જણાવેલી વાતને વિશેષથી કહેવાની ઇચ્છાને ધરનારા ગ્રંથકારશ્રી ફરમાવે છે કે–

**गुरुणो अजोगिजोगो अच्चंतविवागदारुणो णेओ ।**
**जोगिगुणहीलणा णट्ठणासणा धम्मलाघवओ ॥३७॥**



ગુરુભગવંતનો અયોગીને યોગ્ય એવો વિપરીત ઉપદેશ કે અપાત્રને ઉપદેશ સ્વરૂપ જે વ્યાપાર (પ્રવૃત્તિ) છે તેનો વિપાક (ફળ) અત્યંત ભયંકર જાણવો. કારણ કે તેનાથી યોગીઓના ગુણની હીલના થાય છે; નષ્ટનો નાશ કરવાનું થાય છે; અને ધર્મની લઘુતા થાય છે. આ સાડત્રીશમી ગાથાનો શબ્દાર્થ છે. કહેવાનો આશય એ છે કે ગુરુભગવંત એટલે કે આચાર્યભગવંત, કારણ કે મુખ્યપણે ઉપદેશ આપવાનો એકમાત્ર અધિકાર તેઓશ્રીને છે; તેઓશ્રી યોગી છે. યોગી એવા પણ પૂ. ગુરુભગવંતનો; અયોગીને યોગ્ય એવો વિપરીત ઉપદેશ એટલે કે - અપુનર્બંધકાદિ જીવોને, તેમને પ્રાપ્ત થયેલા ક્ષયોપશમને અનુકૂળ ન હોય તેવો; અથવા તો સંસારાભિનંદી જીવોને અપાતો જે ઉપદેશ છે - તે વગેરે વ્યાપાર (પ્રવૃત્તિ) અત્યંત દારુણ વિપાકવાળો જાણવો. કારણ કે યોગીસ્વરૂપ પૂ. આચાર્યભગવંતે એવા ઉપદેશને આપવાની પ્રવૃત્તિથી પોતાની મર્યાદાનું પાલન કર્યું નથી. પરંતુ અયોગીયોગ્ય આચરણ કર્યું છે. આથી યોગીજનોના ગુણની હીલના થાય છે. કારણ કે પોતાની મર્યાદાનું પાલન ન કરવાથી મર્યાદાનો સ્વીકાર; વિડંબક લોકોના સ્વીકાર જેવો થાય છેઃ ઉત્તમવસ્તુની વિડંબના થવાથી વસ્તુતઃ તે તેમના ગુણોની હીલનામાં જ પરિણમે છે. 'ઉત્તમપદે બિરાજેલા પોતાના ધર્મનું પાલન ન કરે તો તે અનનુપાલન જાહેર નહિ કરાયેલી એક જાતની વિડંબના જ છે.'' આ પ્રમાણે વૃદ્ધ પુરુષો ફરમાવે છે.

ઉપર જણાવ્યા મુજબ પૂ. આચાર્યભગવંત અયોગીની વિપરીત ઉપદેશાદિની પ્રવૃત્તિ કરે તો નષ્ટનાશનનો પ્રસંગ આવશે. સંસારમાં પરિભ્રમણ કરતા એવા જીવો આમ તો નાશ પામેલા છે જ; પરંતુ અયોગ્ય હોવાથી તેમને વિપરીત ઉપદેશ આપવાથી તેમનો પૂ. આચાર્યભગવંતે નાશ કર્યો ગણાશે. તેમ જ ધર્મની લઘુતા થવાથી પણ વિપરીત ઉપદેશાદિની પ્રવૃત્તિ અત્યંત દારુણ વિપાકવાળી છે. કારણ કે વિપરીત ઉપદેશથી તત્ત્વની પ્રત્તિપત્તિ (જ્ઞાનાદિની પ્રાપ્તિ) ન થવાથી શ્રીઅરિહંત-

પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ ધર્મને આરાધાશે નહિ તેથી તેવા ધર્મની લઘુતા થાય છે. આથી પૂ. આચાર્યભગવંતે અયોગ્યને ઉપદેશ આપવો નહિ... આ પ્રમાણે સાડત્રીશમી ગાથાનો આશય છે. ॥૩૭॥

* * *

આ પ્રમાણે પ્રસંગથી ઉપદેશસંબંધી વિધિનું નિરૂપણ કરીને; હવે એ ઉપદેશ પરિણામ પામ્યા પછી જે કરવાનું છે, તત્સંબંધી વિધિ જણાવવા આડત્રીસમી ગાથા ફરમાવાય છે–

**एयम्मि परिणम्मी पवत्तमाणस्स अहिगठाणेसु ।**
**एस विही अइनिउणं पायं साहारणो णेओ ॥३८॥**

'ઉપદેશ પરિણત થયે છતે; પોતાની ભૂમિકા મુજબ અધિક ગુણસ્થાનમાં પ્રવર્ત્તતી વખતે આગળ કહેવાશે તે વિધિ સામાન્યથી પ્રાયઃ અતિનિપુણ બની જાણવો.' આ આડત્રીસમી ગાથાનો સામાન્યાર્થ છે. તેને સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે - ભાવથી સ્વીકાર કરવા દ્વારા અર્થાત્ પૂ. આચાર્યભગવંતે ઉપદેશેતી વાત કર્ત્તવ્યાદિ સ્વરૂપે મનથી ગ્રહણ કરવા દ્વારા ઉપદેશ યથાર્થસ્વરૂપે પરિણત થયે છતે; પોતે જે કક્ષામાં છે તેની અપેક્ષાએ ઉત્તરગુણસ્થાનમાં પ્રવર્ત્તમાન માટે પ્રાયઃ કરીને; કારણ કે અપુનર્બંધક જીવોને અપુનર્બંધકાવસ્થાને પ્રાપ્ત કરતી વખતે કોઇ વિધિ વિહિત નથી - અણુવ્રતાદિને પ્રાપ્ત કરતી વખતે જે વિધિ આગળ કહેવાશે તે સામાન્ય વિધિ આરંભેલું કાર્ય સિદ્ધિનું અંગ-કારણ બને તે રીતે અત્યંત નિપુણપણે જાણવો. અન્યથા વિધિના જ્ઞાનમાં વિપર્યય થશે તો આરંભેલી પ્રવૃત્તિના ફળમાં પણ વિપર્યય થશે. તેથી આગળ જે વિધિ વર્ણવાશે તેનું અત્યંતનિપુણપણે જ્ઞાન મેળવી લેવું જોઇએ. ॥૩૮॥

* * *



ઉપદેશ પરિણત થયે છતે પ્રવૃત્ત થનારને જે વિધિ વિહિત છે, તે જણાવે છે–

**निययसहावलोयण-जणवायावगम-जोगसुद्धीहिं ।**
**उचियत्तं णाऊणं निमित्तओ सइ पयट्टेज्जा ॥३९॥**

'પોતાના સ્વભાવની વિચારણા; લોકોના અભિપ્રાયને જાણવો અને મનવચનકાયાસ્વરૂપ યોગોની શુદ્ધિ (સામર્થ્યકાર્યસાધકતા) દ્વારા એટલે કે તેને ખ્યાલમાં રાખવા દ્વારા પોતાની તે તે ગુણસ્થાનકને પામવાની યોગ્યતાને જાણીને; નિમિત્તને આશ્રયીને (શરીરાદિસંબંધી નિમિત્ત-શકુનાદિ મુજબ) તે તે ગુણસ્થાનકે સદા પ્રવૃત્તિ કરવી' આ પ્રમાણે ઓગણચાળીશમી ગાથાનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે - પોતાના સ્વભાવાદિનું આલોચન કરવા દ્વારા તે તે ગુણસ્થાનકે પ્રવૃત્તિ કરવી. અહીં પોતાનો સ્વભાવ જાણવો એટલે કે "મારો સ્વભાવ કેવો છે, કયા ગુણસ્થાનકની સાથે એનો મેળ જામશે અથવા નહિ જામે." આ પ્રમાણે વિચારવું. કારણ કે તે ગુણસ્થાનકને અનુકૂળ સ્વભાવ ન હોય ત્યારે તે ગુણસ્થાનકને અંગીકાર કરવાથી સિદ્ધિ ન થવાના કારણે અને માત્ર વિડંબના પ્રાપ્ત થવાના કારણે કલ્યાણ નહિ થાય. જનવાદાવગમ એટલે "મારા માટે લોક શું કહે છે, કયા ગુણસ્થાનકને આશ્રયીને મારી યોગ્યતા જાણે છે..." ઇત્યાદિ વિચારવું. કારણ કે આ રીતે લોકો જ્યાં ગુણસ્થાનકની યોગ્યતાને માનતા હોય તે સ્થાને જ પ્રવૃત્તિ કરવી ઉચિત છે, પરંતુ લોકોની માન્યતાની ઉપેક્ષા કરવી - એ ઉચિત નથી. કારણ કે લોક માનનીય છે. તેને અનુસરવાથી પરિણામે હિત જ થવાનું છે. જનવાદાવગમ પછી યોગશુદ્ધિનો વિચાર કરવો જોઇએ.

"યોગશુદ્ધિ એટલે મન, વચન અને કાયાની પ્રવૃત્તિની શુદ્ધિ. મારા યોગ કેવા છે, એ મનવચનકાયાના યોગો મને કયા ગુણસ્થાનકની સિદ્ધિમાં સાધક બનશે", આ પ્રમાણે યોગની શુદ્ધિ માટે નિયમિતપણે વિચારવું જોઇએ. કારણ કે મનવચનકાયાના યોગોને જે પ્રતિકૂળ પણ ગુણસ્થાનક

હોય તોપણ તેનો સ્વીકાર કરવાનું ઉચિત નથી. આવી પ્રવૃત્તિ મોટા ભાગે ઉપહાસને પાત્ર બને છે, એટલું જ નહિ; અનિષ્ટ ફળવાળી (ફળને આપનારી) બને છે - એમ આચાર્યભગવંતો ફરમાવે છે. આથી નિજસ્વભાવાલોચન; જનવાદાવગમ અને યોગશુદ્ધિથી પોતાને જે ગુણસ્થાનકની પ્રતિપત્તિ (સ્વીકાર) માટે ઉચિત જાણે તે મુજબ તે ગુણસ્થાનકના સ્વીકારમાં નિમિત્તને (કાયાના સ્ફુરણાદિ નિમિત્તને) આશ્રયીને હમેશાં પ્રવર્તે. ॥૩૯॥

* * *

આ પૂર્વે જણાવેલ યોગશુદ્ધિને અનુલક્ષી ફરમાવાય છે–

**गमणाइएहिं कायं णिरवज्जेहिं वयं च भणिएहिं ।**
**सुहचिंतणेहि य मणं सोहेज्जा जोगसुद्धि त्ति ॥४०॥**

''નિરવદ્ય ગમનાદિથી કાયાને, નિરવદ્ય બોલવાથી વચનને અને શુભચિંતનથી મનને શુદ્ધ બનાવવું જોઇએ - આને યોગશુદ્ધિ કહેવાય છે.'' આ ચાળીશમી ગાથાનો શબ્દાર્થ છે. આશય ખૂબ જ સ્પષ્ટ છે કે અણુવ્રતાદિને ધારણ કરવાની ભાવનાવાળાને યોગશુદ્ધિ કરવી જોઇએ. એમાં નિરવદ્ય (નિષ્પાપ) ગમન (જવું તે), આસન (બેસવું તે) અને સ્થાન (ઊભા રહેવું તે) વગેરે દ્વારા કાયાને શુદ્ધ બનાવવી. ચાલતાં, બેસતાં કે ઊભા રહેતાં જેઓને નિરવદ્ય કે સાવદ્યનો ખ્યાલ રહેતો નથી, તેઓ અણુવ્રતાદિનો સ્વીકાર કરવા માટે યોગ્ય નથી. યોગ્ય બનવા માટે ઉપર જણાવ્યા મુજબ કાયાને શુદ્ધ બનાવવાનું આવશ્યક છે. આવી જ રીતે નિરવદ્ય વચન બોલવા દ્વારા વચનની શુદ્ધિ કરવી જોઇએ. અન્યથા વચનશુદ્ધિના અભાવે સમિતિ અને ગુપ્તિના પાલનમાં ભલીવાર નહિ આવે. મુમુક્ષુઓની રત્નત્રયીની સાધના સમિતિગુપ્તિના પાલનથી જ શક્ય છે. ઉપર જણાવ્યા મુજબ શુભચિંતનથી મનની શુદ્ધિ કરવી જોઇએ. ધર્મની આરાધનામાં જે વિરોધી ન હોય તેના ચિંતનને શુભચિંતન કહેવાય છે



અથવા તો 'ધર્મના સાધક એવા ચિંતનને શુભ ચિંતન કહેવાય છે. ધર્મના અવિરોધી ચિંતનથી પણ અંતે તો ધર્મના સાધક ચિંતનથી જ ધર્મની સિદ્ધિ થાય છે. તેથી મનશુદ્ધિ માટે સાધન તરીકે ધર્મના સાધક ચિંતનની આવશ્યકતા છે. અણુવ્રતાદિનો સ્વીકાર કરતી વખતે એ યાદ રાખવું જોઇએ કે અણુવ્રતાદિને પરિશુદ્ધ રીતે આરાધવા માટે મનશુદ્ધિ એ મુખ્ય સાધન છે. આ રીતે જ મધ્યમ અને આદિ ભેદથી તે તે ગુણસ્થાનકની અપેક્ષાએ નિજસ્વભાવના આલોચનની અને જનવાદાવગમની પણ શુદ્ધિ પોતાની બુદ્ધિથી અથવા ભણાવનાર પાસેથી સમજી લેવી. ॥૪૦॥

* * *

અન્યમતથી યોગશુદ્ધિનું સ્વરૂપ જણાવવા એકતાળીસમી ગાથાથી જણાવે છે–

**सुहसंठाणा अण्णे कायं वायं च सुहसरेणं तु ।**
**सुहसुविणेहिं च मणं जाणेज्जा साहु सुद्धि त्ति ॥४१॥**

શુભ સંસ્થાનથી કાયાને; શુભસ્વરથી વાણી-વચનને અને શુભસ્વપ્નથી મનને તે તે યોગને ઉચિત જાણવું. આ યોગની શુદ્ધિ સારી છે - આ પ્રમાણે બીજા લોકો માને છે. આ એકતાળીસમી ગાથાનો સામાન્યાર્થ છે. ભાવાર્થ એ છે કે શરીરના સંસ્થાનથી એટલે કે ઉન્માન, માન, ગતિ, સાર અને સત્ત્વ વગેરે પુરુષનાં લક્ષણોથી કાયાને યોગને ઉચિત જાણવી - એમ અન્યદર્શનકારો માને છે. શરીરના વજનને ઉન્માન કહેવાય છે. શરીરની ઊંચાઇને માન કહેવાય છે. શરીરની ચાલવાની રીતને ગતિ કહેવાય છે. શરીરની પુષ્ટિ વગેરેને સાર કહેવાય છે; અને ગમે તેવી કષ્ટમય અવસ્થામાં પણ ધીરજ ન ગુમાવવી તેને સત્ત્વ કહેવાય છે.

શુભસ્વરથી યોગને ઉચિત વચનયોગ જાણવો. સામાન્ય રીતે ગંભીર, મધુર, આજ્ઞાપક અને શુદ્ધ-સ્પષ્ટ વગેરે સ્વરને શુભસ્વર કહેવાય

છે. સ્વરના ગંભીરાદિભેદ પ્રસિદ્ધ છે. વક્તાની વાણી સાંભળીને શ્રોતાને એ મુજબ કરવાનું મન થાય તો વક્તાનું વચન આજ્ઞાપક મનાય છે.

શુભસ્વપ્નથી યોગને ઉચિત મન છે - એમ અન્ય દર્શનકારો માને છે. સામાન્ય રીતે સમુદ્ર, નદી કે સરોવરને તરી જવું વગેરે સ્વરૂપ સ્વપ્નાં સતત અથવા કોઇવાર આવનારાં વગેરે ભેદથી અનેક પ્રકારનાં છે. આવાં સ્વપ્નો આવે તો સમજવું કે મન યોગને ઉચિત છે. અન્ય દર્શનકારોને મતે યોગને ઉચિત એવા કાયા, વચન અને મનની શુદ્ધિને ઉપર જણાવ્યા મુજબ સારી જ જાણવી. ॥૪૧॥

* * *

ઉપર જણાવ્યા મુજબની અન્ય દર્શનકારોની વાત પણ બરાબર જ છે. કારણ કે જેઓ મહાપુરુષો નથી; તેઓ યોગીઓ થતા નથી. અમહાપુરુષોને જે યોગ પ્રાપ્ત થાય છે; તેની અપેક્ષાએ યોગીસ્વરૂપ મહાપુરુષોને જ્ઞાનાદિસ્વરૂપ ભાવૈશ્વર્ય વગેરે યોગ ગુરુતર પ્રાપ્ત થાય છે. દેખાય પણ છે કે - આવા (શુભસંસ્થાનાદિમાન) જ મહાપુરુષોને તેમનાથી ઇતર (જુદા) અમહાપુરુષો કરતાં ભાવ જેમાં સારભૂત છે એવા અનિંદિત વ્રતોની પ્રતિપત્તિ (સ્વીકાર) અને સુવિશુદ્ધ પાલન વગેરે પ્રાપ્ત થાય છે... પ્રસંગથી આટલી વાત કરી. હવે; આ રીતે યોગની ઉચિતતાને આશ્રયીને વિધિનું કથન કરી યોગમાર્ગની જ પ્રતિપત્તિ સંબંધી વિધિનું કથન કરવાની ઇચ્છાથી બેતાળીસમી ગાથાથી જણાવે છે—

**एत्थ उवाओ य इमो सुहदव्वाइसमवायमासज्ज ।**
**पडिवज्जइ गुणठाणं सुगुरुसमीवम्मि विहिणा तु ॥४२॥**

તે તે ગુણસ્થાનકને પોતે ઉચિત છે એ જાણ્યા પછી અહીં દેશવિરતિ વગેરેના સ્વીકારમાં આ ઉપાય છે કે શુભદ્રવ્ય-ક્ષેત્રાદિના સમુદાયને આશ્રયીને વિધિપૂર્વક સ્વોચિત ગુણસ્થાનકને સુગુરુ સમીપે સ્વીકારે - આ પ્રમાણે બેતાળીસમી ગાથાનો અક્ષરાર્થ છે. આશય લગભગ સ્પષ્ટ છે કે -



પોતે જે સ્થાને છે એના કરતાં અધિક ગુણસ્થાનની પ્રતિપત્તિ માટે પોતે ઉચિત હોતે છતે અધિક ગુણસ્થાનના સ્વીકાર માટે આ ઉપાય છે, અર્થાત્ અધિક ગુણસ્થાનની પ્રતિપત્તિને સાધવા માટેનો પ્રકાર આ છે (આગળ જણાવાતો); કે શુભ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના સંયોગને આશ્રયીને - અનુસરીને દેશવિરતિ વગેરે સ્વરૂપ ગુણસ્થાનક સુગુરુ સમીપે ગ્રહણ કરે છે (કરે). પોતે જે ગુણને ગ્રહણ કરવાનો છે; તેના કરતાં અધિકગુણથી યુક્ત અને ગુણનો સ્વીકાર કરાવવાની વિધિના જ્ઞાતા એવા મહાપુરુષ સ્વરૂપ ગુરુભગવંત અહીં **'સુગુરુ'** પદથી સમજાવ્યા છે. તેઓશ્રીની પાસે જ અધિક ગુણસ્થાનનો સ્વીકાર કરવો જોઇએ. કારણ કે મોટા ભાગે ભાવથી જ ભાવનો જન્મ થાય છે. કોઇ વાર અંગારમર્દકાચાર્યસ્વરૂપ કુગુરુના શિષ્યોની જેમ આજ્ઞાના અનુપાલન વખતે આજ્ઞાના આરાધનમાત્રથી (ગુરુના ભાવ વિના) કર્મની વિચિત્રતાએ ભાવની પ્રાપ્તિ થાય - એ જુદી વાત. તેથી સુગુરુ પાસે જ વ્રતને ગ્રહણ કરે - એ અધિક ગુણસ્થાનકની પ્રતિપત્તિમાં ઉપાય છે. આ ઉપાયમાં પણ વંદન-શુદ્ધિ વગેરે આગળની ગાથામાં વર્ણવાતા વિધિથી જ દેશવિરત્યાદિ અધિક ગુણસ્થાનકની પ્રતિપત્તિ કરવી જોઇએ. યદ્યપિ વ્રતનો સ્વીકાર ગુરુ પાસે કરવાનો હોવાથી સુગુરુભગવંત અવિધિપૂર્વક વ્રતનું પ્રદાન નહિ જ કરે, તેથી વિધિપૂર્વક વ્રતનું ગ્રહણ તો સિદ્ધ જ છે, તેને જણાવવા ગાથામાં **विहिणा तु** આ પદ આપવાની આવશ્યકતા નથી. પરંતુ વિધિનું પ્રાધાન્ય જણાવવા એ પ્રમાણે નિર્દેશ કર્યો છે - એ યાદ રાખવું. ॥૪૨॥

* * *

બેતાળીસમી ગાથામાં સુગુરુ પાસે વિધિપૂર્વક દેશવિરતિ વગેરે ગુણસ્થાનકનો સ્વીકાર કરવાનું જણાવ્યું છે, તેથી જ વિશેષથી વિધિનું નિરૂપણ કરવાના આશયથી તેંતાળીસમી ગાથામાં જણાવ્યું છે કે—

**वंदणमाई उ विही णिमित्तसुद्धीपहाण मो मेओ ।**
**सम्मं अवेक्खियव्वा एसा इहरा विहि ण भवे ॥४३॥**

નિમિત્તશુદ્ધિ છે પ્રધાન જેમાં એવો વંદનાદિ વિધિ જાણવો. આ નિમિત્તશુદ્ધિ સારી રીતે વિચારવી જોઇએ. અન્યથા એની અપેક્ષા કરવામાં ન આવે તો વિધિનું પાલન નહિ થાય - આ પ્રમાણે તેંતાળીસમી ગાથાનો શબ્દાર્થ છે. આશય એ છે કે ત્રાજવાના દંડના મધ્યભાગને ગ્રહણ કરવાથી એની બંને બાજુના પલ્લાનું ગ્રહણ થાય છે; એ રીતે (તુલાદંડ-મધ્યભાગગ્રહણન્યાયે) અહીં વંદનાદિ વિધિથી પૂર્વ અને ઉત્તરવિધિનું ગ્રહણ થાય છે. તેથી પૂર્વવિધ્યંતર્ગત (ચૈત્યવંદનની પૂર્વેનો) ક્ષેત્રશુદ્ધિ, તત્સંસ્કાર અને શ્રીજિનપૂજા સ્વરૂપ વિધિનું ગ્રહણ સમજી લેવું જોઇએ અને ઉત્તરવિધિસ્વરૂપે ચૈત્યવંદન, ગુરુવંદન અને કાયોત્સર્ગ વગેરે વિધિનું ગ્રહણ કરવું. ભાવાર્થ એ છે કે અણુવ્રતાદિનો જ્યારે સ્વીકાર કરવાનો હોય ત્યારે પૂ. ગુરુદેવશ્રીની પાસે જે ભૂમિમાં વ્રતો ગ્રહણ કરવાનાં છે તે શેલડી કે આમ્ર વનાદિ ક્ષેત્રની ભૂમિને તેમાં અસ્થિ વગેરે ન હોય તેની કાળજી રાખીને શુદ્ધ બનાવવી. પછી સુગંધી જલ, પુષ્પ કે ધૂપ વગેરેનો ઉપચાર કરી ક્ષેત્રસંસ્કાર કરવા. ત્યાર બાદ પરમાત્માના પરમતારક બિંબની પૂજા કરવી. વંદનાદિ પૂર્વવિધિથી ક્ષેત્રશુદ્ધિ વગેરે વિધિનું ગ્રહણ કર્યું છે અને વંદનાદિ પછીના વિધિથી ચૈત્યવંદન, ગુરુવંદન અને કાઉસ્સગ્ગ વગેરેનું ગ્રહણ કર્યું છે. સામાન્ય રીતે અહીં વંદનાદિવિધિથી સમગ્ર નાણની વિધિનો સંગ્રહ કર્યો છે.

આ વિધિ પણ નિમિત્તના પ્રાધાન્યથી કરવો. સ્વશરીરાદિસંબંધી અને પરશરીરાદિસંબંધી નિમિત્તો છે. શરીરનાં અંગાદિનું સ્ફુરવું વગેરે કાયિક નિમિત્તો છે. મધુરાદિ સ્વરો વગેરે વાચિક નિમિત્તો છે અને શુભ લેશ્યાદિ માનસિક નિમિત્તો છે. તે સ્વ અને પર સંબંધી - એમ બે પ્રકારના છે. ભાવિ ઈષ્ટ અને અનિષ્ટનાં એ નિમિત્તો સૂચક હોવાથી એની શુદ્ધિ અપેક્ષણીય છે. આથી જ મૂળગાથામાં **सम्मं अवेक्खियव्वा...** ઈત્યાદિ જણાવ્યું છે. નિમિત્તની અપેક્ષા ન કરીએ અને ઉપેક્ષા કરીએ તો વંદનાદિ વિધિ નહિ થાય. કારણ કે એથી 'નિમિત્તની શુદ્ધિની અપેક્ષા કરવી જોઇએ' - આવી આજ્ઞાની વિરાધના થાય છે. આજ્ઞાની આરાધનામાં વિધિ



સચવાય છે... આ બધું અહીં સંક્ષેપથી જ જણાવ્યું છે. વિશેષથી જાણવાની ઈચ્છાવાળાએ બીજા વિશેષ ગ્રંથના અનુસારે એ જાણવું.

નિમિત્તશુદ્ધિસાપેક્ષ વંદનાદિ વિધિપૂર્વક વ્રતાદિનો સ્વીકાર; લોકવ્યવહારની જેમ જેમ-તેમ કરવામાં આવે તો તે સ્વીકાર, સ્વીકાર નથી રહેતો. પરંતુ શાસ્ત્રાનુસરણથી જ તે સ્વીકાર સ્વીકાર રહે છે. તેથી શાસ્ત્રનું જ અનુસરણ કરવું જોઇએ. અન્યથા શાસ્ત્રનું અનુસરણ કરવામાં ન આવે તો પ્રત્યપાય-અનિષ્ટની પ્રાપ્તિ થશે. આથી અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે કે - "ઉપદેશ વિના પણ અર્થ અને કામની પ્રત્યે લોકો હોશિયાર છે. ધર્મ તો શાસ્ત્ર વિના થતો નથી, તેથી શાસ્ત્ર પ્રત્યે આદરવાળા બનવું જોઇએ."

"અર્થ અને કામના વિષયમાં કોઇ પણ વિધાન ન કરીએ તોપણ બહુ બહુ તો લોકોને અર્થનો અભાવ થશે. પરંતુ ધર્મના વિષયમાં વિધાન કરવામાં નહિ આવે તો રોગની ચિકિત્સાની જેમ મહાન અનર્થ થશે. રોગની ચિકિત્સા કરવામાં નહિ આવે તો જેમ આરોગ્ય બગડતું જાય છે તેમ ધર્મના અવિધાનથી અનર્થની પ્રાપ્તિ થયા જ કરશે."

"અજ્ઞાનરૂપ અંધકારથી વ્યાપ્ત એવા આ લોકમાં શાસ્ત્રનો આલોક-પ્રકાશ જ પ્રવર્તક છે. તેથી ધર્મ માટે શાસ્ત્રમાં જ પ્રયત્નશીલ સદૈવ રહેવું જોઇએ."

"શાસ્ત્ર ચિંતામણિસમાન છે. શાસ્ત્ર શ્રેષ્ઠ કલ્પવૃક્ષ જેવું છે. શાસ્ત્ર દશેય દિશામાં ફરનારી ચક્ષુ છે અને શાસ્ત્ર ધર્મનું સાધન છે."

"જેને આ શાસ્ત્ર પ્રત્યે ભક્તિ નથી, તેની ધર્મક્રિયા પણ અંધ માણસોની જોવાની ક્રિયા જેવી કર્મસ્વરૂપ દોષના કારણે અસત્ ફળને આપનારી છે." ॥૪૩॥

* * *

જેણે ઉપર જણાવ્યા મુજબ અધિક ગુણસ્થાનકનો સ્વીકાર કર્યો છે, તેને તે ગુણસ્થાનકના નિર્વાહ માટે વિધિ જણાવે છે—

**उड्ढं अहिगगुणेहिं तुल्लगुणेहिं च णिच्च संवासो ।**
**तग्गुणठाणोचियकिरियपालणासइसमाउत्तो ॥४४॥**

અધિક ગુણસ્થાનકનો સ્વીકાર કર્યા પછી પોતાની અપેક્ષાએ જેઓ અધિકગુણવાળા છે; કે સમાન ગુણવાળા છે તેમની સાથે કાયમ રહેવું. તેમ જ પોતે સ્વીકારેલા તે તે ગુણસ્થાનકને ઉચિત જે ક્રિયાઓ વિહિત છે તેના સ્મરણમાં ઉપયોગવાળા બનીને તે તે ક્રિયાઓ જ કરવી - આ પ્રમાણે ચુમ્માળીસમી ગાથાનો શબ્દાર્થ છે.

ભાવાર્થ પણ સ્પષ્ટ છે કે પૂર્વકાળની અપેક્ષાએ ઉત્તરકાળમાં અધિક ગુણસ્થાનકનો સ્વીકાર કર્યા પછી; તેના નિર્વાહ માટે અને વિશુદ્ધિ માટે પોતાની વર્ત્તમાન અવસ્થાની અપેક્ષાએ જે પુણ્યાત્માઓ અધિક ગુણવાળા કે સરખા ગુણવાળા છે, તેમની સાથે સંવાસ કરવો જોઇએ. માત્ર તેમની સાથે રહેવું તે સંવાસ નથી; પરંતુ તેમની સાથે ઉચિત વર્ત્તન (વિનય-બહુમાનાદિ) કરવા પૂર્વક તેઓની આજ્ઞા મુજબ જીવવા સ્વરૂપ સંવાસ છે, જેનું ફળ નિર્જરા છે. આવો સંવાસ કરવો. તેમ જ જે ગુણસ્થાનકનો સ્વીકાર કર્યો છે તે ગુણસ્થાનકે જે ક્રિયા કરવાની છે, અર્થાત્ 'આ ગુણસ્થાનકે આ કરવાનું છે; આ કરવાનું છે' - આવી જે સ્મૃતિ, તેનાથી ઉપયોગવાળા બનીને તે ક્રિયા જ કરે... આ પ્રમાણે ભાવાર્થ છે. ॥૪૪॥

* * *

પિસ્તાળીસમી ગાથાથી પણ ઉપર જણાવ્યા મુજબ વિધ્યંતર જણાવે છે—

**उत्तरगुणबहुमाणो सम्मं भवरूवचिंतणं चित्तं ।**
**अरईए अहिगयगुणे तहा तहा जत्तकरणं तु ॥४५॥**

"જે અધિક ગુણનો સ્વીકાર કર્યો છે - એની અપેક્ષાએ અધિકગુણ પ્રત્યે બહુમાન કરવું; તેમ જ વાસ્તવિક ભવના સ્વરૂપથી વાસિત થઇ ભવના સ્વરૂપનું અનેક રીતે ચિંતન કરવું. તથા જે અધિક ગુણનો સ્વીકાર કર્યો છે તેમાં કોઇ વાર વિચિત્ર કર્મના ઉદયથી અરતિ થાય તો અધિકાધિક ગુણસંપન્ન એવા અરિહંતાદિના શરણનો ભાવપૂર્વક સ્વીકાર કરી અરતિને દૂર કરવા તે તે રીતે પ્રયત્ન કરવો જોઇએ." આ પ્રમાણે પિસ્તાળીસમી



ગાથાનો સામાન્યાર્થ છે. વિશેષાર્થ જણાવતાં ટીકામાં ફરમાવ્યું છે કે - પોતે સ્વીકાર કરેલા ગુણની અપેક્ષાએ જે દેશવિરતિ, સર્વવિરતિ વગેરે ઉત્તર-શ્રેષ્ઠ ગુણો છે તેને વિશે બહુમાન એટલે તે તે ગુણસ્થાનક પ્રત્યે રાગ પ્રગટાવવો. મળેલી વસ્તુ કરતાં નહિ મળેલી શ્રેષ્ઠ વસ્તુ પ્રત્યે રાગ થઇ જાય તો મળેલી વસ્તુ ટકી તો જાય જ; પણ તેમાં વૃદ્ધિ પણ થાય. પૂર્વગુણ-સ્થાનકને ટકાવવાનો કે વિશુદ્ધ બનાવવાનો એ એક અદ્‌ભુત ઉપાય છે.

ભવસ્વરૂપનું ચિંતન પણ આત્માને ભાવિત બનાવી વિશુદ્ધ અંતઃકરણથી મોક્ષના અભિલાષવાળી ક્રિયા કરવા પૂર્વક કરવું. અનેક પ્રકારે ભવસ્વરૂપનું ચિંતન કરતી વખતે એકલું ચિંતન ન હોય પરંતુ તેને અનુકૂળ વર્ત્તન પણ હોય; જે, સંવેગ-મોક્ષાભિલાષમાંથી જન્મે છે. "આ અસાર જન્મ; જરામરણાદિનો આશ્રય છે, દુઃખોના સમુદાયથી વ્યાપ્ત છે. આ જન્મમાં પ્રાપ્ત થનાર ધનાદિ વિભૂતિ ચંચળ છે. તેની ઉપરનો સ્નેહ એકસરખો રહેતો નથી. આજે જે ગમે છે તે થોડી વાર પછી ગમતું નથી. માટે સ્નેહ અવસ્થિત-રહેતો નથી. વિષયસ્વરૂપ વિષ ખૂબ જ ભયંકર છે. પાપકર્મના વિપાક-ફળ અત્યંત ભયંકર છે. એ વિપાક ભવોભવના અનુબંધને લઇને અનેક જન્મમાં પીડાને કરનારો છે. સંસારમાં જે કાંઇ વિષયસુખનો અનુભવ થાય છે - તે આપણી ખોટી માન્યતાને લઇને છે. આ જન્મમાં દિન-પ્રતિદિન મૃત્યુ નજીક આવી રહ્યું છે. આપણને મારવા માટે તે હંમેશાં પ્રવૃત્ત છે. આ જન્મમાં ધર્મને છોડીને બીજું કાંઇ જ કરવાનું ન્યાયસંગત નથી"... તેમ જ ભૂતકાળમાં બંધાયેલા વિચિત્ર કર્મના ઉદયથી શ્રી મેઘકુમારાદિ મહાત્માઓની જેમ ગ્રહણ કરેલા ગુણસ્થાનકમાં (અર્થાત્ તેના પાલનમાં) અરતિ થાય તો પરમતારક શ્રી અરિહંતપરમાત્માદિના શરણે ભાવથી - અરતિને દૂર કરવાના ભાવથી-જવાનો પ્રયત્ન જ કરવો પરંતુ અરતિને પરવશ બનવું નહિ. ॥૪૫॥

* * *

વિચિત્ર કર્મના ઉદયથી અરતિ થાય તો ઉપર જણાવ્યા મુજબ ભાવથી શરણ સ્વીકારવા દ્વારા પ્રયત્ન શા માટે કરવો - એ શંકાનું સમાધાન કરવા છેતાળીસમી ગાથા છે–

**अकुसलकम्मोदयपुव्वरूवमेसा जओ समक्खाया ।**
**सो पुण उवायसज्झो पाएण भयाइसु पसिद्धो ॥४६॥**

અધિકૃત (ગ્રહણ કરેલા) ગુણસ્થાનકની અરતિનું પૂર્વસ્વરૂપ અકુશલ કર્મનો ઉદય છે - એ પ્રમાણે શ્રી વીતરાગપરમાત્માએ જણાવ્યું છે. એ અકુશલકર્મોદય; ભય, રોગ અને વિષ જેવી રીતે ઉપાયથી દૂર કરી શકાય છે તેમ ઉપાયથી પ્રાયઃ દૂર કરી શકાય છે. આ પ્રમાણે છેતાળીસમી ગાથાનો અર્થ છે. આશય સ્પષ્ટ જ છે કે અકુશલ કર્મના ઉદયથી અધિકૃત ગુણના અનુપાલનમાં અરતિ થાય છે, પરંતુ જેમ ભય, રોગ કે વિષને પ્રાયઃ કરીને ઉપાયથી દૂર કરી શકાય છે તેમ અકુશલ કર્મોદય પણ આગળ વર્ણાવાતા ઉપાયથી પ્રાયઃ દૂર કરી શકાય છે. ભયાદિના નિવારણના ઉપાયની જેમ અકુશલ કર્મોદયના નિવારણનો પણ ઉપાય પ્રસિદ્ધ છે. ॥૪૬॥

* * *

ભયાદિના નિવારણના પ્રસિદ્ધ ઉપાય જણાવવા માટે સુડતાળીસમી ગાથા છે–

**सरणं भए उवाओ रोगे किरिया, विसम्मि मंतो त्ति ।**
**एए वि पावकम्मोवक्कमभेया उ तत्तेणं ॥४७॥**

“ભયમાં શરણ ઉપાય છે; રોગમાં ચિકિત્સા ઉપાય છે અને વિષમાં મંત્ર ઉપાય છે. આ શરણાદિ પાપકર્મના ઉપક્રમવિશેષ જ પરમાર્થથી છે.” આ પ્રમાણે સુડતાળીસમી ગાથાનો શબ્દાર્થ છે. આશય એ છે કે બીજાના (સ્વભિન્ન) કારણે ઉત્પન્ન થયેલ પીડાને સામાન્યથી ભય કહેવાય છે. આજીવિકા, અપયશ અને મરણાદિ સંબંધી અનેક પ્રકારના ભય છે. એવો



કોઈ પણ ભય ઉપસ્થિત થાય ત્યારે તેનો ઉપાય એટલે કે તેને દૂર કરવાનો ઉપાય નગરમાં રહેવાદિ સ્વરૂપ ‘શરણ’ છે. અર્થાદ્ નગરમાં રહેવાદિ દ્વારા નગરનું શરણ કરવાથી આજીવિકાદિસંબંધી ભય દૂર થાય છે.

જૂનો કોઢ વગેરે રોગ થાય ત્યારે તેને દૂર કરવા માટે તેની ચિકિત્સા કરવી તે ઉપાય છે; અને વિષવૃક્ષો સ્વરૂપ (વિષવૃક્ષાદિ સ્વરૂપ) સ્થાવર અને અફીણ વગેરે સ્વરૂપ જંગમ વિષની બાધા થાય ત્યારે દેવતાધિષ્ઠિત અક્ષરન્યાસ (વર્ણાવલી) સ્વરૂપ મંત્રથી તે બાધાને દૂર કરાય છે અર્થાત્ તેવા પ્રસંગે વિષનો પ્રત્યનીક (વિષને દૂર કરનાર) ઉપાય ‘મંત્ર’ છે.

ઉપર જણાવેલા શરણ, રોગચિકિત્સા અને મંત્ર આ ત્રણ ભય-મોહનીયાદિ સ્વરૂપ પાપકર્મના ઉપક્રમવિશેષ જ પરમાર્થથી છે. સામાન્યથી તે તે પાપકર્મના ઉપક્રમ આત્મપરિણામ સ્વરૂપ છે. પરંતુ તેવા પ્રકારના આત્મપરિણામના કારણ સ્વરૂપ શરણાદિને ઉપચારથી પાપકર્મના ઉપક્રમવિશેષ તરીકે વર્ણવ્યા છે. ઉપક્રમના કારણને ઉપક્રમ સ્વરૂપ કાર્યરૂપે વર્ણવ્યું છે, જેને શાસ્ત્રીય પરિભાષામાં કારણમાં કાર્યનો ઉપચાર કહેવાય છે. ॥૪૭॥

* * *

આ રીતે દૃષ્ટાંતને જણાવીને દાર્ષ્ટાંતમાં (જેના માટે દૃષ્ટાંત અપાયું છે તેમાં) દૃષ્ટાંતને સંગત કરવા અડતાળીસમી ગાથામાં ફરમાવ્યું છે કે–

**सरणं गुरू उ इत्थं किरिया उ तवो त्ति कम्मरोगम्मि ।**
**मंतो पुण सज्झाओ मोहविसविणासणो पयडो ॥४८॥**

કર્મભય (અકુશલકર્મોદય) ઉપસ્થિત થયે છતે પૂ. ગુરુદેવશ્રી શરણ-ભૂત છે; કર્મ (અકુશલ કર્મ) રોગ ઉપસ્થિત થયે છતે છઠ્ઠ, અઠ્ઠમ વગેરે તપ કરવા સ્વરૂપ ક્રિયા ચિકિત્સા છે અને મોહસ્વરૂપ વિષની બાધા ઉપસ્થિત થયે છતે વાચનાપૃચ્છનાદિ સ્વરૂપ સ્વાધ્યાય; મોહ એટલે કે અકુશલ કર્મના

ઉદયથી ઉત્પન્ન અજ્ઞાનસ્વરૂપ વિષનો નાશ કરનાર અનુભવસિદ્ધ મંત્ર છે, આ પ્રમાણે અડતાળીસમી ગાથાનો પરમાર્થ છે. ॥૪૮॥

❋ ❋ ❋

પ્રક્રાંત (જેનું વર્ણન શરૂ કર્યું છે તે) શરણાદિનું સેવન કરવાથી જે ફળની પ્રાપ્તિ થાય છે તેનું વર્ણન ઓગણપચાસમી ગાથાથી કરાય છે–

**एएसु जत्तकरणा तस्सोवक्कमणभावओ पायं ।**
**नो होइ पच्चवाओ अवि य गुणो एस परमत्थो ॥४९॥**

અકુશલકર્મનો ભય વગેરે ઉપસ્થિત થયે છતે ગુરુદેવશ્રીનું શરણ વગેરેમાં પ્રયત્ન કરવાથી અકુશલ કર્મના ઉપક્રમના કારણે મોટાભાગે પ્રત્યપાય થતો નથી, પરંતુ ગુણની પ્રાપ્તિ થાય છે - આ પરમાર્થ છે. આ પ્રમાણે ઓગણપચાસમી ગાથાનો શબ્દાર્થ છે.

કહેવાનો આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ અકુશલ કર્મનો ભય, રોગ કે મોહવિષનો ઉપદ્રવ થાય ત્યારે પૂ. ગુરુદેવશ્રીના શરણે જવું; છઠ્ઠ-અઠ્ઠમ વગેરે તપ કરવો અને વાચના-પૃચ્છનાદિ રૂપ સ્વાધ્યાય કરવો - આ બધામાં શ્રીતીર્થંકરપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ પ્રયત્ન કરવાથી; એ પૂર્વે જે અધિકૃત ગુણમાં અરતિને કરાવનારું અકુશલ કર્મ ઉદયમાં આવ્યું છે તેની ઉપર ઉપક્રમ લાગે છે; એટલે કે તે કર્મનો ઉદય અધિકૃત ગુણસ્થાનકમાં અરતિને ઉત્પન્ન કરાવવા સમર્થ બનતો નથી, તેથી પ્રાયઃ કરી પ્રત્યપાય (અધિકૃત ગુણનો હ્રાસ અથવા તો નવો અશુભ અનુબંધ) થતો નથી. જે કર્મ ઉપર (અકુશલ કર્મ ઉપર) ઉપક્રમ લાગતો નથી તે કર્મને નિરુપક્રમ કર્મ કહેવાય છે. સામાન્ય રીતે નિરુપક્રમ અકુશલ કર્મનો ઉદય હોય તો ગુણસ્થાનકની મોટા ભાગે પ્રાપ્તિ જ નહિ થાય, જેથી અધિકૃત ગુણસ્થાનકની અરતિનો સવાલ જ નથી. આવી જ રીતે અકુશલકર્મની પ્રબળ અવસ્થામાં પણ સામાન્ય કક્ષાના શરણાદિથી પણ



ઉપક્રમ લાગતો નહિ હોવાથી ગાથામાં **પ્રાયઃ** પદનો ઉલ્લેખ છે. આ રીતે શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ શરણાદિમાં પ્રયત્ન કરવાથી અધિકૃત ગુણની અરતિના કારણભૂત અકુશલકર્મને ઉપક્રમ લાગવાથી મોટા ભાગે તેવા પ્રકારની અરતિના કારણે થનારો પ્રત્યપાય થતો નથી, પરંતુ ગુણ થાય છે; કારણ કે આવા વખતે અકુશલ કર્મનો ઉદય કોઇ વાર ન પણ ટળે તોપણ તે અકુશલ કર્મ બીજા અકુશલ કર્મનો અનુબંધ કરાવનારું બનતું નથી. અર્થાત્ તે કર્મથી ભિન્ન કર્મના આરંભના અનુબંધનો છેદ થાય છે. આવું ન બને અને કર્મમાત્ર સ્વવિપાક કે સ્વાનુબંધનું કાર્ય કરે જ તો પુરુષાર્થનું કોઇ જ પ્રયોજન નહિ રહેવાથી પુરુષાર્થ વ્યર્થ બનશે.

ઉપર જણાવેલી વાતનો વિચાર કરવાથી એ શંકા થવાનો સંભવ છે કે પુરુષાર્થના કારણે અકુશલ કર્મની ઉપર ઉપક્રમ લાગવાથી કર્મ વિવક્ષિત વિપાકને બતાવવા સમર્થ બનતું નથી. આવું બને તો કૃતનાશ અને અકૃતાગમ - આ બંને દોષો પ્રાપ્ત થશે; કારણ કે જે કર્મ ઉપર પુરુષાર્થથી ઉપક્રમ લાગે છે અને તેથી તે અકુશલકર્મ ભિન્નસ્વરૂપે વેદાય છે પરંતુ જે સ્વરૂપે તે કર્મ બાંધ્યું હતું તે સ્વરૂપે તેનું વેદન થતું નથી. આથી સમજી શકાય છે કે જે કર્મ બાંધ્યું હતું તેનું તે સ્વરૂપે વેદન ન હોવાથી કૃતનો નાશ થાય છે અને જે કર્મ જે સ્વરૂપે બાંધ્યું ન હતું તે સ્વરૂપે તેનું વેદન હોવાથી અકૃતનો આગમ છે. જુદી રીતે વેદનીય સ્વભાવવાળા કર્મનું જુદી રીતે વેદન થવાથી ઉપર જણાવ્યા મુજબ 'કૃતનાશ' અને 'અકૃતાગમ (અકૃત્યાભ્યાગમ)' દોષનો પ્રસંગ આવે છે. યદ્યપિ આ પ્રસંગને દૂર કરવા અકુશલ એ કર્મનો સ્વભાવ જ એવો માનવો કે ભિન્નરૂપે વેદનીય અર્થાત્ બંધાતી વખતના સ્વભાવથી જુદી રીતે વેદનીય સ્વભાવવાળું જ એ કર્મ છે, તેથી તેના તે પ્રમાણેના વેદનથી 'કૃતનાશ' કે 'અકૃતનો અભ્યાગમ' દોષનો પ્રસંગ નહિ આવે. પરંતુ આવું માનવાથી પુરુષાર્થ વ્યર્થ થશે. કારણ કે કર્મનો અન્યથા વેદનીય જ

સ્વભાવ હોવાથી સ્વભાવના જ કારણે ત્યાં પુરુષાર્થ આક્ષિપ્ત (ખેંચાયેલ) છે. જે આક્ષિપ્ત હોય તે કારણ ન હોવાથી તેમાં વ્યર્થત્વનો પ્રસંગ આવશે.

આવી શંકાનું સમાધાન કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે - **उच्यते...** ઇત્યાદિ. આશય એ છે કે ઉપર જણાવેલી શંકામાં જે જણાવ્યું છે; તે તદ્દન જ અસંગત છે, સમજ્યા વગરની વાત છે. કારણ કે કર્મ બે પ્રકારના છે. અનિયતસ્વભાવવાળા અને નિયતસ્વભાવવાળા. સામાન્ય રીતે અનિયતસ્વભાવવાળું જે કર્મ છે તે સોપક્રમ છે. બીજું નિરુપક્રમ છે. જે કર્મ અનિયતસ્વભાવવાળું સોપક્રમ છે અર્થાદ્ જેની ઉપર પુરુષાર્થના કારણે ઉપક્રમ લાગે છે તે અનિયતસ્વભાવવાળું કર્મ જ પુરુષાર્થનો વિષય બને છે. પુરુષાર્થના કારણે જ તેની અનિયત-સ્વભાવતાસ્વરૂપ સોપક્રમતા બની રહે છે, જેથી અનિયતસ્વભાવતાનો (કૃતનો) નાશ થતો નથી અને તેનાથી ભિન્ન સ્વભાવતાનો (અકૃતનો) આગમ થતો નથી.

આ અનિયતસ્વભાવવાળું કર્મ સામાન્ય રીતે કાષ્ઠ, પાષાણ કે મૃત્તિકા (માટી) વગેરેમાં મૂર્તિ કે સ્તંભ વગેરે થવાની જે યોગ્યતા રહેલી છે તેવી યોગ્યતા સમાન છે. આ વાત આગળ બતાવવામાં આવનાર પ્રમાણ-યુક્તિથી ઉપપન્ન છે. આશય એ છે કે કાષ્ઠ કે પાષાણ વગેરેથી જે પ્રતિમાદિ થાય છે, પાણી વગેરેથી નહિ. પ્રતિમાદિને ઉત્પન્ન કરવાની યોગ્યતા કાષ્ઠ વગેરેમાં છે, પાણી વગેરેમાં નહિ. આમ છતાં દરેક કાષ્ઠ વગેરેથી પ્રતિમાદિ થતાં નથી, તોપણ કાષ્ઠ પ્રતિમા માટે અયોગ્ય છે - એવું કહેવાતું નથી. કારણ કે પ્રતિમાદિ માટે અયોગ્ય એવા જલ વગેરેનું જે સ્વરૂપ છે તેનાથી જુદું જ સ્વરૂપ કાષ્ઠ વગેરેનું છે. આવો અનુભવ સકલલોકપ્રસિદ્ધ છે. જે કાષ્ઠ વગેરે ઉપર શિલ્પી વગેરેનો પ્રયત્ન થાય છે તે કાષ્ઠ વગેરેથી પ્રતિમા થાય છે. અર્થાદ્ પ્રતિમા વગેરે તાદૃશ પુરુષાર્થથી જન્ય છે. કાષ્ઠાદિગત પ્રયત્ન (પુરુષાર્થ) પ્રતિમાદિ સ્વરૂપ છે. બસ ! આવું જ અનિયત સ્વભાવવાળાં કર્મ અંગે બને છે. અનિયતસ્વભાવવાળા કર્મ ઉપર પુરુષાર્થ થાય તો ઉપક્રમ લાગવાથી કર્મની અનિયતસ્વભાવતા પ્રગટે છે. પુરુષાર્થના અભાવમાં ઉપક્રમ ન લાગે તોપણ તે કર્મ ઉપક્રમ માટે અયોગ્ય



છે એવું માનવામાં આવતું નથી. આથી સમજી શકાશે કે અનિયત - સ્વભાવવાળા કર્મ ઉપર પુરુષાર્થના કારણે ઉપક્રમ લાગવાથી કૃતનાશ કે અકૃતાભ્યાગમનો પ્રસંગ આવતો નથી.

'કાષ્ઠ જ પ્રતિમાનું આક્ષેપક છે' - આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. કાષ્ઠ જ પ્રતિમાનું આક્ષેપક છે - એ પ્રમાણે કહેવા પાછળ એ આશય રહેલો છે કે - 'કાષ્ઠ જ પ્રતિમાનું આક્ષેપક છે' - એમ માની લઇએ તો પ્રતિમાતુલ્ય પુરુષાર્થને કારણ માનવાની જરૂર નહીં પડે. જે આક્ષિપ્યમાણ (ખેચાતું) હોય છે તે કારણ હોતું નથી. કાષ્ઠમાં જ એવી યોગ્યતા છે કે જે પ્રતિમાને કુદરતી રીતે જ બનાવે છે તેમ કર્મનો અનિયત સ્વભાવ જ પુરુષાર્થને ખેંચી લાવે છે. 'પુરુષાર્થથી કર્મ ઉપર ઉપક્રમ લાગે છે - એવું નથી.' આ આશયથી 'કાષ્ઠ જ પ્રતિમાને ખેંચી લાવે છે' - આ મુજબ કહ્યું છે, પરંતુ તે યોગ્ય નથી. કારણ કે એ મુજબ માનવાથી દરેક કાષ્ઠથી પ્રતિમા થવાનો અને દરેક કર્મને ઉપક્રમ લાગવાનો પ્રસંગ આવશે. અથવા તો જે કાષ્ઠાદિથી પ્રતિમાદિ થતા નથી તેને અયોગ્ય માનવાનો પ્રસંગ આવશે. (કાષ્ઠાદિથી પુરુષાર્થના અભાવમાં પ્રતિમાદિ ન થાય તોપણ તે કાષ્ઠાદિને અયોગ્ય મનાતું નથી - આ વાત ધ્યાનમાં રાખવી.)

યદ્યપિ ''જે કાષ્ઠથી પ્રતિમા થાય છે તે યોગ્ય છે અને જે કાષ્ઠથી પ્રતિમા થતી નથી, તે અયોગ્ય છે.'' - આ પ્રમાણે માનવાથી કાષ્ઠ વગેરેમાં યોગ્યતા કે અયોગ્યતાને માનવાનું શક્ય બનશે. જે કાષ્ઠથી પ્રતિમા થતી ન હોવા છતાં પ્રતિમાદિની સ્વરૂપયોગ્યતા કાષ્ઠ વગેરેમાં મનાય છે - તે તો વ્યવહારનયની યોગ્યતા છે. તે માત્ર પ્રવૃત્ત્યુપયોગી છે ફલોપધાનોપયોગી નથી. આપણને તો નૈશ્ચયિકી ફલોપધાનોપયોગિની યોગ્યતાનું પ્રયોજન છે. આથી બધા જ કાષ્ઠાદિથી પ્રતિમાદિ થવાનો અથવા તો યોગ્યને અયોગ્ય માનવાનો પ્રસંગ આવશે નહિ.''... આ પ્રમાણે કહી શકાય છે; પરંતુ તે બરાબર નથી; કારણ કે એવી નૈશ્ચયિકી યોગ્યતા લૌકિક નથી. અર્થાદ્ લોકોના જ્ઞાનનો એ વિષય બનતી નથી. માની લઇએ કે પ્રતિમાદિફળને જોઇને તે તે કાષ્ઠાદિમાં એ યોગ્યતાનું

તેમ જ પ્રતિમાદિ થયેલાં ન હોવાથી તેના (પ્રતિમાદિના) અભાવને જોઇને એ અયોગ્યતાનું અથવા તો પ્રતિમાદિને બનાવનારા તે તે અનુભવી શિલ્પી વગેરેના વચનથી કાષ્ઠાદિની નૈશ્ચયિકી યોગ્યતા - અયોગ્યતાનું જ્ઞાન લોકોને પણ થઇ શકે છે તોપણ કાષ્ઠાદિમાં યોગ્યતા-ભેદ-વિશેષ છે - એ તો ચોક્કસ થાય છે જ. બસ ! તાદૃશયોગ્યતા જેવો જ કર્મનો અનિયત સ્વભાવ છે. એવાં કર્મ જ પુરુષાર્થથી ઉપક્રાંત (અનિયતસ્વભાવે વિપાકનો અનુભવ કરાવનાર) થાય છે.

'કાષ્ઠ જ પ્રતિમાનું આક્ષેપક છે' - આ વાતનો જવાબ બીજી રીતે જણાવાય છે **किञ्च...** ઇત્યાદિ ગ્રંથથી. આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ કાષ્ઠ જ પ્રતિમાનું આક્ષેપક છે - એમ કહીને વસ્તુતઃ કર્મ જ પુરુષાર્થનું આક્ષેપક છે - એ સમજાવવાનું તાત્પર્ય હતું. ત્યાં કર્મ પણ પુરુષાર્થનું જે આક્ષેપક બને છે તે પોતાના અનિયત સ્વભાવને લઇને બને છે. તો એ જ રીતે પુરુષાર્થ પણ પોતાના સ્વભાવથી જ અનિયતસ્વભાવવાળા કર્મની ઉપર ઉપક્રમ લગાડે છે - એવું માનવામાં કયો દોષ છે ? અર્થાદ્ કોઇ દોષ નથી. કારણ કે કર્મનો ઉપક્રમ લાગવાનો સ્વભાવ હોય તો પુરુષાર્થનો ઉપક્રમ લગાડવાનો સ્વભાવ માનવો જ પડે અને પુરુષાર્થનો ઉપક્રમ લગાડવાનો સ્વભાવ હોય તો કર્મનો ઉપક્રમ લાગવાનો સ્વભાવ માનવો જ પડે. આથી દારુ-કાષ્ઠ જ પુરુષાર્થનું આક્ષેપક છે - આવું જ માનીને નહિ ચાલે, ઉભયમાં એટલે કર્મ અને પુરુષાર્થમાં પરસ્પરાક્ષેપક સ્વભાવ માનવાનું યોગ્ય છે. કર્ત્તાનો કર્મ કરવાનો અને કર્મનો કર્ત્તાને કરવા દેવાનો સ્વભાવ માનવાથી જ સર્વત્ર ઇષ્ટ-કાર્યની સિદ્ધિ થાય છે. ભાત જ રંધાય છે, કાંકરા નહિ. રસોઇયો જ રાંધે છે, ઘટાદિ નથી રાંધતા. આથી સમજી શકાશે કે કર્ત્તા - કર્મનો - ઉભયનો ઇષ્ટસિદ્ધ્યનુકૂળ તે તે સ્વભાવ માનવાથી જ ઇષ્ટની સિદ્ધિ થાય છે. અન્યથા અન્યતરનો (બેમાંથી કોઇ એકનો જ) તેવો સ્વભાવ માનીએ અને ઉભયનો તેવો સ્વભાવ ન માનીએ તો ઇષ્ટસિદ્ધિના અયોગ(અભાવ)નો અને અતિપ્રસંગનો પ્રસંગ આવશે. કારણ કે માત્ર કર્મનો ઉપક્રમ્ય સ્વભાવ હોય અને પુરુષાર્થનો



ઉપક્રામક સ્વભાવ ન હોય તો; આકાશથી જેમ કર્મ ઉપર ઉપક્રમ લાગતો નથી તેમ પુરુષાર્થથી પણ નહિ જ લાગે અને તેથી ઉપક્રમના અભાવનો પ્રસંગ આવશે. આવી જ રીતે કર્મનો ઉપક્રમ્ય સ્વભાવ ન હોય અને માત્ર પુરુષાર્થનો ઉપક્રામક સ્વભાવ હોય તો જેમ વિના પણ સ્વભાવે કર્મ ઉપર પુરુષાર્થથી ઉપક્રમ લાગે તેમ આકાશાદિને પણ પુરુષાર્થથી ઉપક્રમ લાગવા સ્વરૂપ અતિપ્રસંગનો અવસર-પ્રસંગ આવશે. માટે ઉપર જણાવ્યા મુજબ ઉભયનો તે તે સ્વભાવ માનવો જોઇએ, એ સમજી શકાય છે.

આ રીતે ઉભયજન્ય તત્ત્વ - ઇષ્ટસિદ્ધિ હોય તો સંસારનાં સુખો વગેરે કર્મથી જ મળે છે અને સંયમ વગેરે પુરુષાર્થથી જ મળે છે... ઇત્યાદિ વ્યવહાર અસંગત થશે - એવું કહેવાનું યોગ્ય નથી. કારણ કે એ વ્યવહાર કર્મ અને પુરુષાર્થની ઉત્કટતા કે મંદતાને લઇને મુખ્ય કે ગૌણસ્વરૂપે થાય છે. તે તે કાર્યમાં તે તે કર્મ કે પુરુષાર્થ પ્રધાન-ઉત્કટ હોય તો તે તે કાર્ય અનુક્રમે કર્મથી થયેલું કે પુરુષાર્થથી થયેલું કહેવાય છે... ઇત્યાદિ કર્મ અને પુરુષાર્થ અંગેની વ્યવસ્થા સૂક્ષ્મબુદ્ધિથી સમજવી જોઇએ. ગ્રંથકાર પરમર્ષિએ ઉપદેશમાલાદિ ગ્રંથમાં આ વિસ્તારથી સમજાવ્યું છે, માટે આ ગ્રંથમાં આ વિષયમાં જણાવ્યું નથી. જિજ્ઞાસુઓએ ઉપદેશમાલાદિ ગ્રંથનું અધ્યયન કરવું જોઇએ. ॥૪૯॥

* * *

અધિકૃત ગુણમાં અરતિ થયે છતે શરણાદિ(ચિકિત્સા અને મંત્ર)માં જે રીતે પ્રયત્ન કરવાનો છે, તે અંગેના વિધિને જણાવવા પચાસમી ગાથા છે—

**चउसरणगमण दुक्कडगरहा सुकडाणुमोयणा चेव ।**
**एस गणो अणवरयं कायव्वो कुसलहेउत्ति ॥५०॥**

શ્રી અરિહંતપરમાત્માદિ ચારના શરણે જવું, દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના - આ ત્રણનો સમુદાય કુશલહિતનું કારણ છે - એમ માનીને નિરંતર કરવો. આ પ્રમાણે પચાસમી ગાથાનો શબ્દાર્થ છે.

શ્રી અરિહંતપરમાત્મા, શ્રી સિદ્ધભગવંતો, શ્રી સાધુભગવંતો અને શ્રી કેવલજ્ઞાનીઓએ પ્રરૂપેલો ધર્મ - આ ચારના શરણે જવા સ્વરૂપ ચતુઃશરણગમન છે. જોકે પૂ. આચાર્યભગવંતો અને પૂ. ઉપાધ્યાયભગવંતોના શરણે જવાનું હોવાથી ચારના બદલે છના શરણે ગમન જણાવવું જોઇએ; પરંતુ પૂ. આચાર્યભગવંતો અને પૂ. ઉપાધ્યાયભગવંતોનો સમાવેશ પૂ. સાધુભગવંતોમાં થતો હોવાથી ચતુઃશરણગમન જણાવ્યું છે. આમ તો શ્રી અરિહંત પરમાત્માદિ ત્રણમાં જ શ્રીકેવલજ્ઞાનીઓએ પ્રરૂપેલા પરમતારક ધર્મનો સમાવેશ થતો હોવાથી ત્રિશરણગમન જણાવવું જોઇએ, પરંતુ શ્રી કેવલજ્ઞાનીઓએ પ્રરૂપેલો પરમતારક ધર્મ અનાદિનો હોવાથી, સાદિ એવા શ્રી અરિહંતપરમાત્માદિ ત્રણથી ધર્મનું પૃથગ્ રીતે ગ્રહણ કર્યું છે; જેથી 'ચતુઃશરણગમન' જણાવ્યું છે, તે બરાબર છે. તે તે પરમતારક શ્રી તીર્થંકરપરમાત્માદિ શ્રી કેવલીભગવંતોએ દર્શાવેલા ધર્મનું સ્વરૂપ એક જ હોવાથી ધર્મની અનાદિતા છે... ઇત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું જોઇએ.

શ્રી અરિહંતપરમાત્માદિ ચારને છોડીને અન્ય કોઇ પણ શરણ કરવા યોગ્ય (શરણ્ય) નથી. કારણ કે જે ગુણાધિક હોય છે તે જ શરણ્ય બને છે. શરણ્ય વ્યક્તિઓની ગુણાધિકતાને લઇને જ શરણ્ય વ્યક્તિઓથી શરણે રહેલાની રક્ષા ઉપપન્ન-સંગત બને છે. અહીં યાદ રાખવું જોઇએ કે - દુઃખથી બચવા સ્વરૂપ અહીં રક્ષા નથી, પરંતુ સંક્લિષ્ટ પરિણામ (સુખનો રાગ અને દુઃખનો દ્વેષ) દૂર થવાથી જે શાંતિ (કષાયરહિત અવસ્થા) મળે છે તે સ્વરૂપ અહીં રક્ષા છે. શ્રી અરિહંતપરમાત્માદિના પ્રણિધાનપૂર્વકના ધ્યાનથી તે તે સ્વભાવે જ ક્લિષ્ટકર્મનો વિગમ થાય છે અને તેથી શાંતિ પ્રાપ્ત થાય છે. આશય એ છે કે શ્રી અરિહંતપરમાત્માદિ ચારનું અભિધ્યાન જ અહીં શરણ-સ્વરૂપ છે. અધિકૃત ગુણમાં અરતિ ઉત્પન્ન થયે છતે; શ્રી અરિહંતપરમાત્માદિ ચારનું અભિધ્યાન કરવાથી અધિકૃત ગુણમાં અરતિ ઉત્પન્ન કરનાર ક્લિષ્ટકર્મનો વિગમ થાય છે અને તેથી પરિણામે શાંતિ પ્રાપ્ત થાય છે; જે, અરતિથી ઉત્પન્ન થયેલા ભયથી થનારી રક્ષાસ્વરૂપ છે. શ્રી અરિહંતપરમાત્માદિ ચારનું અભિધ્યાન એક સ્વરૂપનું નથી. અનુક્રમે



શ્રી અરિહંતપરમાત્માદિનું ધ્યાન માર્ગદેશકસ્વરૂપે, સાધ્યસ્વરૂપે, સાધકસ્વરૂપે અને સાધનસ્વરૂપે થતું હોય છે અને એ એ સ્વભાવે જ ઉપર જણાવ્યા મુજબ રક્ષા થતી હોય છે. આ આશયથી જ ગ્રંથકાર પરમર્ષિએ **तत्तत्स्वभावतया एवाभिध्यानतः...** ઇત્યાદિનો ઉલ્લેખ કર્યો છે.

ચતુઃશરણગમનની જેમ 'દુષ્કૃતની ગર્હા' કરવી જોઇએ. અનાદિ એવા પણ આ સંસારમાં અજ્ઞાન, અવિરતિ કે પ્રમાદાદિને પરવશ બની મન, વચન અને કાયા સ્વરૂપ દુષ્કૃતના અસાધારણ સાધનના ઉપયોગથી જે દુષ્કૃતો કર્યાં છે; તેની, શ્રી તીર્થંકરપરમાત્મા કે શ્રી સિદ્ધભગવંતાદિની સાક્ષીએ મોક્ષની તીવ્ર અભિલાષાદિ સ્વરૂપ સંવેગથી પૂર્ણ ચિત્ત વડે કરાતી જુગુપ્સાને દુષ્કૃતની ગર્હા કહેવાય છે. દુષ્કૃતને હેય (ત્યાજય) માન્યા વિના તાત્ત્વિક ગર્હા શક્ય બનતી નથી. દુષ્કૃતની તેવા પ્રકારની તાત્ત્વિક ગર્હા વખતની દુષ્કૃતની હેયત્વભાવનાથી ક્લિષ્ટકર્મના અનુબંધનો તેમ જ ક્લિષ્ટકર્મનો વિચ્છેદ થાય છે અને એ અનુબંધાદિના વિચ્છેદથી મહા-અનર્થની નિવૃત્તિ થાય છે, તેથી તે વિચ્છેદ ખરેખર જ સુંદર છે; જે દુષ્કૃતની ગર્હાનું એકમાત્ર ફળ છે.

આવી જ રીતે સુકૃતની અનુમોદના કરવી જોઇએ. અનેક પ્રકારનું બધા જીવોનું જે મોક્ષને અનુકૂળ અનુષ્ઠાન છે; તેના મહાન પક્ષપાત વડે અને તે અનુષ્ઠાનની પોતાને ક્યારે અને કઇ રીતે પ્રાપ્તિ થાય - એવી ચિંતા-વિચારણાપૂર્વક જે પ્રશંસા; તેને સુકૃતની અનુમોદના કહેવાય છે. અહીં યાદ રાખવું જોઇએ કે જે અનુષ્ઠાનની અનુમોદના કરવાની છે તે અનુષ્ઠાન મોક્ષને અનુકૂળ હોવું જોઇએ; સર્વ સામાન્ય જીવનું હોવું જોઇએ. માત્ર આપણું પોતાનું અથવા આપણા સંબંધીઓનું નહિ હોવું જોઇએ. તેની પ્રત્યે આપણને મોટો પક્ષપાત હોવો જોઇએ અને તેને પ્રાપ્ત કરવા માટેની ચિંતા આપણને રાત અને દિવસ હોવી જોઇએ. જે અનુષ્ઠાનની (સુકૃતની) આપણે અનુમોદના કરીએ છીએ તે અનુષ્ઠાન ગ્રહણ કરવાની (તેની ઉપાદેયતાની) બુદ્ધિ હોય ત્યારે તે અનુષ્ઠાન પ્રત્યેના બહુમાનવિશેષના કારણે ચોક્કસ જ સુકૃતની અનુમોદના થાય છે. પરંતુ,

અન્યથા - તેવી ઉપાદેયતાબુદ્ધિ અને બહુમાનવિશેષ ન હોય તો-ચોક્કસ જ સુકૃતની અનુમોદના થતી નથી. કારણ કે તે એક જાતની બનાવટ હોવાથી તેથી વિવક્ષિત ફળ પ્રાપ્ત થતું નથી. આથી સમજી શકાશે કે વાસ્તવિક સુકૃતની અનુમોદના કલ્યાણનું મોટું કારણ છે. બળદેવ-મુનિભગવંત, કઠિયારો અને મૃગ આ ત્રણના દૃષ્ટાંતથી - એ સ્પષ્ટ સમજી શકાય છે. ખૂબ જ પ્રસિદ્ધ છે એ દૃષ્ટાંત. દાન લેનાર, દાન આપનાર અને તેની અનુમોદના કરનાર - એ ત્રણેયને એકસરખું જ ફળ પ્રાપ્ત થયું. શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબની ઉચિત પ્રવૃત્તિ સમુચિત ફળને આપનારી બને છે - એ નિર્વિવાદ છે.

ચતુઃશરણગમન વગેરે ત્રણનો સમુદાય અનવરતપણે (મોટા ભાગે સર્વકાળ) કરવા યોગ્ય છે અર્થાદ્ એનાથી આત્માને ભાવિત બનાવવો જોઇએ. કારણ કે એ સમુદાય અધિકૃત ગુણમાં અરતિ વગેરે સ્વરૂપ અપાયને દૂર કરી પરમકલ્યાણનું કારણ બને છે. સામાન્યપ્રજ્ઞાવાળા આત્માઓ તો આ વાતને સમજી પણ શકતા નથી. તેથી સમજી શકાશે કે ચતુઃશરણગમનાદિ ત્રિતયના સમુદાયમાં રહેલી કલ્યાણની કારણતા મોટી ગંભીર છે. કારણ કે એના અનવરત પરિભાવનથી; ભાવની મુખ્યતાએ તત્ત્વમાર્ગ(મોક્ષમાર્ગ)માં જીવનો પ્રવેશ થાય છે. ખૂબ જ સ્થિરતાપૂર્વક આ અચિંત્યચિંતામણિસમાન ભાવસ્વરૂપ ધર્મસ્થાનનું પરિભાવન કરવું જોઇએ. આ પચાસમી ગાથાનો પરમાર્થ છે.

* * *

નવમી ગાથાથી યોગની અધિકારિતાના વર્ણનની શરૂઆત કરી છે. તેના વિષયમાં જ વિશેષ જણાવવા માટે એકાવનમી ગાથા છે–

**घडमाण-पवत्ताणं जोगीणं जोगसाहणोवाओ ।**
**एसो पहाणतरओ णवर पवत्तस्स विण्णेओ ।।५१।।**



"ઘટમાન (યોગને યોગ્ય) અને પ્રવૃત્ત (યોગની પ્રવૃત્તિ કરનાર-યોગને નહિ પામેલા) યોગીજનો માટે પૂર્વે જણાવેલા અને ભવિષ્યમાં જણાવાશે તે યોગસાધનના ઉપાયો છે. પરંતુ યોગમાર્ગે પ્રવૃત્ત યોગીજનો માટે આગળ વર્ણવાશે તે શ્રેષ્ઠ યોગ-સાધનાનો ઉપાય જાણવો..." આ પ્રમાણે એકાવનમી ગાથાનો અર્થ છે. આશય એ છે કે - અપુનર્બંધક દશાને પામેલા યોગીને ઘટમાનયોગી કહેવાય છે અને ભિન્નગ્રંથિવાળા અવિરત સમ્યગ્દષ્ટિ આત્માઓને પ્રવૃત્ત-યોગી કહેવાય છે. ગાથામાં ઘટમાન અને પ્રવૃત યોગીનું ગ્રહણ કર્યું છે; પરંતુ સામાન્યથી બધા જ યોગીઓનું ગ્રહણ કર્યું નથી. કારણ કે નિષ્પન્નયોગીઓ માટે યોગસાધનનો ઉપાય; ઉપર જણાવેલા યોગીજનોના યોગસાધનના ઉપાયથી જુદો છે. તેથી **ઘટમાન...** ઇત્યાદિ પદના ઉપાદાનથી નિષ્પન્નયોગીઓનો વ્યવચ્છેદ કર્યો છે. ઘટમાન અને પ્રવૃત્ત એ બે યોગીઓ માટે યોગસાધનાનો ઉપાય પૂર્વે જણાવેલો છે અને ભવિષ્યમાં આગળ બતાવાશે. નિષ્પન્નયોગીઓ માટે યોગસાધનાનો ઉપાય જુદો છે; જે, કેવલજ્ઞાનીઓનો સ્વાભાવિક શૈલેશી અવસ્થા સુધીનો છે. આ વાતનો સ્વીકાર કરવાથી સમજી શકાશે કે "નિષ્પન્નયોગીઓને કર્મના અધિકારમાત્રની નિવૃત્તિ સ્વરૂપ ફળ છે જેનું એવો સ્વાભાવિક યોગસાધનોપાય છે" આ પ્રમાણે અન્યદર્શનકારો જે કહે છે તે, અર્થને આશ્રયીને સરખા યોગવાળું અને ક્ષેમવાળું હોવાથી વિરુદ્ધ નથી. યદ્યપિ શ્રીતીર્થંકરપરમાત્માદિ કેવલી ભગવંતોને પણ કર્મ ખપાવવા માટે પ્રયત્નથી જન્ય એવો દેશનાદિનો યોગ હોવાથી તેઓશ્રીને સ્વાભાવિક યોગ હોય છે - એ કહેવું ઉચિત નથી. પરંતુ શ્રી કેવલજ્ઞાની પરમાત્માઓને કેવલી-સમુદ્ઘાત કરવાનું અચિંત્ય સામર્થ્ય હોવાથી કર્મ તેઓશ્રીને વશ હોવાથી તેઓશ્રી કર્મપરવશ ન હોવાથી તેવા પ્રકારનો દેશનાદિનો યોગ; તેઓશ્રીને સ્વભાવથી જ જાણવો. ઉપર જણાવ્યા મુજબ પૂર્વે જણાવેલો અને આગળ જણાવાતો યોગસાધનનો ઉપાય ઘટમાન અને પ્રવૃત્ત યોગીઓ માટે છે. પરંતુ આગળ વર્ણવાતો શ્રેષ્ઠતર યોગસાધનનો ઉપાય પ્રવૃત્તયોગીઓને આશ્રયીને જાણવો. કારણ કે તે શ્રેષ્ઠતર

યોગસાધનોપાયના સ્વભાવથી પ્રવૃત્તયોગી જનો જ અધિકારી છે... એકાવનમી ગાથાનો એ અભિપ્રાય છે. ॥૫૧॥

* * *

બાવનમી ગાથાથી ઘટમાનાદિયોગીજનોને આશ્રયીને યોગસાધનાનો ઉપાય જણાવાય છે–

**भावणासुयपाढो तित्थसवणमसतिं तयत्थजाणम्मि ।**
**तत्तो य आयपेहणमतिनिउणं दोसवेक्खाए ॥५२॥**

રાગાદિને દૂર કરનારી ભાવનાને જણાવનારા શ્રુતનું વિધિપૂર્વક અધ્યયન કરવું. ત્યાર બાદ અનેકવાર તીર્થસ્વરૂપ આચાર્યભગવંત પાસે તેનું (તેના અર્થનું) શ્રવણ કરવું. આ રીતે ભાવનાશ્રુતાર્થનું જ્ઞાન પ્રાપ્ત થયે છતે રાગાદિ દોષોની અપેક્ષાએ અત્યંત નિપુણતાપૂર્વક આત્મનિરીક્ષણ કરવું... આ પ્રમાણે બાવનમી ગાથાનો શબ્દાર્થ છે.

કહેવાનો આશય એ છે કે યોગને સિદ્ધ કરવાનો ઉપાય 'ભાવનાશ્રુતનો પાઠ' છે. મોક્ષની સાથે જોડી આપનાર આત્મવ્યાપારને યોગ કહેવાય છે. એમાં બાધક જીવની રાગાદિની પરિણતિ છે. રાગાદિના એ પરિણામને દૂર કરવા રાગાદિના પ્રતિપક્ષની ભાવનાથી આત્માને ભાવિત કરવો જોઈએ અને એ માટે તે ભાવનાથી પ્રતિબદ્ધ એવા શ્રુતસૂત્રનું અધ્યયન કરવું જોઈએ. સામાન્ય રીતે રાગાદિના નિમિત્ત; રાગાદિનું સ્વરૂપ અને રાગાદિનું ફળ (વિપાક) - એ ત્રણને જણાવનાર શ્રુત; રાગાદિપ્રતિપક્ષભાવના - પ્રતિબદ્ધ શ્રુત છે. તેનું વિધિપૂર્વક અધ્યયન કરવાથી રાગાદિની પરિણતિ દૂર થાય છે. આ શ્રુતનું અધ્યયન વિધિપૂર્વક જ કરવું જોઈએ. અન્યથા અનીતિ વગેરે અન્યાયથી મેળવેલા ધનની જેમ તે કલ્યાણનું કારણ નહીં બને.

આ રીતે તે ગ્રંથનું વિધિપૂર્વક અધ્યયન (સૂત્રથી અધ્યયન) થયા બાદ તીર્થસ્વરૂપ પૂ. આચાર્યભગવંત પાસે તેના અર્થનું શ્રવણ કરવું. સૂત્રનું



અધ્યયન કર્યું ન હોય તો સૂત્રના અધ્યયનથી દૂર કરવાયોગ્ય જ્ઞાનાવરણીયાદિ ક્લિષ્ટ કર્મનો અપગમ (વિનાશ) થયેલો ન હોવાથી સૂત્રના અર્થનો સમ્યગ્ રીતે બોધ નહિ થાય. સૂત્રના અધ્યયન વિના તેના અર્થનું શ્રવણ; અપરિપક્વ પેટના મલને કાઢવા જેવું અનિષ્ટનું કારણ બને છે, તેથી તે વચનને યાદ રાખી સૂત્રના અધ્યયન પછી જ તીર્થસ્વરૂપ પૂ. આચાર્યભગવંતની પાસે તે સૂત્રના અર્થનું શ્રવણ કરવું જોઈએ. આપણે જે સૂત્રના અર્થનું શ્રવણ કરવાનું છે તે સૂત્ર અને તેનો અર્થ ઉભયના જાણકાર અને વારંવાર એ ગ્રંથમાં જણાવેલ ભાવનામાર્ગને અભ્યસ્ત કરનાર પૂ. આચાર્યભગવંતને અહીં તીર્થસ્વરૂપે વર્ણવ્યા છે. આવા જ પૂ. આચાર્યભગવંતની પાસે સાંભળવું જોઈએ. આવા પૂ. આચાર્યભગવંતથી જુદા જ આચાર્યભગવંતાદિની પાસે સાંભળવાથી તાત્ત્વિક સમ્યગ્જ્ઞાનની સિદ્ધિ નહિ થાય. માટે તીર્થસ્વરૂપ જ પૂ. આચાર્યભગવંતની પાસે તે તે સૂત્રના અર્થનું અનેકવાર શ્રવણ કરવું જોઈએ. કારણ કે એકાદવારના શ્રવણથી અર્થનો વાસ્તવિક ખ્યાલ ન આવે તો સમ્યગ્જ્ઞાનના બદલે કુજ્ઞાનની પ્રાપ્તિ થવાથી બહુ જ મોટો અપાય થવાનો પૂરતો સંભવ છે. તેથી ઉપર જણાવ્યા મુજબ ભાવનાશ્રુતાર્થનું પુણ્યશ્રવણ અનેકવાર કરવું જોઈએ.

આ રીતે ભાવનાશ્રુતાર્થનું જ્ઞાન પ્રાપ્ત થયા પછી શું કરવું - તે ગાથાના ઉત્તરાર્દ્ધથી જણાવાયું છે. તાત્પર્ય એ છે કે - ભાવનાશ્રુતાર્થનું જ્ઞાન પ્રાપ્ત થયા પછી આત્મપ્રેક્ષણનિરીક્ષણ કરવું. એ પણ ઉપર-ઉપરથી નહિ કરતાં ખૂબ જ કુશલતાપૂર્વક કરવું જોઈએ. પોતાની મેળે કરી શકાય તો પોતાની મેળે કરવું, બીજાની સહાયથી પણ જરૂર પડ્યે કરવું; અને રાગાદિને આધીન થવાનો સ્વભાવ છે કે પછી દાક્ષિણ્યાદિના કારણે તે તે પ્રવૃત્તિ થાય છે... વગેરે રીતે આત્મનિરીક્ષણ કરવું. આ આત્મનિરીક્ષણ દોષને આશ્રયીને કરવાનું છે. શુદ્ધ એવા આત્માને જે દૂષિત કરે છે તેને દોષ કહેવાય છે. જે રાગ, દ્વેષ અને મોહ સ્વરૂપ છે, એ દોષને આશ્રયીને આત્મનિરીક્ષણ કરતાં એ જોવાનું કે - 'શું મારામાં રાગ વધારે છે, દ્વેષ વધારે છે કે પછી મોહ વધારે છે ?' આ પ્રમાણે વિચારવાથી ઉત્કટ દોષની

પ્રતિપક્ષ (પ્રતિકૂળ) ભાવનાનો અભ્યાસ પડે છે. યોગની સાધના માટે આ બધું કરવાનું ખૂબ જ આવશ્યક છે. દોષોને આશ્રયીને આત્મનિરીક્ષણ ઉપર જણાવ્યા મુજબ કરવું જોઇએ. રોગાદિને વિષય બનાવી શરીરનું નિરીક્ષણ આપણે એ રીતે જ કરીએ છીએ. આપણને ખબર ન પડે તો બીજાને નિદાન કરવાનું કહીએ છીએ. રોગ પ્રકૃતિથી થયો છે કે સંસર્ગથી થયો છે... ઇત્યાદિ ખૂબ જ ચીવટથી જાણવાનો પ્રયત્ન કરીએ છીએ. આવું જ દોષના વિષયમાં પૂર્ણ પ્રયત્ને આત્મનિરીક્ષણ કરવું જોઇએ. અન્યથા યોગની સાધના નહિ થાય... આ પ્રમાણે બાવનમી ગાથાનો ભાવાર્થ છે. ।।૫૨।।

* * *

પૂર્વગાથાથી આત્મનિરીક્ષણ દોષના વિષયમાં કરવું જોઇએ - એ પ્રમાણે જણાવ્યું છે, તેથી દોષોનું જ સ્વરૂપ જણાવવા ત્રેપનમી ગાથામાં ફરમાવ્યું છે કે–

**रागो दोषो मोहो एए एत्थाऽऽयदूसणा दोसा ।**
**कम्मोदयसंजणिया विण्णेया आयपरिणामा ।।५३।।**

"આ યોગની સાધનામાં આત્માને દૂષિત કરનારા રાગ, દ્વેષ અને મોહ દોષ છે. આ દોષો કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા આત્મપરિણામ સ્વરૂપ સમજવા." આ પ્રમાણે ત્રેપનમી ગાથાનો શબ્દાર્થ છે. ભાવાર્થ સ્પષ્ટ છે કે; કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા આત્મપરિણામ સ્વરૂપ રાગાદિ દોષો; જપાપુષ્પાદિના સાંનિધ્યથી સ્ફટિકમાં જે લાલાશ વગેરે પરિણામ વર્તાય છે; તેવા છે. રાગનું સ્વરૂપ અભિષ્વંગ-આસક્તિ છે, દ્વેષનું સ્વરૂપ અપ્રીતિ છે અને મોહનું સ્વરૂપ અજ્ઞાન છે. સામાન્યથી રાગાદિના સ્વરૂપને તેનું લક્ષણ માનીને અહીં રાગાદિનું નિરૂપણ કર્યું છે. કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા આત્મપરિણામને અહીં રાગાદિ દોષ તરીકે વર્ણવ્યા છે, પરંતુ માત્ર આત્માનો જ પરિણામ કે માત્ર કર્મનો જ પરિણામ રાગાદિ નથી. તાત્ત્વિક દૃષ્ટિએ આત્મા



અને કર્મપરમાણુ - એ બંનેના સ્વભાવને લઇને ઉત્પન્ન થનારા રાગાદિ ધર્મો હોવાથી દ્વન્દ્વ જ ધર્મ છે... ઇત્યાદિ યાદ રાખવું. ।।૫૩।।

* * *

રાગાદિદોષો; કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા આત્મપરિણામ છે - આ પ્રમાણે પૂર્વગાથામાં જણાવ્યું છે; તેથી ચોપનમી ગાથાથી કર્મના સ્વરૂપનું વર્ણન કરાય છે–

**कम्मं च चित्तपोग्गलरूवं जीवस्सऽणाइ संबद्धं ।**
**मिच्छत्तादिनिमित्तं णाएणमतीयकालसमं ।।५४।।**

ચોપનમી ગાથાનો અર્થ સ્પષ્ટ છે. આશય એ છે કે જ્ઞાનાદિને આવૃત્ત કરવાવાળું જ્ઞાનાવરણીયાદિ કર્મ છે, જે જુદી જુદી જાતના પરમાણુ સ્વરૂપ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને મન-વચન-કાયાના યોગો - આ કર્મબંધનાં કારણ છે. એ નિમિત્તોને લઇને કર્મપરમાણુઓ; સ્વભાવથી જ પ્રવાહની અપેક્ષાએ જીવની સાથે અનાદિકાળથી સંબદ્ધ છે. તે તે નિમિત્તને લઇને તે તે કર્મનો બંધ અનાદિનો ન હોવા છતાં એવો કોઇ કાળ ન હતો કે જે કાળમાં આત્મા કર્મસંબદ્ધ ન હતો. કર્મની એ રૂપની અનાદિતાને સમજવા યુક્તિ અતીતકાળ છે. અતીતકાળ સમયે સમયે પરિવર્તન પામતો હોવા છતાં જેમ અતીતકાળ અનાદિનો છે, તેમ તે તે નિમિત્તને લઇને પ્રતિસમયે આત્મસંબદ્ધ થતું કર્મ હોવા છતાં કર્મ અનાદિ છે. ।।૫૪।।

* * *

અતીતકાળની જેમ પ્રવાહની અપેક્ષાએ કર્મની અનાદિતા વર્ણવી છે; ત્યાં અતીતકાળની અનાદિતાને સમજાવવા પંચાવનમી ગાથામાં ફરમાવ્યું છે કે–

**अणुभूयवत्तमाणो सव्वो वेसो पवाहओऽणादी ।**
**जह तह कम्मं णेयं कयकत्तं वत्तमाणसमं ।।५५।।**

જેટલો અતીતકાળ છે તે બધો જ અતીતકાળ વર્તમાનતાને પ્રાપ્ત કરી લીધેલો છે. આથી તે અતીતકાળ પ્રવાહથી અનાદિ છે; કારણ કે કાળશૂન્ય (રહિત) લોકનો સંભવ જ નથી. આવી જ રીતે કર્મ પણ પ્રવાહથી અનાદિ છે. કારણ કે કર્મનું મિથ્યાત્વાદિ હેતુથી જે કૃતકત્વ (કાર્યત્વ) છે, તે અતીતકાળની વર્ત્તમાનતા જેવું છે. આશય એ છે કે, જેટલો પણ અતીતકાળ છે તે બધાએ વર્ત્તમાનતાનો અનુભવ કર્યો છે અને પ્રવાહની અપેક્ષાએ તે અનાદિ છે તેમ મિથ્યાત્વાદિ નિમિત્તને લઇને જે કોઇ કર્મ કરેલું છે તે બધું જ કર્મ પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે. ન્યાયની પરિભાષામાં જણાવવાનું થાય તો તેમ જણાવી શકાય કે - તે તે કર્મ તદ્વ્યક્તિત્વેન સાદિ હોવા છતાં કર્માન્યતમત્વેન અનાદિ છે. ઇત્યાદિ અધ્યાપકાદિ પાસેથી બરાબર સમજી લેવું જોઇએ. ।।૫૫।।

* * *

આ કર્મના વિષયમાં જ બાકી રહેલી શંકાના સમાધાનને જણાવતાં છપ્પનમી ગાથામાં જણાવ્યું છે કે—

**मुत्तेणममुत्तिमओ उवघायाऽणुग्गहा वि जुज्जंति ।**
**जह विण्णाणस्स इहं मइरापाणोसहादीहिं ॥५६॥**

મૂર્ત્ત (રૂપ, રસ, ગંધ અને સ્પર્શયુક્ત) એવા કર્મના કારણે અમૂર્ત્ત એવા આત્માને ઉપઘાત અને અનુગ્રહ કઇ રીતે થાય; કારણ કે મૂર્ત્ત એવા શસ્ત્ર કે અલંકારથી અમૂર્ત્ત એવા આકાશાદિને છેદાવા સ્વરૂપ ઉપઘાત કે શોભાદિ સ્વરૂપ અનુગ્રહ થતો નથી - આ શંકાનું સમાધાન આ છપ્પનમી ગાથાથી કર્યું છે. આશય સ્પષ્ટ છે કે મૂર્ત્ત કર્મથી અમૂર્ત્ત આત્માને ગુણઘાતાદિ સ્વરૂપ ઉપઘાત અને ગુણાધાનાદિ સ્વરૂપ અનુગ્રહ ઘટે છે, કારણ કે આવું અન્યત્ર બને છે. વિજ્ઞાનસ્વરૂપ અમૂર્ત્તને મૂર્ત્ત એવા મદિરાપાનથી ઉપઘાત અને બ્રાહ્મી વગેરે ઔષધથી અનુગ્રહ થતો સ્પષ્ટપણે પ્રતીત થાય છે. ।।૫૬।।

* * *



પૂર્વે જણાવેલી કર્મની અનાદિતાને દૃષ્ટાંતપૂર્વક સિદ્ધ કરવા સત્તાવનમી ગાથા છે—

**एवमणादी एसो संबंधो कंचणोवलाणं व ।**
**एयाणमुवाएणं तह वि विओगो वि हवइ त्ति ॥५७॥**

આ રીતે ઉપર જણાવ્યા મુજબ મિથ્યાત્વાદિ નિમિત્તને લઇને દરેક કર્મનો આત્માની સાથેનો સંબંધ સાદિ છે; પરંતુ પ્રવાહની અપેક્ષાએ તે અનાદિ છે. એ વાતને સમજવા માટે 'સુવર્ણ અને માટીનો સંબંધ' એક દૃષ્ટાંત છે. એ સંબંધ જેમ નિસર્ગથી છે તેમ જીવ અને કર્મનો અનાદિકાલીન સંબંધ પણ નિસર્ગથી છે - એટલું જ સમજાવવાનું અહીં તાત્પર્ય છે. બીજી કોઇ પણ; જડ-જડનો સંયોગ કે મૂર્ત્તદ્વયનો સંયોગ વગેરે સિદ્ધ કરવાની અપેક્ષાએ પણ એ દૃષ્ટાંત અપાયું નથી. યદ્યપિ જીવ અને કર્મનો સંબંધ અનાદિનો છે, પરંતુ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનાદિના વાસ્તવિક ઉપયોગથી જીવ અને કર્મનો સર્વથા વિયોગ પણ થાય છે. ક્ષાર-મૃત્પુટ-પાક(ખાર અને માટીના પુટ આપીને અગ્નિમાં તપાવવા સ્વરૂપ)થી સુવર્ણ અને માટીનો વિયોગ જેમ થાય છે તેમ જ તથાવિધ તાત્ત્વિક ઉપાયના સેવનથી જીવ અને કર્મનો અનાદિનો પણ સંબંધ દૂર થાય છે... આ પ્રમાણે સત્તાવનમી ગાથાનો ભાવાર્થ છે. ।।૫૭।।

* * *

પૂર્વે જણાવ્યા મુજબ મિથ્યાત્વાદિ હેતુઓથી કરાયેલું કર્મ પ્રવાહની અપેક્ષાએ અનાદિનું છે - એ વ્યવસ્થિત થયે છતે; પ્રકૃત યોગસાધન-ઉપાયોના નિરૂપણના વિષયમાં સુવિહિતત્વ (યુક્તિસંગત વિધાન) થાય છે. અન્યથા એ નિરૂપણ સંગત નહિ બને - આ વાત અઠ્ઠાવનમી ગાથાથી જણાવાય છે—

**एवं तु बंधमोक्खा विणोवयारेण दो वि जुज्जंति ।**
**सुह-दुक्खाइ य दिट्ठा, इहरा ण, कयं पसंगेण ॥५८॥**

ગાથાર્થ સ્પષ્ટ છે. આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ મિથ્યાત્વાદિ નિમિત્તને લઇને કરેલા કર્મને પ્રવાહથી અનાદિ માનીએ તો જ સકલદર્શનપ્રસિદ્ધ બંધ અને મોક્ષ ઉપચાર વિના તાત્ત્વિક રીતે ઘટી શકે છે. અન્યથા પ્રવાહથી અનાદિસ્વરૂપે કર્મ ન માનીએ તો કર્મનું અસ્તિત્વ માનવાનો કોઇ જ અર્થ નથી. અને તેથી કર્મના બંધ-મોક્ષની વાત ખરેખર જ વાતરૂપ જ બનશે. તેથી કર્મની અકાલ્પનિકતા માટે પૂર્વે જણાવેલી તેની પ્રવાહની અપેક્ષાએ અનાદિતા માનવી જોઇએ. તેથી જ બંધ અને મોક્ષ પણ અકાલ્પનિક-પારમર્થિક થશે. તેમ જ કર્મની વાસ્તવિકતાના કારણે શુભાશુભ કર્મના ઉદયથી પ્રાપ્ત થનારા સર્વજન-પ્રસિદ્ધ સુખ અને દુઃખ પણ યુક્તિયુક્ત બનશે. કારણ કે તેનું કારણ કર્મ મુખ્ય છે, ગૌણ નથી. અવાસ્તવિક કારણથી થયેલું કાર્ય વાસ્તવિક ન હોય - એ સમજી શકાય છે. આ વાત ગાથામાં **इहरा ण** - આ પદથી સ્પષ્ટ કરી છે. તેનો ભાવ સ્પષ્ટ છે કે કર્મનું પ્રવાહની અપેક્ષાએ અનાદિસ્વરૂપત્વ વગેરે ન માનીએ તો બંધ... વગેરે સંગત નહિ થાય. કારણ કે તેનું કારણભૂત કર્મ મુખ્ય-પારમાર્થિક નથી... ઇત્યાદિ ખૂબ જ સ્થિરતાપૂર્વક વિચારવું. આ રીતે સામાન્યથી થોડી પ્રાસંગિક વાત કરી. વધારે અપ્રસ્તુત વાત વડે હવે સર્યું. ॥૫૮॥

* * *

પ્રકૃત રાગાદિના વિષયમાં આત્મનિરીક્ષણ કરવાની જે વાત હતી તે કહેવાની ઇચ્છાથી ઓગણસાઇઠમી ગાથામાં રાગાદિના સ્વરૂપ વગેરેને જણાવે છે–

**तत्थाभिस्संगो खलु रागो, अप्पीइलक्खणो दोसो ।**
**अण्णाणं पुण मोहो को पीडइ मं दढमिमेसिं ॥५९॥**

ગાથાર્થ સુગમ છે. તાત્પર્ય એ છે કે આત્માને દૂષિત કરનારા રાગાદિ દોષોમાં અભિષ્વંગને રાગ કહેવાય છે. રાગ શબ્દ **रञ्जनम् रागः** આ અર્થમાં; ભાવમાં વિહિત છે, તેથી ભાવાત્મક રાગ જ અહીં સમજવો પરંતુ દ્રવ્યસ્વરૂપ



રાગનું અહીં ગ્રહણ કર્યું નથી. દ્રવ્યસ્વરૂપ રાગનું ગ્રહણ કરવું હોત તો **रज्यतेऽसौ** આ અર્થમાં; કર્મમાં વિહિત **राग** શબ્દનું ઉપાદાન કર્યું હોત.

અપ્રીતિસ્વરૂપ દ્વેષ છે. અહીં સ્વરૂપને જ લક્ષણ સ્વરૂપે વર્ણવ્યું છે. એ દ્વેષ પણ ભાવાત્મક આત્મપરિણામ સ્વરૂપ લેવાનો છે.

અજ્ઞાનસ્વરૂપ મોહ પણ ભાવાત્મક વિવક્ષિત છે. એ **मोहनं मोहः** આ અર્થથી સમજી શકાય છે. આ રાગાદિ દોષોમાં કયો દોષ મને અતિશય પીડે છે અર્થાદ્ મોક્ષની સાધના કરવાના પ્રસંગે કયો દોષ અતિશય નડે છે - આ પ્રમાણે આત્મનિરીક્ષણ કરવું.

આત્માના આંતર-રાગાદિ દોષોનું આપણા જેવા છદ્મસ્થોને જ્ઞાન થાય, એ શક્ય નથી - આ પ્રમાણે કહેવાની જરૂર નથી. કારણ કે શાસ્ત્રનું અનુસરણ કરવાથી જ્ઞાનાવરણીય કર્માદિના ક્ષયોપશમથી રાગાદિદોષોનું આપણને જ્ઞાન થઇ શકે છે. પ્રથમ સૂઇ ગયો પછી એને કોઇએ સજાવ્યો. પાછળથી એ જાગ્યો અને પછી દર્પણમાં જોવાથી પોતાની અજ્ઞાત શણગાર અવસ્થાને જેમ તે જાણી શકે છે તેવી જ રીતે શાસ્ત્રદર્પણમાં જોવાથી આપણે આપણી રાગાદિપરિણતિને જાણી શકીએ છીએ. નયનવિકલ જનોની જેમ ક્ષયોપશમવિશેષથી વિકલ આત્માઓ શાસ્ત્રથી પણ રાગાદિપરિણતિને જાણી શકતા નથી - એ સાચું છે, પરંતુ એવા લોકોને યોગમાર્ગનો અધિકાર જ નથી. તેથી તેની કોઇ ચિંતા કરવાની આવશ્યકતા નથી... આ ઓગણસાઇઠમી ગાથાનો સાર છે. ॥૫૯॥

* * *

ઉપર જણાવ્યા મુજબ રાગાદિ દોષોને આશ્રયીને આત્મનિરીક્ષણ કર્યા પછી શું કરવું તે જણાવે છે–

**णाऊण ततो तव्विसयतत्त-परिणइ-विवागदोसे त्ति ।**
**चिंतेज्जाऽऽणाए दढं पइरिक्के सम्ममुवउत्तो ॥६०॥**

પોતાને રાગાદિમાન જાણીને તેનાથી મુક્ત બનવા શ્રી વીતરાગપરમાત્માના વચનાનુસાર દઢતાપૂર્વક એકાંતમાં તે તે ઉપાયમાં ઉપયોગવાળા બનીને રાગાદિના વિષયના સ્વરૂપને રાગાદિના પરિણામ-કાર્યને અને ભવાંતરે પ્રાપ્ત થનારા તેના વિપાકને વિચારવા... આ પ્રમાણે સાઇઠમી ગાથાનો શબ્દાર્થ છે.

તેના આશયને સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે - ઉપર જણાવ્યા મુજબ મુમુક્ષુ આત્માઓએ પોતાના આત્માને રાગપૂર્ણ, દ્વેષપૂર્ણ કે મોહપૂર્ણ જાણીને તે તે રાગાદિની બહુલતાને દૂર કરવા રાગાદિના વિષયના સ્વરૂપને, રાગાદિના પરિણામને અને રાગાદિના વિપાકને ચિંતવવા જોઇએ. રાગાદિના વિષય, સ્ત્રી વગેરે છે. તેનું સ્વરૂપ લોહી-માંસાદિના કાદવ સ્વરૂપ કલમલ વગેરે છે, જે સડસઠમી ગાથાથી સિત્તેરમી ગાથા સુધીની ગાથાઓ દ્વારા જણાવાશે. રાગાદિની પરિણતિ (આ લોકમાં પ્રાપ્ત થનાર ફળ) રોગ, વૃદ્ધાવસ્થા વગેરે છે; અને રાગાદિના વિપાક (પરલોકમાં પ્રાપ્ત થનાર ફળ) નરકાદિ છે. આ જ બધા દોષો છે. આ દોષોને એ સ્વરૂપે જ વિચારવા જોઇએ. એ દોષોની વિચારણા શ્રી વીતરાગપરમાત્માના વચનથી કરવી જોઇએ. કારણ કે એ પરમતારક વચનસ્વરૂપ આજ્ઞાથી રાગાદિ તત્ત્વનું જ્ઞાન વગેરે (શ્રદ્ધા, પ્રતિપત્તિ, પ્રવૃત્તિ વગેરે) થાય છે. આ રીતે શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞાથી રાગાદિના વિષયતત્ત્વાદિની કરાતી વિચારણા-ભાવના દઢતાપૂર્વક એકાંત સ્થાનમાં (નિર્જન પ્રદેશમાં) કરવી; જેથી એ વિચારણામાં વ્યાઘાત થાય નહિ. વ્યાઘાત-વિક્ષેપ વિના પણ કરાતી એ વિચારણા વખતે મુમુક્ષુજનોએ સારી રીતે ઉપયોગવાળા થવું જોઇએ એટલે કે રાગાદિના વિરોધી પરિણામને અનુકૂળ એવી બધી જ વિહિત ક્રિયાઓથી યુક્ત બનવું જોઇએ. કારણ કે કોઇ પણ ઇષ્ટ કાર્ય, પોતાના તે તે કારણસમુદાયસ્વરૂપ સામગ્રીથી સાધ્ય-શક્ય બને છે. કોઇ એક બે કારણથી એ શક્ય નથી બનતું. ॥૬૦॥

* * *



રાગાદિના વિષયોનું સ્વરૂપ અને રાગાદિની પરિણતિ વગેરેની વિચારણામાં જ જે વિશેષ કરવાનું છે, તેને એકસઠમી ગાથાથી જણાવાય છે—

**गुरुदेवयापणामं काउं पउमासणाइठाणेण ।**
**दंसमसगाइ काए अगणेंतो तग्गयऽज्झप्पो ॥६१॥**

"ગુરુદેવતાને પ્રણામ કરીને પદ્માસનાદિ સ્થાન વડે દંશ-મશક (ડાંસ-મચ્છર) વગેરેને કાયાને વિશે ગણકાર્યા વિના, તે વિષયમાં લાગેલું છે ચિત્ત જેનું એવા મુમુક્ષુજનોએ રાગાદિવિષયના તત્ત્વ વગેરેનું ચિંતન કરવું જોઇએ." - આ પ્રમાણે એકસઠમી ગાથાનો સામાન્યાર્થ છે. આશય સ્પષ્ટ છે કે મુમુક્ષુએ દેવ-ગુરુને પ્રણામ કરી, તેઓશ્રીની પરમતારક કૃપા પ્રાપ્ત કરી, રાગાદિવિષયકતત્ત્વાદિનું ચિંતન કરવું જોઇએ. એ વખતે શરીરના નિરોધ માટે અને મનને એકાગ્ર બનાવવા વગેરે માટે પદ્માસન અથવા અર્દ્ધપદ્માસનાદિ આસનમાં રહેવું જોઇએ. આવા પ્રસંગે ડાંસ કે મચ્છર વગેરે શરીરને ઉપદ્રવ કરે ત્યારે પોતાની આત્મશક્તિથી એ ઉપદ્રવને ગણકાર્યા વિના જ રાગાદિવિષયનું તત્ત્વ વગેરેના વાસ્તવિક અવભાસન માટે રાગાદિવિષયક તત્ત્વાદિના જ વિષયમાં મનને કેન્દ્રિત કરવું જોઇએ. ॥૬૧॥

* * *

સાઇઠમી અને એકસઠમી ગાથાનો ઉપર જણાવેલો અર્થ ટીકાકારે ભેગો બતાવ્યો છે. એ બંને ગાથાના તે તે પદોનો સ્થૂલથી જ મુખ્ય અર્થ ગ્રંથકાર પરમર્ષિ જ મૂળ ગાથાથી જણાવે છે—

**गुरु-देवयाहि जायइ अणुग्गहो अहिगयस्स तो सिद्धी ।**
**एसो य तन्निमित्तो तहाऽऽयभावाओ विण्णेओ ॥६२॥**

ગુરુ અને દેવતાને પ્રણામ કરવાથી અનુગ્રહ પ્રાપ્ત થાય છે; અને તે પ્રાપ્ત અનુગ્રહથી શરૂ કરેલ રાગાદિવિષયતત્ત્વ વગેરેના ચિંતનની સિદ્ધિ-

નિષ્પત્તિ (ઉત્પત્તિ) થાય છે. ગુરુ અને દેવતાને પ્રણામ કરતી વખતે તેઓશ્રીની પ્રત્યેના બહુમાનનું જે આલંબન છે તે આલંબનના કારણે પ્રાપ્ત આ અનુગ્રહ ગુરુ-દેવતાનિમિત્તવાળો જાણવો. આ રીતે ગુરુદેવતાને પ્રણામ કરતી વખતે ગુરુ-દેવતાનું માધ્યસ્થ્ય કે ઔદાસીન્ય હોવા છતાં પ્રણામ કરનારના બહુમાનાદિ ભાવથી થનારો અનુગ્રહ ગુરુદેવતાનિમિત્તક છે... આ પ્રમાણે બાસઠમી ગાથાનો ભાવાર્થ છે. ॥૬૨॥

* * *

ગુરુ-દેવતાને પ્રણામ કરવાથી પ્રાપ્ત થનારો અનુગ્રહ ગુરુ-દેવતાનિમિત્તક (નિમિત્તવાળો) છે - એ વસ્તુને સ્પષ્ટ કરતાં ત્રેસઠમી ગાથામાં ફરમાવ્યું છે કે—

**जह चेव मंतरयणाइएहिं विहिसेवगस्स भव्वस्स ।**
**उवगाराभावम्मि वि तेसिं होइ त्ति तह एसो ॥६३॥**

ગાથાર્થ ખૂબ જ સ્પષ્ટ છે કે - જેમ મંત્ર કે ચિંતામણિ રત્ન વગેરેથી, તેની વિધિપૂર્વક આરાધના કરનાર ભવ્ય જીવોને ઉપકાર થતો નહિ હોવા છતાં અચેતન એવા મંત્રાદિનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે તેમ ગુરુદેવતાથી ઉપકાર થતો નહિ હોવા છતાં તેઓશ્રીથી અનુગ્રહ થાય છે. ॥૬૪॥

* * *

એકસઠમી ગાથાથી રાગાદિના વિષયના તત્ત્વાદિનું ચિંતન કરતી વખતે પદ્માસનાદિ કરવાનું જણાવ્યું છે. તેમાં પદ્માસનાદિ સ્થાનાદિની ઉપયોગિતાને સમજાવે છે—

**ठाणा कायनिरोहो तक्कारीसु बहुमाणभावो य ।**
**दंसादिअगणणम्मि वि वीरियजोगो य इट्ठफलो ॥६४॥**



ગાથાર્થ ખૂબ જ સ્પષ્ટ છે. આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ રાગાદિના વિષય સ્ત્રી વગેરેના તત્ત્વ કલમલાદિનું અને રાગાદિની પરિણતિ વગેરેનું ચિંતન કરતી વખતે પદ્માસનાદિમાં રહેવાથી કાયાનો નિરોધ થાય છે; જે, માનસિક એકાગ્રતા માટે અત્યંત આવશ્યક છે. તદુપરાંત તે તે પદ્માસનાદિમાં રહેવાથી તે તે આસનમાં રહેનારા અન્ય શ્રી ગૌતમસ્વામી વગેરે યોગીજનોની પ્રત્યે બહુમાનભાવ જાગે છે. કારણ કે શુભાશયથી શ્રી ગૌતમાદિ મહામુનિઓની તે પદ્માસનાદિની ચેષ્ટા-ક્રિયાનું અનુકરણ કર્યું છે. આવી જ રીતે પદ્માસનાદિમાં સ્થિર રહ્યા પછી શરીરના વિષયમાં ડાંસ આદિને ગણ્યા વિના ચિંતન કરવાથી વીર્યાંતરાયના ક્ષયોપશમવિશેષની પ્રાપ્તિ થાય છે અને પૂર્વપ્રાપ્ત વીર્ય (આત્માનું સામર્થ્ય)નો ઉપયોગ થાય છે. તેમ જ તત્ત્વની પ્રાપ્તિ માટેના માર્ગમાં અનુપ્રવેશ થાય છે અને અંતે ઈષ્ટ એવી યોગસિદ્ધિ સ્વરૂપ ફળ પ્રાપ્ત થાય છે. સાંસારિક ઈષ્ટફળની સિદ્ધિના વિષયમાં ઉપર જણાવેલી વિગતનો આપણને બરાબર ખ્યાલ છે. ત્યાં સ્થાનાદિ વ્યવસ્થિત જળવાય છે. આત્મશક્તિનો ઉપયોગ પણ કોઈ પણ જાતના દુઃખની પરવા કર્યા વિના થાય છે. પરંતુ યોગસિદ્ધિના વિષયમાં આવું મોટા ભાગે બનતું નથી. મુમુક્ષુઓ માટે એ શક્ય બનાવવાનું ખૂબ જ આવશ્યક છે. ॥૬૪॥

* * *

રાગાદિના વિષયનું તત્ત્વ તેમ જ રાગાદિની પરિણતિ વગેરેનું ચિંતન કરતી વખતે તદ્ગત અધ્યાત્મની ઉપયોગિતાને જણાવે છે—

**तग्गयचित्तस्स तहोवओगओ तत्तभासणं होति ।**
**एयं एत्थ पहाणं अंगं खलु इट्ठसिद्धीए ॥६५॥**

સામાન્ય રીતે પાંસઠમી ગાથાનો શબ્દાર્થ સ્પષ્ટ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, જે વિષયનું ચિંતન કરવાનું છે તે રાગાદિ વિષયના તત્ત્વ (કલમલાદિ) વગેરેમાં જ જેનું ચિત્ત લાગી રહેલું છે; (અન્ય વિષયમાં

જેનું ચિત્ત જતું નથી) તે મુમુક્ષુ આત્માને; તેવા પ્રકારની એકાગ્રતાથી તે વિષયમાં ઉપયોગ હોવાના કારણે અધિકૃતવસ્તુના સ્વરૂપનું સ્પષ્ટ રીતે જ્ઞાન થાય છે. અહીં રાગાદિના વિષય સ્ત્રી વગેરેના સ્વરૂપ કલમલાદિ તેમ જ રાગાદિની પરિણતિ વગેરે અધિકૃત વસ્તુઓ છે. આ રીતે તેમાં એકાગ્ર ચિત્ત થવાથી થયેલું સ્પષ્ટ ભાવન અહીં ઈષ્ટ છે. તેની સિદ્ધિ માટે અર્થાદ્ તેવા પ્રકારના તત્ત્વની ભાવનાની ઉત્પત્તિ માટે અધિકૃત વસ્તુનું સ્પષ્ટ અવભાસન - આ એક જ શ્રેષ્ઠ કારણ છે. કારણ કે આ તત્ત્વાવભાસન, સાકાર ઉપયોગ-જ્ઞાન સ્વરૂપ છે અને એનાથી જ કોઈ પણ લબ્ધિ પ્રાપ્ત થાય છે. આથી સમજી શકાય છે કે સકલ લબ્ધિના નિમિત્ત એવા સાકાર ઉપયોગ સ્વરૂપ હોવાથી તત્ત્વાવભાસનથી તત્ત્વનું ભાવન થાય છે. ॥૬૫॥

* * *

ઉપર જણાવ્યા મુજબ તત્ત્વાવભાસન તત્ત્વભાવનાનું પ્રધાન અંગ છે. ત્યાં તત્ત્વાવભાસનની પ્રધાનતાને વર્ણવતાં જણાવે છે–

**एवं खु तत्तणाणं असप्पवित्तिविणिवित्ति-संजणगं ।**
**थिरचित्तगारि लोगदुगसाहगं बेंति समयण्णू ॥६६॥**

"આવા પ્રકારનું જ તત્ત્વજ્ઞાન, અસત્પ્રવૃત્તિની નિવૃત્તિને સારી રીતે કરનારું છે; ચિત્તની સ્થિરતાને કરનારું છે અને આ લોક તથા પરલોકની સાધનાને કરનારું છે - આ પ્રમાણે સિદ્ધાંતના જાણકારો કહે છે." છાસઠમી ગાથાનો આ શબ્દાર્થ છે. જેને સ્પષ્ટ કરતાં ટીકામાં જણાવ્યું છે કે - અધિકૃત રાગદિવિષયતત્ત્વાવભાસન; શ્રુતજ્ઞાન-ચિંતાજ્ઞાનથી ભિન્ન એવું ભાવનાજ્ઞાનમય હોવાથી જ મિથ્યાજ્ઞાનના કારણે થનારી પ્રવૃત્તિ સ્વરૂપ જે અસત્ (દુષ્ટ) પ્રવૃત્તિ છે; તેની નિવૃત્તિને સારી રીતે કરનારું છે. તેમ જ વિજય-સમાધિના બીજ સ્વરૂપે યોગમાર્ગની સાધનામાં સ્થિર-નિષ્પ્રકંપ (અવિચલિત) ચિત્તને કરનારું બને છે. કારણ કે આ તત્ત્વાવભાસનથી; યોગમાર્ગની સાધનામાં આવેલા ઉપપ્લવોનો ત્યાગ થાય છે. અનાદિકાળથી



ચાલ્યા આવતા મોહજન્ય રાગાદિના કુસંસ્કારો અવસરે અવસરે યોગમાર્ગની સાધનામાં સાધકને ખૂબ જ અવરોધ કરતા હોય છે તેથી તેને ઉપપ્લવ કહેવાય છે. તેના ત્યાગથી વિજયસમાધિના બીજની પ્રાપ્તિ થાય છે. ઈન્દ્રિય અને કષાય ઉપર સર્વથા વિજય કરવા સ્વરૂપ વિશુદ્ધ આત્મપરિણામ વિજયસમાધિ છે. ક્ષપકશ્રેણીગત એ આત્મપરિણામનું બીજ તેવા પ્રકારનો વિશિષ્ટ ક્ષયોપશમ છે, જે; ઉપપ્લવના વિગમથી પ્રાપ્ત થાય છે. આ રીતે સ્થિરચિત્તને કરનારું તત્ત્વાવભાસન હોવાથી જ તે તત્ત્વાવભાસન આ લોક અને પરલોકમાં કલ્યાણનું સાધક બને છે. કારણ કે ઉપપ્લવના ત્યાગથી બાહ્ય કોઈ પણ પૌદ્ગલિક ભાવોમાં ઔત્સુક્ય નથી હોતું અને આત્મપરિણતિની તન્મયતાના કારણે કુશલ અનુબંધ પડે છે. એ બેના કારણે અનુક્રમે આ લોક અને પરલોકની સાધના થાય છે. આ પ્રમાણે સિદ્ધાંતના જાણકારો કહે છે. ॥૬૬॥

* * *

આ રીતે એકસઠમી 'ગુરુદેવતાને પ્રણામ કરીને' ઈત્યાદિ વસ્તુને જણાવનારી દ્વારગાથાનું નિરૂપણ કરીને હવે 'રાગાદિના વિષય, તત્ત્વ વગેરેને જાણીને...' ઈત્યાદિ વસ્તુને જણાવનારી સાઈઠમી દ્વારગાથાનું નિરૂપણ સડસઠમી ગાથાથી કરાય છે. "એકસઠમી ગાથાનું વ્યાખ્યાન કરીને સાઈઠમી ગાથાનું વ્યાખ્યાન કરવાથી ગાથાના ક્રમનું ઉલ્લંઘન થાય છે" - એમ કહેવું જોઈએ નહિ. કારણ કે એમ કરવા છતાં ગાથાના પદાર્થની દૃષ્ટિએ ક્રમનું ઉલ્લંઘન થતું નથી. પોતાના આત્માને રાગાદિથી વાસિત જાણ્યા પછી રાગાદિની પરિણતિને દૂર કરવા રાગાદિના વિષયતત્ત્વ વગેરેનું ચિંતન કરવું જોઈએ - તે સાઈઠમી ગાથામાં ફરમાવ્યું છે અને તે અંગેનો પૂર્વવિધિ એકસઠમી ગાથામાં જણાવ્યો છે. તેથી તે અપેક્ષાએ પૂર્વવિધિને જણાવનારી એકસઠમી ગાથાનું વ્યાખ્યાન પહેલાં કર્યું છે અને ત્યાર પછી ચિંતન કરવા યોગ્ય રાગાદિવિષયતત્ત્વ વગેરેને જણાવનારી સાઈઠમી ગાથાનું વર્ણન હવે સડસઠમી ગાથાથી કરાય છે.

તેથી પદાર્થક્રમની અપેક્ષાએ પદાર્થના ક્રમનું ઉલ્લંઘન થતું ન હોવાથી તેમાં કોઇ દોષ નથી.

મૂળગાથામાં આવો અર્થક્રમ કેમ ના રાખ્યો, પદાર્થક્રમ અને સૂત્રક્રમ એ બેમાં ભેદ કેમ રાખ્યો - આવી શંકાનું સમાધાન કરાય છે. **अनन्तरसूत्रेण तथायोगाद्...** ઇત્યાદિ ગ્રંથથી. એનો આશય એ છે કે '**तत्थाभिस्संगो० ( ५९ )**' આ ગાથાથી રાગ, દ્વેષ અને મોહ આ ત્રણનું સ્વરૂપ કહ્યા પછી, ''રાગાદિના સ્વરૂપને જાણ્યા પછી તેના વિષયના સ્વરૂપ વગેરેનું ચિંતન કરવું જોઇએ'', આ વાત જ કહેવાનું ઉચિત છે. કેવી રીતે ચિંતવવું જોઇએ - આવા પ્રકારનું વિધિદ્વાર તો ત્યાર પછી જ જણાવાય; કારણ કે તે ચિંતનસંબંધી જિજ્ઞાસ્યમાન છે. માટે સૂત્રસંબંધી ક્રમ બરાબર જ છે. પરંતુ પદાર્થક્રમને આશ્રયીને પાછળથી જણાવેલા વિધિદ્વારની વ્યાખ્યા પહેલાં કરી છે, કારણ કે વિધિપુરસ્સર(પૂર્વક) જ રાગાદિ વિષયના તત્ત્વાદિનું ચિંતન કરવાનું હોય છે. તેથી આ રીતે પ્રથમ દ્વારગાથા(૬૦મી ગાથા)ના દરેક પદાર્થનું નિરૂપણ કરવાની ઇચ્છાથી કહે છે–

**थीरागम्मी तत्तं तासिं चिंतेज्ज सम्मबुद्धीए ।**
**कलमलग-मंस-सोणिय-पुरीस-कंकालपायं ति ॥६७॥**

''સ્ત્રીને વિશે રાગ હોતે છતે સ્રીઓનું સ્વરૂપ કલમલ, માંસ, લોહી, વિષ્ટા અને કંકાલપ્રાય છે - એ પ્રમાણે સમ્યગ્બુદ્ધિથી ચિંતવવું જોઇએ.'' - આ પ્રમાણે સડસઠમી ગાથાનો અર્થ છે. આશય એ છે કે સ્રીના વિશે રાગ થાય ત્યારે તે સ્ત્રીસંબંધી રાગને દૂર કરવા માટે સ્ત્રીની રમણીયતાનો વિચાર કર્યા વિના તેનું અશુચિ-અરમણીય સ્વરૂપ સમ્યગ્બુદ્ધિથી અર્થાત્ પરમગુરુ શ્રીતીર્થંકરપરમાત્માના પરમતારક વચન મુજબ વિચારવું જોઇએ. અન્યથા પોતાની ઇચ્છા મુજબ જો ચિંતન કરાય તો તે તત્ત્વચિંતન જ કહેવાશે નહિ. વસ્તુની તાત્ત્વિકતા શ્રીતીર્થંકરપરમાત્માના વચનના અનુસરણમાં રહેલી છે. શ્રીતીર્થંકરપરમાત્માએ જણાવેલું સ્વરૂપ જેમાં ન હોય તે વાસ્તવિક રીતે તત્સ્વરૂપે નથી. શુક્ર-શોણિતના મિશ્રણ સ્વરૂપ



કીચડને કલમલ કહેવાય છે અને હાડપિંજરને કંકાલ કહેવાય છે. કલમલક, માંસ, લોહી, વિષ્ટા અને હાડપિંજર સ્વરૂપ સ્ત્રીશરીરને જોઇને ખરી રીતે રાગ થવાનું કોઇ કારણ નથી. સ્વભાવથી જ અપવિત્ર, અશુચિની ખાણ અને નિઃસાર એવી વસ્તુ રાગનો વિષય નથી. જ્યારે પણ એમાં રાગ થાય ત્યારે સ્ત્રીના શરીરની; ઉપર જણાવ્યા મુજબ અપવિત્રતાદિનો વિચાર કરવો જોઇએ. ચાલુ વ્યવહારમાં પણ નાના છોકરાઓ બહારની કોઇ પણ વસ્તુ આપણી પાસે માંગે ત્યારે તે આપવી ન હોય તો આપણે તેને કહીએ છીએ કે એ સારી નથી, 'છી' છે. નાના છોકરાઓનો રાગ દૂર કરવા આપણી પાસે સાધન છે અને પ્રયત્ન પણ છે. આપણો પોતાનો સ્ત્રી વગેરે પ્રત્યેનો જે રાગ છે તેને દૂર કરવા આપણી પાસે કાંઇ નથી. ભારે વિચિત્ર સ્થિતિ છે વર્તમાનમાં આપણી ! સડસઠમી ગાથામાં રાગને દૂર કરવાનો મજબૂત ઉપાય બતાવ્યો છે. રાગને દૂર કરવાનો ઉદ્દેશ યાદ રહે તો એ ઉપાય ચોક્કસ જ યાદ રહેશે. ॥૬૭॥

* * *

સ્ત્રીની બાહ્યદૃષ્ટિએ અપવિત્રતાને જણાવીને તેની આંતરિક અપવિત્રતાદિને જણાવાય છે–

**रोग-जरापरिणामं णरगादिविवागसंगयं अहवा ।**
**चलरागपरिणतिं जीयनासणविवागदोसं ति ॥६८॥**

''રોગ, વૃદ્ધાવસ્થાનો પરિણામ, નરકાદિદુર્ગતિવિપાકની પ્રાપ્તિ અથવા ચંચળ પરિણામ અને જીવિતના નાશન સ્વરૂપ વિપાક(ફળ)દોષ સ્ત્રીઓનું તત્ત્વ છે.'' આ પ્રમાણે અડસઠમી ગાથાનો શબ્દાર્થ છે. કહેવાનો આશય એ છે કે સ્ત્રીઓનું સ્વરૂપ રોગ, જરા (વૃદ્ધાવસ્થા-જીર્ણતા) અને નરકાદિદુર્ગતિ સ્વરૂપ વિપાક (ફળ) છે. કારણ કે સ્ત્રીઓના ભોક્તાને રોગાદિ પ્રાપ્ત થાય છે. રોગાદિની કારણતા તે તે સ્ત્રીઓમાં હોવાથી રોગાદિ સ્ત્રીઓનું તત્ત્વ છે. સ્ત્રીઓના ભોક્તાની અપેક્ષાએ સ્ત્રીઓનું

સ્વરૂપ રોગાદિ છે. ખરી રીતે તો રોગાદિ સ્વરૂપ ભોક્તાનું છે. પરંતુ તેમાં નિમિત્ત સ્ત્રી હોવાથી તેણીનું તે સ્વરૂપ વર્ણવ્યું છે. **અથવા** કહીને પ્રકારાંતરથી સ્ત્રીનું તત્ત્વ વર્ણવ્યું છે. ચંચળ એવો રાગનો પરિણામ - એ સ્ત્રીનું તત્ત્વ છે. જે પણ પુરુષ પ્રત્યે તેણીને રાગ હોય છે તે સ્થિર હોતો નથી. ચંચળ હોય છે, ઉપરછલ્લો હોય છે; અને જ્યારે એ રાગ નષ્ટ થાય છે ત્યારે વિરક્ત બનેલી તે; સામા પાત્રના જીવિતનો નાશ કરનારી બને છે. 'વિરક્ત સ્ત્રી વિષ છે.' આ પ્રમાણે શાસ્ત્રવચન છે. જેમ વિષ જીવિતનું નાશન (નાસ કરનાર) છે તેમ વિરક્ત બનેલી સ્ત્રી પણ જીવિતનો નાશ કરનારી છે. આવું સ્ત્રીનું સ્વરૂપ છે. ॥૬૮॥

❋ ❋ ❋

આ રીતે સચેતન વસ્તુમાં રાગને આશ્રયીને તેના વિષયના તત્ત્વાદિચિંતનને જણાવ્યું. હવે અચેતન વસ્તુના રાગને આશ્રયીને તે જણાવાય છે—

**अत्थे रागम्मि उ अज्जणाइदुक्खसयसंकुलं तत्तं ।**
**गमणपरिणामजुत्तं कुगइविवागं च चिंतेज्जा ॥६९॥**

"અર્થ(ધન)સંબંધી રાગ થયે છતે અર્થની પ્રાપ્તિ વગેરે સેંકડો દુઃખથી વ્યાપ્ત અર્થતત્ત્વ છે - એમ, તેમ જ જવાના સ્વભાવવાળું અને કુગતિને પ્રાપ્ત કરાવનારું અર્થતત્ત્વ છે - એમ ચિંતવવું." આ પ્રમાણે ઓગણસિત્તેરમી ગાથાનો શબ્દાર્થ છે. આશય એ છે કે જે ઇચ્છાય છે તેને અર્થ કહેવાય છે. **અર્થ** શબ્દથી સામાન્ય રીતે ધન લેવાય છે. ધન ઉપર રાગ થયે છતે ધન કમાવતી વખતે તેમ જ તેનું રક્ષણ કરતી વખતે, તેનો નાશ થયે છતે અને તેનો પરિભોગ કરતી વખતે દુઃખ છે. આ લોક અને પરલોકમાં વિરોધ-અનર્થને કરનારા એવા અર્થના ઉપાર્જન, રક્ષણ વગેરે દુઃખ માટે થાય છે. આટલું કષ્ઠ વેઠીને પણ પ્રાપ્ત કરેલું તે ધન જવાના પરિણામવાળું ચંચળ છે. અર્થ, પગે લાગેલી રજ જેવો છે.



પગની રજ જેમ ચાલીએ એટલે તુરત ખરી પડે છે તેમ ધન આવે એટલે અનેક રીતે જવા માંડે છે. ક્ષણવાર માની લઇએ કે ભૂતકાળના પ્રબળ પુણ્યોદયે જીવનની અંતિમ ક્ષણ સુધી ધન ટકી પણ રહે તોપણ તેની પ્રત્યેના રાગને લઇને ભવાંતરમાં કુગતિ-દુર્ગતિના વિપાકનો અનુભવ કરવો પડે છે. એ કાષ્ઠના કીડાના ઉદાહરણથી વિચારવું જોઇએ. કાષ્ઠનો કીડો પોતાના આહારાદિ માટે કાષ્ઠ કોતરે છે અને પરિણામે એમાં જ એ ફસાઇ જાય છે. પોતે પોતાના સુખ માટે આરંભેલી જ પ્રવૃત્તિ પોતાના દુઃખ માટે થાય છે. આવું જ ધનના વિષયમાં પણ થતું હોય છે. આ લોકમાં સુખ માટે ભેગું કરેલું એ ધન પરલોકમાં કુગતિના વિપાકવાળું બને છે. અર્થનું (ધનાદિનું) આવું સ્વરૂપ જાણ્યા પછી એમાં રાગ કરવા જેવું કશું જ રહેતું નથી. ॥૬૯॥

❋ ❋ ❋

ઉપર જણાવ્યા મુજબ સચેતન કે અચેતન વસ્તુ ઉપરના રાગને દૂર કરવા તેના વિરોધી પરિણામની ભાવનાને જણાવીને હવે દ્વેષના વિષયમાં તેવી ભાવના જણાવાય છે—

**दोसम्मि उ जीवाणं विभिण्णयं एवं पोग्गलाणं च ।**
**अणवट्ठियं परिणतिं विवागदोसं च परलोए ॥७०॥**

"જીવ કે પુદ્ગલ પ્રત્યે દ્વેષ થાય ત્યારે જીવો કે પુદ્ગલોનું વિભિન્નત્વ (જુદાપણું) પરિભાવવું જોઇએ; તેમ જ જીવ કે પુદ્ગલની પરિણતિ સદાને માટે એકરૂપે રહેતી નથી અને પરલોકમાં એ દ્વેષનો વિપાક-દોષ કયો છે - એ વિચારવું જોઇએ." આ પ્રમાણે સિત્તેરમી ગાથાનો શબ્દશઃ અર્થ છે. કહેવાનો આશય એ છે કે; જીવ કે પુદ્ગલ પ્રત્યે જ્યારે દ્વેષ જાગે ત્યારે તે જીવ અને પુદ્ગલ આપણા આત્માથી ભિન્ન છે - એમ ચિંતવવું. સામાન્ય રીતે વિચારીએ તો એમ જ લાગે કે જીવ કે પુદ્ગલ આપણા આત્માથી ભિન્ન છે - એમ વિચારવાથી તેની

પ્રત્યેનો દ્વેષ દૂર ન થાય; પરંતુ ખરી રીતે એવું નથી. 'અનુરાગના વિષયનો જે ઉપરોધ (અટકાવવું) કરે છે; તેના પ્રતિહનનને દ્વેષ કહેવાય છે' - આ જણાવવા માટે જીવ અને પુદ્‌ગલની વિભિન્નતાનું પરિભાવન કરવાનું જણાવ્યું છે. જેમ અનુરાગનો વિષય ભિન્ન છે, તેમ અનુરાગના વિષયનો ઉપરોધી પણ ભિન્ન છે. બંનેમાં ભિન્નત્વ હોય તો એકમાં રાગ કરવો અને એકમાં દ્વેષ કરવો એ બરાબર નથી. જીવની જેમ જ પુદ્‌ગલ પણ અનુરાગનો વિષય હોય છે અને તેનો ઉપરોધી પણ હોય છે. શરીર અને તેના ઉપઘાતક વિષાદિની અપેક્ષાએ ભિન્નરૂપતાનું પરિભાવન કરવું જોઈએ. સામાન્યથી ઉપર જણાવ્યા મુજબ અનુરાગના વિષયનો ઉપઘાત કરનાર જીવ કે પુદ્‌ગલ પ્રત્યે દ્વેષ થાય છે. એ અવસરે રાગના સાધન-વિષયની સાથે આત્માને કોઈ સંબંધ નથી. એવા પ્રકારનું ભિન્નતાનું પરિભાવન કરવાથી દ્વેષને દૂર કરી શકાય છે.

જે જીવ કે પુદ્‌ગલ પ્રત્યે દ્વેષ થાય છે, તેનો પરિણામ અવસ્થિત (સદાને માટે રહેનાર) નથી, અનવસ્થિત છે. અનિષ્ટ ક્ષણવાર માટે છે - એમ જણાય તો તેની પ્રત્યે દ્વેષ થતો નથી. દ્વેષની પ્રત્યે ચિરસ્થાયિતાનું જ્ઞાન પણ કારણ બને છે. માત્ર અનિષ્ટસાધનતાનું જ્ઞાન કારણ નથી. અનિષ્ટ અનિષ્ટ લાગે નહિ તો તેની પ્રત્યે દ્વેષ આવવાનું કોઈ કારણ નથી. ચાલુ વ્યવહારમાં એવો અનુભવ લગભગ દરરોજ થતો હોય છે. આવું પ્રતિકૂળ માટે થઈ જાય તો દ્વેષના પરિણામને દૂર કરવાનું ખૂબ જ સરળ બને. દુઃખ કે દુઃખના સાધન કાયમ નથી - એ ચોક્કસપણે સમજી લેવું જોઈએ. નરકાદિ ગતિનાં પણ દુઃખોનો અંત છે તો અહીંનાં દુઃખોની વાત જ ક્યાં કરવાની ? નરકાદિગતિનાં દુઃખોની અપેક્ષાએ અહીં તો દુઃખ જ નથી. આપણી દૃષ્ટિએ જે પણ દુઃખ છે, તે અલ્પકાલીન અને અલ્પ છે. તેથી ખરી રીતે દ્વેષ કરવાનું કોઈ જ કારણ નથી. આવું અનવસ્થિતપરિણામવાળું પણ દુઃખ કોઈ વાર મરતાં સુધી ન પણ જાય એવું ય બને. એવા વખતે તેની પ્રત્યે દ્વેષ થાય તો તેનો વિપાકસ્વરૂપ દોષ પરલોકમાં કેવો મળશે એ વિચારવું. સામાન્ય રીતે બધાને અપ્રિય



થવા સ્વરૂપ દ્વેષનો વિપાક છે અને પરલોકમાં દુર્ગતિગમનાદિસ્વરૂપ દ્વેષનો વિપાક છે - એનો વિચાર કરીને દ્વેષને દૂર કરવો જોઈએ. ॥૭૦॥

* * *

હવે મોહ-અજ્ઞાનને આશ્રયીને એને દૂર કરવા માટે વિરોધી પરિણામને જણાવવા માટે કહે છે—

**चिंतेज्जा मोहम्मी ओहेणं ताव वत्थुणो तत्तं ।**
**उप्पाय-वय-धुवजुयं अणुहवजुत्तीए सम्मं ति ॥७१॥**

ગાથાર્થ સુગમ છે. આશય એ છે કે મોહ નડે ત્યારે સામાન્યથી ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ સ્વરૂપ જીવાદિ વસ્તુના તત્ત્વને (જે નિમિત્તવિશેષના કારણે વસ્તુનું તત્ત્વ છે); અનુભવ જેમાં મુખ્ય છે તેવી યુક્તિ વડે સારી રીતે વિચારવું. અર્થાદ્ વ્યવહાર(લોકપ્રસિદ્ધ વ્યવહાર)સંગત થાય તે રીતે વિચારવું. જીવાદિતત્ત્વોની વિચારણા એવી ન હોવી જોઈએ કે જેથી લૌકિક વ્યવહારનો ઉચ્છેદ થાય. ॥૭૧॥

* * *

અનુભવ જેમાં મુખ્ય છે એવી યુક્તિને જ સંક્ષેપથી જણાવાય છે—

**नाभावो च्चिय भावो अतिप्पसंगेण जुज्जइ कयाइ ।**
**ण य भावोऽभावो खलु तहासहावत्तऽभावाओ ॥७२॥**

અહીં યાદ રાખવું જોઈએ કે - બાવનમી ગાથામાં જણાવ્યું હતું કે, યોગમાર્ગની સાધના કરતી વખતે મુમુક્ષુ આત્માએ એ જાણી લેવું જોઈએ કે પોતાને રાગ, દ્વેષ અને મોહ - આ ત્રણ દોષમાંથી કયો દોષ વધારે પીડે છે. જે દોષ વધારે પીડતો હોય તે દોષને દૂર કરવા માટે ગ્રંથકાર પરમર્ષિએ ઉપાય બતાવવાનું શરૂ કર્યું હતું. તેમાં રાગ અને દ્વેષના વિષયમાં તેની પ્રતિપક્ષભાવનાને જણાવીને હવે મોહની નડતર દૂર કરવા માટે ઉપાય

બતાવાય છે **નાભાવો૦...** આ ગાથાથી. સામાન્ય રીતે મોહ-અજ્ઞાન જ્યારે પણ નડે છે; ત્યારે જૈનેતર દર્શનોની વાતો બરાબર લાગે છે, એ જ અજ્ઞાન છે. એને દૂર કરવા જૈનેતર તે તે દર્શનની વાત કઇ રીતે સંગત બનતી નથી - એ વિચારવું જોઇએ. એ વખતે લોકપ્રસિદ્ધ વ્યવહારનો વિરોધ ન આવે તે રીતે વિચારવું જોઇએ. શાસ્ત્રપ્રસિદ્ધ વાત લોકમાં વિરોધી હોય તો તે આદરણીય બનતી નથી. શાસ્ત્રમાં જે પ્રસિદ્ધ છે તે બધું જ લોકમાં પ્રસિદ્ધ હોય - એવું ન બને. પરંતુ જે લોકમાં વિરુદ્ધ છે એવું શાસ્ત્રમાં સિદ્ધ ન હોવું જોઇએ. અન્યથા શાસ્ત્ર આદરણીય નહીં બને.

મુમુક્ષુ આત્માને યોગમાર્ગની સાધના વખતે જ્યારે મોહ નડે ત્યારે તે તે શાસ્ત્રકારોની વાતમાં શંકા પડવાથી કોઇ એક તત્ત્વનો નિર્ણય ન થાય. તત્ત્વના નિર્ણય માટે મોહને દૂર કરવો પડે. શંકા ટળે નહિ તો મોહ દૂર થાય નહિ. તે તે દર્શનોમાં એવી અનેક વાતો છે કે જેની વિચારણા કરવી પડે. પરંતુ એ બધી વિચારણા અહીં શક્ય ન હોવાથી સંક્ષેપથી માત્ર દિશાસૂચન જ કર્યું છે.

''અતિપ્રસંગ આવતો હોવાથી, સર્વથા અભાવ જ ભાવ થાય છે - એ પ્રમાણે કહેવું ક્યારે પણ યોગ્ય નથી. તેમ જ સર્વથા ભાવ જ અભાવ થાય છે - એ પ્રમાણે કહેવું પણ યોગ્ય નથી; કારણ કે એમાં પણ અતિપ્રસંગ આવે છે. તથા-સ્વભાવત્વના અભાવના કારણે અતિપ્રસંગ સિદ્ધ છે.'' - આ પ્રમાણે બોત્તેરમી ગાથાનો શબ્દાર્થ છે.

ગાથાર્થને વિસ્તારથી સમજાવતાં ટીકામાં ફરમાવ્યું છે કે; અભાવ જ સર્વથા ભાવ થાય છે - એ કોઇ પણ કાળે યોગ્ય નથી, કારણ કે એમાં અતિપ્રસંગ કારણ છે. આશય એ છે કે જો સર્વથા અસત્ જ સત્ થાય છે તો બધે અસત્ત્વ સમાન હોવાથી વિવક્ષિત સત્ત્વની જેમ અવિવક્ષિત સત્ત્વ પણ ઉત્પન્ન થવું જોઇએ. મૃત્તિકા(માટી)માં ઘટ સર્વથા ન હોય અને છતાં મૃત્તિકાથી ઘટ થાય છે તેમ મૃત્તિકામાં ઘટની જેમ પટ પણ સર્વથા અસત્ હોવાથી મૃત્તિકાથી ઘટની જેમ જ પટનું પણ સત્ત્વ થવું જોઇએ. આ અતિપ્રસંગના કારણે સર્વથા અસત્ સત્ થાય છે - એ માનવું ઉચિત નથી. કથંચિત્ અસત્



સત્ થાય છે એમ માનવાથી અતિપ્રસંગ નહીં આવે; પરંતુ તેથી 'સર્વથા અસત્ જ સત્ થાય છે'. આ સ્વસિદ્ધાંતનો વ્યાઘાત (ભંગ) થશે.

સર્વથા અસત્ જ સત્ થાય છે - એ બરાબર છે. પરંતુ મૃત્તિકામાં ઘટને ઉત્પન્ન કરવાની શક્તિ છે; પણ પટને કરવાની શક્તિ નથી, તેથી વિવક્ષિત ઘટની જેમ અવિવક્ષિત પટની ઉત્પત્તિનો પ્રસંગ નહિ આવે. આ પ્રમાણે યદ્યપિ અતિપ્રસંગનું વારણ કરી શકાય છે પરંતુ શક્તિરૂપે મૃત્તિકામાં ઘટનું સત્ત્વ માનવાથી મૃત્તિકામાં ઘટ સર્વથા અસત્ છે - એ સ્વસિદ્ધાંતનો વ્યાઘાત થશે. આથી સમજી શકાશે કે 'સર્વથા અસત્ જ સત્ થાય છે' એમ માનવાથી જ્યારે મૃત્તિકાથી ઘટની ઉત્પત્તિ થાય ત્યારે તે જ વખતે ઘટ અને તેનાથી ભિન્ન પટ વગેરે એ બધાના હેતુની કોઇ વિશેષતા નહિ હોવાથી એકીસાથે વિવક્ષિત ઘટ અને અવિવક્ષિત પટાદિની પણ ઉત્પત્તિનો પ્રસંગ આવશે. કારણ કે હેતુમાં કોઇ પણ શક્તિ માની શકાશે નહિ.

મૃત્તિકાથી જ્યારે ઘડાની ઉત્પત્તિ થાય છે ત્યારે ઘડાના બીજાં-કુંભાર, ચક્ર, ચીવર વગેરે કારણો વિદ્યમાન હોવાથી ઘટની ઉત્પત્તિ થાય છે. પરંતુ પટાદિની પ્રત્યે ઉપયોગિની એવી કારણસામગ્રી વિદ્યમાન ન હોવાથી પટાદિની ઉત્પત્તિ નહિ થાય. આ રીતે મૃત્તિકાથી અન્ય (બીજા કુંભારાદિ) હેતુની પરિકલ્પના કરીને યદ્યપિ અતિપ્રસંગનું વારણ કરી શકાય છે; પરંતુ એ શક્ય નથી. કારણ કે 'અસદ્ જ સદ્ બને છે' આવું માનનારના મતે કાર્યમાત્રનો અસદ્જનન સ્વભાવ હોવાથી પટાદિની સામગ્રી પણ સર્વથા અસત્ હોવાથી ઘટની સામગ્રી સાથે તેની પણ ઉત્પત્તિનો પ્રસંગ તો છે જ. આથી સ્પષ્ટ છે કે અતિપ્રસંગના નિવારણ માટે અન્યહેતુની પરિકલ્પના ઉપયોગિની નથી. કારણ કે તેથી અતિપ્રસંગ દોષ દૂર થતો નથી.

સર્વથા અસદ્ જ સત્ થાય છે - એનો અર્થ એવો નથી કે બધા અસત્ એકીસાથે ઉત્પન્ન થાય. જે અસદ્નું કારણ વિદ્યાન છે તે અસદ્ સદ્ બને છે; જેનું કારણ વિદ્યમાન નથી તે અસદ્ સદ્ ન બને. તેથી અસદ્વિશેષને લઇને યદ્યપિ દોષ નહીં આવે. પરંતુ અસદ્વિશેષની કલ્પના; કાર્યના અવધિભૂત (ઉપાદાન) દ્રવ્યની વિશેષતાના કારણે શક્ય

છે અને અવધિવિશેષની કલ્પના કરવાથી તે અવધિમાં તે સ્વરૂપે ઘટાદિ કાર્યનું સત્ત્વ માનવું પડશે. સ્વસિદ્ધાંતનો વ્યાઘાત ન થાય એ માટે અવધિવિશેષની કલ્પના કરવાનું તેમને શક્ય નહિ બને. આથી જ અતિપ્રસંગના વારણ માટે કોઇએ જે કહ્યું છે કે 'અસદ્ તે ઉત્પન્ન થાય છે કે જેનું કારણ વિદ્યમાન હોય છે. શશશૃંગ વગેરેની અનુત્પત્તિ; કારણના અભાવના કારણે ઇચ્છાય છે' તે માત્ર બોલવા માટે જ છે. કારણ કે તેથી અતિપ્રસંગનું વારણ થતું નથી - એ ઉપર જણાવ્યું છે જ. આ રીતે ગાથાના પૂર્વાર્દ્ધની વાત સમજાઇ હશે તો આ ગાથાના ઉત્તરાર્દ્ધથી જણાવેલી વાત પણ સમજી શકાશે.

ગાથાના ઉત્તરાર્દ્ધના પ્રારંભે જણાવ્યું છે કે અતિપ્રસંગ દોષના કારણે સર્વથા ભાવ જ એકાંતે (સર્વથા) અભાવ જ થાય છે - એમ કહેવું યોગ્ય નથી. આશય એ છે કે સર્વથા સદ્ (ભાવ) જ અસદ્ થતું હોય તો; જ્યારે ઘટનો નાશ થાય છે ત્યારે ઘટના નાશની સાથે મૃત્તિકાનો પણ નાશ માનવો પડશે. કારણ કે જેમ એકાંતે ઘટ સત્ હોવાથી નાશ પામે છે તેમ મૃત્તિકા પણ તેમના મતે એકાંતે સત્ હોવાથી ઘટના નાશની સાથે તેનો પણ નાશ માનવો પડશે. બંનેના સત્ત્વમાં કોઇ જ વિશેષતા નથી કે જેથી મૃત્તિકાના નાશનો પ્રસંગ નિવારી શકાય. કથંચિત્ સત્ અસત્ થાય છે - એ પ્રમાણે માનવાથી અતિપ્રસંગ નહીં આવે. કારણ કે ઘટનો ઘટરૂપે નાશ થાય છે માટીરૂપે નહિ. નાશક સામગ્રીને આધીન નાશ છે.

ઘટના નાશ વખતે નાશકમાં ઘટના નાશની જ શક્તિ છે અને મૃત્તિકાદિના નાશની શક્તિ નથી. તેથી ઘટના નાશની સાથે મૃત્તિકાના પણ નાશનો પ્રસંગ યદ્યપિ નહીં આવે, પરંતુ 'એકાંતે સદ્ અસદ્ થાય છે.' આ પ્રમાણે માનનારાને કોઇ પણ પદાર્થમાં કોઇ પણ જાતની શક્તિ માનવાનું શક્ય નથી. કારણ કે તેમ કરવાથી શક્તિરૂપે તે તે પદાર્થમાં તે તે પદાર્થનો નાશ માનવો પડશે. જેથી એકાંતે સત્ત્વના સ્વસિદ્ધાંતનો વ્યાઘાત થશે. આથી સમજી શકાશે કે સકલ શક્તિનો અભાવ હોવાથી વિવક્ષિત ઘટાદિના અસત્ત્વની જેમ અવિવક્ષિત માટી વગેરેના પણ



અસત્ત્વનો અતિપ્રસંગ આવશે. કારણ કે એકાંતે અસદ્-વાદીના મતે કાર્યના હેતુમાં કોઇ જ વિશેષતા નથી. તેથી એકીસાથે ઘટ અને માટી વગેરેના અભાવનો પ્રસંગ આવશે.

"જ્યારે માટીમાંથી ઘડો થાય છે ત્યારે જ માટી નષ્ટ થઇ હતી. ઘડાના નાશ પછી જે માટી છે તે તો અન્ય છે, તેથી ઘડાના નાશની સાથે માટી વગેરેના નાશનો પ્રસંગ નહીં આવે' - આ રીતે અતિપ્રસંગનું વારણ યદ્યપિ કરી શકાય છે. પરંતુ અન્યમૃદ્‌ની પરિકલ્પના પ્રકૃતમાં અતિપ્રસંગનું વારણ કરવા ઉપયોગિની નહિ બને; કારણ કે સર્વથા સત્ અસત્ થવાના સ્વભાવવાળું હોવાથી અન્યમૃદ્‌નો પણ અભાવ થવો જ જોઇએ. આથી સમજી શકાશે કે 'સર્વથા સત્ અસત્ થાય છે' - એમ માનનારને અતિપ્રસંગ છે જ. "તે તે સમયે એકાંતે સત્ અસત્ થાય છે તેથી એકીસાથે ઘટ, મૃત્તિકા વગેરેના અભાવનો પ્રસંગ નહીં આવે." - આ પ્રમાણે સ્વભાવાંતર (ભિન્ન સ્વભાવ) માનવાથી યદ્યપિ અતિપ્રસંગનું વારણ કરી શકાય છે. પરંતુ નાશસ્વરૂપ કાર્યનું અવધિ (મૂળભૂત) સ્વરૂપ કારણ માનવામાં ન આવે અને માત્ર એકાંતે સદ્ જ અસદ્ થાય છે - એમ માનવામાં આવે તો ઉપર જણાવ્યા મુજબ સ્વભાવાંતરની કલ્પના કરી શકાશે નહિ. કારણ કે સર્વથા સત્ત્વ જ નાશનું પ્રયોજક હોવાથી તે બધે સમાન જ છે. આથી જ સર્વથા સત્‌થી અસત્‌ની ઉત્પત્તિ થાય છે એમ માનવાથી જે અતિપ્રસંગ આવે છે; તેના નિવારણ માટે કોઇએ જે કહ્યું છે કે - "સર્વથા સત્‌ના અભાવની ઉત્પત્તિમાં પણ જો આ જ (અતિપ્રસંગ) વિકલ્પ સમાન હોય; તો સત્‌ના અભાવ વખતે ત્યાં કશું જ ઉત્પન્ન થતું નથી. ફક્ત ત્યાં તે ઘટાદિ હોતા નથી." તે પણ વચનમાત્ર જ છે. કારણ એ પ્રમાણે કહેનારનો આશય એ છે કે સત્‌ના અભાવ વખતે કશું થતું જ નથી. તેથી ત્યાં એકની સાથે બધાના અભાવનો પ્રસંગ પણ આવતો નથી. માત્ર ત્યાં ઘટાદિ હોતા નથી. પરંતુ એ આશયથી જણાવેલી વાતથી કોઇની ઉત્પત્તિ (નાશની ઉત્પત્તિ) ન થવાથી બધાના નાશનો અતિપ્રસંગ ન આવવા છતાં જ્યાં ઘટ હોતો નથી; ત્યાં મૃત્તિકા વગેરે પણ ન જ હોવા જોઇએ - આ રીતે

અતિપ્રસંગ તો છે જ. તેથી "સર્વથા સત્‌ના અભાવની ઉત્પત્તિમાં પણ જો..." ઇત્યાદિ કહેવાનો કોઇ જ સાર નથી.

આ રીતે ટીકામાં સ્પષ્ટપણે '**अतिप्पसंगेण**'... ઇત્યાદિનો અર્થ જણાવ્યો. ગાથાથી જ અતિપ્રસંગ બંને સ્થાને વ્યવસ્થિત છે તે જણાવાય છે **तहासहावत्तऽभावाओ** આ પદથી. આશય એ છે કે 'સર્વથા અસત્‌ સત્‌ થાય છે; અને સર્વથા સત્‌ અસત્‌ થાય છે.' આ પ્રમાણે માનીએ તો અતિપ્રસંગ આવે છે - તે વિસ્તારથી ટીકામાં જણાવ્યું. બંને સ્થાને અતિપ્રસંગ વ્યવસ્થિત છે (સિદ્ધ છે) - તે, ગ્રંથથી (ગાથાથી) જ જણાવવા ગાથામાં '**तहासहा०**' આ પ્રમાણે પદ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સર્વથા અભાવ; ભાવ થઇ શકે નહિ અને સર્વથા ભાવ; અભાવ થઇ શકે નહિ - એમાં હેતુ તરીકે અતિ-પ્રસંગ છે. આથી સમજી શકાય છે કે સર્વથા અભાવ કે ભાવ પક્ષમાં અતિપ્રસંગ નિશ્ચિત છે. એ હેતુ સિદ્ધ નથી - એમ કહીને હેતુની અસિદ્ધિની કોઇ શંકા ન રહે એ માટે ગાથામાં તથાસ્વભાવના અભાવને હેતુ તરીકે જણાવ્યો છે. સર્વથા અસત્‌ સત્‌ થાય છે - એમ જ્યારે માનીએ ત્યારે સર્વથા અસત્‌નો જે વિવક્ષિત ઘટાદિસ્વરૂપ થવાનો સ્વભાવ છે તે રહેતો નથી. કારણ કે વિવક્ષિત-અવિવક્ષિત સકલ થવાના સ્વભાવનો પ્રસંગ આવે છે. આવું જ સર્વથા સત્‌ અસત્‌ થાય છે - એમ માનવામાં પણ વિવક્ષિત ન થવાના (નાશ) સ્વભાવનો પણ અભાવ રહે છે. આથી સ્પષ્ટ છે કે બંને સ્થાને તથાસ્વભાવત્વ(સ્વભાવ)નો અભાવ છે. વિવક્ષિત-(ઇષ્ટ)થી જુદા સ્વભાવના અસ્તિત્વના સ્વીકારનો પ્રસંગ જ અહીં અતિપ્રસંગ છે. એમાં કારણ છે વિવક્ષિત સ્વભાવનો અભાવ... ઇત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઇએ. ॥૭૨॥

* * *

ઉપર જણાવ્યા મુજબ વિપક્ષ(એકાંતે સત્‌ અને એકાંતે અસત્‌)માં અતિપ્રસંગરૂપ બાધક પ્રમાણ કહીને હવે સ્વપક્ષ(કથંચિત્‌ સત્‌ અને કથંચિત્‌ અસત્‌)ની સિદ્ધિ માટે સાધક પ્રમાણ જણાવાય છે—



**एयस्स उ भावाओ णिवित्ति-अणुवित्तिजोगओ होंति ।**
**उप्पायादी णेवं अविगारी वऽणुहवविरोहा ॥७३॥**

"નિવૃત્તિ અને અનુવૃત્તિના યોગથી તથાસ્વભાવત્વના કારણે ઉત્પાદાદિ થાય છે. આવી જ રીતે પુરુષ-આત્મા એકાંતે અધિકારી નથી; કારણ કે તેવા પ્રકારના અનુભવનો વિરોધ આવે છે." આ પ્રમાણે '**एयस्स उ...**' ઇત્યાદિ ગાથાનો શબ્દાર્થ છે. આશય એ છે કે - કથંચિત્‌ સદસદ્‌ પક્ષમાં વિવક્ષિત ભાવભવનાદિસ્વભાવ ઘટી શકે છે. કારણ કે અનુભવના અનુરોધથી તે તે પૂર્વપર્યાયની નિવૃત્તિ અને દ્રવ્યની અનુવૃત્તિનો યોગ વાસ્તવિક રીતે હોય છે. તેથી વસ્તુના ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય (ઉત્પત્તિ, વિનાશ અને સ્થિતિ) સ્વરૂપ ધર્મો થાય છે. પ્રકારાંતરે એકાંતે સત્‌ કે એકાંતે અસત્‌ પક્ષમાં પૂર્વ (૭૨મી) ગાથાથી જણાવ્યા મુજબ ઉત્પાદાદિ સંગત થતા નથી. કારણ કે તેમાં અતિપ્રસંગ આવે છે.

આવી જ રીતે પુરુષ-આત્માને એકાંતે અવિકારી કે વિકારી પણ માનવાનું ઉચિત નથી. કારણ કે એવો અનુભવ થતો નથી. એકાંતે આત્માનો એક જ સ્વભાવ માનીએ અને તલના ફોતરાના ત્રીજાભાગ જેટલો પણ ભેદ ન માનીએ તો આત્માની જુદી જુદી અવસ્થાનો જે અનુભવ થાય છે - તે નહીં થઇ શકે. આથી એ અનુભવના અનુરોધથી આત્માને કથંચિત્‌ અવિકારી-વિકારી માન્યા વિના છૂટકો જ નથી.

આશય એ છે કે જ્યારે પણ વસ્તુના સ્વરૂપને સર્વથા એકસ્વરૂપે માની લેવામાં આવે તો પ્રતીયમાન વસ્તુતત્ત્વના અનુભવનો વિરોધ આવે છે. જ્યારે 'વિવક્ષિત ઘટાદિ ભાવ સ્વરૂપ થવાના સ્વભાવવાળો અભાવ છે' - આ પ્રમાણે માનીએ તો ત્યારે તે સ્વભાવ હોવાથી; સર્વથા ભાવત્વનો પરિત્યાગ થાય છે. કારણ કે તે વખતે તેમાં સ્વભાવને આશ્રયીને ભાવત્વ છે; સ્વરૂપથી નથી. આવી જ રીતે સ્વનિવૃત્તિસ્વભાવવાળો ભાવ છે (ઘટાદિ છે) એમ માનીએ તો ત્યારે તે સ્વભાવ હોવાથી સર્વથા સ્વનિવૃત્તિનો પરિત્યાગ થાય છે. કારણ કે ત્યારે સ્વભાવથી સ્વનિવૃત્તિ

છે; સ્વરૂપથી નથી... ઇત્યાદિ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવું. આ રીતે દ્રવ્યસ્વરૂપે અનુવૃત્તિસ્વભાવવાળી અને પર્યાયસ્વરૂપે વ્યાવૃત્તિસ્વભાવવાળી વસ્તુ; ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ - આ ત્રણ ધર્મથી યુક્ત સિદ્ધ થાય છે. શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચયમાં જણાવ્યું છે કે- ઘટ, મુગુટ અને સુવર્ણના જે અર્થી છે તેમને; જ્યારે સુવર્ણના ઘટમાંથી મુગટ બને છે ત્યારે, અનુક્રમે ઘટનો નાશ થવાથી શોક થાય છે, મુગટની ઉત્પત્તિ થવાથી આનંદ થાય છે અને સોનું સોના તરીકે કાયમ હોવાથી માધ્યસ્થ્ય (હર્ષ પણ નહિ અને શોક પણ નહિ) રહે છે. તેમ જ જેને દૂધ પીવાનું વ્રત છે તે દહીં ખાતો નથી. જેને દહીં જ ખાવાનું વ્રત છે તે દૂધ વાપરતો નથી, અને જેને ગોરસને છોડીને જ બીજી વસ્તુ વાપરવાનો નિયમ છે તે દૂધ અને દહીં બંને વાપરતો નથી. કારણ કે એ બંને ગોરસ છે. આથી સમજાય છે કે વસ્તુનું તત્ત્વ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય (સ્થિતિ) આ ત્રણના સમુદાય સ્વરૂપ છે. પૂર્વપર્યાયનો નાશ, ઉત્તરપર્યાયની ઉત્પત્તિ અને દ્રવ્યસ્વરૂપે સ્થિતિ - આ પ્રમાણે વિનાશ, ઉત્પત્તિ અને સ્થિતિ - આ ત્રિતયસ્વરૂપ વસ્તુતત્ત્વ છે. ॥૭૩॥

* * *

સાઇઠમી ગાથામાં **चिंतेज्जाऽऽणाए** આ પ્રમાણે જે 'આજ્ઞા'દ્વાર છે, તેની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી જણાવાય છે–

**आणाए चिंतणम्मी तत्तावगमो णिओगओ होंति ।**
**भावगुणागरबहुमाणो य कम्मक्खओ परमो ॥७४॥**

"આજ્ઞાપૂર્વક રાગાદિવિષયતત્ત્વનું ચિંતન કરીએ તો ચોક્કસ જ તત્ત્વનો અવગમ (બોધ) થાય છે. ભાવગુણના આકર (ખાણ) શ્રી તીર્થંકરપરમાત્માની પ્રત્યે બહુમાન થવાથી પરમકોટિનો કર્મક્ષય થાય છે." આ પ્રમાણે ૭૪મી ગાથાનો સામાન્ય અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા મુજબ રાગાદિવિષયતત્ત્વનું ચિંતન



કરવાથી ચોક્કસ જ તત્ત્વનો અવબોધ થાય છે. સામાન્યથી કોઇ પણ પ્રવૃત્તિ; શ્રી તીર્થંકરપરમાત્માની આજ્ઞા મુજબ જ કરવાથી તે તે પ્રવૃત્તિના ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા આપણે સમર્થ બનતા હોઇએ છીએ. અહીં રાગાદિવિષય વગેરેનું ચિંતન કરવાથી મને શું નડે છે તે જાણવાનું અભિપ્રેત છે. શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા મુજબ એ ચિંતન કરવાથી તે અભિપ્રેતાર્થની સિદ્ધિ ચોક્કસ થાય છે. રાગાદિ વિષને દૂર કરવા માટે શ્રી તીર્થંકરપરમાત્માની પરમતારક આજ્ઞા પરમમંત્રસ્વરૂપ છે. આથી જ બીજા લોકો (અન્યદાર્શનિકો) કહે છે કે; આગમ(આજ્ઞા)રહિત ક્રિયા ફળની પ્રત્યે મંત્રભિન્ન અપમાર્જન (સાવરણી વગેરે) જેવી છે. આશય એ છે કે કોઇ પણ વિહિત પ્રવૃત્તિ તેના તે તે ફળના ઉદ્દેશથી કરાય છે. પરંતુ જ્યારે પણ તે પ્રવૃત્તિ આગમથી રહિત (આગમનું અનુસરણ નહિ કરનારી) હોય છે; ત્યારે તેનું ધારણાં મુજબનું ફળ પ્રાપ્ત થતું નથી, તેથી એમ જ માનવું પડે કે મંત્રાદિના પ્રયોગથી તે તે પ્રવૃત્તિનું ફળ અટકાવી દીધું છે. અથવા આવતા ફળને સાવરણી વગેરે દ્વારા દૂર કર્યું છે. અનાગમિકક્રિયા મંત્ર કે અપમાર્જન નહિ હોવા છતાં તેની જેમ જ કામ કરે છે. લૌકિકદર્શનમાં પણ આ રીતે શાસ્ત્રાનુસારિતા પ્રત્યે કેટલો ભાર મૂક્યો છે તે આથી સમજી શકાય છે. લોકોત્તર માર્ગમાં તો પરમતારક આગમાનુસારિતા વિના કોઇ પણ રીતે ચાલી શકે એમ જ નથી - એ યોગના અર્થી જનોએ કોઇ પણ રીતે ભૂલવું ના જોઇએ.

ઉપર જણાવ્યા મુજબ આજ્ઞાપૂર્વક ચિંતન કરવાથી ભાવગુણના આકર શ્રી તીર્થંકરપરમાત્મા પ્રત્યેના બહુમાનથી આજ્ઞા જેમાં સારભૂત છે એવી પ્રવૃત્તિના કારણે પરમ (શ્રેષ્ઠ) એવો કર્મક્ષય થાય છે. કારણ કે યોગ્યસ્થાને બહુમાન હોવાથી એકસરખી જ દેખાતી ક્રિયાઓ હોતે છતે આરાધના અને વિરાધનાથી કર્મક્ષય વગેરેમાં ફરક પડે છે. તેવા પ્રકારનું બહુમાન ન હોય તો તે તે ક્રિયાઓમાં વિરાધનાના કારણે કર્મબંધ થાય છે. બહુમાન હોય તો આરાધનાના કારણે તે તે ક્રિયાઓમાં કર્મક્ષય થાય

છે. તેથી ઉપર જણાવ્યા મુજબ આજ્ઞાથી ચિંતન કરવાથી પરમ કોટિનો કર્મક્ષય થાય છે. ।।૭૪।।

* * *

હવે વિવિક્તદેશને આશ્રયીને ગુણ જણાવાય છે—

**पइरिक्के वाघाओ न होइ पाएण योगवसिया य ।**
**जायइ तहापसत्था हंदि अणब्भत्थजोगाणं ।।७५।।**

"રાગાદિવિષય વગેરેનું તત્ત્વ ચિંતવતી વખતે એકાંતમાં ચિંતવવાથી પ્રાયઃ ચિંતનમાં વ્યાઘાત થતો નથી અને તેવા પ્રકારની પ્રશસ્ત યોગવશિતા આદિ યોગીને પ્રાપ્ત થાય છે." - આ પ્રમાણે ૭૫મી ગાથાનો સામાન્યાર્થ છે. સામાન્ય રીતે કોઇ પણ જાતના યોગની સાધનામાં વિઘ્ન ન આવે તો સાધના વિના વિલંબે પૂર્ણ થતી હોય છે. એ વિઘ્નના પરિહાર માટે એકાંત પણ એક કારણ છે. રાગાદિવિષય વગેરેનું તત્ત્વચિંતન કરવા સ્વરૂપ અધિકૃત યોગ છે. એકાંતના કારણે તેનો પ્રાયઃ વ્યાઘાત (પ્રતિબંધ) થતો નથી. કારણ કે ત્યારે કોઇ વિક્ષેપનું નિમિત્ત મળતું નથી. આ રીતે એકાંતમાં તત્વચિંતન કરવાથી યોગના અભ્યાસના સામર્થ્ય સ્વરૂપ યોગની વશિતા (સ્વાધીનતા) પ્રાપ્ત થાય છે. વિધિપૂર્વક એવી સાધનામાં પ્રવૃત્તિ કરવાથી અને ખોટો આગ્રહ ન હોવાથી તે યોગવશિતા પ્રશસ્ત બને છે. જે લોકોએ યોગની સાધનાનો આરંભ જ કર્યો છે - એવા અનભ્યસ્ત યોગવાલા યોગીઓને ઉપર જણાવ્યા મુજબ પ્રશસ્ત યોગવશિતા પ્રાપ્ત થાય છે. અભ્યસ્ત યોગીઓને તો યોગ આત્મસાત્ હોવાથી તેમને યોગવશિતા સ્વભાવસિદ્ધ છે. ।।૭૫।।

* * *

સાઇઠમી ગાથામાં રાગાદિ-વિષય વગેરેના તત્ત્વના ચિંતન માટે જે દ્વારો વર્ણવ્યાં છે; તેમાં છેલ્લા ઉપયોગદ્વારનું વર્ણન કરાય છે—



**उवओगो पुण एत्थं विण्णेओ जो समीवजोगो त्ति ।**
**विहियकिरियागओ खलु अवितहभावो उ सव्वत्थ ।।७६।।**

"વિહિત તે તે ક્રિયાસંબંધી સર્વત્ર સ્થાન, ઊર્ણ, અર્થ વગેરેમાં શાસ્ત્રાનુસારી જે યથાર્થભાવ છે તે સમીપયોગ અહીં ઉપયોગ સ્વરૂપ સમજવો." આ પ્રમાણે ૭૬મી ગાથાનો સામાન્ય અર્થ છે. આશય એ છે કે રાગાદિવિષયતત્ત્વનું ચિંતન ઉપયોગપૂર્વક કરવું જોઇએ - એ પ્રમાણે સાઇઠમી ગાથામાં જણાવ્યું છે. ત્યાં ઉપયોગ તેને કહેવાય છે કે જે 'સમીપયોગ' છે. જે મોક્ષની નજીક છે તે સમીપયોગ છે. એ ઉપયોગપૂર્વકનું કોઇ પણ અનુષ્ઠાન મોક્ષનું કારણ હોવાથી ઉપયોગ સિદ્ધિસમીપ છે. અપ્રશસ્ત તે તે ક્રિયા(આહારાદિ)ઓ સામાન્યથી કાર્યસિદ્ધિની નજીક હોય છે. અહીં એવા ઉપયોગની વાત નથી. વિહિત તે તે ક્રિયાઓસંબંધી ઉપયોગની અહીં વાત છે. વિહિત અનુષ્ઠાનમાં સામાન્યથી સ્થાન, ઊર્ણ, અર્થ, આલંબન અને અનાલંબન સમાવિષ્ટ હોય છે. તે તે વિહિત ક્રિયાઓ કરતી વખતે સ્થાનાદિસંબંધી ખૂબ જ ઉપયોગ રાખવો જોઇએ. 'યોગવિંશિકા એક પરિશીલન'માં સ્થાનાદિનું વર્ણન કર્યું છે. જિજ્ઞાસુઓએ તે ત્યાંથી જાણી લેવું જોઇએ. અહીં તો ઉપયોગનું વર્ણન કરવાનું અભિપ્રેત છે.

શાસ્ત્રમાં જણાવ્યા મુજબ; સ્થાનાદિમાં યથાર્થભાવ હોવો જોઇએ. જે ઉદ્દેશથી સ્થાનાદિ વિહિત છે, તે ઉદ્દેશથી જ સ્થાનાદિમાં પ્રવૃત્તિ થવી જોઇએ. આથી સમજી શકાશે કે તે તે વિહિત ક્રિયાસંબંધી સ્થાનાદિમાં સર્વત્ર યથાર્થભાવ સ્વરૂપ જે સિદ્ધિની સમીપ છે તે ઉપયોગ છે. આવો ઉપયોગ લિંગ (ચિહ્ન) છે જેનું એવો શાસ્ત્રબોધ છે. શાસ્ત્રનો બોધ હોય તો પ્રાયઃ સ્થાનાદિમાં યત્ન હોય જ. પરલોક પ્રત્યે જેને આસ્થા-પક્ષપાત હોય તેમ જ ભગવાન શ્રી વીતરાગપરમાત્મા પ્રત્યે બહુમાન હોય તો તે આત્મા સ્થાનાદિમાં ચોક્કસ જ પ્રયત્નશીલ બન્યા વિના ન રહે. ઉપયોગ વિનાની દ્રવ્યક્રિયા પાપબંધનું કારણ બને છે - એનો જેને ખ્યાલ છે અને છતાં

ઉપયોગશૂન્ય બની વર્તે તો પરલોકનો પક્ષપાત નથી - એમ માનવું પડે. આવી જ રીતે ભગવાન શ્રી વીતરાગપરમાત્મા પ્રત્યે બહુમાન હોય તો તેઓશ્રીએ ઉપદેશેલી-સ્થાનાદિમાં ઉપયોગ રાખવાની વાત ન માને - એ કઇ રીતે બને ? ભગવાન પ્રત્યે બહુમાન તેઓશ્રીના પરમતારક વચનના માનવાથી જણાય છે... ઇત્યાદિ સારી રીતે વિચારવું જોઇએ. ॥૭૬॥

* * *

સાઇઠમી ગાથામાં જણાવેલાં તે તે દ્વારોનું વર્ણન કરીને હવે તે રીતે કરાયેલ તત્ત્વચિંતનથી જે કાર્ય થાય છે - તે જણાવાય છે—

**एवं अब्भासाओ तत्तं परिणमइ चित्तथेज्जं च ।**
**जायइ भवाणुगामी सिवसुहसंसाहगं परमं ॥७७॥**

"પૂર્વે જણાવ્યા મુજબ રાગાદિના વિષય વગેરેનું ચિંતન આજ્ઞા વગેરે પૂર્વક કરવાથી તેના અભ્યાસને લઇને તત્ત્વ હૈયામાં પરિણમે છે; અને તેથી ભવાંતરમાં સંસ્કાર સ્વરૂપે અનુગામિની તેમ જ શિવસુખનું કારણ બનનારી એવી પરમચિત્તની સ્થિરતાને પ્રાપ્ત કરે છે." આ પ્રમાણે ૭૭મી ગાથાનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આજ્ઞાનુસાર એકાંતસ્થાનમાં સારી રીતે ઉપયોગપૂર્વક રાગાદિ-વિષય વગેરેનું ચિંતન કરવાથી વારંવારના એ અભ્યાસને લઇને ખૂબ જ સ્પષ્ટપણે રાગાદિના વિષય વગેરેનું સ્વરૂપ સમજાય છે; અને તેથી તત્ત્વ વાસ્તવિક રીતે પરિણમે છે. એક વખત નડતર, નડતર તરીકે જણાય પછી એને દૂર કરવાનું સાવ જ સરળ છે. રોગાદિના સ્વરૂપનો જેવો ખ્યાલ આવે છે, એવો રાગાદિના વિષય વગેરેના સ્વરૂપનો ખ્યાલ આવતો નથી. એ બંને વચ્ચેની ભેદરેખા વસ્તુતઃ તત્ત્વપરિણતિ છે. તેને પ્રાપ્ત કરવા માટે, તત્ત્વપરિશીલનનું સાતત્ય એક અદ્ભુત સાધન છે.

તત્ત્વ પરિણમવાથી તેમાં ચિત્ત સ્થિર બને છે. જે સમજવાનું છે તે સમજાયા પછી અને એ સિવાય બીજું કશું જ સમજવાનું ન હોય ત્યારે



ચિત્તની સ્થિરતા ખૂબ જ અપ્રતિમ હોય છે. આવી ચિત્તસ્થિરતાને આનંદસમાધિનું બીજ કહેવાય છે. સામાન્ય રીતે આત્માના શુદ્ધ સ્વરૂપનો યથાર્થ રીતે ખ્યાલ આવવાથી જે આનંદનો અનુભવ થાય છે તે આનંદસમાધિ છે અને તેનું બીજ ચિત્તની સ્થિરતા છે. કારણ કે ચિત્ત ચંચળ હોય અને સ્થિર ન હોય તો કોઇ પણ રીતે આનંદની પ્રાપ્તિ થતી નથી. એકાગ્રતા આનંદનું બીજ છે. ચિત્તની સ્થિરતા વિના એકાગ્રતા શક્ય નથી. અર્થકામના વિષયમાં આવી ચિત્તની સ્થિરતા સ્વાનુભવસિદ્ધ છે. ધર્મ અને મોક્ષના વિષયમાં એ અનુભવાતી નથી, તેથી તે વિષયમાં પારમાર્થિક આનંદ મળતો નથી.

રાગાદિના વિષય વગેરેના ચિંતનથી ચિત્તનું સ્થૈર્ય પ્રાપ્ત થાય છે, જે; ભવાંતરમાં અનુગામી હોય છે અને ક્રમે કરી શિવસુખનું સાધક બને છે. અભ્યાસથી આત્મસાત્ બનેલું તત્ત્વચિંતન સંસ્કારરૂપે ભવાંતરમાં આત્માનું અનુગામી બનતું હોવાથી ત્યાં પણ ચિત્તસ્થૈર્ય સુલભ બને છે, જે; ક્રમે કરી શિવસુખને પ્રાપ્ત કરાવનારું બને છે. તેથી તે ચિત્તસ્થૈર્ય શ્રેષ્ઠ કોટિનું છે. મોક્ષમાર્ગ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે કિલ્લાની પ્રાપ્તિ જેવું તે છે. આશય એ છે કે - કોઇ માર્ગ ચોર, લુંટારા, હિંસક પશુઓ વગેરેથી દુર્ગમ બન્યો હોય ત્યારે એવા માર્ગમાંથી ચોર વગેરેને સર્વથા દૂર કરી તેની ઉપર વિજય મેળવવા માટે એટલે કે સ્વાધીનપણે તે માર્ગે વિના વિઘ્ને ગમન કરવા માટે દુર્ગ-કિલ્લો મળવાથી ખૂબ જ આનંદ થાય છે. કારણ કે કિલ્લામાં રહીને ચોર વગેરે ઉપર પ્રહાર કરી તેમને નામશેષ કરી શકાય છે અને તેઓ આપણી ઉપર પ્રહાર કરી શકતા નથી. આવી જ રીતે મોક્ષમાર્ગે પ્રયાણ કરનારાને પણ રાગ, દ્વેષ અને મોહ વગેરેને નામશેષ કર્યા વિના નિર્વિઘ્ને પ્રયાણ શક્ય બનતું નથી. રાગાદિને દૂર કરવા માટે ચિત્તની સ્થિરતા સ્વરૂપ કિલ્લો ખૂબ જ ઉપયોગી બને છે. રાગાદિ મરે અને રાગાદિ મારે નહીં - આવી એ સુરક્ષિત સ્થિતિ છે. સાધન સમર્થ છે પરંતુ રાગાદિને મારવાનું મન જ થતું નથી. તેથી

શિવમાર્ગના વિજયનો વિચાર જ ઉદ્ભવતો નથી. જેને એ વિચાર ઉદ્ભવ્યો છે તેના માટે ચિત્તસ્થૈર્ય ખરેખર જ આનંદ સમાધિનું બીજ છે અને તત્ત્વચિંતનથી સાધ્ય છે. ।।૭૭।।

❋ ❋ ❋

ઉપર જણાવ્યા મુજબ રાગાદિના વિષય વગેરેનું ચિંતન કરવાથી જેમ યોગની પ્રાપ્તિ થાય છે, તેમ બીજી પણ વાતની પરિભાવનાથી યોગની પ્રાપ્તિ થાય છે, તેથી તે વિધ્યંતરને જણાવાય છે–

**अहवा ओहेणं चिय भणियविहाणाओ चेव भावेज्जा ।**
**सत्ताइएसु मेत्ताइए गुणे परमसंविग्गो ।।७८।।**

"અથવા સામાન્યથી પૂર્વે જણાવ્યા મુજબ જ પરમસંવિગ્ન બની સામાન્ય જીવાદિને વિશે મૈત્રી વગેરે ગુણોને ભાવવા." આ પ્રમાણે ૭૮મી ગાથાનો શબ્દાર્થ છે. એનો આશય એ છે કે, પૂર્વે એકસઠમી ગાથામાં જણાવ્યા મુજબ પદ્માસનાદિ સ્થાનમાં રહીને અને ગુરુ-દેવતાને પ્રણામાદિ કરીને મન-વચન-કાયાની એકાગ્રતા (પ્રણિધાન) પૂર્વક મૈત્ર્યાદિ ગુણોનું પરિભાવન કરવું જોઇએ. સામાન્યથી સત્ત્વ એટલે જીવસામાન્યને વિશે મૈત્રીભાવનાનું; ગુણાધિક (અધિકગુણવાળા) આત્માઓને વિશે પ્રમોદભાવનાનું; ક્લેશ પામતા જીવોને વિશે કારુણ્યભાવનાનું અને વિનયથી રહિત જીવોને વિશે માધ્યસ્થ્યભાવનાનું ચિંતન કરવું જોઇએ. એ ચિંતન પણ પરમસંવેગવાળા બનીને કરવું જોઇએ. મોક્ષના અભિલાષને 'સંવેગ' કહેવાય છે. ગ્રંથકાર પરમર્ષિએ **પરમસંવિગ્ન** પદનો અર્થ 'લબ્ધિ, પૂજા અને ખ્યાતિ વગેરેના આશયથી રહિત' આ પ્રમાણે કર્યો છે. યોગના અર્થીએ શરૂઆતથી જ એ ત્રણ આશયથી દૂર રહેવું જોઇએ. અણિમાદિ લબ્ધિઓ, સત્કારાદિ પૂજા અને કીર્તિ વગેરે ખ્યાતિ... ઇત્યાદિનો આશય રાખ્યા વિના મૈત્રી વગેરે ગુણોનું પરિભાવન કરવું જોઇએ. ખૂબ જ સ્પષ્ટ



રીતે, ગ્રંથકારશ્રીએ આ લોક કે પરલોક સંબંધી આશયથી રહિત બની મોક્ષના આશયને કેળવી લેવાનું જણાવ્યું છે. ।।૭૮।।

❋ ❋ ❋

પૂર્વ ગાથામાં જણાવેલી વાત વિશેષ સ્વરૂપે જણાવાય છે–

**सत्तेसु ताव मेत्तिं तहा पमोयं गुणाहिएसुं ति ।**
**करुणा-मज्झत्थत्ते किलिस्समाणाऽविणेएसु ।।७९।।**

'સૌથી પહેલાં બધા જીવોમાં મૈત્રી; પોતાની અપેક્ષાએ અધિકગુણવાળા જીવોમાં પ્રમોદ; ક્લેશને અનુભવતા જીવોને વિશે કરુણા અને અવિનેય જીવોને વિશે માધ્યસ્થ્ય ભાવના ભાવવી...' આ પ્રમાણે ૭૯મી ગાથાનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે સર્વ જીવોને વિશે કોઇ પણ જાતના ભેદભાવ વિના મૈત્રીભાવના ભાવવી જોઇએ. સામી વ્યક્તિ આપણી ઉપર ઉપકાર કરે એવી અપેક્ષા વિના સૌ જીવોને સુખની પ્રાપ્તિ થાઓ આવી ભાવનાને 'મૈત્રી' ભાવના કહેવાય છે.

પોતાની અપેક્ષાએ અધિકગુણસંપન્ન આત્માઓની પ્રત્યે બહુમાનભાવસ્વરૂપ 'પ્રમોદ' ભાવના છે. કૃપાસ્વરૂપ કરુણા ભાવના છે અને ઉપેક્ષાસ્વરૂપ માધ્યસ્થ્ય ભાવના છે, જે અનુક્રમે ક્લિશ્યમાન-દુઃખી જનો પ્રત્યે અને અવિનેય જનો પ્રત્યે ભાવવાની છે. દુઃખી જનો પ્રસિદ્ધ છે. મોક્ષમાર્ગ તરફ જે જીવોને લઇ જવાતા નથી તે બધા અવિનેય જનો છે. પોતાના જ હિતના શત્રુ જેવા એ જીવોની પ્રત્યે દ્વેષ નહિ આવવો જોઇએ, તેમની ઉપેક્ષા કરવી. ।।૭૯।।

❋ ❋ ❋

મૈત્રી વગેરે ભાવનાઓનો વિષયક્રમ બીજી રીતે પણ થઇ શકે કે નહિ - આ શંકાના નિરાકરણ માટે જણાવાય છે–

**एसो चेवेत्थ कमो उचियपवित्तीए वण्णिओ साहू ।**
**इहराऽसमंजसत्तं तहातहाऽठाणविणिओया ॥८०॥**

"ઉચિત પ્રવૃત્તિ હોવાથી; 'સકલ જીવોની પ્રત્યે મૈત્રી'... ઈત્યાદિ જે ક્રમ પૂર્વ ગાથામાં જણાવ્યો છે તે ક્રમ જ બરાબર છે - એમ શ્રીતીર્થંકર-ગણધરભગવંતોએ વર્ણવ્યું છે. અન્યથા તે તે વિષયમાં મૈત્રી વગેરેનો વિનિયોગ ન કરવાના કારણે ન્યાયથી વિરુદ્ધ બને છે." આ પ્રમાણે ૮૦મી ગાથાનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે; પૂર્વ ગાથામાં જણાવેલો ક્રમ મૈત્ર્યાદિ ભાવનામાં જે પ્રવૃત્તિના વિષયમાં છે તે બરાબર છે એમ શ્રી તીર્થંકરપરમાત્માદિએ વર્ણવ્યું છે. કારણ કે એ ક્રમના સ્વીકારથી ઉચિત પ્રવૃત્તિ થાય છે. સામાન્યથી બધા જીવોમાં મૈત્રીભાવના જ બરાબર છે. ગુણથી અધિકમાં જ પ્રમોદભાવના ઉચિત છે. ક્લિશ્યમાન (દુઃખી) જનોમાં જ કરુણાભાવના યોગ્ય છે અને અવિનેય લોકોમાં જ ઉપેક્ષા - માધ્યસ્થ્યભાવના સારી છે.

આથી માનવું જોઈએ કે; અન્યથા ઉક્ત ક્રમથી બીજી રીતે માનવાથી અસમંજસપણું - સંન્યાયવિરુદ્ધ થાય છે. કારણ કે સત્ત્વાદિમાં પ્રમોદાદિભાવના ભાવવાથી તે તે રીતે અસ્થાને ભાવનાનો વિનિયોગ થાય છે અને તે અસ્થાન-વિનિયોગ મિથ્યાભાવના સ્વરૂપ હોવાથી અપાયનું કારણ બને છે. એ અપાયના પરિહાર માટે સત્ત્વ (સામાન્યથી જીવ) માત્રમાં મૈત્રી... વગેરે ક્રમ જ બરાબર છે.

યદ્યપિ સામાન્યથી જીવમાત્રની પ્રત્યે મૈત્રી; દુઃખી જનો પ્રત્યે કરુણા અને અવિનેયની પ્રત્યે માધ્યસ્થ્ય ભાવના ભાવવાનું જેમ શક્ય છે તેમ ગુણાધિક જનોની પ્રત્યે પ્રમોદ ભાવનાનું પરિભાવન શક્ય બનતું નથી. કારણ કે દુઃખી અને અવિનેય જનોની જેમ ગુણાધિક જનોનું જ્ઞાન કરી શકાતું નથી; પરંતુ ગુણાધિકતાનું જ્ઞાન જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમ-વિશેષથી કરી શકાય છે. રત્ન વગેરેમાં તેના અભ્યાસીઓને તેની



વિશેષતાનો જેમ સ્પષ્ટ ખ્યાલ આવે છે, તેમ ક્ષયોપશમવિશેષથી ગુણાધિકતાનો ખ્યાલ આવે છે. ॥૮૦॥

* * *

યોગની પ્રાપ્તિમાં જ સામાન્ય વિધિ જણાવાય છે—

**साहारणो पुण विही सुक्काहारो इमस्स विण्णेओ ।**
**अण्णत्थओ य एसो उ सव्वसंपक्करी भिक्खा ॥८१॥**

"યોગમાર્ગમાં સામાન્યથી બધી અવસ્થામાં આ વિધિ છે કે યોગીનો આહાર શુક્લ હોય છે. આ 'શુક્લાહાર' નામ, એના અર્થને અનુસરતું હોવાથી; અહીં શુક્લાહાર 'સર્વ સમ્પત્કરી ભિક્ષા' સ્વરૂપ છે." આ પ્રમાણે ૮૧મી ગાથાનો અર્થ છે.

આશય સ્પષ્ટ છે કે યોગી જનને સર્વ અવસ્થામાં શુક્લ જ આહાર હોય છે. શુદ્ધ અનુષ્ઠાનથી સાધ્ય; શુદ્ધ અનુષ્ઠાનનું કારણ અને સ્વરૂપથી શુદ્ધ - એવો જે આહાર છે તેને શુક્લાહાર કહેવાય છે. સર્વવિરતિધર્મને અનુરૂપ બેંતાળીસ દોષથી રહિત આહારની ગવેષણા (શોધ) કરીને આહાર પ્રાપ્ત કર્યો હોય તો તે આહાર શુદ્ધ અનુષ્ઠાનથી સાધ્ય છે. સામાન્યથી તે તે ભૂમિકાને ઉચિત રીતે આહારને ગ્રહણ કરવા માટે જે જે ઉપાય છે; તે તે ઉપાયના આસેવન દ્વારા આહાર પ્રાપ્ત કરીએ તો તે આહાર; શુદ્ધ અનુષ્ઠાનથી સાધ્ય કહેવાય છે. ગૃહસ્થને આશ્રયીને આહારની પ્રાપ્તિ માટે અને તેને રાંધવા વગેરે માટે જે ઉપાયો વિહિત હોય; તે ઉપાયોથી આહારને પ્રાપ્ત કરવાથી શુદ્ધાનુષ્ઠાનસાધ્ય આહારની પ્રાપ્તિ થાય છે. ન્યાયોપાત્ત (ન્યાયથી પ્રાપ્ત) વિત્ત(ધન)થી અને યતના(જયણા)પૂર્વક બનાવેલો આહાર; ગૃહસ્થને આશ્રયીને શુદ્ધ અનુષ્ઠાનથી સાધ્ય છે. યોગી જનની ભૂમિકા મુજબ શુદ્ધાનુષ્ઠાનસાધ્ય આહારમાં ભિન્નતા છે. સર્વ જીવોને સાધારણ એવો શુદ્ધાનુષ્ઠાનસાધ્ય આહાર ન હોય... ઈત્યાદિ યાદ રાખવું.

જે આહાર શુદ્ધ અનુષ્ઠાનનું કારણ બને અર્થાત્ શુદ્ધ અનુષ્ઠાન માટે જે આહાર હોય તેને 'શુદ્ધાનુષ્ઠાન-હેતુ' સ્વરૂપ આહાર કહેવાય છે. શાસ્ત્રીયરીતે ક્ષુધા સહન થતી ન હોય, ઈર્યાસમિતિના પાલનમાં તકલીફ હોય, સ્વાધ્યાય કરી શકાતો ન હોય અને વૈયાવચ્ચ કરવાની હોય વગેરે કારણે આહાર લેવાનો છે. આ કારણે જે આહાર લેવાય છે તે શુદ્ધાનુષ્ઠાનનું કારણ હોવાથી 'શુદ્ધાનુષ્ઠાનહેતુ' સ્વરૂપ આહાર છે. શરીરની સ્થિતિ માટે જે આહાર લેવાય છે, તે શુદ્ધાનુષ્ઠાનહેતુભૂત આહાર છે. ધર્મની સાધનામાં ઉપયોગી એવા શરીરની ધારણા (સ્થિતિ) માટે જો આહાર લેવાય તો એ આહાર શુદ્ધ અનુષ્ઠાનનો હેતુ બની રહે. એવો આહાર સ્વરૂપથી પણ શુદ્ધ હોવો જોઈએ; કાલાતીત ન હોય, વાતાદિનો ક્ષોભક ન હોય અને યોગની સાધના માટે અનુકૂળ હોય - એ જોવું જોઈએ. અન્યથા એ આહાર સ્વરૂપથી શુદ્ધ નહીં બને. આશય અને દ્રવ્ય - એ બે વચ્ચેનો ભેદ સમજાશે તો શુદ્ધાનુષ્ઠાનહેતુ અને સ્વરૂપશુદ્ધ - આ બે વચ્ચેનો ફરક સ્પષ્ટપણે સમજાશે.

આ રીતે શુદ્ધાનુષ્ઠાનસાધ્ય, શુદ્ધાનુષ્ઠાનહેતુ અને સ્વરૂપશુદ્ધ જે આહાર છે, તે જ શુક્લાહાર છે. એનાથી અન્ય આહાર યોગનાં અંગ નથી. જે અપથ્ય ખાય છે તેને શરીર કે મનના આરોગ્યની સિદ્ધિ થતી નથી. શુક્લાહારથી અન્ય આહાર યોગી માટે અપથ્ય છે. તેના આસેવનથી યોગીને ભાવ-આરોગ્યની સિદ્ધિ કઇ રીતે થાય ?

'શુક્લાહાર' અન્વર્થસંજ્ઞા (અર્થને અનુસરતું નામ) હોવાથી શુક્લાહાર સર્વસમ્પત્કરીભિક્ષારૂપ છે. દાતા અને ગ્રહીતા ઉભયના હિતનું કારણ હોવાથી એ ભિક્ષા બધાની સંપત્તિને કરવાના સ્વભાવવાળી છે. શુક્લાહાર જ અહીં યોગીજન માટે ઉપાદેય છે. તે સર્વસંપત્કરીભિક્ષાસ્વરૂપ છે. પૌરુષઘ્ની અને વૃત્તિભિક્ષા સ્વરૂપ શુક્લાહાર નથી - એ જણાવવા માટે ગાથામાં '**सव्वसंपक्करी भिक्खा**' આ પ્રમાણે નિર્દેશ છે. જેઓએ પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો છે; પરંતુ પ્રવ્રજ્યાનો વિરોધ આવે તેવું વર્ત્તન કરે છે, તેમની ભિક્ષા; માત્ર શરીરને પુષ્ટ બનાવે છે અને મોક્ષ કે ધર્મ



પુરુષાર્થનો ઘાત કરે છે તેથી તેને **પૌરુષઘ્ની ભિક્ષા** કહેવાય છે. જેઓ નોકરીધંધો વગેરે કરવા સમર્થ નથી તેવા અંધ, પંગુ... વગેરેની જે ભિક્ષા છે તેને **વૃત્તિ ભિક્ષા** કહેવાય છે... ઈત્યાદિ અહીં ઘણું કહેવાનું છે, પરંતુ તે કહેવાતું નથી. કારણ કે માત્ર ગાથાનો અર્થ સમજાય એટલા પૂરતો જ અહીં પ્રયત્ન કરવાનું અભિષ્ટ છે. ॥૮૧॥

* * *

શુક્લાહારસંબંધી જ વિશેષ જણાવાય છે—

**वणलेवोवम्मेणं उचियत्तं तग्गयं निओएणं ।**
**एत्थं अवेक्खियव्वं इहराऽयोगो त्ति दोसफलो ॥८२॥**

"વ્રણલેપની ઉપમાથી શુક્લાહારસંબંધી ઉચિતપણું અવશ્યપણે અહીં વિચારવું; અન્યથા અયોગ હોવાથી દોષની પ્રાપ્તિ છે." આ પ્રમાણે ૮૨મી ગાથાનો અર્થ છે. આશય એ છે કે યોગીજનને જે આહાર લેવાનો છે તે સકલલોકપ્રસિદ્ધ વ્રણ(ઘા)ના લેપની જેમ અવશ્યપણે જે ઉચિત છે તે જ ગ્રહણ કરવાનો છે. અન્યથા આ રીતે ઉચિતની અપેક્ષા રાખવામાં ન આવે તો ઉચિતનો યોગ ન થવાથી અને અનુચિતનો યોગ થવાથી દોષસ્વરૂપ ફળની પ્રાપ્તિ થશે.

કહેવાનું તાત્પર્ય એ છે કે શરીર ઉપર થયેલા વ્રણ જુદી જુદી જાતના હોવાથી કેટલાક વ્રણ ઉપર લીમડાનો રસ કે તલના તેલનો લેપ કરવાથી તે મટી જતા હોય છે. કેટલાક વ્રણ ઉપર ચિક્કશનો લેપ કરવાથી અને કેટલાક વ્રણ ઉપર ગાય વગેરેના ઘીનો લેપ કરવાથી તે મટી જતા હોય છે. આવી જ રીતે કેટલાક યતિ(સાધુ)જનોનું શરીર કોદ્રી વગેરેના ભાતથી ટેવાયેલું હોય છે. કેટલાક યતિ જનોનું શરીર શાલીના ઓદનાદિ(ભાત વગેરે)થી ટેવાયેલું હોય છે; અને કેટલાક યતિ જનોનું તે શરીર સ્નિગ્ધ (ઘીથી પૂર્ણ) પદાર્થોથી ટેવાયેલું હોય છે. તેથી તે તે શરીરને તે તે જાતનો શુક્લાહાર આપવો જોઈએ. અન્યથા અહીં પણ વિપરીત રીતે આહાર

આપવાથી વ્રણના વિપરીત લેપની જેમ જ દોષની પ્રાપ્તિ થશે... ઈત્યાદિ ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ. ॥૮૨॥

* * *

યોગીજનોને ઉચિત એવા શુક્લાહારની પ્રાપ્તિ કઈ રીતે થશે, કારણ કે ગૃહસ્થના ઘરમાં જે હોય તે લેવું પડે, તેથી દરેક વખતે ઉચિત જ મળે એમ કઈ રીતે શક્ય બને - આવી શંકાનું સમાધાન કરતાં જણાવાય છે–

**जोगाणुभावओ च्चिय पायं णय सोहणस्स वि अलाभो ।**
**लद्धीण वि संपत्ती इमस्स जं वण्णिया समए ॥८३॥**

ગાથાનો અર્થ સુગમ છે. આશય પણ સ્પષ્ટ છે કે યોગના સામર્થ્યથી જ આહારાદિની પ્રાપ્તિમાં પ્રતિબંધક એવા કર્મની નિવૃત્તિ થવાથી; ઘીથી પૂર્ણ વગેરે સારા આહારનો લાભ ન થાય એવું નથી; પરંતુ લાભ થાય જ. કારણ કે આ યોગના સામર્થ્યથી તો પરોપકાર છે ફળ જેનું એવી રત્નાદિ લબ્ધિઓ પણ આ યોગીજનોને પ્રાપ્ત થાય છે - એમ આગમમાં વર્ણવ્યું છે, તો ઉચિત એવા શુક્લાહારની પ્રાપ્તિમાં શંકા રાખવાનું કારણ જ ક્યાં છે ? ॥૮૩॥

* * *

લબ્ધિઓનું સ્વરૂપ જણાવાય છે–

**रयणाई लद्धीओ अणिमादीयाओ तह य चित्ताओ ।**
**आमोसहाइयाओ तहातहायोगवुड्ढीए ॥८४॥**

પાતંજલયોગદર્શન-પ્રસિદ્ધ 'રત્નાદિ' લબ્ધિઓ; પાતંજલભાષ્ય-પ્રસિદ્ધ જુદી જુદી 'અણિમાદિ' લબ્ધિઓ તેમ જ જૈનદર્શનપ્રસિદ્ધ 'આમર્ષૌષધિ' વગેરે લબ્ધિઓ; ઉત્તરોત્તર યોગની વૃદ્ધિના કારણે યોગીજનોને પ્રાપ્ત થતી હોય છે. આ પ્રમાણે ૮૪મી ગાથાનો અર્થ છે.



આશય એ છે કે; પાતંજલયોગદર્શનમાં "**स्थान्युपनिमन्त्रणे सङ्गस्मयाकरणं पुनरनिष्टप्रसङ्गात्**" (૩-૫૧) આ પ્રમાણે સૂત્ર છે. તેનો અર્થ એ છે કે, દેવતાઓ યોગીઓને તેમની સાધનાના પ્રભાવે પાસે જઈને જ્યારે ભોગાદિનું નિમંત્રણ કરે ત્યારે તે નિમંત્રણનો યોગીજનો સ્વીકાર કરે નહીં અને મેં તેનો સ્વીકાર કર્યો નથી - આવો ગર્વ પણ ન કરે. કારણ કે તેમ કરવાથી ફરીથી યોગમાર્ગથી ભ્રષ્ટ થવા સ્વરૂપ અનિષ્ટનો પ્રસંગ આવશે. આ સૂત્રના પ્રામાણ્યથી સમજાય છે કે દેવતાઓ યોગીઓને રત્નાદિ ગ્રહણ કરવા માટે જે ઉપનિમંત્રણ કરે છે તે યોગીજનોને પ્રાપ્ત થયેલી રત્નાદિ લબ્ધિઓ છે. ઈન્દ્રાદિ દેવતાઓ યોગીઓ પાસે જઈને તેમને વિમાન, અપ્સરાઓ વગેરે બતાવી તેના પ્રલોભન માટે સત્કારપૂર્વક પ્રાર્થના કરે છે - "હે યોગિન્ ! આપ અહીં બિરાજો; અને અહીં જ રમણ કરો, જુઓ, આ કેવા રમણીય ભોગો છે ? આ કેવી રમણીય કન્યા છે ? આ કેવું સુંદર રસાયન છે ? કે જે જરા-મૃત્યુને દૂર કરે છે. આ આકાશમાં ચાલવાવાળું વિમાન છે. આપના ભોગને માટે આ કલ્પવૃક્ષ તૈયાર છે. આપના સ્થાન માટે આ પવિત્ર મંદાકિની નદી છે. આ સિદ્ધ મહર્ષિઓ આપના સત્કારને માટે ઉપસ્થિત છે. આ ઉત્તમ અને અનુકૂળ એવી અપ્સરાઓ આપની સેવામાં ઉપસ્થિત છે. યોગના બળે આપનાં કાન અને નેત્રો દિવ્ય છે અને શરીર વજ્રસમાન છે. આ રીતે યોગના પ્રભાવે આપે આ બધી ભોગસામગ્રી પ્રાપ્ત કરી છે, તેથી દેવતાઓને જે પ્રિય છે; તે અક્ષય, અજર અને અમર એવા સ્થાનને પામી આપ આનંદ ભોગવો." - આ પ્રમાણે યોગીજનોને રત્નાદિ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

આવી જ રીતે "**अणिमा महिमा...**" ઈત્યાદિ વચન મુજબ યોગીજનોને અણિમા, મહિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિતા, વશિતા અને યત્ (યત્ર) કામાવસાયિતા - આ અષ્ટ મહાસિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. જે સિદ્ધિના સામર્થ્યથી મહાન પરિમાણવાળા યોગી અણુ-પરિમાણવાળા બને છે તેને 'અણિમા' કહેવાય છે. જે સિદ્ધિના પ્રભાવે

અણુ (લઘુ) પરિમાણવાળા પણ યોગી હાથી, પર્વત વગેરે જેવા મોટા થઈ શકે છે તેને 'મહિમા' કહેવાય છે. લઘિમાસિદ્ધિના કારણે યોગીઓનું શરીર તૃણ (ઘાસ) જેવું આકાશમાં ફરી શકે છે. પ્રાપ્તિ નામની સિદ્ધિના સામર્થ્યથી યોગી અહીં રહીને આંગળીના અગ્રભાગથી ચંદ્રમાને પણ સ્પર્શ કરી શકે છે. પ્રાકામ્ય (ઇચ્છાનો અવિઘાત) સિદ્ધિના કારણે યોગીજનોની ઇચ્છા કોઇ પણ રીતે હણાતી નથી. તેથી તેઓ ધારે તો ભૂમિની જેમ પાણીમાં પણ ચાલી શકે છે. ભૂત વગેરેની (પાંચ મહાભૂતો વગેરેની) ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ કરવાનું સામર્થ્ય ઇશિતાસિદ્ધિના કારણે મળે છે. ભૂત વગેરેને સ્વાધીન બનાવવાનું વશિતાસિદ્ધિના કારણે શક્ય બને છે. અને યત્ (યત્ર) કામાવસાયિતા નામની સિદ્ધિના કારણે પોતાની ઇચ્છા મુજબ બીજાને (ભૂત વગેરેને) પ્રવર્ત્તાવી શકે છે, જેથી યોગી ધારે તો અમૃતના બદલે વિષ ખવરાવીને માણસને જીવતો કરી દે.

શ્રીજૈનદર્શનપ્રસિદ્ધ આમર્ષૌષધિ, વિપ્રુડૌષધિ અને શ્લેષ્મૌષધિ... વગેરે અનેક લબ્ધિઓ યોગીજનોને યોગની સાધનાના પ્રભાવે પ્રાપ્ત થતી હોય છે. પોતાના હસ્તાદિના સ્પર્શમાત્રથી યોગીજનોને બીજાના રોગને દૂર કરવાનું સામર્થ્ય જેનાથી પ્રાપ્ત થાય છે, તે આમર્ષૌષધિ લબ્ધિ છે. જે યોગીજનોના મલ-મૂત્રાદિમાં રોગને દૂર કરવાનું સામર્થ્ય જેનાથી પ્રાપ્ત થાય છે, તે વિપ્રુડૌષધિ લબ્ધિ છે અને શ્લેષ્મમાં રોગને દૂર કરવાનું સામર્થ્ય જેનાથી પ્રાપ્ત થાય છે તે, યોગીજનોની શ્લેષ્મૌષધિ લબ્ધિ છે. આવા પ્રકારની અનેક લબ્ધિઓ ઉત્તરોત્તર પરિશુદ્ધ યોગની વૃદ્ધિના કારણે પ્રાપ્ત થતી હોય છે. આથી સ્પષ્ટ છે કે યોગીજનોને લઘુ (પ્રમાણથી અને પ્રકારથી) ભૂત શોભન આહાર હોય છે. ॥૮૪॥

❋ ❋ ❋

પૂર્વ ગાથામાં જણાવ્યા મુજબ યોગની વૃદ્ધિના કારણે યોગીને રત્નાદિ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. એ લબ્ધિસંપન્ન યોગીને યોગની વૃદ્ધિના કારણે જે મળે છે તે ફળને જણાવાય છે–



**एतीए एस जुत्तो सम्मं असुहस्स खवग मो णेओ ।**
**इयरस्स बंधगो तह सुहेणमिय मोक्खगामि त्ति ॥८५॥**

"આ યોગની વૃદ્ધિના કારણે જ સારી રીતે અશુભ કર્મનો ક્ષય કરનાર તરીકે યોગી સંગત થાય છે. તેમ જ શુભ કર્મોનો બંધક થાય છે; અને ક્રમે કરી સુખે સુખે મોક્ષગામી બને છે." આ પ્રમાણે ૮૫મી ગાથાનો અર્થ છે. ગાથાનો આશય સ્પષ્ટ છે કે, યોગની વૃદ્ધિથી કે મૈત્ર્યાદિ ભાવનાઓથી અશુભ કર્મની ક્ષપણા (ક્ષય) ખૂબ જ સારી રીતે કરી શકાય છે. એ ક્ષપણા ફરીથી બંધ ન થાય એ રીતે કરાય છે. તેથી યોગી સારી રીતે અશુભ કર્મનો ક્ષય કરનાર તરીકે સંગત મનાય છે. અહીં ગાથામાં **'मो'** આ અવ્યય અવધારણ-અર્થને જણાવનાર હોવાથી અને એનો સંબંધ **एत्तीए** આ પદની સાથે હોવાથી 'આ યોગની વૃદ્ધિથી જ' - આવો અર્થ કર્યો છે. અશુભ કર્મનો ક્ષય ઉપર જણાવ્યા મુજબ ફરીથી બંધ ન થાય : એ રીતે જ થવો જોઇએ. અન્યથા અશુભ કર્મનો ક્ષય થયા પછી ફરીથી તેનો બંધ થવાથી ક્ષયના બદલે કર્મની અધિકતા થાય છે. તેથી ક્ષય; ક્ષય ન થવા સ્વરૂપ જ થાય છે.

યોગની વૃદ્ધિથી જ યોગીજનો શુભ કર્મના બંધક થાય છે. તેથી તે તે શુભ કર્મના ઉદયથી ભવાંતરમાં વિશિષ્ટદેશ, વિશિષ્ટકુળ અને વિશિષ્ટ જાતિ વગેરેની પ્રાપ્તિ થાય છે. આ રીતે તે તે યોગસાધક સામગ્રીને પ્રકૃષ્ટ રીતે પ્રાપ્ત કરવાથી ઉત્તરોત્તર શુભ શુભતર પ્રવૃત્તિથી ઉત્તમોત્તમ ફળને પ્રાપ્ત કરવા વડે સુખે સુખે યોગીજનો મોક્ષને પ્રાપ્ત કરી ભવનો અંત કરનારા બને છે. ॥૮૫॥

❋ ❋ ❋

હવે પૂર્વે જણાવ્યા મુજબ અધિકૃત યોગની પરિભાવનાથી જે સાધ્ય (અશુભ કર્મની ક્ષપણા વગેરે) છે; તે વસ્તુને અન્યદર્શનકારોની પરિભાષાથી અન્વય (સત્તા-ભાવ) અને વ્યતિરેક(અસત્તા-અભાવ)ને આશ્રયીને જણાવાય છે–

**कायकिरियाए दोसा खविया मंडुक्कचुण्णतुल्ल त्ति ।**
**ते चेव भावणाए नेया तच्छारसरिस त्ति ॥८६॥**
**एवं पुण्णं पि दुहा मिम्मय-कणयकलसोवमं भणियं ।**
**अण्णेहि वि इह मग्गे नामविवज्जासभेएणं ॥८७॥**
**तह कायपाइणो ण पुण चित्तमहिकिच्च बोहिसत्त त्ति ।**
**होंति तहभावणाओ आसययोगेण सुद्धाओ ॥८८॥**
**एमाइ जहोइयभावणाविसेसाउ जुज्जए सव्वं ।**
**मुक्काहिनिवेसं खलु निरूवियव्वं सबुद्धीए ॥८९॥**

ઉપર જણાવેલી ચારે ય ગાથાઓ એક પ્રકરણના સંદર્ભમાં પ્રતિબદ્ધ છે. એનો અર્થ નીચે જણાવ્યા મુજબ છે. ‘‘ભાવથી રહિત એવી માત્ર કાયાથી કરાતી ક્રિયા વડે ક્ષીણ થયેલા દોષો દેડકાના ચૂર્ણ જેવા છે. જ્યારે ભાવનાથી ક્ષીણ થયેલા તે દોષો દેડકાની ભસ્મ-રાખ જેવા જાણવા.’’ ॥૮૬॥ ‘‘આ વાતને જ નામાંતરથી અહીં યોગમાર્ગમાં બૌદ્ધોએ પણ જણાવી છે કે માત્ર ક્રિયા(ભાવરહિત ક્રિયા)થી જે પુણ્ય થાય છે; તે માટીના કળશ જેવું છે અને ભાવનાથી જે પુણ્ય થાય છે તે સુવર્ણના કળશ જેવું છે.’’ ॥૮૭॥ ‘‘તેથી જ આશયબુદ્ધિના યોગે તે તે યોગની પરિભાવનાના કારણે બોધિ(સમ્યગ્બોધ)પ્રધાન જીવો કાયાને આશ્રયીને જ સંસારમાં પડેલા હોય છે; ચિત્તને આશ્રયીને નહિ.’’ ॥૮૮॥ ‘‘પૂર્વે જણાવ્યા મુજબની પરિભાવિત ભાવનાઓને લઈને થયેલી યોગવૃદ્ધિના કારણે ઉપર જણાવ્યા મુજબની અશુભકર્મોની સર્વથા ક્ષપણાદિ બધું યોગ્ય થાય છે. કારણ કે એથી રાગાદિ દોષોનો વિલય થાય છે. અભિનિવેશ (રાગવિશેષ) તત્ત્વપ્રતિપત્તિની પ્રત્યે શત્રુભૂત છે તેથી તેનો ત્યાગ કરીને જ પોતાની બુદ્ધિથી બરાબર એનો વિચાર કરવો જોઈએ.’’ ॥૮૯॥

આ ચાર ગાથાના પરમાર્થને સ્પષ્ટ કરતાં ટીકામાં જણાવ્યું છે કે - આગમથી બાધિત (વિરુદ્ધ) એવી આગમ પ્રત્યેના અસદ્ભાવથી થયેલી જે ભાવશૂન્ય ક્રિયા છે, એ કાયક્રિયાથી ક્ષય પામતા જે રાગદ્વેષ કે મોહ



વગેરે દોષો છે તે મણ્ડૂક(દેડકો)ચૂર્ણ જેવા છે. માણ્ડૂક ચૂર્ણમાં ચૂર્ણઅવસ્થામાં દેડકાની ક્રિયાનો ક્ષય હોવા છતાં તે ન હોવા (અક્ષય) તુલ્ય જ છે. કારણ કે વરસાદ વગેરે નિમિત્તો મળતાં તે મણ્ડૂકના ચૂર્ણમાંથી અનેક મણ્ડૂકો ઉત્પન્ન થઈને માણ્ડૂક ક્રિયામાં અધિકતા સર્જાશે. આવી જ રીતે આગમબાધિત માત્ર કાયક્રિયાના કારણે થયેલો અને તથાવિધ અનુષ્ઠાનથી જણાતો જે રાગાદિ દોષોનો ક્ષય છે તે વસ્તુતઃ ક્ષય જ નથી. કારણ કે જન્માંતરે તે તે જન્મ વગેરે નિમિત્તોથી રાગાદિ દોષોની વૃદ્ધિ જ થાય છે. આથી જ કહ્યું છે કે ‘‘ક્રિયામાત્રથી જન્ય (થનારો) કર્મક્ષય મણ્ડૂકચૂર્ણ જેવો છે અને ભાવનાથી જન્ય કર્મક્ષય મણ્ડૂકભસ્મ જેવો છે. મણ્ડૂકચૂર્ણાદિ દૃષ્ટાંતથી અપથ્યદ્રવ્યના યોગથી વેદનાક્ષયાદિનું દૃષ્ટાંત પણ સમજી લેવું. આશય એ છે કે કોઈ વાર અપથ્યદ્રવ્યના ઉપયોગથી ક્ષણવાર વેદનાનો ક્ષય થાય છે, પરંતુ તે અપથ્યભૂત દ્રવ્યના ઉપયોગથી કાલાંતરે વેદનાની અભિવૃદ્ધિ થતી હોય છે. આવા પ્રકારના વેદનાક્ષય જેવો ક્રિયામાત્રથી જન્ય કર્મક્ષય છે. અને ભાવનાથી જન્ય કર્મક્ષય; પથ્યદ્રવ્યના પ્રયોગથી થનારા વેદનાક્ષય જેવો છે. ભાવનાનું સ્વરૂપ જણાવતાં ટીકામાં ફરમાવ્યું છે કે; વચનગર્ભિત ચિત્તવૃત્તિને ભાવના કહેવાય છે. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનને અનુરૂપ જે ચિત્તનો પરિણામ છે તે પરિણામ અહીં ભાવના છે. ભાવનાથી ક્ષીણ બનાવેલા દોષો મણ્ડૂકભસ્મ જેવા છે. અહીં રાગાદિ દોષોની ભસ્મ બનાવવા માટે ભાવના અગ્નિ જેવી છે અને તે શ્રી તીર્થંકરપરમાત્માના વચનના નિમિત્તે થાય છે... આ પ્રમાણેનું આ વિવરણ ‘**एतीए एस जुत्तो...**’ આ ગાથા(૮૫મી ગાથા)માં જણાવેલી વાતને અનુસરે છે. ॥૮૬॥

સત્યાશીમી ગાથાનું વિવરણ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે; પુણ્ય પણ કર્મક્ષયની જેમ બે પ્રકારનું છે. એક, માટીના કળશ જેવું અને બીજું સુવર્ણના કળશ જેવું. માટીના કળશ જેવું જે પુણ્ય છે; તે ક્રિયામાત્રથી જન્ય અને નિષ્ફળ છે. માત્ર તેના (માટીના ઘડાનું માત્ર પાણી ભરવા સ્વરૂપ ફળની જેમ) ફળને જ આપનારું છે. બીજું જે પુણ્ય છે તે વિશિષ્ટ

ભાવનાથી જન્ય છે. તે તે પ્રકારે ફળોને આપવા વડે ક્રમે કરીને શ્રેષ્ઠ ફળને આપવાના સ્વભાવવાળું હોય છે. આ જ વાત બૌદ્ધોએ પણ કરી છે. "હે ભિક્ષુઓ ! પુણ્ય બે પ્રકારનું છે. એક મિથ્યાદષ્ટિથી જન્ય અને બીજું સમ્યગ્દષ્ટિથી જન્ય. એમાં પહેલું જે મિથ્યાદષ્ટિથી જન્ય પુણ્ય છે તે અપરિશુદ્ધ છે; અને ફળને પ્રાપ્ત કરાવવામાં માટીના ઘડા જેવું છે. બીજું જે પુણ્ય છે તે પરિશુદ્ધ છે અને ફલપ્રદાનમાં સુવર્ણના ઘડા જેવું છે. આશય એ છે કે માટીનો ઘડો અને સુવર્ણનો ઘડો; બંને ઘડા આમ તો પાણી ભરવા માટે ઉપયોગી છે. પરંતુ માટીનો ઘડો ફૂટી જાય એટલે તદ્દન નકામો થઈ જાય છે. જ્યારે સોનાનો ઘડો ભાંગી જાય તો તેના સોનાથી આજીવિકાદિ કરી શકાય છે. આ રીતે બૌદ્ધોએ પણ ક્રિયામાત્રજન્ય અને ભાવનાજન્ય કર્મક્ષયાદિની ભિન્નતા નામાંતરથી વર્ણવી છે. આ ગાથાનું આ વિવરણ પણ "**इयरस्स बंधगो...**" આ ૮૫મી ગાથાના ઉત્તરાર્દ્ધનું અનુસરણ કરે છે. ॥૮૭॥

અઠ્યાશીમી ગાથાના વિવરણમાં ફરમાવ્યું છે કે, બોધિ (સમ્યગ્ બોધ) છે મુખ્ય જેમને એવા બોધિસત્ત્વ-બોધિપ્રધાન જીવો શરીરને આશ્રયીને જ પડેલા (સંસારમાં) જણાય છે પરંતુ ચિત્તને આશ્રયીને પડેલા નથી હોતા. કારણ કે ચિત્તની ગાંભીર્યતા સ્વરૂપ આશયવિશેષના યોગે શુદ્ધ ભાવના; તેમને પ્રાપ્ત થયેલી હોય છે. તેથી જ ઋષિમહર્ષિનું પણ એ મુજબ વચન છે કે "બોધિસત્ત્વો કાયપાતી હોય છે, ચિત્તપાતી હોતા નથી. આશ્રવ વિનાના કર્મનું આ ફળ છે." જે ક્રિયા કરવાથી કર્મબંધ થતો નથી; તે ક્રિયાને નિરાશ્રવ કર્મ કહેવાય છે. ચિત્ત વિના માત્ર કાયાથી કરાતી ક્રિયાથી તેવા પ્રકારનો કર્મબંધ થતો નથી; તે નિરાશ્રવ કર્મ છે. ॥૮૮॥

નેવ્યાશીમી ગાથાના પરમાર્થને સમજાવતાં ટીકામાં ફરમાવ્યું છે કે; પૂર્વે જણાવ્યા મુજબની ભાવનાવિશેષના કારણે જે અશુભકર્મનો ક્ષય અને શુભકર્મનો બંધ થાય છે... ઇત્યાદિ સર્વ સંગત થાય છે. અહીં ગાથામાં **एमाइ** - આ પ્રમાણે જે નિર્દેશ છે, ત્યાં **आदि** પદથી પ્રવૃત્તાદિ યોગીઓને જે વિજયસમાધિ, આનંદસમાધિ, સત્ક્રિયાસમાધિ અને ક્રિયાસમાધિ પ્રાપ્ત



થાય છે તે સમાધિઓનો તેમ જ વિતર્ક-ચારુક્ષુભિત પહેલું; પ્રીત્યુત્પ્લાવિત માનસ સ્વરૂપ બીજું; સુખસંગત ત્રીજું અને પ્રશમૈકાંતસુખવાળું ચોથું - આ ચાર, યોગીજનોને પ્રાપ્ત થતાં ચિત્તોનો સંગ્રહ કર્યો છે. અન્યદર્શન-પ્રસિદ્ધ તે તે સમાધિ અને ચિત્તનું સ્વરૂપ તે તે નામથી જ સમજાય છે. વિજય, આનંદ, સત્ક્રિયા અને ક્રિયા સામાન્યના વિષયમાં જે લીનતા (બાહ્યમુખતાનો ત્યાગ કરી તન્માત્રમાં અંતર્મુખ બનવું) છે તે સમાધિ છે. વિતર્કના કારણે જે ક્ષુભિત મન છે તે પ્રથમ ચિત્ત છે. વિતર્ક વખતે મન શાંત નથી હોતું. સંકલ્પવિકલ્પના કારણે મનની ક્ષુબ્ધતા હોય છે. તે તે વસ્તુની પ્રીતિના કારણે પ્રસન્નતાવિશેષથી ભીંજાયેલું જે મન છે તે દ્વિતીય ચિત્ત છે. યોગજન્ય આત્મિક સુખમાં સંગત જે મન છે તે ત્રીજું ચિત્ત છે અને વિષયકષાયના અભાવથી જે, પ્રશમસુખથી યુક્ત મન છે તે ચોથું ચિત્ત છે. સમાધિ અને ચિત્તનું સ્વરૂપ ખૂબ જ સ્થૂલથી અહીં જણાવ્યું છે. તેના સૂક્ષ્મ સ્વરૂપને અધ્યાપકો પાસેથી જાણી લેવું જોઇએ.

ભાવનાવિશેષને લઇને યોગની ઉત્તરોત્તર વૃદ્ધિથી ઉપર જણાવેલી બધી જ વાત સંગત થાય છે. કારણ કે વાસ્તવિક (પરિણામ) રીતે યોગની વૃદ્ધિ થયેલી હોય છે. એમાં પણ કારણ અધિકૃત ભાવનાનું સ્વરૂપ છે. એ ભાવનાનું સ્વરૂપ જ એવું છે કે તાત્ત્વિક રીતે યોગની વૃદ્ધિ થયા વિના રહેતી નથી. આ બધી વસ્તુનો સ્વબુદ્ધિથી વિચાર કરવો જોઇએ. ગાથામાં '**मुक्काहिनिवेसं**' આ ક્રિયાવિશેષણ છે; અને **खलु** પદનો અર્થ 'અવધારણ' છે. તેથી અભિનિવેશનો ત્યાગ કરીને જ ઉપર જણાવેલી વસ્તુનો વિચાર કરવો જોઇએ - આ પ્રમાણે તેનો અર્થ છે. વિચારણામાં અભિનિવેશ હોય તો તત્ત્વની પ્રતિપત્તિ નહિ થાય. કારણ કે તત્ત્વની પ્રતિપત્તિની પ્રત્યે અભિનિવેશ શત્રુભૂત છે. અભિનિવેશના કારણે યુક્તિ પણ અસત્-વિતથ (અયુક્તિ) જણાતી હોય છે. આથી જ અન્યત્ર કહ્યું છે કે; "અહો ! આશ્ચર્ય છે કે જે આગ્રહી છે તે યુક્તિને ત્યાં લઇ જવાને ઇચ્છે છે કે જ્યાં તેની બુદ્ધિ પેઠી છે. જ્યારે જે પક્ષપાતરહિત-અનાગ્રહી છે; તેની બુદ્ધિ જ્યાં યુક્તિ છે ત્યાં નિવેશને પામે છે. આ સાચું છે અને આ સાચું

નથી - આવા પ્રકારના વિવેકથી રહિત જે વચન-વિશેષ છે તે લોકપંક્તિના કારણે હોય છે. સદ્વચનમાં જ જેની બુદ્ધિ છે તે વિદ્વાન છે; બાલિશ - મૂર્ખ નથી.'' - આ પ્રસંગથી નિરૂપણ કર્યું, વિસ્તાર વડે સર્યું. ॥૮૯॥

* * *

આ પ્રમાણે પ્રાસંગિક જણાવીને '**एतीए एस जुत्तो (एतयैष युक्तः)...**' ઇત્યાદિ (૮૫મી) ગાથાસંબંધ પ્રકૃત યોજના (ચાલુ વિષયની સાથે અનુસંધાન) માટેની ગાથાને જણાવાય છે—

**एएण पगारेणं जायइ सामाइयस्स सुद्धि त्ति ।**
**तत्तो सुक्कज्झाणं कमेण तह केवलं चेव ॥९०॥**

''પૂર્વે જણાવેલી રીતે સામાયિકની શુદ્ધિ થાય છે. તેથી શુક્લધ્યાન અને ક્રમે કરી કેવળજ્ઞાન થાય છે.'' આ પ્રમાણે નેવુંમી ગાથાનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે આ પૂર્વે વર્ણન કર્યા મુજબ યોગની વૃદ્ધિ થવાથી સામાયિકની શુદ્ધિ પ્રાપ્ત થાય છે. ગ્રંથકાર પરમર્ષિએ અહીં 'સામાયિક'નું સ્વરૂપ જણાવતાં ફરમાવ્યું છે કે મોક્ષનું કારણ એવો પરિણામ - એ સામાયિક છે. ખૂબ જ માર્મિક રીતે જણાવેલી આ વાત કોઇ પણ રીતે ભૂલવી ના જોઇએ. ગ્રંથકાર પરમર્ષિએ ઓછા શબ્દોમાં સામાયિકનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવ્યું છે. બે ઘડીના સામાયિકથી આરંભીને સર્વવિરતિસામાયિક સુધીની આરાધનાની તે તે ક્ષણે મોક્ષના કારણભૂત પરિણામ ન હોય તો તે સામાયિક વાસ્તવિક નહીં બને. યોગની સાધનાનો આરંભ કરનારા અથવા તો યોગના અર્થી આત્માઓએ આ સામાયિકની પ્રાપ્તિ માટે નિરંતર પ્રયત્નશીલ બનવાની જરૂર છે. ગૃહસ્થજીવનની તો વાત જ કરવાની રહેતી નથી. પરંતુ સર્વવિરતિસામાયિકની આરાધનાની ક્ષણોમાં આ સામાયિકનું સ્વરૂપ લગભગ યાદ આવતું નથી - એમ કહેવામાં કશું ખોટું નથી. મોક્ષની એકમાત્ર સાધનામાં જ મોક્ષ યાદ ન આવે - એથી વધારે વિચિત્રતા બીજી કઇ હોઇ શકે ?



યોગની વૃદ્ધિથી સામાયિકની જે શુદ્ધિ થાય છે તે સામાયિકવિશેષની (મોક્ષના કારણભૂત ઉત્કટ પરિણામની) અભિવ્યક્તિ સ્વરૂપ છે. ચારિત્ર-મોહનીય વગેરે કર્મના વિગમથી આત્માના શુદ્ધ પરિણામની અભિવ્યક્તિ થાય છે. સામાયિકની શુદ્ધિથી શુક્લધ્યાનની પ્રાપ્તિ થાય છે. પૃથકત્વ વિતર્ક અને સવિચારાદિ સ્વરૂપ શુક્લધ્યાન છે. ત્યાર પછી શુક્લધ્યાનના કારણે આરંભેલી ક્ષપકશ્રેણી પૂર્ણ થયે છતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. શ્રી કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે બીજું કોઇ જ સાધન નથી. ॥૯૦॥

* * *

મુખ્યપણે સામાયિક જ મોક્ષનું અંગ છે - તે જણાવાય છે—

**वासी-चंदणकप्पं तु एत्थ सिट्ठं अओ च्चिय बुहेहिं ।**
**आसयरयणं भणियं अओऽण्णहा ईसि दोसो वि ॥९१॥**

''વાસીચંદનકલ્પ એટલે કે સર્વ-માધ્યસ્થ્ય અહીં મોક્ષની પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ (મુખ્ય કારણ) છે તેથી વિદ્વાનોએ તેને આશયરત્ન તરીકે વર્ણવ્યું છે. સર્વમાધ્યસ્થ્ય ન હોય તો થોડો દોષ પણ છે.'' - આ પ્રમાણે એકાણુંમી ગાથાનો અર્થ છે. આશય એ છે કે - ''કોઇ ચંદન વડે ભુજાને વિલેપન કરે અને કોઇ વાસી (વાંસલો) વડે ભુજાને છેદે; કોઇ સ્તુતિ કરે કે કોઇ નિંદા કરે, મુનિભગવંતો તે બધા ઉપર સમભાવવાળા હોય છે.'' આ પ્રમાણે ઉપદેશમાળાની બાણુંમી ગાથામાં જણાવ્યા મુજબ સર્વ ઉપરના સમભાવ સ્વરૂપ માધ્યસ્થ્યને વાસીચંદનકલ્પ કહેવાય છે. અહીં મોક્ષની પ્રાપ્તિના વિષયમાં તે જ મોક્ષનું શ્રેષ્ઠ કારણ છે. તેથી જ વિદ્વાન લોકોએ તેને 'આશયરત્ન' તરીકે વર્ણવ્યું છે. આ આશયરત્નને છોડીને બીજી રીતે; 'અપકારીમાં પણ ઉપકારીપણાની બુદ્ધિની કલ્પના કરવામાં' એ આશયરત્નમાં થોડો દોષ પણ છે. કારણ કે અપકારીના અપાયની ત્યારે વિચારણા કરેલી નથી. આથી જ ગ્રંથકારશ્રીએ અષ્ટક પ્રકરણમાં (૨૯માં અષ્ટકમાં) પણ ફરમાવ્યું છે કે—

"શ્રી સર્વજ્ઞભગવંતોએ જણાવેલું સામાયિક; વાસીચંદનકલ્પ એવા મહાત્માઓને માટે મોક્ષનું અંગ તરીકે કહ્યું છે." ॥૧॥ "સર્વયોગોની વિશુદ્ધિને લઈને કુશલાશયસ્વરૂપ હોવાથી વાસ્તવિક રીતે એ સામાયિક એકાંતે નિરવદ્ય જાણવું." ॥૨॥ "લોકની દૃષ્ટિએ જે કુશલચિત્ત તરીકે વ્યવસ્થિત થયું છે; તેમાં ઔદાર્ય જણાતું હોવા છતાં તે અંગે વિચાર કરતાં તે ચિત્ત કુશલ તરીકે જણાતું નથી." ॥૩॥ "જેમ કે, જગતનું દુશ્ચરિત્ર મારામાં આવી પડે અને મારા સચ્ચારિત્રના યોગે સર્વ પ્રાણીઓની મુક્તિ થાય." ॥૪॥ પરંતુ "આ જે વસ્તુ છે તે અસંભવી છે; કારણ કે બુદ્ધોનો મોક્ષ સંભળાય છે, અબુદ્ધોનો નહિ. એક પણ આત્માની નિર્વૃત્તિ ન થાય તો બધાની મુક્તિનો સંભવ નથી. બધાની મુક્તિનો સંભવ હોય તો બુદ્ધોની જ નિર્વૃત્તિ થાય છે તે શ્રુતિ (વચન) ન હોય." ॥૫॥ તેથી "આ પ્રમાણે બધાની મુક્તિનું ચિંતન કરવું એ ન્યાયની (યુક્તિની) દૃષ્ટિએ મોહસંગત છે. રાગાદિની અવસ્થામાં; **'आरुग्ग बोहिलाभं...'** ઇત્યાદિ બોધિ વગેરેની પ્રાર્થના જેમ ઉચિત મનાય છે તેમ એ (બધાની મુક્તિની ઇચ્છા) પણ ઠીક છે." રાગ અને દ્વેષ વિનાના શ્રી તીર્થંકરપરમાત્મા બોધિ કે સમાધિ વગેરે આપતા નથી. એની ખબર હોવા છતાં પરમાત્માની પ્રત્યેની ભક્તિ વગેરે કારણે 'અસત્યામૃષા' સ્વરૂપ ચોથા વચનયોગે બોધ્યાદિની પ્રાર્થના કરાય છે તેમ જ જીવમાત્ર પ્રત્યેની અત્યંત કરુણાના કારણે ઉપર જણાવ્યા મુજબ બધાની મુક્તિની ઇચ્છા કરે તો ઠીક છે." ॥૬॥ "અપકારીમાં પણ તે; કર્મનિર્જરા સ્વરૂપ વિશિષ્ટ અર્થની સિદ્ધિને સાધી આપે છે માટે ઉપકારી છે - આ પ્રમાણે જે સદ્‌બુદ્ધિ છે તે; પોતાનું જ પેટ ભરવાની વૃત્તિની ચાડી ખાનારી છે." - કારણ કે આવા અવસરે સામી વ્યક્તિના અપાયની સહેજ પણ ચિંતા કરાતી નથી. માત્ર પોતાનું જ હિત જોવાય છે, એ આત્મંભરી વૃત્તિ છે." ॥૭॥ "આ રીતે સામાયિકને છોડીને અન્ય (બીજી) અવસ્થામાં ભદ્રક એવું ચિત્ત હોય છે. એ જ ચિત્તની સામાયિકની અવસ્થામાં સંશુદ્ધિ થવાથી એ ચિત્ત એકાંતે ભદ્રક થાય છે." ॥૮॥



બીજા દાર્શનિકોએ પણ ઉપર જણાવ્યા મુજબ સદસદ્‌નો વિભાગ કરતાં કહ્યું છે કે; જે ધર્મની સાધનામાં કુશલ નથી એવો આત્મા અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ વગેરે સ્વરૂપ ક્ષેત્રોની શુદ્ધિ માટે સત્ત્વનિર્વાપણ-(પ્રાણત્યાગ)માં જે મતિ (બુદ્ધિ) કરે છે તે મતિ વિતથમિથ્યા છે. સમ્યગ્-જ્ઞાનથી રહિત એવા આદિધાર્મિક (પહેલી વાર ધર્મ આચરનાર) જીવને આશ્રયીને તેવી વિતથ પણ બુદ્ધિ સદાશયને વિશુદ્ધ કરનારી હોવાથી આર્યપુરુષોને ઈષ્ટ છે... ઇત્યાદિ. આ વિષયમાં વધારે જણાવવાથી સર્યું. ॥૯૧॥

* * *

મહા(અંતિમ)ફળનું વર્ણન કરવા દ્વારા ઉપસંહાર (વર્ત્તમાન વિષયના નિરૂપણની સમાપ્તિ) કરાય છે–

**जइ तब्भवेण जायइ जोगसमत्ती अजोगयाए तओ ।**
**जम्मादिदोसरहिया होइ सदेगंतसिद्धि त्ति ॥९२॥**

"જો તે ભવમાં જ યોગની સમાપ્તિ (પૂર્ણતા) થાય તો અયોગ અવસ્થાને પ્રાપ્ત કરવા વડે જન્મ-જરાદિ દોષથી રહિત એવી; જ્યાંથી ફરી પાછા આવવાનું નથી એ રીતે એકાંતે વિશુદ્ધ મુક્તિને પ્રાપ્ત કરે છે." આ બાણુંમી ગાથાનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે; જે ભવમાં યોગની શરૂઆત કરી હોય તે જ ભવથી સામગ્રીવિશેષ(તથા-ભવ્યત્વાદિના પરિપાકાદિ)થી યોગની સમાપ્તિ થાય તો તેથી અયોગી અવસ્થા સ્વરૂપ શૈલેશી અવસ્થા પ્રાપ્ત થાય છે અને તેથી જન્મ, જરા અને મરણથી રહિત એવી સદેકાંત-સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ત્યાં ગયા પછી ફરીથી સંસારમાં આવવાનું નથી; એવી એ એકાંતે વિશુદ્ધિ સ્વરૂપ મુક્તિ છે. ॥૯૨॥

* * *

ઉપર જણાવ્યા મુજબ તે જ ભવમાં યોગની સમાપ્તિ ન થાય તો યોગીઓને જે પ્રાપ્ત થાય છે - તે જણાવાય છે–

**असमत्तीय उ चित्तेसु एत्थ ठाणेसु होइ उप्पाओ ।**
**तत्थ वि य तयणुबंधो तस्स तहऽब्भासओ चेव ॥९३॥**

"યોગની સમાપ્તિ તે ભવમાં ન થાય તો અહીં અનેક પ્રકારના મનુષ્યકુળમાં તે યોગીનો જન્મ થાય છે અને ત્યાં પણ પૂર્વજન્મના તેવા પ્રકારના યોગના અભ્યાસથી યોગનો અનુબંધ પ્રવર્ત્તે છે." આ પ્રમાણે ૯૩મી ગાથાનો અર્થ છે. એ જ પ્રમાણે ટીકામાં પણ ફરમાવ્યું છે કે તે ભવમાં સામગ્રીવિશેષના અભાવના કારણે યોગની સમાપ્તિ (પૂર્ણતા) ન થાય તો ભવાંતરે દેવલોકમાંથી ચ્યવન થયે છતે અનેક પ્રકારનાં વિશિષ્ટકુલાદિવાળા સ્થાનોમાં મનુષ્યભવસંબંધી જન્મને યોગી પ્રાપ્ત કરે છે. ત્યાં પણ પૂર્વજન્મના પ્રણિધાનના કારણે અવિચ્યુતિ (ન છૂટવું તે) સ્વરૂપ યોગના અભ્યાસને કારણે તે યોગીને યોગનો અનુબંધ પ્રવર્ત્તે છે. પ્રણિધાન પ્રવૃત્તિ અને વિઘ્નજય નામના આશયની પ્રાપ્તિ; આ રીતે પૂર્વ પૂર્વ વિષયના અવિચ્યુતિ-અભ્યાસથી જ થતી હોય છે. અનભ્યસ્ત (શિથિલ) પ્રણિધાનાદિથી પ્રવૃત્ત્યાદિ આશયની પ્રાપ્તિ થતી નથી. મજબૂત પ્રણિધાન જ સંસ્કારને ઉત્પન્ન કરે છે. પ્રણિધાનાદિ પાંચ આશયોનું સ્વરૂપ 'યોગવિંશિકા એક પરિશીલન'માં જણાવ્યું છે. પ્રણિધાનજન્ય સંસ્કારો ભવાંતરમાં અનુબંધરૂપે કાર્યરત થાય છે. ॥૯૩॥

* * *

ગત જન્મના સંસ્કાર આ જન્મમાં કઇ રીતે આવે એ શંકાનું સમાધાન કરવા માટે પૂર્વે જણાવેલી વાતના સમર્થન માટે દૃષ્ટાંત જણાવાય છે–

**जह खलु दिवसऽब्भत्थं रातीए सुविणयम्मि पेच्छंति ।**
**तह इहजम्मऽब्भत्थं सेवंति भवंतरे जीवा ॥९४॥**

જે દિવસે જેનો અભ્યાસ કર્યો છે તેને; રાત્રે નિદ્રામાં હણાયેલા ચિત્તવ્યાપારસ્વરૂપ સ્વપ્નમાં તેનો અનુભવ કરવાની અપેક્ષાએ દેખે છે,



તેમ જ આ જન્મમાં સારી રીતે સેવેલા કુશલાદિને જન્માંતરમાં જીવો સેવે છે. કારણ કે જીવોનો તેવો સ્વભાવ છે. શરીરના વાતાદિ દોષોના કારણે નિદ્રામાં જ્યારે ચિત્તની પ્રવૃત્તિ હણાય છે ત્યારે સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં જેમ પૂર્વ દૃષ્ટાદિનો અનુભવ થાય છે તેમ આ જન્મમાં અભ્યસ્તનું જન્માંતરમાં તથાસ્વભાવથી જ આસેવન થાય છે. ॥૯૪॥

* * *

જો આ જન્મમાં અભ્યસ્તનું જન્માંતરમાં આસેવન થાય છે તો શું કરવું જોઇએ તે જણાવાય છે–

**ता सुद्धजोगमग्गोच्चियम्मि ठाणम्मि एत्थ वट्टेज्जा ।**
**इह-परलोगेसु दढं जीविय-मरणेसु य समाणो ॥९५॥**

ગાથાર્થ સ્પષ્ટ છે. આશય એ છે કે આ જન્મના સંસ્કાર ભવાંતરમાં જતા હોવાથી આગમને આશ્રયીને નિરવદ્ય એવા યોગમાર્ગને અનુરૂપ સંયમના સ્થાન સ્વરૂપ સામાયિકાદિમાં આ જન્મમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. એ પ્રવૃત્તિ કરતી વખતે આ લોક કે પરલોકના વિષયમાં જે શ્રદ્ધા છે તેની દૃઢતાપૂર્વક તે પ્રવૃત્તિ થાય - એ રીતે કરવી જોઇએ અને જીવનમાં કે મરણમાં સમાનચિત્તે સર્વત્ર નિરાશંસભાવે પ્રવૃત્તિ કરવી જોઇએ. આ ગાથાની ટીકામાં 'શુદ્ધયોગમાર્ગોચિત' અનુષ્ઠાનનું સ્વરૂપ વર્ણવતી વખતે 'આગમથી નિરવદ્યયોગમાર્ગને અનુરૂપ' - આ પ્રમાણે જણાવ્યું છે. મુમુક્ષુઓએ તે ધ્યાનમાં રાખવું જોઇએ કે આગમને અનુસરવાથી જ નિરવદ્ય યોગમાર્ગને અનુરૂપ અનુષ્ઠાન થાય છે. પોતાની ઇચ્છા મુજબનું અનુષ્ઠાન યોગમાર્ગને અનુરૂપ નથી. આગમનું અનુસરણ; આ લોક કે પરલોકમાં દૃઢતા અને જીવન-મરણમાં સમાનભાવ (નિરાશંસભાવ) - આ ત્રણના યોગે આ જન્મના કુશલ અનુષ્ઠાનના સંસ્કારો આવતા જન્મમાં પ્રવર્તે છે. આ પ્રમાણેના સંસ્કારો - એ મુક્તિનું પરમકોટિનું બીજ છે. ॥૯૫॥

* * *

સદાને માટે યોગમાર્ગને અનુચિત પ્રવૃત્તિ કરવાથી ભાવને આશ્રયીને જીવનની છેલ્લી અવસ્થામાં ઔચિત્યની પ્રાપ્તિ થતી નથી. તેથી જીવનની છેલ્લી અવસ્થામાં ઔચિત્યની પ્રાપ્તિ સંબંધી વિધિ જણાવાય છે—

**परिसुद्धचित्तरयणो चएज्ज देहं तहंतकाले वि ।**
**आसण्णमिणं णाउं अणसणविहिणा विसुद्धेणं ॥९६॥**

ગાથાનો અર્થ સ્પષ્ટ છે કે; "પરિશુદ્ધ ચિત્તરત્ન છે જેનું તે આત્મા; અંતકાળે પણ 'મરણનો કાળ નજીક છે' - એમ જાણીને વિશુદ્ધ એવા અણસણની વિધિથી શરીરનો ત્યાગ કરે." આશય એ છે કે જ્યારે મરણકાળ ઉપસ્થિત થાય ત્યારે - કુદરતી રીતે મરણકાળ પ્રાપ્ત થયો હોય ત્યારે પણ મરણકાળ નજીક છે એમ જાણીને; સર્વત્ર આશંસાથી રહિત હોવાથી પરિશુદ્ધ ચિત્તરત્ન છે જેનું એવા મુમુક્ષુજને; આગમથી પવિત્ર એવા અનશનના પ્રકારે શરીરનો ત્યાગ કરવો જોઇએ. યુદ્ધમાં યોદ્ધા જેમ બખ્તર ધારણ કરીને સંભવિત વિઘ્નોને જીતવાની તૈયારી કરી લે છે, તેમ મોક્ષમાર્ગના સાધક યોગી પણ પોતાની સાધનામાં સંભવિત વિઘ્નોને જીતવાની તૈયારી કરી લે છે. અહીં કવચ-બખ્તરના સ્થાને આગમ છે. આગમને અનુસરી ઉપર જણાવ્યા મુજબ અનશન કરે તો પ્રાયઃ કોઇ વિઘ્ન નડે નહીં. તેથી કવચના દૃષ્ટાંતથી આગમપવિત્ર એવા અનશનવિધિથી શરીરનો ત્યાગ કરવાનું જણાવ્યું છે. ॥૯૬॥

* * *

મરણકાળને જાણવાના ઉપાય કહે છે—

**णाणं चाऽऽगम-देवय-पइहा-सुमिणंधरादऽदिट्ठीओ ।**
**णास-ऽच्छि-तारगादंसणाओ कण्णग्गसवणाओ ॥९७॥**

"મરણકાળનું જ્ઞાન; આગમ, દેવતા, પ્રતિભા, સ્વપ્ન, અરુંધતી વગેરેનું અદર્શન, નાસિકાનું અદર્શન, આંખની જ્યોતિસ્તારાનું અદર્શન



અને કર્ણાગ્ન્યશ્રવણથી થાય છે." આ પ્રમાણે સત્તાણુંમી ગાથાનો અક્ષરાર્થ છે. આશય એ છે કે આસન્નમરણના કાળનું જ્ઞાન આગમથી થાય છે. મરણવિભક્તિ વગેરે આગમમાં જણાવ્યા મુજબ નાડીસંચારાદિના કારણે મરણનો કાળ જાણી શકાય છે. આગમના જાણકારોએ કહ્યું છે કે—

ઉત્તરાયણ(સૂર્યના ઉત્તર તરફના પ્રયાણનો કાળ)માં પાંચ દિવસ સુધી એક નાડીનો સંચાર થાય તો તે માણસનું જીવન ત્રણ વર્ષનું હોય છે. દશ દિવસ સુધી એક નાડીનો સંચાર થાય તો તે માણસનું જીવન બે વર્ષનું હોય છે. પંદર દિવસ સુધી એક નાડીનો સંચાર હોય તો એક વર્ષ; વીસ દિવસ એક નાડીનો સંચાર હોય તો છ મહિના; પચીસ દિવસ એક નાડીનો સંચાર હોય તો ત્રણ મહિના; છવ્વીસ દિવસ સુધી એક નાડીનો સંચાર હોય તો બે મહિના; સત્તાવીસ દિવસ એક નાડીનો સંચાર હોય તો એક મહિનો; અઠ્ઠાવીસ દિવસ એક નાડીનો સંચાર હોય તો પંદર દિવસ; ઓગણત્રીસ દિવસ સુધી એક નાડીનો સંચાર હોય તો દશ દિવસ; ત્રીસ દિવસ એક નાડીનો સંચાર હોય તો પાંચ દિવસ; એકત્રીસ દિવસ એક નાડીનો સંચાર હોય તો ત્રણ દિવસ; બત્રીસ દિવસ એક નાડીનો સંચાર હોય તો બે દિવસ અને તેત્રીસ દિવસ એક નાડીનો સંચાર હોય તો એક દિવસનું જીવન હોય છે. ત્યાર પછી મરણ થાય છે. અર્થાત્ પાંચ, દશ વગેરે દિવસો સુધી એક જ નાડીનો સંચાર ઉપર જણાવ્યા મુજબના મરણકાળનું લિંગ છે.

તેમ જ આ વિષયમાં બીજાઓએ પણ કહ્યું છે કે - પૌષ્ણ કાળમાં જે સૂર્યનાડી ચાલે છે તે નાડી અનુક્રમે પાંચ, દશ, પંદર, વીશ, પચીસ, છવ્વીસ, સત્તાવીસ, અઠ્ઠાવીસ, ઓગણત્રીસ, ત્રીસ, એકત્રીસ, બત્રીસ અને તેત્રીસ દિવસ સુધી ચાલે તો; અનુક્રમે ત્રણ વર્ષ, બે વર્ષ, એક વર્ષ, છ મહિના, ત્રણ મહિના, બે મહિના, એક મહિનો, પંદર દિવસ, દશ દિવસ, પાંચ દિવસ, ત્રણ દિવસ, બે દિવસ અને એક દિવસ જીવન હોય છે. જન્મનક્ષત્રમાં ચંદ્ર સંક્રાંત હોય અને જન્મરાશિથી સાતમી રાશિમાં સૂર્ય હોય ત્યારે તે કાળને પૌષ્ણ કાળ કહેવાય છે...

આવી રીતે દેવતાના કથનથી પણ મરણનો કાળ જાણી શકાય છે. ચારિત્રસંપન્ન આત્માઓ દેવતાથી પરિગૃહીત હોય છે. મરણકાળ સિવાય પણ બીજું જે ઉચિત હોય તે તેમને દેવતાઓ કહેતા જ હોય છે.

બુદ્ધિપ્રતિભાથી પણ મરણકાળની ખબર પડતી હોય છે. ચાલુ વ્યવહારમાં પણ પ્રતિભાસંપન્નો જે કહેતા હોય છે, તે અવિસંવાદી જણાતું હોય છે.તેની જેમ જ મરણકાળ પણ પ્રતિભાના કારણે તેઓ યથાર્થરૂપે જાણી શકે છે.

સ્વપ્નથી પણ મરણકાળ જાણી શકાય છે. યોગીજનને કાળધર્મ પામેલા ગુરુભગવંત બોલાવે; પોતાના બાલ્યભાવના શરીરનું દર્શન અને વિષયભોગનું સંદર્શન વગેરેનું સ્વપ્ન આવે તો સમજવું કે યોગીનો અંતકાળ નજીક છે. અંતકાળ નજીક હોય તો ચિત્તભ્રમ થતો હોય છે.

અરુંધતીનું અદર્શન થવાથી મરણકાળ જાણી શકાય છે. એ અંગે જણાવ્યું છે કે; જેનું આયુષ્ય અલ્પ રહ્યું છે એવો માણસ બુઝાયેલા દીપકના ગંધને ગ્રહણ કરી શકતો નથી. અને તારાઓથી વિકાસ પામેલા આકાશમાં પણ 'અરુંધતી' તારાને તે જોઇ શકતો નથી.

નાસિકાનો અગ્રભાગ ન દેખાય તેમ જ આંખો દબાવ્યા પછી આંખના પ્રકાશમાં જે તારા દેખાય છે; તે દેખાય નહિ તો સમજવું કે મૃત્યુ નજીક છે.

આવી જ રીતે કર્ણાગ્ન્યશ્રવણથી પણ મરણકાળને જાણી શકાય છે. કાનનાં છિદ્રો ઉપર અંગુઠા દબાવ્યા પછી 'અગ્નિ' શબ્દનું શ્રવણ ન થાય તો સમજવું કે મરણકાળ નજીક છે. અહીં કર્ણાગ્ન્યશ્રવણથી સમુદ્રધ્વનિ શ્રવણ; દશગ્રંથિ સ્ફુરણ અને દ્વાદશાક્ષરના ઉપલંભનો અભાવ... ઇત્યાદિ પણ આસન્નમૃત્યુનાં લિંગોનો સંગ્રહ કરી લેવો. કાનમાં અંગુઠા દબાવ્યા પછી સમુદ્રધ્વનિ સંભળાય તેને 'સમુદ્રધ્વનિશ્રવણ' કહેવાય છે, એકીસાથે શરીરની વિશિષ્ટ દશ ગ્રંથિઓના સ્ફુરણને દશગ્રંથિસ્ફુરણ (ફરકવું) કહેવાય છે. બાર અક્ષરનો મંત્રવિશેષ ન સંભળાય તેને 'દ્વાદશાક્ષરોપલંભાભાવ' કહેવાય છે. એ બધાં આસન્ન-મૃત્યુનાં લિંગો છે. ॥૯૭॥

* * *



આ રીતે મરણકાળને જાણીને શું કરવું - તે જણાવાય છે–

**अणसणसुद्धीए इहं जत्तोऽतिसएण होइ कायव्वो ।**
**जल्लेसे मरइ जओ तल्लेसेसुं तु उववाओ ॥९८॥**

પૂર્વે જણાવ્યા મુજબ કવચના ઉદાહરણથી અનશનની શુદ્ધિ વડે શરીરના ત્યાગ માટે ચિકાર પ્રયત્ન કરવો જોઇએ. કારણ કે કોઇ પણ પ્રવૃત્તિ તેનાથી પ્રાપ્ત થનારા ફળની એક માત્ર પ્રાપ્તિ માટે કરાય છે. પ્રવૃત્તિ કરતી વખતે એનો ખ્યાલ રાખવો જોઇએ કે એ પ્રવૃત્તિ ફળનું પ્રદાન કરે જ. એ માટે આવશ્યક એટલો બધો જ પ્રયત્ન કરી લેવો જોઇએ. સમારંભો બધા જ ફળપ્રધાન હોય છે. મરણકાળને નજીકમાં જાણીને શરીરના ત્યાગ માટે પ્રયત્નાતિશય શા માટે કરવો - આ શંકાનું સમાધાન કરવા '**जल्लेसे०**' ઇત્યાદિ; ગાથાનો ઉત્તરાર્દ્ધ છે. તેનો આશય એ છે કે પ્રાણી ભાવલેશ્યાને આશ્રયીને જે લેશ્યામાં મરે છે તે લેશ્યા(દ્રવ્યલેશ્યા)વાળી દેવગતિ વગેરેમાં ઉત્પન્ન થાય છે. "**जल्लेसे मरइ तल्लेसे उववज्जइ**" - આ પ્રમાણે વચન છે. ઉત્તમ અધ્યવસાયમાં જેઓ મરે છે તેમને ભવાંતરમાં ઉત્તમ સામગ્રી પ્રાપ્ત થાય - એ સમજી શકાય છે.

"આવી રીતે ઉત્કટ પ્રયત્ન કરવાપૂર્વક દેહનો ત્યાગ કરવા સ્વરૂપ અનશન કરવાથી; પોતાના પ્રાણોનો અતિપાત (આત્મહત્યા) કરવાનું પાપ લાગે છે." - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે શાસ્ત્રમાં આ રીતે અનશન કરવાનું વિહિત હોવાથી તે કરવામાં કોઇ દોષ નથી. અન્યથા "વિહિત આચરવાથી પણ દોષ લાગતો હોય તો કોઇ પણ વિહિત અનુષ્ઠાન કરી શકાશે નહિ."

યદ્યપિ આ રીતે શરીરનો ત્યાગ કરવાથી શરીર પ્રત્યે ઉત્કટ દ્વેષ જાગતો હોવાથી દ્વેષાધીન અનશનની પ્રવૃત્તિ દોષનું કારણ બની શકે છે. પરંતુ આગમના વચનની પ્રામાણિકતાના કારણે અનશન વખતે માધ્યસ્થ્ય હોય છે. જન્મ કે મરણ, સુખ કે દુઃખ અને ભવ કે મોક્ષ... ઇત્યાદિ દ્વન્દ્વોમાં શાસ્ત્રાનુસારે યોગીઓએ માધ્યસ્થ્ય (ઔદાસીન્ય) કેળવી લીધેલું

હોવાથી અનશનની પ્રવૃત્તિ આત્મઘાતક નથી. અન્યથા એવું માધ્યસ્થ્ય ન હોય અને અનશન કરે તો આગમના વચનના વિરોધના કારણે દોષનો પ્રસંગ છે જ. "આવી રીતે માધ્યસ્થભાવ કેળવાયેલો હોય તો શરીરનો ત્યાગ કરવાની જરૂર નથી, એ તો આયુષ્યકર્મ પૂર્ણ થયે જવાનું છે જ." આ પ્રમાણે નહિ કહેવું જોઇએ, કારણ કે શરીરના ત્યાગથી જ શરીરમુક્ત બનવાનો આશય પુષ્ટ બને છે. સર્વથા નકામું થયા પછી પણ તેનો ત્યાગ કરવાનો પરિણામ ન જાગે તો શરીરમુક્ત બનવાનો આશય પુષ્ટ બનશે નહિ. તેથી તે શરીરથી મુક્ત બનવાના મજબૂત સંકલ્પ સ્વરૂપ ભાવના અનુરોધથી શરીરના ત્યાગ સ્વરૂપ અનશનમાં કોઇ દોષ નથી... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઇએ. ॥૯૮॥

* * *

આથી લેશ્યાની પ્રાપ્તિનું મહત્ત્વ જણાવ્યું; પરંતુ એટલામાત્રથી અનશન સારું નથી - તે જણાવાય છે–

**लेसाय वि आणाजोगओ उ आराहगो इहं नेओ ।**
**इहरा असंति एसा वि हंतऽणाइम्मि संसारे ॥९९॥**

લેશ્યાઓની પ્રાપ્તિ થવા છતાં; આ પ્રવચનમાં સમ્યગ્દર્શનાદિના પરિણામ સ્વરૂપ આજ્ઞાયોગથી જ ચારિત્રધર્મનો આરાધક જાણવો, માત્ર લેશ્યાની પ્રાપ્તિથી આરાધક મનાતા નથી. જો આ પ્રમાણે ન માનીએ અને માત્ર લેશ્યાની પ્રાપ્તિથી જ આરાધક માનીએ તો લગભગ બધાને જ આરાધક માનવાનો પ્રસંગ આવશે. કારણ કે આ અનાદિ અત્યંત દીર્ઘ સંસારમાં સૌધર્માદિ દેવલોકમાં અનેકવાર શુભ લેશ્યાઓ પ્રાપ્ત થઇ છે. પરંતુ આરાધકપણું પ્રાપ્ત થયું નહિ. તેથી ઉપર જણાવ્યા મુજબ આજ્ઞાયોગથી જ આરાધકપણું પ્રાપ્ત થાય છે."... આ તત્ત્વનો સ્વીકાર કરવો જોઇએ. ગાથામાં **हंत** આ પદ '**हन्त सम्प्रेषण-प्रत्यवधारण-**



**विवादेषु**' - આ વચનથી સંપ્રેષણ અર્થમાં વપરાયું છે. તેથી અનાદિ-સંસારનો અર્થ અતિદીર્ઘ સંસાર આવો કર્યો છે. માત્ર લેશ્યાની પ્રાપ્તિથી આરાધકતા પ્રાપ્ત ન થવાથી એ લેશ્યાઓ આત્માને સંસારમાં મોકલનારી બની, જેથી આત્માનો સંસાર અલ્પ ન બનતાં અતિદીર્ઘ થયો - એ જણાવવા ગાથામાં **हंत** આ પદનો પ્રયોગ છે... આ પ્રમાણે નવ્વાણુંમી ગાથાનો પરમાર્થ છે. ॥૯૯॥

* * *

યોગશતક પ્રકરણાર્થનો ઉપસંહાર કરતાં કર્ત્તવ્યનો નિર્દેશ કરાય છે–

**ता इय आणाजोगे जइयव्वमजोगअत्थिणा सम्मं ।**
**एसो चिय भवविरहो सिद्धीए सया अविरहो य ॥१००॥**

ઉપર જણાવ્યા મુજબ આજ્ઞાયોગથી જ આરાધકપણું પ્રાપ્ત થતું હોવાથી; અયોગ એટલે શૈલશી અવસ્થાના અર્થીએ અવિપરીત રીતે આજ્ઞાયોગમાં (આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરવામાં) પ્રયત્ન કરવો જોઇએ. કારણ કે આ આજ્ઞાયોગ ભવવિરહસ્વરૂપ છે. જીવનથી મુક્ત થવું એને ભવવિરહ-સંસારવિરહ કહેવાય છે. આજ્ઞાયોગે સંસારનો વિરહ થાય છે. સંસાર-વિરહસ્વરૂપ આજ્ઞાયોગ નથી પરંતુ સંસાર-વિરહનું એ કારણ છે. પરંતુ કારણમાં કાર્યનો ઉપચાર કરી અહીં ભવવિરહસ્વરૂપ જ આજ્ઞાયોગને જણાવ્યો છે. આયુર્ઘૃતમ્ અહીં જેમ આયુષ્યના કારણ ઘીને આયુષ્ય વર્ણવ્યું છે તેમ અહીં આજ્ઞાયોગમાં ભવવિરહનો ઉપચાર કર્યો છે. તેમ જ આ આજ્ઞાયોગ મુક્તિ-સિદ્ધિનો અવિરહ છે. સદાને માટે સિદ્ધિ-ગતિનો અવિરહ (અસ્તિત્વ) આજ્ઞાયોગથી થાય છે. તેથી આજ્ઞાયોગને અહીં તદ્રૂપે વર્ણવ્યો છે. "મોક્ષમાં ગયા પછી સંસારમાં પાછા આવવાનું છે એટલે સિદ્ધિનો વિરહ થાય છે. સિદ્ધિનો અવિરહ સદાને માટે નથી." આ પ્રમાણે આજીવકમત છે, તેનું નિરાકરણ કરવા માટે ગાથામાં '**सिद्धीए**

**सया अविरहो य'** આ પદ છે. મુક્તાત્માઓ કૃતકૃત્ય હોવાથી સિદ્ધિમાંથી અહીં સંસારમાં આવવાનું અસંભવિત છે. ॥૧૦૦॥

**॥ इति योगशतकविवरणम् ॥**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**